સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરશે. દોષિત ઠરનાર કોઈપણ સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે," તેમણે ઉમેર્યું. રાજ્યના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે શરૂઆતમાં આ કેસમાં એક આરોપી અને એક ફરિયાદી સંડોવાયેલા હોવાનું જણાયું હતું, પરંતુ વધુ તપાસમાં ઘણા અન્ય નામો અને તેમના કથિત જોડાણો સામે આવ્યા. જેમ જેમ એસટીએફે તેની તપાસનો વિસ્તાર કર્યો, તેમ તેમ કેજીએમયુના વિવિધ વિભાગોના ડોક્ટરો અને કર્મચારીઓ સાથે સંકળાયેલી ફરિયાદો અને આરોપો પણ બહાર આવ્યા. તપાસમાં યુનિવર્સિટી વહીવટીતંત્રે અગાઉની ફરિયાદોનો કેવી રીતે જવાબ આપ્યો તેની પણ તપાસ કરવામાં આવી હતી. કથિત નેટવર્કના તાર લખનૌ ઉપરાંત આગ્રા, એટાહ, બસ્તી, બરેલી અને દેવબંદ સુધી ફેલાયેલા હોવાનું જાણવા મળ્યું છે. તપાસકર્તાઓ હવે આ ભંડોળના સ્ત્રોત, તે મેળવનાર વ્યક્તિઓ અને આ રકમનો કથિત રીતે કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. બેંક ખાતાઓ અને શંકાસ્પદ નાણાકીય વ્યવહારોની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં એવા દાવાઓ પણ સામે આવ્યા છે કે ૧૦૦થી વધુ ડોક્ટરો અને ધાર્મિક મૌલવીઓ આ નેટવર્ક સાથે સંકળાયેલા હતા.

હૈદરાબાદના ધોરણ ૧૨ના એક વિદ્યાર્થીએ ૬૮,૦૦૦ રૂપિયાના ખર્ચે એક અદ્ભુત સેટેલાઇટ રિસીવર બનાવ્યું

જે ઇન્ટરનેટ વગર હવામાનની તસવીરો ડાઉનલોડ કરી શકે છે, હિમાલયના એવા ૧૦ ગામો માટે આવા ત્રણ યુનિટ તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં મોબાઈલ નેટવર્ક ખોરવાઈ જવાની શક્યતા રહે છે

(એજન્સી) તા.૭

હિમાલયમાં ખરાબ હવામાન દરમિયાન મોબાઈલ કનેક્ટિવિટી ખોવાઈ જવી એ એક સામાન્ય સમસ્યા છે. જ્યારે હિમાલયમાં ભારે વરસાદ પડે છે, ત્યારે નેટવર્ક જતું રહેવાનો અર્થ એ છે કે હવામાન સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી મેળવવી મુશ્કેલ બની જાય છે. પહાડી વિસ્તારોના દૂરના ગામડાઓમાં, જ્યાં ખરાબ હવામાન (ખાસ કરીને ચોમાસા દરમિયાન) સંચાર વ્યવસ્થા અવિશ્વસનીય બની જાય છે, ત્યાં એક નાનકડી માહિતી પણ ખૂબ મહત્વની સાબિત થઈ શકે છે. આ સમસ્યાને સમજીને અને તેના ઉકેલ માટે, હૈદરાબાદના ધોરણ ૧૨ના વિદ્યાર્થી આગમ જૈને એક એવું સેટેલાઇટ-આધારિત હવામાન રિસીવર વિકસાવ્યું છે, જે હવામાન ઉપગ્રહો (વેધર સેટેલાઇટ્સ) પાસેથી સીધી વાદળોની તસવીરો ડાઉનલોડ કરી શકે છે. આ માટે ઈન્ટરનેટ કનેક્શન કે મોબાઈલ નેટવર્કની કોઈ જરૂર પડતી નથી. આ એક અત્યંત સ્માર્ટ અને અત્યંત જરૂરી ઉકેલ છે. આ ઉપકરણ ઉપલબ્ધ ઘટકોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે અને એક યુનિટનો ખર્ચ લગભગ ૬૮,૦૦૦ રૂપિયા થાય છે. હવે સારા સમાચાર એ છે કે, હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાની 'સેરાજ ઘાટી' (Seraj Valley)ના ૧૦ ગામોમાં આવા ત્રણ રિસીવર લગાવવાની યોજના છે. એક એવું સેટેલાઇટ રિસીવર



સ્થળોએ રાત્રિ-આકાશની તેજસ્વીતા રેકોર્ડ કરવામાં ૨૪ મહિના ગાળ્યા. તેણે એકત્રિત કરેલો ડેટા શહેરી પ્રકાશ પ્રદૂષણનો અભ્યાસ કરવા માટે સંકલિત કરવામાં આવ્યો હતો. ઉપરાંત, તેમણે "અ વિન્ડો ટુ ધ યુનિવર્સ" નામનું એક એસ્ટ્રોફોટોગ્રાફી પુસ્તક સ્વ-પ્રકાશિત કર્યું છે. આ દરમિયાન, એક યુવાન આગમ માટે, એક એવું ઉપકરણ બનાવવું જે હવામાનના મોટા અંતરને દૂર કરવામાં મદદ કરી શકે તે એક સિદ્ધિ છે.


કોઈ એન્જિનિયરો નહીં, કોઈ વર્કશોપ નહીં : ગુરુગ્રામના ૧૭ વર્ષીય યુવાને ૧ લાખ રૂપિયાના ખર્ચે સૌર ઊર્જાથી ચાલતું વાહન બનાવ્યું

(એજન્સી) તા.૭

ગુરુગ્રામના ૧૭ વર્ષીય અક્ષિત ખેરા કહે છે, "મારી પાસે કોઈ વર્કશોપ નહોતી, એન્જિનિયરોની ટીમ નહોતી કે મોટું બજેટ પણ નહોતું. મારી પાસે માત્ર એક પ્રશ્ન હતો, શાળામાં શીખેલા ગણિત અને ભૌતિકશાસ્ત્રનું જ્ઞાન હતું અને કંઈક નવું જાણવાની ભારે જિજ્ઞાસા હતી." જ્યારે મોટાભાગના વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓની તૈયારીમાં વ્યસ્ત છે, ત્યારે અક્ષિતે પોતાની આ જિજ્ઞાસાને એક કાર્યરત સૌર-સંચાલિત થ્રી-વ્હીલરમાં પરિવર્તિત કરી દીધી છે. ગુરુગ્રામની 'હેરિટેજ ઇન્ટરનેશનલ એક્સપિરિએન્શિયલ સ્કૂલ'ના વિદ્યાર્થી અક્ષિતે એક બહુહેતુક થ્રી-વ્હીલર બનાવ્યું છે. તેમાં હવામાન સામે રક્ષણ આપે તેવી બે બેઠકોવાળી કેબિન, સામાન રાખવા માટે એક બોક્સ (કાર્ગો બોક્સ) અને ૪૦૦ વોટની ક્ષમતા ધરાવતી સોલર પેનલવાળી છત (કેનોપી) છે. ૧ લાખ રૂપિયાના લક્ષિત બજેટમાં વિકસાવવામાં આવેલા આ વાહનનો કુલ ખર્ચ ૧,૦૨,૫૩૬ રૂપિયા થયો છે અને તેનો સંચાલન ખર્ચ પ્રતિ કિલોમીટર માત્ર ૧૩ પૈસા જેટલો અંદાજવામાં આવ્યો છે. પરંતુ આ વિચાર કોઈ પ્રયોગશાળા કે એન્જિનિયરિંગ વર્કશોપમાંથી નથી આવ્યો. આ પરિવાર સ્થળાંતર કરીને ગુરુગ્રામ આવ્યો હતો અને અહીંના મોંઘા પરિવહન ખર્ચને કારણે મુશ્કેલીનો સામનો કરી રહ્યો હતો. પરિવારના મોભી ડ્રાઇવર તરીકે કામ કરતા હતા અને માલસામાનની હેરફેર કરતા હતા. ઇલેક્ટ્રિક લોડર (માલવાહક વાહનો)નો સંચાલન ખર્ચ ઓછો હતો, પરંતુ તેની ખરીદ કિંમત ૧.૫ લાખથી ૨ લાખ રૂપિયા જેટલી હોવાથી તે આ પરિવારની પહોંચની બહાર હતી. "મેં લગભગ ૨૦ વધુ પરિવારો સાથે વાત કરી, અને તે સ્પષ્ટ થઈ ગયું કે એક એવા વાહનની ખરેખર જરૂર છે જે પરવડે તેવું હોય, જેનો ચલાવવાનો ખર્ચ ઓછો હોય અને જે વિવિધ હેતુઓ માટે ઉપયોગી થઈ શકે," અક્ષિત કહે છે. તે એક એવું વાહન બનાવવા માંગતા હતા જે માલસામાનની હેરફેર કરી શકે, મુસાફરોને બેસાડી શકે અને પરિવારો પર વધારાનો આર્થિક બોજ નાખ્યા વિના તેમની રોજિંદી પરિવહન જરૂરિયાતો પૂરી કરી શકે. "હું શરૂઆતથી જ સ્પષ્ટ હતો કે મારે કંઈક એવું બનાવવું છે જે કામ કરે, માત્ર કોઈ સિમ્યુલેશન નહીં," તેઓ કહે છે. તેમની શરૂઆતની યોજના સંપૂર્ણપણે સૌર ઊર્જાથી ચાલતું વાહન વિકસાવવાની હતી. પરંતુ, ઋતુ પ્રમાણે સૂર્યપ્રકાશની ઉપલબ્ધતા અને વાહને કાપવાનું અંતર ધ્યાનમાં



લેતા, એ સમજાયું કે સંપૂર્ણપણે સૌર ઊર્જા પર નિર્ભર રહેવું વ્યવહારુ નહીં હોય. તેથી, તેમણે 'સોલર-આસિસ્ટેડ' (સૌર ઊર્જાથી મદદ મેળવતું) ડિઝાઈન પસંદ કરી. આ વાહન માટે તેમણે ૧ લાખથી ૧.૨ લાખ રૂપિયાની કિંમત, ૫૦ પૈસા પ્રતિ કિલોમીટરથી ઓછો ચલાવવાનો ખર્ચ, ૩૦૦ કિલો સુધીની વહન ક્ષમતા અને બે વ્યક્તિ બેસી શકે તેવી બેઠક વ્યવસ્થાનું લક્ષ્ય રાખ્યું. ૧૭ વર્ષના યુવાને આટલી ઓછી કિંમત કેવી રીતે જાળવી રાખી ? સુરક્ષા કે ગુણવત્તા સાથે બાંધછોડ કર્યા વિના વાહનને પરવડે તેવું (કિંમતમાં સસ્તું) રાખવું એ અક્ષિત માટેના સૌથી મોટા પડકારોમાંનો એક હતો. શરૂઆતનો અંદાજ લગભગ ૧.૩૫ લાખ રૂપિયા હતો. ખર્ચ ઘટાડવા માટે, તેમણે વાહનની વાસ્તવિક જરૂરિયાતોનું મૂલ્યાંકન કર્યું અને તે મુજબ તેના વિવિધ ભાગો (કમ્પોનન્ટ્સ)માં ફેરફાર કર્યા. તેમણે લેડ-એસિડ બેટરીને બદલે લિથિયમ-આયન બેટરી પસંદ કરી, કારણ કે તેનું આયુષ્ય લાંબુ છે અને પર્યાવરણ પર તેની અસર ઓછી પડે છે. વાહન ચલાવવાના ખર્ચ વિશે સમજાવતા અક્ષિતે કહ્યું કે, ૫૦ કિમીનું અંતર કાપવા માટે આ વાહન લગભગ ૨.૪૬ kWh વીજળી વાપરે છે. સોલર ઊર્જા દ્વારા તેની વીજળીની જરૂરિયાતનો લગભગ ૬૩ ટકા હિસ્સો પૂરો થતો હોવાથી, વીજળીનો અંદાજિત ખર્ચ પ્રતિ કિલોમીટર માત્ર ૧૩ પૈસા જેટલો થાય છે. એન્જિનિયરિંગ ગણતરીઓ ઉપરાંત, પ્રોજેક્ટ હાથ ધરવા માટે તૈયાર ફેબ્રિકેટર શોધવો પડકારજનક સાબિત થયો. અક્ષિતે ગુરુગ્રામ, દિલ્હી અને ફરીદાબાદમાં એક ડઝનથી વધુ વર્કશોપની મુલાકાત લીધી અને પછી અરૂણને શોધ્યો, જે વાહન બનાવવામાં મદદ કરવા સંમત થયો.



ઓછણ ગામમાં અરેરાટી ફેલાઈ

વાગરા-પહાજ માર્ગ પર JCB સાથે બાઈક અથડાતાં યુવાનનું ઘટનાસ્થળે જ મોત

(સંવાદદાતા દ્વારા)
વાગરા, તા.૭

વાગરાથી પહાજ જવાના માર્ગ પર પહાજ ગામ નજીક આવેલા તબેલામાંથી અચાનક મુખ્ય માર્ગ પર ધસી આવેલા JCB અને બાઈક વચ્ચે સર્જાયેલ ટક્કરમાં ઓછણ ગામના યુવાન સરફરાજ ઉંમરજી પટેલનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં યુવાન મોતને ભેટતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૂળ ઓછણ ગામના રહેવાસી સરફરાજ ઉંમરજી પટેલ પોતાની બાઈક લઈને પહાજ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન પહાજ ગામ નજીક આવેલા તબેલામાંથી JCB અચાનક બહાર નીકળીને મુખ્ય માર્ગ પર આવી રહ્યું હતું. ત્યારે બાઈક અને JCB વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ભયાનક ટક્કરને પગલે બાઈકચાલક સરફરાજને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ વાગરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વાગરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. આ મામલે ગુનો નોંધી અકસ્માતના કારણો અને જવાબદારી નક્કી કરવા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ઓછણ ગામના યુવાનના અચાનક મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે, જ્યારે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે.

પૂર્વ વિપક્ષના નેતા સાકીર મલેક દ્વારા

જંબુસરના વોર્ડ નં પમાં મુખ્ય રસ્તાનું તાત્કાલિક નવું રિસરફેસિંગ કરવા રજૂઆત

(સંવાદદાતા દ્વારા) જંબુસર, તા.૭

વોર્ડ નંબર ૫ના માડવ ફળિયું-લીમડી ચોક વિસ્તારમાં મુખ્ય રસ્તા પર તાત્કાલિક ધોરણે નવું રોડ રિસરફેસિંગ કરવા પૂર્વ વિપક્ષના નેતા સાકીર મલેક દ્વારા જંબુસર પાલિકા પ્રમુખને રજૂઆત કરાઇ છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર જંબુસર નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૫માં આવેલ માડવ ફળિયું-લીમડી ચોકના મુખ્ય રસ્તા પર ગટર લાઈન ફેઝ-૨ની નવી લાઈન નાખવાના કામ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવેલા કામ દરમિયાન રસ્તો તોડવામાં આવ્યો હતો.

પરંતુ કામ પૂર્ણ થયા બાદ આજદિન સુધી આ રસ્તાનું યોગ્ય રિપેરિંગ કે રિસરફેસિંગ કરવામાં આવ્યું નથી. જેના કારણે રસ્તા પર ઉકરડા, ગંદકી અને કચરો એકઠો થઇ રહ્યો છે. પરિણામે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઇ રહી છે તથા વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુખ્ય રસ્તો હોવાથી સ્થાનિક રહેવાસીઓ તેમજ અન્ય અવરજવર કરતા નાગરિકોને પણ હાલાકી ભોગવવી પડે છે. આ બાબતને ગંભીરતાથી લઇ તાત્કાલિક રસ્તા પરની ગંદકી દૂર કરાવી તેમજ ખોદકામથી નુકસાન પામેલા સમગ્ર રસ્તાનું ગુણવત્તાયુક્ત નવું રિસરફેસિંગ કરાવવામાં આવે તેવી માંગ છે.



તા. ૮થી ૧૧ નવેમ્બર સુધી સિટી બસમાં મુસાફરી માટે કોઈ ભાડું ચૂકવવું નહીં પડે

દિવાળીના પર્વે મહેસાણાવાસીઓને મેયરની ભેટ ચાર દિવસ સિટી બસમાં મફત મુસાફરી કરી શકાશે

(સંવાદદાતા દ્વારા)
મહેસાણા, તા.૭

મહેસાણા શહેરના નાગરિકો માટે દિવાળીના પર્વ નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા ખાસ ભેટ આપવામાં આવી છે. મહેસાણા શહેરના મેયર સોનલબેન ઓઝાએ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરમાં દોડતી સીટી બસ સેવામાં ચાર દિવસ માટે મફત મુસાફરી કરવાની જાહેરાત કરી છે. જે મુજબ આગામી તા.૮ નવેમ્બરથી ૧૧ નવેમ્બર સુધી શહેરની સીટી બસોમાં મુસાફરો વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

દિવાળીના તહેવાર દરમિયાન લોકો ખરીદી, સગાં-સંબંધીઓને મળવા તેમજ અન્ય કામકાજ અર્થે મોટી સંખ્યામાં ઘરની બહાર નીકળતા હોય છે. ત્યારે નાગરિકોને પરિવહનની સુવિધા સરળતાથી મળી રહે અને તેમના ખિસ્સા પર આર્થિક ભાર ન પડે તેવા હેતુથી મહાનગરપાલિકા દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

આ નિર્ણયથી ખાસ કરીને મધ્યમવર્ગીય પરિવારો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, વડીલો સહિત શહેરના તમામ મુસાફરોને લાભ મળશે. ચાર દિવસ સુધી સીટી બસમાં ભાડા વિના મુસાફરીની સુવિધા મળતાં જાહેર પરિવહન સેવાનો ઉપયોગ પણ વધવાની શક્યતા છે. દિવાળીના પર્વે મહાનગરપાલિકાની આ જાહેરાતને નગરજનો માટે આનંદદાયક ભેટ તરીકે જોવામાં આવી રહી છે.

વડોદરામાં PM આવાસ યોજનામાં કૌભાંડ આચરતી

ટોળકી દ્વારા ભાયલીમાં પણ બે બહેનો સાથે ૨૮.૩૩ લાખની ઠગાઈની વધુ એક ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૭

પીએમ આવાસ યોજનાના મકાનો અને દુકાનો ફાળવવાના નામે લાખોનું કૌભાંડ આચરનાર કશ્યપ જોષી અને જીલ બારોટની ટોળકીએ હરણી,બાપોદ અને ગોરવા બાદ ભાયલી વિસ્તારમાં પણ રૂા.૨૮.૫૫ લાખની ઠગાઇ કરી હોવાનો બનાવ બનતાં ગોરવા પોલીસે ગુનો નોંધ્યો છે. લક્ષ્મીપુરાની શિવાલય રેસિડેન્સીમાં રહેતા શાલીનીબેન ભાનુએ પોલીસને જણાવ્યું હતું કે,પીએમ આવાસ યોજના હેઠળ ભાયલીમાં બે દુકાનો સસ્તામાં આપવાની હોવાનું કહી જીલ બારોટ,રોહન સોલંકી અને કશ્યપ જોષીએ સમતા વિસ્તારની સંદીપ એસ્ટેટ એજન્સીની ઓફિસમાં મીટિંગ કરી હતી. ટોળકીએ મારી સાથે બે દુકાનની વાત કરી હતી અને મારી બહેન સવિતાને મકાન અપાવવાની વાત કહી ટુકડે ટુકડે રૂા.૨૮.૫૫ લાખ પડાવી લીધા હતા.ઠગોએ બાનાખત પણ કરી આપ્યું હતું પરંતુ ત્યારબાદ દસ્તાવેજ કર્યો નથી. ઉપરોક્ત ફરિયાદને આધારે ગોરવા પોલીસે જીલ અશોક બારોટ(ચંદ્ર નગર સોસાયટી,હાઇટેન્શન રોડ,સુભાન પુરા), રોહન લક્ષ્મણસિંહ સોલંકી(સુકુન સ્કવેર, સમતા) અને કશ્યપ રાકેશકુમાર જોષી (પ્રથમ રેસિડેન્સી,પરિવાર ચાર રસ્તા પાસે, વાઘોડિયારોડ) સામે વધુ એક ગુનો નોંધ્યો છે.

જૂનાગઢ મનપાએ સ્વચ્છતા બાબતે ૨૮ વેપારીઓને રૂા.૧૩,૭૦૦નો દંડ ફટકાર્યો

તહેવારો ટાણે મનપાના કર્મચારીઓ દ્વારા નાના વેપારીઓને ટાર્ગેટ કરવામાં આવતા હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૭

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સેનેટરી શાખા દ્વારા ભવનાથ મદ્રાસી, જયશ્રી પાન, યશ પાન, રાજ પાન, મુરલીધર પાન, અને રોયલ પાન સહિત ૨૮ જેટલી જગ્યાઓએ ચેકિંગ હાથ ધરીને રૂપિયા ૧૩,૭૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

સેનેટરી સુપ્રિન્ટેન્ડન્ટ દર્શન મકવાણાના જણાવ્યા અનુસાર તહેવારો દરમિયાન માંગનાથ રોડ અને શહેરના અન્ય વિસ્તારોમાં ચેકિંગ દરમ્યાન જાહેર માર્ગો પર કોગળા કરવા, હાથ ધોવા અને ગંદકી ફેલાવવા બદલ કિશનભાઈ બાટવિયા રાજન ક્લોથ સ્ટોર સહિતના વેપારીઓને નોટિસ પાઠવવામાં આવી છે.

સરકારી કર્મચારીઓ સાથે અયોગ્ય વર્તન કરનારા તેમજ ગંદકી ફેલાવનારાઓ સામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સીઆરપીસી એકટ હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

મનપા છેલ્લા બે મહિનાથી માત્ર નાના વેપારીઓને ટાર્ગેટ કરીને હજારો રૂપિયાનો દંડ કરે છે, અવારનવાર દર ૧૦-૧૫ દિવસે દુકાનો પર ચેકિંગ કરીને દંડ વસૂલવામાં આવે છે, આમાં વેપારીઓને દિવાળીના પર્વે તકલીફ પડે છે. ધનતેરસના દિવસે પણ સવારે આવીને રૂા.૫૦૦ દંડ કર્યો છે તેમજ દિવાળીના તહેવાર ટાંકણે મનપા દ્વારા ઝાંઝરડા રોડ પર નાના ગલ્લા ધારકો પાસેથી રૂા.૫૦૦ સુધીનો દંડ વસૂલાય છે. અગાઉ પણ દંડ કરાયો હતો. ભાડાની દુકાનો ચલાવતા નાના વેપારીઓ માટે આ રીતે ધંધો કરવો મુશ્કેલ બન્યો હોવાની વ્યથા વેપારીઓએ વ્યક્ત કરી હતી.

વડોદરાના પ્રતાપનગર - એકતાનગર વચ્ચે સ્પેશિયલ મેમુ ટ્રેન દોડશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

દિવાળી અને છઠ પૂજાના તહેવારોમાં મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ દ્વારા પ્રતાપનગર અને એકતાનગર વચ્ચે ૮ અને ૯ નવેમ્બરના રોજ અનારક્ષિત મેમૂ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૦૯૧૭૩ પ્રતાપનગર—એકતાનગર મેમૂ પ્રતાપનગરથી સવારે ૭:૩૫ કલાકે ઉપડશે અને સવારે ૯:૦૫ કલાકે એકતાનગર પહોંચશે. જ્યારે પરત આવતી ટ્રેન નંબર ૦૯૧૭૪ એકતાનગર—પ્રતાપનગર મેમૂ વિશેષ એકતાનગરથી સાંજે ૭ વાગ્યે ઉપડી રાત્રે ૮:૩૦ કલાકે પ્રતાપનગર પહોંચશે.

આ વિશેષ ટ્રેન બંને દિશામાં ડભોઈ અને ચાંદોદ રેલવે સ્ટેશન પર પણ ઊભી રહેશે. મુસાફરો ટ્રેનના સમયપત્રક અને અન્ય વિગતો રેલવેની સત્તાવાર પૂછપરછ વેબસાઈટ પરથી મેળવી શકશે.

વડોદરામાં ચેસના નેશનલ બ્લાઈન્ડ ખેલાડીના લેપટોપની ચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરાના વાડી વિસ્તારમાં ત્રણ દિવસ પહેલા ગેસના નેશનલ બ્લાઇંડ પ્લેયરના મકાનમાંથી થયેલી ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાઈ ગયો છે અને પોલીસે એક ડઝન જેટલા મેડલ મેળવનાર ખેલાડીનું લેપટોપ તેમજ અન્ય ચીજો સાથે રીઢા ગુનેગારને ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બરાનપુરા જોરદાર ફળિયામાં રહેતા ૨૪ વર્ષીય બંને આંખે દિવ્યાંગ ચેસમાં રાષ્ટ્રીય ખેલાડીના મકાનમાંથી ચોરીનો બનાવ બન્યો હતો. જેમાં ખેલાડીને પુણેની એક સંસ્થાએ બ્લાઈન્ડ ખેલાડીઓ માટે ખાસ બનાવેલું લેપટોપ, મોબાઈલ અને રોકડા રૂા.૧,૨૦૦ ચોરો ઉઠાવી ગયા હતા.

આ બનાવની તપાસ કરતી પોલીસે હ્યુમન અને ટેકનિકલ સોર્સિસને આધારે પાણીગેટ વિસ્તારમાંથી લેપટોપ અને મોબાઈલ સાથે સુરજ કમલેશભાઈ ચુનારા (વિઠ્ઠલવાડી, ભરણપુરા પેટ્રોલ પંપની સામે)ને ઝડપી પાડ્યો છે. આરોપી સામે અગાઉ પણ દારૂ જુગાર અને ચોરીના ચાર ગુના નોંધાયેલા હતા.

બનાસકાંઠા LCBની ટીમનું સન્માન કરાયું

ડીસામાં રૂા.૨૭.૪૪ લાખની ચાંદીની લૂંટનો ભેદ ઉકેલાયો : ચાર આરોપીઓ ઝડપાયા



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

અમદાવાદની મેક્સીમમ એન્ટરપ્રાઇઝ નામની હોલસેલ ચાંદીની દુકાનમાં કામ કરતા કર્મચારીઓ અમદાવાદથી ધાનેરા પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ડીસાના ટેટોડા ગામ નજીક હાઈવે પર અજાણ્યા શખ્સોએ તેમની ગાડી રોકી કર્મચારીઓને ઈજા પહોંચાડી હતી અને ગાડીમાં રાખેલા રૂા.૨૭.૪૪ લાખની કિંમતના ૧૨.૧૬૦ કિલોગ્રામ ચાંદીના દાગીના લૂંટી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ડીસા રૂરલ પોલીસ મથકે લૂંટની ફરિયાદ નોંધાઈ હતી.

લૂંટની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બનાસકાંઠા LCBની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ લૂંટનો ભેદ ઉકેલી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે લૂંટમાં ઉપયોગમાં લેવાયેલી અલ્ટ્રોઝ કાર સહિત લૂંટાયેલા ચાંદીના તમામ દાગીના કબજે કર્યા હતા.

આ સફળ કામગીરી બદલ LCB PI ડી.એમ. રાઠોડ સહિત ટીમના UHC રાજેશકુમાર શંકરલાલ, UPC કાનસિંઘ બળવંતસિંઘ અને UPC મુકેશકુમાર શાંતિલાલને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે પ્રસંશાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કામગીરીથી બનાસકાંઠા પોલીસની કાર્યક્ષમતા અને ઝડપી તપાસની પ્રંશશા કરવામાં આવી હતી.

હિંમતનગરના ઓવરબ્રિજ પર

ત્રણ ટ્રક અથડાતાં આઈશર ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૭

હિંમતનગરના GIDC ઓવરબ્રિજ પર અમદાવાદથી હિંમતનગર તરફ જતી આઇશરનું આગળનું ટાયર ફાટ્યું હતું. પાછળ આવતું ટ્રક-કન્ટેનર આઇશર સાથે અથડાયું હતું. ત્યાર બાદ તેની પાછળ આવતી બીજી આઇશર ટ્રક-કન્ટેનર સાથે અથડાઇ હતી.

અથડામણમાં આઇશરની કેબિન દબાઇ ગઇ હતી અને ચાલક તેમાં ફસાયો હતો. ગંભીર ઈજાને કારણે તેમનું મોત થયું હતું. મૃતદેહ કેબિનમાં ફસાયેલો હોવાથી હિંમતનગર નગરપાલિકાની ફાયર ટીમને બોલાવવામાં આવી હતી.

હાઇવે ટ્રાફિક પોલીસ, એ ડિવિઝન પોલીસ, ૧૦૮ અને ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હિંમતનગર પાલિકાના ફાયર વિભાગના લીડિંગ ફાયર ઓફિસર વિજયસિંહ વાઘેલાએ જણાવ્યું કે, સવારે ૫:૪૫ વાગ્યે અકસ્માતની જાણ થતાં ટીમ સ્થળે પહોંચી હતી.ટીમે કટર સહિતના સાધનોની મદદથી અમદાવાદથી અંબાજી જતી આઇશરની કેબિન કાપી હતી. બે કલાક બાદ રણધીર શર્માનો મૃતદેહ બહાર કાઢીને પોલીસને સોંપ્યો હતો.એ ડિવિઝન પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

થરા-રાધનપુર હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે રાહદારીનું મોત

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

બનાસકાંઠા જિલ્લાના થરા-રાધનપુર હાઈવે પર ઉણ ગામ નજીક અજાણ્યા વાહનની ટક્કરે એક વૃદ્ધ રાહદારીનું મોત નીપજતાં વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે. અકસ્માતમાં જીવ ગુમાવનાર વૃદ્ધની ઓળખ ઉણ ગામના ૬૫ વર્ષીય શોભાજી શિવાજી લોડાણા તરીકે થઈ છે. મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે શોભાજી શિવાજી લોડાણા ઉણ ગામ નજીક થરા-રાધનપુર હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પૂરઝડપે આવી રહેલા અજાણ્યા વાહનના ચાલકે તેમને જોરદાર ટક્કર મારતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ભલગામ ટોલ પ્લાઝાની એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર માટે સરકારી રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ મૃતદેહને થરા રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. આ બનાવ અંગે થરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાંતિલાલ માળીએ નવી ભીલડીના સરપંચ તરીકે ફરી સંભાળ્યો ચાર્જ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

વહીવટી કારણોસર જિલ્લા વિકાસ અધિકારીએ તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આદેશ કરીને કાંતિલાલ માળીને નવી ભીલડીના સરપંચના હોદ્દા પરથી દૂર કર્યા હતા. ત્યારબાદ સરપંચના હોદ્દાની રૂએ ઉપસરપંચને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીના આ આદેશને કાંતિલાલ માળીએ અધિક વિકાસ કમિશનરની કચેરીમાં પડકાર્યો હતો. જોકે, ત્યાં પણ જિલ્લા વિકાસ અધિકારીનો આદેશ યથાવત્ રાખવામાં આવ્યો હતો. અધિક વિકાસ કમિશનરે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ આ અંગે આદેશ કર્યો હતો. ત્યારબાદ કાંતિલાલ માળીએ અધિક વિકાસ કમિશનરના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ કેસમાં તેમના વકીલે રજૂઆતો કરી હતી. બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ હાઈકોર્ટના ન્યાયાધીશે અધિક વિકાસ કમિશનરના આદેશ પર સ્ટે ફરમાવ્યો હતો. હાઈકોર્ટના સ્ટેના અનુસંધાને જિલ્લા વિકાસ અધિકારી અને ડીસાના તાલુકા વિકાસ અધિકારીના હુકમથી કાંતિલાલ કપૂરજી માળીએ નવી ભીલડી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ફરી ચાર્જ સંભાળ્યો હતો.

દિવાળીના પર્વે ગીરના શેરડી પકવતા ખેડૂતોને મોટી ભેટ

આઈ.પી.એલ. કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખાતે ૧૪ નવેમ્બરથી શેરડીનું પીલાણ શરૂ થશે

પાણીની તંગી વચ્ચે ટપક સિંચાઈ માટે ગુજરાત સરકારની સબસિડી ઉપરાંત IPL આપશે પ્રતિ હેક્ટર રૂા. ૧૮ હજારની વધારાની સહાય; દરેક ખેડૂતની શેરડી ખરીદવાની યુનિટ હેડ યશ સોલંકીની ખાતરી

(સંવાદદાતા દ્વારા) કોડીનાર, તા.૭

ગીર સોમનાથ જિલ્લાના શેરડી ઉત્પાદક ખેડૂતો માટે દિવાળીના પાવન પર્વે ખુશીના સમાચાર સામે આવ્યા છે. કોડીનારના ખેડૂતોની જીવાદોરી સમાન અને વર્ષોથી આ વિસ્તારની ઓળખ બનેલા બિલેશ્વર ખાંડ ઉદ્યોગમાં ફરી શેરડીના પીલાણની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ભાડાપટ્ટે સંચાલન હેઠળ લેવામાં આવેલા બિલેશ્વર ખાંડ ઉદ્યોગ, કોડીનારમાં આગામી ૧૪ નવેમ્બર, ૨૦૨૬થી નવા પિલાણ સત્રનો પ્રારંભ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ ચાલુ વર્ષે શેરડીનો ભાવ પ્રતિ ટન રૂા.૩,૩૦૦ જાહેર કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ખેડૂતોને પ્રતિ ટન રૂા.૩૦૦ વધુ ભાવ મળવાનો હોવાથી શેરડી પકવતા ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા બિલેશ્વર ખાંડ ઉદ્યોગ, કોડીનારના યુનિટ હેડ યશ સોલંકીએ વિસ્તારના તમામ ખેડૂત ભાઈ-બહેનોને દિવાળી અને નૂતન વર્ષ ની શરૂઆતમાં ખેડૂતોના હિતમાં અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી તેમણે જણાવ્યું છે કે, ગત વર્ષે વિવિધ કારણોસર બિલેશ્વર ખાંડ ઉદ્યોગ માત્ર ૪૫ દિવસ કાર્યરત રહ્યો હતો, જ્યારે આ વર્ષે અંદાજે ૧૦૦થી ૧૨૦ દિવસ સુધી પીલાણ કામગીરી ચાલુ રહેવાની શક્યતા છે. ઉદ્યોગની દૈનિક ૨,૭૦૦થી ૨,૮૦૦ મેટ્રિક ટન શેરડીના પીલાણની ક્ષમતા છે અને સમગ્ર સિઝન દરમિયાન ત્રણ લાખ મેટ્રિક ટન શેરડીના પીલાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

યુનિટ હેડ યશ સોલંકીએ ખેડૂતોને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે, આ વર્ષે વિસ્તારના પ્રત્યેક ખેડૂતની શેરડી ખરીદવાનો કંપનીનો પ્રયાસ રહેશે. અત્યાર સુધીમાં ૧૧ હજારથી વધુ ખેડૂતો દ્વારા શેરડીના પાકનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું છે. જોકે, જે ખેડૂતોએ હજુ સુધી નોંધણી કરાવી નથી તેઓ પણ બિલેશ્વર ખાંડ ઉદ્યોગની કચેરી અથવા ઈન્ડિયન પોટાશ લિમિટેડના ફિલ્ડ સ્ટાફનો સંપર્ક કરીને નોંધણી કરાવી શકે છે. નોંધણી ન કરાવનારા ખેડૂતોની શેરડી પણ ખરીદવાની કંપનીએ તૈયારી દર્શાવી છે. ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા શેરડીની ખરીદીના ૧૪થી ૧૫ દિવસની અંદર રકમ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવવાની ખાતરી આપવામાં આવી છે. આ વ્યવસ્થાથી ખેડૂતોને સમયસર નાણાં મળી રહેતાં ખેતીના ખર્ચ અને આગામી પાકની તૈયારીમાં રાહત મળશે. ગુજરાત સરકાર દ્વારા મળતી સબસિડી ઉપરાંત ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ખેડૂતોને ટપક સિંચાઈ માટે પ્રતિ હેક્ટર રૂા.૧૮,૦૦૦ની વધારાની સબસિડી આપવામાં આવશે. કંપનીના આ નિર્ણયથી ખેડૂતોને આધુનિક સિંચાઈ પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહન મળશે તેમજ પાણીની બચત સાથે શેરડીના ઉત્પાદનને ટકાવી રાખવામાં મદદરૂપ થશે.બિલેશ્વર ખાંડ ઉદ્યોગના HOD કેન યતેન્દ્ર પંવારે પણ ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે શેરડીના પાકની કાપણી બાદ ખેતરમાં રહેતાં શેરડીની પતરી અને પ્રોયા (ઠૂંઠાં) જેવા અવશેષોને સળગાવવાને બદલે ખેતરમાં જ તેનો યોગ્ય ઉપયોગ કરવા અપીલ કરી હતી. ખેતી અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓની સાથે સામાજિક જવાબદારીના ભાગરૂપે ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં નિઃશુલ્ક મેડિકલ વેન સેવા પણ ચલાવવામાં આવી રહી છે. આ મેડિકલ વેનમાં ડૉક્ટર અને મેલ નર્સની ટીમ ગામડે-ગામડે જઈ ગ્રામજનોનું નિઃશુલ્ક આરોગ્ય પરીક્ષણ કરે છે તેમજ જરૂરિયાત મુજબ મફત દવાઓનું વિતરણ કરે છે.

મુદ્દામાલ સાથે ત્રણ ઝડપાયા

વેરાવળમાં ધોળે દિવસે થયેલી લૂંટનો ભેદ પોલીસે ગણતરીની મિનિટોમાં ઉકેલ્યો

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૭

વેરાવળ શહેરમાં ધોળા દિવસે બનેલા લૂંટના બનાવમાં પોલીસે ગણતરી ની મિનિટો માં મોટી સફળતા મેળવી ત્રણ આરોપીઓને લૂંટમાં ગયેલા અસલ મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂા.૬૦ હજારની રોકડ રકમ સહિત કુલ રૂા.૧ લાખ ૬૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા.૫ નવેમ્બર ૨૦૨૬ના રાજેશ ચુડાસમા વેરાવળ રેલવે સ્ટેશનથી આગળ રેલવે ક્રોસિંગ પાસેથી હરસિદ્ધિ સોસાયટી તરફ જઈ રહ્યા હતા ત્યારે બપોરના વેરાવળના ૮૦ ફૂટ રેલવે ફાટકથી આગળ આવેલા બજરંગ મંદિર પાસે પહોંચ્યા ત્યારે પાછળથી બ્લુ કલર ના ટુ-વ્હીલર પર ત્રણ શખ્સો આવ્યા હતા. ત્રણેય શખ્સો એ તેમની સાથે ઝપાઝપી કરી ઝબલું ઝૂંટવી ફરિયાદી ને ધક્કો મારી નીચે પાડી દીધા બાદ ડાભોર રોડ તરફ ફરાર થઈ ગયા હતા.



આ બનાવની જાણ થતાં વેરાવળના પોલીસ ઈન્સ્પેક્ટર જે. એન. ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસ કોન્સ્ટેબલ વિનયસિંહ ગીગાભાઈ મોરી ને મળેલી બાતમીના આધારે પોલીસે ત્રણેય શખ્સોમાં (૧) અનિલ દામજીભાઈ સોલંકી (ઉં.વ.૨૬), (૨) જયેશ રાજેશભાઈ મેરવાડા (ઉં.વ.૨૧), (૩) રવિ ભરતભાઈ ભાટી ઉં.વ.૨૧ રહે. ત્રણેય મફતીયાપરા, વેરાવળ વાળાને ઝડપી પાડી લૂંટમાં ગયેલી રોકડ રકમ સહિતના મુદ્દામાલમાં આરોપીઓ પાસેથી અલગ-અલગ દરની રૂા.૬૦ હજાર રોકડ તથા સુઝુકી એક્સેસ મોટર સાઈકલ નં. જી.જે. ૩૨ એમ. ૨૪૮૮ રૂા.૧ લાખ મળી કુલ રૂા.૧ લાખ ૬૦ હજાર નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન.ગઢવીની રાહબરી હેઠળ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રણજીતસિંહ ડોડીયા, કમલેશ પીઠીયા, પ્રદિપસિંહ ખેર, મયુર સોલંકી, કાનજી મોરી, દિપક અખીયા અને મયુરસિંહ ગોહિલ સહિતની ટીમે પાર પાડી હતી.

દિયોદર-પાલીતાણા એસ ટી બસ શરૂ કરાતા મુસાફરોને રાહત

પાલીતાણા ખાતેથી બસને લીલી ઝંડી બતાવી શુભારંભ કરાયો

(સંવાદદાતા દ્વારા)
પાલીતાણા, તા.૭

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા યાત્રાધામ પાલીતાણાથી ઉત્તર ગુજરાત સુધી જોડવા માટે અને યાત્રિકોની યાત્રા સફળ અને સુરક્ષિત બનાવવા માટે દિયોદરથી પાલીતાણાને નવી એસ.ટી. બસ ફાળવાવમાં આવી છે જે બસ સેવાનો લાભ યાત્રિકોને મળી રહે તે માટે પાલીતાણા મણીભદ્ર બસ સ્ટોપ ખાતે સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પાલીતાણા દિયોદર વચ્ચેના આપેલ બસ દરરોજ સવાર ૬/૩૦ કલાકે દિયોદરથી ઉપડશે તે વાયા વાખીમાણા, પણલડી, પાલનપુર, સાહા, મોટાલજ, સરખેજ, બગોદરા, ધંધુકા, બરવાળા, સિહોર થઈને પાલીતાણા પહોંચશે દરરોજ સાંજે પાલીતાણાથી દિયોદર જવા માટે દરરોજ સાંજે ૭ ૦૦ કલાકે પાલીતાણા એસ ટી ડેપો ખાતેથી ઉપડશે તે સિહોર, બરવાળા, ધંધુકા, બગોદરા, સરખેજ, અડાલજ, મેહસાણા, પાલનપુર, ડીસા, ભીલડી, ખીમાણાને દિયોદર પહોંચશે. આ સેવા શરૂ થતાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના યાત્રિકોની યાત્રા સફળ અને આરામ દાયક બનશે.



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

મહુવાના વેપારીના રૂા.૨૨.૭૨ લાખના સોયાબીનનો જથ્થો સગેવગે

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૭

મહુવા માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ટ્રાન્સપોર્ટના નામે લાખોની છેતરપિંડી થયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મહુવાના ધર્મિત એન્ટરપ્રાઈઝના વેપારીએ મહારાષ્ટ્રના ધુલે ખાતે મોકલવા માટે ટ્રકમાં ભરાવેલા ૨૯,૫૩૦ કિલો સોયાબીનના ૬૩૫ કટ્ટા રસ્તામાં જ બારોબાર સગેવગે કરી દેવામાં આવતાં મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.મહુવા શહેરના વેપારી ધર્મિત શાહે આર.કે. ટ્રાન્સપોર્ટ મારફતે ટ્રકમાં રૂા.૨૨,૭૨,૭૭ની કિંમતનો સોયાબીનનો જથ્થો ભરાવ્યો હતો. ટ્રક ચાલક મુકેશ રાઠોડને રૂા.૬૧,૯૫૦ ભાડું નક્કી કરી રૂા.૩૦ હજાર એડવાન્સ ચૂકવ્યા હતા. ધુલે માલ પહોંચવાને બદલે ટ્રક ચાલકે રસ્તામાં ગાડી બગડી હોવાનું બહાનું આપ્યું હતું.ત્યારબાદ તપાસ કરતાં સોયાબીનનો જથ્થો અમરેલીથી આગળ કુકાવાવ ખાતે ખાલી કરી અન્ય ત્રણ વાહનોમાં ટ્રાન્સફર કરાયો હોવાનું બહાર આવ્યું હતું. આ કૃત્યમાં મુકેશ રાઠોડ અને હરેશ પરમાર સહિતના શખ્સોની સંડોવણી હોવાની ફરિયાદમાં વિગતો સામે આવી છે. વેપારીએ ટ્રકમાં ભરેલા માલ અને એડવાન્સ ભાડા મળી કુલ રૂા.૨૩,૦૨,૭૭૬ની છેતરપિંડી અંગે મહુવા પોલીસને ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દિલદાર શેઠની અનોખી દિવાળી ભેટ

સુરતના કાપડના વેપારીએ બોનસમાં કર્મચારીઓને એક-એક લાખ રૂપિયા આપ્યા

● વેપારી થાળીમાં બંડલ લઈ આવ્યા, પત્નીએ કર્મીઓને આપ્યા, સ્ટાફ થયો ભાવુક ● સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

અમદાવાદ, તા.૭

દિવાળીના તહેવારો નજીક આવે એટલે સામાન્ય રીતે અનેક કંપનીઓ કર્મચારીઓને મીઠાઈનો ડબ્બો, કવરમાં થોડા રૂપિયા કે બેંક એકાઉન્ટમાં સીધા બોનસ જમા કરાવીને કર્મચારીઓને ખુશ કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સુરતના મોટા વરાછામાં કાપડનો વેપાર કરતા રામસ્વરૂપ મુંડે આ દિવાળી પણ જાણે આખી સિસ્ટમ બદલી નાખી. તેમણે પોતાના ૨૦ કર્મચારીઓને એવા અંદાજમાં બોનસ આપ્યું કે, જોઈને સૌકોઈની આંખો પહોળી થઈ ગઈ. કોઈ કાગળનું કવર નહીં, પરંતુ ચાંદી જેવી ચમકતી થાળીમાં ચલણી નોટોના અસલ બંડલો ખડકી પ્રત્યેક કર્મચારીને પત્નીના હાથોહાથ રૂા.૧ લાખથી વધુની રોકડ રકમ બોનસ પેટે આપી છે. આ રીતે સરપ્રાઈઝ બોનસ મળતા સ્ટાફ પણ ભાવુક થઈ ગયો. આ અંગેનો વીડિયો વાયરલ થતા સોશિયલ મીડિયામાં લોકોએ કમેન્ટ કરી હતી કે, આ નોકરી તો મારેય કરવી છે. જ્યારે આવી બોનસે કર્મચારીઓની દિવાળીની ખુશીઓ બમણી કરી દીધી છે.આ ગિફ્ટમાં સૌથી વધુ ધ્યાન ખેંચનારૂં હતું નોટોનું પ્રેઝન્ટેશન. વરાછાના સુદામા ચોકમાં મહાદેવ

યુઝર્સે માંગ્યું દુકાનનું સરનામું

ક્લોથ સેન્ટરના વેપારીએ કોઈ એક જ નોટ પકડાવવાને બદલે થાળીમાં રૂા.૧૦, રૂા.૨૦, રૂા.૫૦, રૂા.૧૦૦, રૂા.૨૦૦ અને રૂા.૫૦૦ સુધીના દરેક દરની કડકડતી ચલણી નોટોના આખા-આખા બંડલ વ્યવસ્થિત થપ્પીબંધ ગોઠવ્યા હતા. થાળીનું વજન અને તેમાં રૂપિયાના થોકડા જોઈને કર્મચારીઓ પણ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા હતા. હાથમાં આખી નોટોની થાળી આવતાં જ મહેનતુ કર્મચારીઓની આંખો ખુશીના આંસુથી છલકાઈ ગઈ હતી અને માહોલ અત્યંત ભાવુક બની ગયો હતો.આ અંગે વેપારીએ જણાવ્યું હતું કે, "આ લોકો માત્ર મારી દુકાને કામ કરતા નોકરિયાત નથી, પરંતુ મારો પરિવાર છે. આખું વર્ષ આ લોકોના પરસેવાથી મારો વેપાર ચાલે છે, તો પછી દિવાળીએ મારા પરિવારના ઘરે પૈસાની તંગી કેમ રહેવી જોઈએ ? હું ઈચ્છતો હતો કે દરેક કર્મચારીના ઘરમાં દિવાળીની ખરીદી રોકડા રૂપિયા ગણીને થાય અને તેમના ચહેરા પર સાચું સ્મિત આવે." આ ઉમદા વિચાર સાથે તેમણે કોઈ પણ ખચકાટ વિના લાખો રૂપિયા રોકડા વહાવી દીધા. આ અંગે દુકાનમાં કામ કરતા એક કર્મચારીએ જણાવ્યું હતું કે, તેમને ક્યારેય એવી કલ્પના પણ નહોતી કે આ પ્રકારે અણધાર્યું બોનસ મળશે. હાલના સમયે જ્યારે તેમને પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે નાણાંની જરૂરિયાત હતી, ત્યારે કંપની તરફથી મળેલી આ આર્થિક સહાય તેમના નવા મકાનની ખરીદીમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને આશીર્વાદરૂપ સાબિત થશે. થાળીમાં નોટોના બંડલ સજાવીને બોનસ આપતો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર સુનામીની જેમ વાયરલ થઈ રહ્યો છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર લોકો આ વીડિયોને ધડાધડ શેર કરી રહ્યા છે. નેટિઝન્સ કોમેન્ટ બોક્સમાં લખી રહ્યા છે કે, "શેઠ દિલદાર હોય તો આવા, બાકી બીજા તો મીઠાઈના પેકેટમાં પણ કાતર મારે છે!" ઘણા યૂઝર્સ તો મજાકમાં સુરતની આ દુકાનનું સરનામું માંગી રહ્યા છે જેથી આવતા વર્ષે ત્યાં જ નોકરીએ જોડાઈ શકાય. સુરતીઓની અસલ ખુમારી અને દિલેરીનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યું છે.

લ્યો બોલો ! ઘરકંકાસમાં નિવૃત્ત આર્મીમેનની હત્યા !

અમદાવાદમાં જમવા બાબતે ઝઘડો થતાં પત્નીએ પતિને છાતીમાં ચપ્પુ ભોંકી દીધું !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

આજના આ બદલાતા સમય અને ભાગદોડભર્યા આધુનિક યુગમાં એવી ઘટનાઓ સામે આવી રહી છે. જે સૌને ચોંકાવી દે છે ત્યારે અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા નરોડા સ્માર્ટ સિટી-૨ ખાતે ઘરકંકાસ અને સામાન્ય બોલાચાલીનો ઝઘડો હત્યામાં ફેરવાયો હતો. ઘરકંકાસ અને જમવા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા ઉશ્કેરાયેલી પત્નીએ ચપ્પુ વડે નિવૃત આર્મીમેન પતિની છાતીના ડાબા ભાગે ઘા ઝીંકી દેતા મોત નિપજ્યું હતું. આ અંગે નરોડા પોલીસે

આરોપી પત્નીની ધરપકડ

પત્ની સામે હત્યાનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો જોઈએ તો નિવૃત્ત આર્મીમેન અને હાલમાં GMDCમાં કોન્ટ્રાક્ટ બેઝમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા દિલીપભાઈ સોમાજી ખરાડી અમદાવાદની નરોડા સ્માર્ટ સિટી-૨માં પત્ની નિર્મલા સાથે રહેતા હતાં. દિલીપભાઈ પિતા સોમાજી રાજકોટમાં ASI તરીકે ફરજ બજાવતા હતા અને હાલમાં નિવૃત છે.દિલીપભાઈ અને પત્ની નિર્મલા વચ્ચે છેલ્લા એક વર્ષથી અવારનવાર કોઈને કોઈ બાબતે ઝઘડાઓ થતા હતા. ગુરૂવારે (૫ નવેમ્બર) રાત્રે પતિ-પત્ની વચ્ચે જમવા બાબતે ઝઘડો થયો હતો. આ વાતથી પત્નીએ ઉશ્કેરાઈને રસોડામાંથી ચપ્પુ લઈ આવીને પતિ દિલીપભાઈની છાતીના ડાબા ભાગે મારી દીધું હતું. ગંભીર ઈજાથી દિલીપભાઈનું મોત નિપજ્યું હતું.

આ અંગે નરોડા પોલીસે પત્ની નિર્મલા સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરીને વધુ તપાસ કરતા પતિ-પત્ની વચ્ચે જમવામાં આવી રસોઈ કેમ બનાવી ? કેમ આ બનાવ્યું ? તે બાબતે પણ અનેકવાર ઝઘડા થયા હતા. આટલું જ નહિ રૂપિયા બાબતે પણ ઘરકંકાસ થયો હોવાનું સામે આવ્યું હતું.

આ અંગે જી ડિવિઝન એસીપીએ વાત કરતાં જણાવ્યું કે, ગુરૂવારે રાત્રે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો તેમાં આવેશમાં આવીને પત્ની નિર્મલાએ રસોડામાંથી શાક સમારવાનું ચપ્પુ લાવીને પતિ પર હુમલો કર્યો હતો. તેમજ હુમલો કર્યા બાદ પત્ની જ તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગઈ હતી. પરંતુ પતિનું મોત થઈ ગયું હતું. ત્યારે છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે ઘરકંકાસ ચાલતો હતો. ગુરૂવારે પણ જમવા બેઠા ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો હતો. હાલમાં પત્નીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

GPSCમાં ઝળકી ઉઠ્યા મુસ્લિમ ઉમેદવારો

અમદાવાદ, તા.૭

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪નું અંતિમ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મ્યુનિસિપલ મુખ્ય અધિકારી સેવા વર્ગ-૧ અને ગુજરાત રાજ્ય સેવા વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ માટેની ભરતીનું પરિણામ જાહેર કરાયું છે. ભરતી પ્રક્રિયા શરૂ થયાના આશરે ત્રણ વર્ષ બાદ ફાઈનલ રિઝલ્ટ આવતાં ઘણા સમયથી પરિણામની રાહ જોઈ રહેલા ઉમેદવારોને રાહત મળી છે.

આમ પરિણામમાં ૨૯૬ સફળ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. આ સફળ ઉમેદવારોમાં ચાર મુસ્લિમ ઉમેદવારો પણ છે. જેમણે GPSCની પરીક્ષામાં સફળતા મેળવી સમાજ, ઘર, પરિવારનું નામ રોશન કર્યું છે અને સમાજ ધીમે ધીમે દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે. તેની મિશાલ પૂરી પાડી છે. મુસ્લિમ ઉમેદવારોમાં ૫૬મા ક્રમે રઈસા રજાકભાઈ પીપરવડિયા, ૨૩૧મા ક્રમે તમીઝા મોહંમદ ઝાહિદ શેખ અને ૨૭૩મા ક્રમે સમીર સરફરાજ મારીઆ રહી સફળતા હાંસલ કરી છે.

સફળ ઉમેદવારોએ સાબિત કરી બતાવ્યું છે કે, અથાગ પરિશ્રમનો બીજો કોઈ વિકલ્પ નથી એટલે કે, આયોજન બદ્ધ ચોક્કસ દિશામાં મહેનત કરવામાં આવે તો ચોક્કસ સફળતાનો સ્વાદ ચાખવા મળે જ છે. વળી આ સફળ ઉમેદવારો આવનાર સમયમાં અનેક ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા થનગની રહેલા ઉમેદવારો માટે પણ પ્રેરણા અને માર્ગદર્શનનો માર્ગ બનશે તેવું ચોક્કસથી કહી શકાય.

અમદાવાદમાં બિલ્ડર પરિવાર સામે છેતરપિંડીની ફરિયાદ

પ્લોટ, મિલકત અને મટીરિયલના નામે કરોડો રૂપિયા ફસાવવાનો લાગ્યો આરોપ

અમદાવાદ, તા.૭

અમદાવાદમાં જમીન-મિલકતના સોદા અને બિલ્ડિંગ મટીરિયલના વ્યવહારોને લઈને એક બિલ્ડર પરિવાર સામે છેતરપિંડીની ત્રણ ફરિયાદો નોંધાઈ છે. સી.જી. રોડ પર ઓફિસ ધરાવતા બિલ્ડર ભરતકુમાર પ્રાણલાલ પોપટ અને તેમના પરિવારના સભ્યો સામે અલગ અલગ વેપારીઓએ કરોડો રૂપિયાની રકમ ફસાવવાનો આક્ષેપ કર્યો છે. નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ત્રણ ફરિયાદો નોંધાઈ છે.

પ્લોટના સોદા, મોર્ગેજ મિલકતના દસ્તાવેજ અને બિલ્ડિંગ મટીરિયલના નાણાકીય વ્યવહારો આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં છે. આ કેસમાં સાણંદ તાલુકાના મણીપુર ગામની સુરધારા રેસિડેન્શિયલ પ્લોટ્સ સ્કીમના પ્લોટ નંબર

ત્રણ ફરિયાદ નોંધાઈ : તપાસનો ધમધમાટ શરૂ

૩૭ અને ૩૮નો સોદો પણ સામેલ છે. ફરિયાદી સંજયભાઈ મહેતાના જણાવ્યા પ્રમાણે, બંને પ્લોટની કિંમત રૂા.૪.૪૪ કરોડથી વધુ નક્કી થઈ હતી. આ વ્યવહારમાં ભરતકુમાર પ્રાણલાલ પોપટ, હર્ષાબેન ભરતકુમાર પોપટ અને વિલેશ પ્રફુલચંદ્ર શેઠ સામે ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ શરૂઆતમાં રૂા.૧.૨૫ કરોડની એડવાન્સ રકમ ચૂકવી હતી. ત્યારબાદ બિલ્ડિંગ મટીરિયલ અને રોકડના માધ્યમથી પણ કેટલીક રકમ આપવામાં આવી હતી. જો કે, હજુ રૂા.૨.૩૪ કરોડથી વધુ ચૂકવવાના બાકી હતા. બાકી રકમની ખાતરી માટે આપવામાં આવેલા ચેક બેંકમાં જમા કરાવતાં તેનું પેમેન્ટ થયું નહોતું. ચેકનું અગાઉથી જ સ્ટોપ પેમેન્ટ કરાવવામાં આવ્યું હોવાનો પણ આક્ષેપ છે. વારંવાર નાણાંની માંગણી કરવા છતાં રકમ ન મળતાં સંજયભાઈએ પોલીસનો સંપર્ક કર્યો હતો. જ્યારે અન્ય એક ફરિયાદમાં આ મામલાને લગતા અન્ય એક કેસમાં પાર્થ દોશીએ ભરત પોપટ, ઝીલ પોપટ, પાર્થ બારોટ અને પરાગ નામના વ્યક્તિ સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, મોર્ગેજ મિલકતના દસ્તાવેજ બનાવી આપવાની ખાતરી આપીને તેમની પાસેથી અઢી કરોડ રૂપિયાથી વધુની રકમ લેવામાં આવી હતી. ત્યારબાદ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. તો બીજી તરફ, વેપારી હેમલ શાહે ભરત પોપટ અને તેમના પુત્ર ઝીલ પોપટ સામે ફરિયાદ કરી છે. આ ફરિયાદ મુજબ, બિલ્ડિંગ મટીરિયલના નાણાં ચૂકવવાના બદલે મિલકત બાર્ટરથી આપવાની વાત કરવામાં આવી હતી. મિલકતના દસ્તાવેજ બનાવી આપવા માટે અગાઉથી રકમ લેવામાં આવી હોવા છતાં દસ્તાવેજ કરવામાં આવ્યા નહોતા. સાથે જ વેપારના નાણાંની પણ ચુકવણી ન થતાં અંદાજે રૂા.૬૨ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનો આક્ષેપ કરાયો છે. હાલ નવરંગપુરા પોલીસ આ ત્રણેય ફરિયાદોને આધારે તપાસ કરી રહી છે. ત્યારે હવે પોલીસની તપાસમાં વધુ વિગતો સામે આવી શકે છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૭ માટે ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડમાં રોડ શો યોજાયો

આઠ રાઉન્ડ ટેબલ બેઠકોમાં ૧૫૦થી વધુ ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકારના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ૨૬ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) ૨૦૨૭નો રોડ-શો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આ ડેલીગેશનનું નેતૃત્વ ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામીણ ગૃહનિર્માણ તથા કાયદાકીય અને સંસદીય બાબતોના માનનીય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કર્યું હતું.

ડેલીગેશનના આ આઠ દિવસીય પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળે ૧૧ વન-ટુ-વન બેઠકો, ૪ મંત્રીસ્તરીય બેઠકો અને ૮ સેક્ટર-આધારિત રાઉન્ડટેબલ ચર્ચાઓ કરી હતી, જેમાં ૧૫૦ થી વધુ વેપારીઓ, ઔદ્યોગિક આગેવાનો અને સરકારી પ્રતિનિધિઓ જોડાયા હતા. આ સિવાય પ્રતિનિધિમંડળે બંને દેશોમાં ૬ સાઈટ અને ફેસિલિટી મુલાકાત લીધી હતી. આ ઉપરાંત ૩ પ્રવાસી ભારતીય કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડમાં યોજાયેલ આ રોડ-શો ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો. આ રોડ-શોનો મુખ્ય હેતુ આર્થિક ભાગીદારી મજબૂત કરવાનો, રોકાણ આકર્ષવાનો અને ક્રિટિકલ મિનરલ્સ, ઉર્જા, રિન્યુએબલ એનર્જી, ટેકનોલોજી, લોજિસ્ટિક્સ, શિક્ષણ, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન ક્ષેત્રે ગુજરાતમાં રહેલી તકોને વૈશ્વિક મંચ પર રજૂ કરવાનો હતો.

આ રોડ-શોમાં મંત્રી ઋષિકેશ પટેલની સાથે ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઓસ્ટ્રેલિયામાં સરકાર, ઉદ્યોગો, શિક્ષણ ક્ષેત્ર અને સ્ટાર્ટઅપ્સના ૧૦૦થી વધુ સહભાગીઓ સાથે ૬ સેક્ટર-આધારિત રાઉન્ડટેબલ પરિસંવાદો યોજાયા હતા. AFL, TerraNext વર્લ્ડ, સ્માર્ટ એનર્જી કાઉન્સીલ અને INQ ઈનોવેશન ગ્લોબલ દ્વારા આયોજિત આ સત્રોમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મોટા કાર્યક્રમો, ક્રિટિકલ મિનરલ સપ્લાય ચેઈન, રિન્યુએબલ એનર્જી અને ઈનોવેશન-આધારિત ઉદ્યોગ પર ચર્ચા કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ પૂર્ણ કરી ડેલીગેશને ૧ અને ૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ ન્યુઝીલેન્ડમાં ઓકલેન્ડની મુલાકાત લીધી હતી. ન્યુઝીલેન્ડમાં કોન્ટેક્ટ એનર્જી અને સર્વિસ ફુડ સાથે વન-ટુ-વન બેઠકો યોજાઈ હતી. તેમજ ન્યુઝીલેન્ડ સરકારના આરોગ્ય, ઉર્જા અને સ્ટેટ-ઓન્ડ એન્ટરપ્રાઈઝિસના માનનીય મંત્રી સિમિયોન બ્રાઉન સાથે મંત્રીસ્તરીય બેઠક યોજાઈ હતી.

૩૨ દિવસના આંદોલન બાદ સરકારના વચનનો અમલ કરવા માંગ

વ્યાયામ શિક્ષકની ભરતી SAT-2023ના પરિણામના આધારે જ કરવા માગણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. SAT (Sports Aptitude Test)-2023 પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોએ હવે આ પરીક્ષાના પરિણામના આધારે જ કાયમી ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરી છે. આ અંગે ખેલ સહાયક હિત સંગઠન દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. સંગઠને આગામી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ની બેઠકમાં ઉમેદવારોની માગણીઓ પર હકારાત્મક નિર્ણય લેવા અપીલ કરી છે.સંગઠન દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ, રાજ્યના હજારો ઉમેદવારોએ ભારે મહેનત કરીને SAT-2023ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. આ પરીક્ષા સરકારના નિયમો અને ધારાધોરણો મુજબ લેવામાં આવી હતી. પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો વ્યાયામ શિક્ષક તરીકે ગુજરાતમાં નોકરી મેળવવાની પાત્રતા ધરાવે છે. તેમ છતાં ભરતી પ્રક્રિયા આગળ ન વધતાં ઉમેદવારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.ઉમેદવારોના જણાવ્યા પ્રમાણે, ભૂતકાળમાં ભરતી અને પોતાના હિતના પ્રશ્ને ૩૨ દિવસ સુધી સતત આંદોલન કરવામાં આવ્યું હતું. તે સમયે સરકાર તરફથી ખાતરી આપવામાં આવી હતી કે, વ્યાયામ શિક્ષકોની ભરતી SAT-2023 પરીક્ષાનાં પરિણામના આધારે જ કરવામાં આવશે. સંગઠનનું કહેવું છે કે, હવે સરકાર આ ખાતરીનો અમલ કરે અને ભરતી પ્રક્રિયા શરૂ કરે. આ અંગે વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે SAT-2023ની પરીક્ષાને જ આધાર ગણવામાં આવે અને મેરીટ તૈયાર કરવા સહિતની તમામ પ્રક્રિયા, જેમ કે ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને શાળા પસંદગી, યોગ્ય અને પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવે. ઉમેદવારોના હિતમાં અગાઉ સરકાર દ્વારા આપવામાં આવેલી ખાતરીનો અમલ કરવામાં આવે તેવી માગણી કરાઈ છે. સંગઠનનું કહેવું છે કે, ઉમેદવારોએ પોતાની મહેનત અને સમય આ પરીક્ષા પાછળ ખર્ચ્યા છે. જો SAT-2023ના પરિણામને આધારે ભરતી કરવાનો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવે તો હજારો ઉમેદવારોને ન્યાય મળી શકે તેમ છે. સાથે જ રાજ્યની શાળાઓને લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકો મળી શકશે. આથી સંગઠને સંબંધિત સમિતિના સભ્યોને ૨૮ જુલાઈ, ૨૦૨૬ની બેઠકમાં લેવાયેલ સકારાત્મક નિર્ણય મુજબ આ માગણીઓને ગંભીરતાથી ધ્યાને લઈને ઉમેદવારોના હિતમાં નિર્ણય લેવા વિનંતી કરી છે.

બાળકોની સલામતી સાથે ચેડાં નહીં ચાલે તે અંગે કરી રજૂઆત

શાળાઓના ધાબા પર રમતગમતને મંજૂરી સામે વાલીમંડળમાં ઉગ્ર રોષ

ઓલ ગુજરાત વાલીમંડળે મુખ્યમંત્રીને પરિપત્ર પાછો ખેંચવા કરી માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને ધાબા પર રમતગમત કરાવવાના શિક્ષણ વિભાગના નિર્ણયને લઈને વિવાદ ઊભો થયો છે. શાળાઓમાં પૂરતા મેદાનો ઉપલબ્ધ ન હોવાની સ્થિતિમાં ટેરેસનો રમતગમત માટે ઉપયોગ કરવાની મંજૂરી સામે ઓલ ગુજરાત વાલી મંડળે ભારે નારાજગી વ્યક્ત કરી છે. વાલી મંડળનું કહેવું છે કે બાળકોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું જોખમ સ્વીકારી શકાય નહીં. ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા આ મુદ્દે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. વાલી મંડળે વિદ્યાર્થીઓના હિત અને સલામતીને ધ્યાનમાં રાખીને ધાબા પર રમતગમતને મંજૂરી આપતો પરિપત્ર તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે. વાલી મંડળના મતે, શાળાના ધાબા પર મોટી સંખ્યામાં બાળકો રમતગમત કરે ત્યારે અકસ્માતનું જોખમ ઊભું થઈ શકે છે. ખાસ કરીને ઊંચાઈ પર આવેલા સ્થળે રમતગમત દરમિયાન બાળક લપસી જાય, પડી જાય અથવા કોઈ અન્ય અઘટિત ઘટના બને તો ગંભીર પરિણામો આવી શકે છે. વિદ્યાર્થીઓની સલામતી માટે વાલી મંડળે ખાનગી શાળાઓમાં સુરક્ષાના નિયમોનું કડક પાલન કરાવવાની માંગ કરી છે. શાળાઓ પાસે ફાયર NOC, RTE અને ગુજરાત એજ્યુકેશન બોર્ડના જરૂરી સુરક્ષા ધોરણોનું પાલન કરાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત, તમામ ખાનગી શાળાઓ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા Structural Stability Certificate BU Permissionની ચકાસણી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. શાળાની ઈમારત વિદ્યાર્થીઓના ઉપયોગ માટેસલામત છે કે નહીં તેની ખાતરી કર્યા બાદ જ કોઈ વધારાની પ્રવૃત્તિને મંજૂરી આપવી જોઈએ તેવી વાલી મંડળની રજૂઆત છે. વાલીઓએ અગાઉ શાળાઓમાં બનેલી વિવિધ દુર્ઘટનાઓનો ઉલ્લેખ કરીને બાળકોની સુરક્ષાને લઈને સવાલો ઉઠાવ્યા છે. જો ધાબા પર રમતગમત દરમિયાન કોઈ અકસ્માત સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે તે અંગે પણ વાલી મંડળે પ્રશ્નો કર્યા છે. વાલીઓનું કહેવું છે કે રમતગમત બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે, પરંતુ તેના માટે સલામતીના ધોરણો સાથે કોઈ સમાધાન થવું જોઈએ નહીં. પૂરતી સુરક્ષા વ્યવસ્થા વિના ધાબા પર રમતગમત કરાવવાનો નિર્ણય જોખમી સાબિત થઈ શકે છે. વાલી મંડળે શિક્ષણ વિભાગને આ મુદ્દે પુનર્વિચાર કરવાની અપીલ કરી છે. જો સરકાર દ્વારા યોગ્ય ખુલાસો કરવામાં નહીં આવે અથવા નિર્ણયમાં જરૂરી ફેરફાર નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. હાલ સમગ્ર મુદ્દે વાલીઓમાં ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓને રમતગમતની સુવિધા મળે તે જરૂરી છે, પરંતુ તેની સાથે શાળાની ઈમારતની મજબૂતાઈ, સુરક્ષા વ્યવસ્થા અને નિયમોના પાલનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જરૂરી હોવાની લાગણી તેઓ દ્વારા વ્યક્ત કરાઈ છે.

દુષ્કર્મના કેસમાં લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈની તબિયત અચાનક લથડતા હોસ્પિટલ લઈ જવાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

દુષ્કર્મના ચકચારી કેસમાં સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા નારાયણ સાંઈની તબિયત અચાનક લથડતાં તેને તાકીદે સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. નારાયણ સાંઈને દાંતમાં દુખાવો ઉપડતાં જેલ પ્રશાસન દ્વારા તબીબી તપાસ માટે બહાર લાવવાનો નિર્ણય લેવાયો હતો. કેદી તરીકે બંધ નારાયણ સાંઈને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં જ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી સમગ્ર પરિસરમાં પોલીસ જાપ્તો ગોઠવી દેવાયો હતો.

સુરક્ષાના ભાગરૂપે લાજપોર જેલના પોલીસ કાફલા તેમજ સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે નારાયણ સાંઈને સીધો ડેન્ટલ વિભાગમાં લઈ જવામાં આવ્યો હતો. પોલીસ કાફલો અને અધિકારીઓની હાજરીને પગલે થોડા સમય માટે હોસ્પિટલ કેમ્પસમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જરૂરી તબીબી સારવાર પૂર્ણ થયા બાદ તેને ફરી કડક જાપ્તા હેઠળ લાજપોર જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરાઈ હતી. અગાઉ પણ તેને કમરનો દુખાવો તેમજ હાડકાના દુખાવાની સમસ્યા થઈ હતી. આ ઉપરાંત તે અવારનવાર દાંત તેમજ જડબાના દુખાવાની ફરિયાદ કરતો રહે છે. લાજપોર જેલની અંદર પ્રાથમિક સારવાર અપાયા બાદ પરિસ્થિતિ ગંભીર જણાતાં સમયાંતરે તેને સિવિલ હોસ્પિટલમાં સ્પેશિયાલિસ્ટ તબીબો પાસે લાવવો પડે છે. સુરતની બે બહેનો સાથે થયેલા ચકચારી દુષ્કર્મ પ્રકરણમાં નારાયણ સાંઈ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સુરત સેશન્સ કોર્ટે લાંબી કાનૂની લડત બાદ પુરાવા અને સાક્ષીઓના આધારે તેને દોષિત ઠેરવી આજીવન કેદની સખત સજા ફટકારી હતી. નારાયણ સાંઈ છેલ્લા ૧૨ વર્ષથી લાજપોર જેલમાં સજા ભોગવી રહ્યો છે અને નિયમ મુજબ સમયાંતરે તેને મેડિકલ ચેકઅપ માટે હોસ્પિટલ લાવવામાં આવે છે.

દિવાળી અને છઠ પૂજાને લઈ રેલવેનો નિર્ણય

વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી એકતાનગર વચ્ચે વિશેષ મેમૂ ટ્રેન

એકતાનગરથી સાંજે ૭:૦૦ કલાકે ઉપડી રાત્રે ૮:૩૦ કલાકે ટ્રેન પ્રતાપનગર પહોંચશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોને અવરજવરમાં સુવિધા મળી રહે તે માટે પ્રતાપનગર અને એકતાનગર વચ્ચે ૮ અને ૯ નવેમ્બરના રોજ વિશેષ અનારક્ષિત મેમૂ ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેનના કારણે તહેવારો દરમિયાન મુસાફરોને વધારાની પરિવહન સુવિધા મળશે.

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, ટ્રેન નંબર ૦૯૧૭૩ પ્રતાપનગરથી એકતાનગર વચ્ચે દોડશે. આ ટ્રેન પ્રતાપનગર રેલવે સ્ટેશનથી સવારે ૭:૩૫ કલાકે ઉપડશે અને સવારે ૯:૦૫ કલાકે એકતાનગર પહોંચશે. એકતાનગરથી પ્રતાપનગર પરત આવવા માટે ટ્રેન નંબર ૦૯૧૭૪ની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ટ્રેન એકતાનગરથી સાંજે ૭:૦૦ કલાકે ઉપડશે અને રાત્રે ૮:૩૦ કલાકે પ્રતાપનગર પહોંચશે. આ વિશેષ મેમૂ ટ્રેન બંને દિશામાં ડભોઈ અને ચાંદોદ રેલવે સ્ટેશન પર પણ ઊભી રહેશે. જેથી આ બંને વિસ્તારના મુસાફરોને પણ તહેવારો દરમિયાન મુસાફરીમાં રાહત મળશે.

દિવાળી અને છઠ પૂજાના કારણે રેલવેમાં મુસાફરોની સંખ્યામાં વધારો થતો હોય છે. આવી સ્થિતિમાં વધારાની મેમૂ ટ્રેન શરૂ કરવાથી મુસાફરોની ભીડને પહોંચી વળવામાં મદદ મળશે. મુસાફરોને ટ્રેનના સમયપત્રક અને અન્ય વિગતો માટે રેલવેની સત્તાવાર પૂછપરછ વેબસાઈટ પરથી માહિતી મેળવવા અપીલ કરવામાં આવી છે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

દિવાળી અને નૂતનવર્ષની શુભકામનાઓ

વિકસિત ગુજરાતથી
વિકસિત ભારત



હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી



પ્રગતિનું પંચામૃત

ખેડૂત કલ્યાણ
અન્નદાતાની મહેનતને મળ્યો ટેક્નોલોજીનો સાથ: i-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' એપ અને AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ

આરોગ્ય સુવિધા
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવાર: ₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક હૉસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત

વિકાસના માર્ગે યુવાધન
- યુવાઓને મળ્યો ટેકનોલોજીનો સાથ: સેમિકંડક્ટર હબ અને ડેટા સેન્ટર પૉલીસીથી નવી ટેક-ક્રાંતિનું કેન્દ્ર બન્યું ગુજરાત
- સ્પોર્ટ્સ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત: વૈશ્વિક કક્ષાના સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર થકી કૉમનવેલ્થ માટે સજ્જ ગુજરાત

શિક્ષિત ગુજરાત
નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન યોજનાથી રાજ્યના વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનશે ઉજ્જ્વળ

મહિલા સ્વાવલંબન
સુરક્ષિત અને સ્વાવલંબી નારી: સ્વ-સહાય જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'

"આ દિવાળીએ સ્વદેશીનો દીપ પ્રગટાવી, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર કરીએ અને વિકસિત ગુજરાતની નવી રોશની ફેલાવીએ."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

SIR વિરોધી અને CEC વિરોધી આંદોલન હવે લોકશાહી તરફી આંદોલન બનવા માટે તૈયાર છે

હાલ સુધી મુક્ત અને ન્યાયી ચૂંટણીના આહ્‌વાનમાં લોકોની સૌથી વધુ વહેંચાયેલી ભાવનાનો સમાવેશ થાય છે. રેલીના આગલા દિવસે 'વોટ બચાવો દેશ બચાવો' રેલી અને જ્ઞાનેશ કુમારના 'જાહેર મહાભિયોગ'એ વિરોધની વ્યાખ્યા રાજકીય પક્ષોથી આગળ વધારી

આ રવિવારે ઈન્ડિયા બ્લોક રેલી પછી મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર રાજીનામું આપશે તેવી કોઈને અપેક્ષા નહોતી. છતાં રેલીમાં કેટલા લોકો હાજર રહ્યા તે અંગે ભારે ચર્ચા છતાં વિરોધમાં કોઈની અપેક્ષા કરતા વધુ સફળતા મળી છે. તે જ સમયે આ સફળતા આ મહિનાના સંઘર્ષમાં સામેલ દરેક વ્યક્તિ પર મોટી જવાબદારી મૂકે છે.

રેલી પહેલા જ સમગ્ર વિપક્ષ, ફક્ત ઈન્ડિયા બ્લોક જ નહીં, ભારતના ચૂંટણી પંચ (ECI)ની ભૂમિકા પર પ્રશ્ન ઉઠાવવા માટે એકઠા થઈ ગયા હતા. જો કે, AAP અને DMK રેલીથી દૂર રહ્યા, તેઓ આ કારણ સાથે ખૂબ જ જોડાયેલા છે. BJD, BRS અને YSRCP જેવા બિન-ભારતીય બ્લોક વિપક્ષી પક્ષો, જેમણે ઘણીવાર સરકારને ટેકો આપ્યો છે, તેઓ પણ SIR અને ECI સામે બહાર આવ્યા છે. ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા સામે સમગ્ર સંસદીય વિપક્ષ દ્વારા આટલો સંપૂર્ણ સ્પેક્ટ્રમ અવિશ્વાસ મત કોઈપણ લોકશાહીમાં અભૂતપૂર્વ હશે. આ બધી બિન-યજમાન ટીમો જેવી છે જે ટુર્નામેન્ટ રેફરીને બદલવાની માંગ કરી રહી છે.

'મત બચાવો દેશ બચાવો' રેલી અને જ્ઞાનેશ કુમારના 'જાહેર મહાભિયોગ', રેલીના આગલા દિવસે રાજકીય પક્ષોથી આગળ વિરોધની વ્યાખ્યાને વિસ્તૃત કરી. SIR વિરૂદ્ધ વર્તમાન ઝુંબેશનું નેતૃત્વ કરનાર મોટી સંખ્યામાં 'નાગરિક સમાજ' સંગઠનો અને ચળવળો શનિવારે 'મોક પાર્લામેન્ટ' અને રવિવારની રેલીના પોડિયમ બંને પર હાજર હતા. આમાં ઘણા ખેડૂત સંગઠનો અને ઓક્ટોબરના વિરોધમાં સક્રિય તમામ યુવા સંગઠનો શામેલ હતા. એક અસામાન્ય અને નોંધપાત્ર પગલામાં CJPએ વિપક્ષી રેલીને ટેકો આપવા માટે હાકલ કરી. ધ્રુવ રાઠી જેવા પ્રભાવશાળી લોકો અને રાકેશ ટિકૈત જેવા ખેડૂત નેતાઓએ પણ રેલીને સમર્થન આપ્યું હતું. રેલીમાં ભાગ લેનારાઓમાં મોટાભાગે ભારતીય બ્લોક પાર્ટીઓ, મુખ્યત્વે કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકો હતા પરંતુ તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, તેઓ મોટા પાયે લોકો માટે ઊભા છે. જ્યારે આપણે ભવિષ્યના બધા વિરોધ પ્રદર્શનો એક જ છત્ર હેઠળ થવાની અપેક્ષા રાખવી જોઈએ નહીં, આ સપ્તાહના અંતે ઓક્ટોબરમાં આપણે જોયેલા વિરોધ પ્રદર્શનોના આ મિશ્રણમાં



ખૂબ જ જરૂરી સંકલન લાવ્યું છે. તેણે રાહુલ ગાંધીને 'વોટ ચોરી' મુદ્દાને અવિશ્વાસીઓ સમક્ષ લાવનારા પ્રથમ નેતા તરીકે વ્યાપક વિપક્ષી અવકાશના નૈતિક નેતા તરીકે સ્થાપિત કર્યા છે.

'વોટ ચોરી' કથાની લોકપ્રિય સ્વીકૃતિમાં આ રેલી એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતી. ઈન્ડિયન એક્સપ્રેસના ખુલાસાથી ECIના ગેરબંધારણીય કાર્ય ઉપરાંત SIRના અનેક કૌભાંડો પર મીડિયા રિપોર્ટિંગના દરવાજા ખોલી નાખ્યા છે. જનતા હવે ફોર્મ ૬ની આસપાસના પ્રશ્નો, ફોર્મ ૭ના વાંધાઓનો દુરૂપયોગ, અંતિમ મતદાર યાદીમાં ફેરફાર કરવા માટે ફોર્મ ૮નો વિવાદાસ્પદ ઉપયોગ, પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી કાઢી નાખવાની વિચિત્ર રીત અને અનામી અપીલોની બલ્ક ફાઈલિંગ અને ઘણું બધું જાણે છે. ECI પાછળ છે. સુપ્રીમ કોર્ટ પણ પ્રશ્નોનો સામનો કરી રહી છે. સાચું છે કે, આમાંના ઘણા ગંભીર ઉલ્લંઘનો લોકો માટે સમજવા માટે ખૂબ જ તકનીકી છે. છતાં છેલ્લા છ અઠવાડિયાની સંચિત અસર 'દાળ મેં કુછ કાલા હૈ' તરફ સામૂહિક સામાન્ય સમજમાં પરિવર્તન આવી છે - કંઈક સડેલું છે. 'જાહેર મહાભિયોગ'ની ગુરૂત્વાકર્ષણ આ તે બધા લોકો પર એક ઐતિહાસિક જવાબદારી લાદે છે જેમણે અત્યાર સુધી આ વિરોધ પ્રદર્શનોની સફળતામાં ફાળો આપ્યો છે. આગળ વધતા આ ચળવળ ફક્ત જ્ઞાનેશ કુમારને દૂર કરવા અને SIR પાછું ખેંચવા વિશે નથી પરંતુ છેલ્લા ૧૨ વર્ષોમાં ખોવાયેલી લોકશાહી જગ્યાને પાછી મેળવવા વિશે છે. SIR અને CEC વિરોધી આંદોલન હવે લોકશાહી સમર્થક ચળવળમાં પરિવર્તિત થવા જઈ રહ્યું છે.

આ નિર્ણાયક તબક્કે, 'સત્તા પરિવર્તન' (regime change)ની માંગ કરવી એ ધ્યાન ભટકાવનારી બાબત છે, જેનાથી બચવું હિતાવહ છે. અલબત્ત, ચૂંટણી જેવી સામાન્ય લોકશાહી પ્રક્રિયા દ્વારા સત્તા પરિવર્તનની માંગ કરવામાં કંઈ ખોટું કે ગેરબંધારણીય નથી અને આ સામાન્ય પ્રક્રિયાને ખરેખર ખુલ્લી રાખવાની જવાબદારી સત્તાધારી પક્ષ અને ECI (ભારતીય ચૂંટણી પંચ) તથા સર્વોચ્ચ અદાલત જેવી સ્વતંત્ર સંસ્થાઓની છે. તેમ છતાં આ તબક્કે આ માંગ વિરોધ પક્ષની છે; રસ્તા પર ઉતરેલા તમામ લોકોની આ માંગ હોય તે જરૂરી નથી. કોઈપણ જનઆંદોલનની સફળતાનો આધાર આંદોલનકારીઓની મૂળભૂત લાગણીઓ સાથે તાલ મિલાવવા પર અને એવા ન્યૂનતમ સામાન્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા પર રહેલો છે, જે વધુમાં વધુ લોકોનું સમર્થન મેળવી શકે.

બેંગલુરૂના એક કેબ ચાલકે પોતાની પત્ની અને તેના છ સંબંધીઓની (જેમાં સાત વર્ષનો બાળક પણ સામેલ છે) હત્યા કરી હોવાની શંકા છે. માનવામાં આવે છે કે, તેની પત્ની તેના પિયર પક્ષના પરિવાર સાથે સતત સંપર્કમાં રહેતી હતી, જેનાથી નારાજ થઈને તેણે આ ભયાનક હત્યાકાંડ આચર્યો છે. પોલીસે અત્યાર સુધીમાં બેંગલુરૂના નંદી હિલ્સ નજીકથી તે બાળકના મૃતદેહને શોધી કાઢ્યો છે, જ્યારે બાકીના છ મૃતદેહોની શોધખોળ ચાલી રહી છે. આ હત્યાકાંડ અંગે ઘણી વિગતો હજુ અસ્પષ્ટ છે, પરંતુ પોલીસના જણાવ્યા અનુસાર, ઈન્દુશેખર નામના કેબ ચાલકે પોતાની પત્ની સુનીથા, તેની માતા રૂપાવાતી, તેના બે ભાઈઓ શિવકુમાર અને શંકર, તેમની પત્નીઓ દિવ્યા અને નલિની, તેમજ સુનીથાના સાત વર્ષના ભત્રીજા પુનીતની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, ઈન્દુશેખરે પહેલા પોતાની પત્નીની હત્યા કરી અને ત્યારબાદ તેના બે સાળા (પત્નીના ભાઈઓ) અને તેમના પરિવારોને પાર્ટી માટે ઘરે બોલાવ્યા. ત્યાં તેણે તે ભાઈઓ, તેમની પત્નીઓ, પોતાની સાસુ અને શંકરના નાના પુત્રની હત્યા કરી નાખી. પોલીસને શંકા છે કે આરોપીએ પીડિતોની હત્યા કરવા



માટે પથ્થર (ઘંટીનો પથ્થર કે તે પ્રકારની ભારે વસ્તુ)નો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ, તેણે કથિત રીતે મૃતદેહોને પોતાની કારમાં લઈ જઈને અલગ-અલગ સ્થળોએ ફેંકી દીધા હતા. તપાસકર્તાઓને એવી પણ શંકા છે કે તેણે લોહીના ડાઘ સાફ કરવા અને પુરાવા નષ્ટ કરવા માટે રસાયણોનો ઉપયોગ કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીના તેની પત્ની સુનીથા સાથે વારંવાર ઝઘડા થતા હતા. તેણે લગભગ ૨૦ વર્ષ પહેલાં સુનીથા સાથે લગ્ન કર્યા હતા, અને ઝઘડાનું મુખ્ય કારણ સુનીથાનું તેના પિયર જવું તે હતું. પરિવારના સભ્યો દ્વારા દંપતી વચ્ચે સમાધાન કરાવવાના પ્રયાસો છતાં, તેમના મતભેદો યથાવત રહ્યા. કહેવાય છે કે સુનીતાને તેની માતા અને ભાઈઓ તરફથી મળતા સમર્થનથી ઈન્દુશેખર નારાજ હતો અને તેણે તેના (સુનીતાના) પરિવારનો ખાતમો બોલાવવાનું નક્કી કર્યું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તેણે પહેલા દળવાના પથ્થર (ઘંટીના પથ્થર) વડે સુનીતાની હત્યા કરી, તેના મૃતદેહને કપડામાં વીંટાળી દીધો અને નંદી હિલ્સ પાસે ફેંકી દીધો. ત્યારબાદ તેણે સુનીતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો અને પડોશીઓને કહ્યું કે તે પ્રવાસે ગઈ છે, જેથી કોઈને શંકા ન જાય. બીજા દિવસે, તેણે તેના સાળા શિવકુમાર અને શંકરને પાર્ટી માટે પોતાના ઘરે બોલાવ્યા અને તે જ પથ્થર વડે તેમની હત્યા કરી નાખી. સૂત્રોના જણાવ્યા મુજબ, ત્યારબાદ તેણે તેમની પત્નીઓ - દિવ્યા અને નલિની, પોતાની સાસુ રૂપાવતી અને શિવકુમારના સાત વર્ષના પુત્ર પુનીતની પણ હત્યા કરી નાખી.

દલિત સગીરાને આત્મહત્યા કરવા મજબૂર કરનાર ડિંડિગુલના વ્યક્તિને આજીવન કેદની સજા

(એજન્સી) મદુરાઈ, તા.૭

ડિંડિગુલની એક વિશેષ અદાલતે બુધવારે ૩૯ વર્ષીય સવર્ણ હિન્દુ પુરૂષને આજીવન કેદની સજા ફટકારી છે. તેણે ૨૦૨૦માં અનુસૂચિત જાતિની એક સગીરાને જાતિસૂચક અપશબ્દો કહીને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી હતી. તે સમયે ૧૭ વર્ષની યુવરાની, તેની વિધવા માતા ચિત્રા અને ૧૫ વર્ષની બહેન સાથે ૨૦૨૦માં વિલ્લુપુરમ જિલ્લામાંથી વેદાસંદુર આવી હતી. ત્રણેયે એક ગારમેન્ટ મિલમાં કામ મેળવ્યું અને ડિંડિગુલના વેદાસંદુર તાલુકાના નાગાપટ્ટી ગામમાં એક રો-હાઉસ (હરોળમાં બનેલા મકાનો) સંકુલમાં નાનકડો ઓરડો ભાડે રાખ્યો. દોષિત ઠરેલો બી. રાજકુમાર અને તેની પત્ની અરૂલ સેલ્વી આ પરિવારની બાજુમાં જ રહેતા હતા. સરકારી પક્ષના જણાવ્યા અનુસાર, રો-હાઉસ સંકુલની સાંકડી ગલીમાંથી ઘરોનું ગંદું પાણી વહી જતું હતું, જેના માટે ત્યાં એક નાની ખુલ્લી ગટર જેવી વ્યવસ્થા હતી. જ્યારે પણ કોઈ ઘરમાં વાસણ કે કપડાં ધોવામાં આવતા, ત્યારે ગલીમાં થોડું પાણી ભરાઈ રહેતું હતું. પીડિત પરિવાર અનુસૂચિત જાતિનો હોવાથી, જ્યારે રાજકુમારનો પગ તેમના ઘર તરફથી આવતા ગંદા પાણી પર પડ્યો, ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ ગયો અને તેને

તે સમયે ૧૭ વર્ષની યુવરાની, તેની વિધવા માતા ચિત્રા અને ૧૫ વર્ષની બહેન સાથે ૨૦૨૦માં વિલ્લુપુરમ જિલ્લામાંથી વેદાસંદુર આવી હતી

લાગ્યું કે તે 'અપવિત્ર' થઈ ગયો છે. પોલીસે જણાવ્યું કે, "તે પરિવારને જાતિસૂચક અપશબ્દો આપતો હતો અને કહેતો હતો કે તેમના ઘરની સામે જમા થયેલા ગંદા અને સાબુવાળા પાણી પર પગ પડવાથી તે અપવિત્ર થઈ ગયો છે." પોલીસે નોંધ્યું કે તેની પત્ની અરૂલ સેલ્વી પણ તે પરિવારને જાતિસૂચક અપશબ્દો કહેતી હતી. રાજકુમાર મોટાભાગે સાંજના સમયે દારૂ પીને ઘરે આવતો ત્યારે અપશબ્દો બોલવાનું શરૂ કરતો હતો. આખરે ચિત્રાએ વેદાસંદુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ત્યારબાદ નાગાપટ્ટી ગામના વડીલો તેમને પોલીસ સ્ટેશન લઈ ગયા અને પોલીસને ખાતરી આપી કે હવે આવું ફરી ક્યારેય નહીં થાય, જેના પગલે બંને પરિવારો વચ્ચે સમાધાન થયું હતું. પોલીસે 'કોમ્યુનિટી સર્વિસ રજિસ્ટર' (CSR) હેઠળ નોંધ કરી રાજકુમાર અને તેની પત્નીને ચેતવણી આપી હતી. જોકે, એક અઠવાડિયાની અંદર જ, ૨૬ મે ૨૦૨૦ના રોજ, રાજકુમારે ફરીથી ચિત્રાના પરિવાર સાથે ઝઘડો કર્યો અને કલાકો સુધી તેમને જાતિસૂચક અપશબ્દો કહ્યા. તે દિવસે તાવ હોવાને કારણે યુવરાની તેની માતા અને બહેન સાથે મિલ પર ગઈ ન હતી. રાજકુમાર અને તેની પત્ની દ્વારા વારંવાર કરવામાં આવતા જાતિસૂચક અપમાનોને કારણે થયેલી માનસિક પીડા સહન ન થતાં, તેણે તે રાત્રે જીવન ટૂંકાવી દીધું, તેમ સરકારી પક્ષે કોર્ટને જણાવ્યું હતું. વેદાસંદુર પોલીસે ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૩૦૬ (આત્મહત્યા માટે દુષ્પ્રેરણ) અને 'અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ' હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. કેસની પ્રગતિની સમીક્ષા કરનાર ડિંડિગુલના પોલીસ અધિક્ષક એસ. જયકુમારે તપાસ અધિકારીને તપાસ ઝડપી બનાવવા અને દસ્તાવેજો તથા સાક્ષીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. સરકારી પક્ષે કેસ સાબિત કર્યા બાદ, વિશેષ અદાલતે રાજકુમારને IPCની કલમ ૩૦૬ (આત્મહત્યા માટે દુષ્પ્રેરણ) અને 'અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ'ની વિવિધ કલમો હેઠળ આજીવન કેદની સજા, વધારાની બે વર્ષની કેદ અને ૧૨,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ટ્રાયલ (મુદ્દત) દરમિયાન અરૂલ સેલ્વીનું બીમારીને કારણે અવસાન થયું હતું.

દલિત કોંગ્રેસ નેતા પર કથિત હુમલા બદલ પંજાબ યુથ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બરિંદર ધિલ્લોન વિરૂદ્ધ કેસ દાખલ

(એજન્સી) ચંદીગઢ, તા.૭

ચંદીગઢ પોલીસે પંજાબ યુથ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બરિંદર સિંહ ધિલ્લોન વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. આ કાર્યવાહી ૨૭ ઓક્ટોબરે સેક્ટર-૧૫ સ્થિત પંજાબ કોંગ્રેસ ભવનમાં દલિત કોંગ્રેસ નેતા રણજીત સિંહ તરખાન માજરા પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદના આધારે કરવામાં આવી છે. આ કેસ સેક્ટર-૧૧ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે. એફઆઈઆર (FIR) મુજબ, આ ફરિયાદ ૪ નવેમ્બરે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨) અને ૧૨૬(૨) હેઠળ દાખલ કરવામાં આવી હતી. પંજાબ કોંગ્રેસ સમિતિના પૂર્વ સચિવ તરખાન માજરાએ આરોપ લગાવ્યો છે કે જ્યારે તેઓ તેમના પુત્ર સાથે પાર્ટી મુખ્યાલય ગયા હતા, ત્યારે ધિલ્લોન અને એક અજાણી વ્યક્તિએ તેમની સાથે જાતિસૂચક અપશબ્દોનો પ્રયોગ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે તેમણે વિરોધ કર્યો, ત્યારે ધિલ્લોને તેમને થપ્પડ મારી અને મારપીટ કરી, તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી. જોકે, અહેવાલો અનુસાર એફઆઈઆરમાં નોંધવામાં આવ્યું છે કે પ્રાથમિક તપાસ દરમિયાન એવા કોઈ આરોપો સાબિત થયા નથી જેના માટે 'અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ'ની જોગવાઈઓ લાગુ કરી શકાય. આ કેસની તપાસ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DSP) સુખવિંદર પાલને સોંપવામાં આવી છે. ધિલ્લોને તરખાન માજરા સાથે મારપીટ કર્યાનો ઇનકાર કર્યો છે અને આ ઘટનાને માત્ર એક શાબ્દિક દલીલ (બોલાચાલી) ગણાવી છે. પૂર્વ મંત્રી અવતાર હેનરીના નેતૃત્વ હેઠળની પંજાબ કોંગ્રેસની શિસ્ત સમિતિએ તેમને 'શો-કોઝ નોટિસ' (કારણ દર્શાવો નોટિસ) પાઠવી છે.

આ વખતે અધિકારીઓ મહાદલિત ગામડાઓમાં દિવાળી ઉજવશે, મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ખાસ સૂચનાઓ આપી

(એજન્સી) બિહાર, તા.૭

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓને દિવાળી પર દલિત, મહાદલિત અને અત્યંત પછાત સમુદાયોની મુલાકાત લેવા અને ત્યાંના લોકો સાથે તહેવાર ઉજવવાની અપીલ કરી છે. આ પહેલનો હેતુ સમાજમાં પરસ્પર સંવાદિતા અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવાનો છે. દિવાળી નિમિત્તે, બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ સામાજિક સંવાદિતા અને પરસ્પર સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે એક ખાસ પહેલ કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યભરના અધિકારીઓ અને જનપ્રતિનિધિઓને દલિત, મહાદલિત અને અત્યંત પછાત સમુદાયોના લોકો સાથે દિવાળી ઉજવવાની અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે તહેવારનો આનંદ સમાજના દરેક વર્ગ સુધી પહોંચવો જોઈએ અને આ પ્રસંગે કોઈ પણ પરિવાર એકલતા અનુભવે નહીં. દિવાળીના અવસરે, બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ સામાજિક સૌહાર્દ અને પરસ્પર સદ્‌ભાવનાને પ્રોત્સાહન આપવા માટે એક ખાસ પહેલ શરૂ કરી છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ રાજ્યભરના અધિકારીઓને દિવાળીના અવસરે તેમના વિસ્તારોમાં દલિત અને મહાદલિત વસાહતોની મુલાકાત લેવા નિર્દેશ આપ્યો છે. ત્યાંના લોકો સાથે દિવાળી ઉજવો અને આનંદ વહેંચો. મુખ્યમંત્રીએ અધિકારીઓને સામાજિક ભાગીદારી વધારવા અને સમાજના વંચિત વર્ગો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા અપીલ કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યભરના જનપ્રતિનિધિઓને પણ આ પહેલમાં સક્રિય ભૂમિકા ભજવવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે જનપ્રતિનિધિઓએ તેમના વિસ્તારોમાં મહાદલિત વસાહતોની મુલાકાત લેવી જોઈએ અને ત્યાંના લોકો સાથે દિવાળી ઉજવવી જોઈએ. આનાથી સમાજમાં પરસ્પર ભાઈચારો, સમાનતા અને સામાજિક એકતા મજબૂત થશે.

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જોઈએ છે
પ્રિન્ટિંગ પ્રેસ માટે Computer Operator Email, Job Card, Daily Schedule બનાવી શકે, Ms Excel, Mail, Office Wordના જાણકાર અને 4 Colour Komori Printing Machine માટે Experienced Operator અને Feeder man જોઈએ છે. SHAHJI PRINTERS (SHAHIBAUG) ફક્ત વોટ્સએપ કરવો : 9601404284

બહેન જોઈએ છે
બિમાર બહેનની દેખરેખ માટે સવારના 8થી સાંજના 7 સુધી A/704, સૂર્યકમલ ફ્લેટ, પાલડી 8690525260

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર એડવોકેટની ઓફિસ માટે, ભાષા ભારતી, ગોપીકા જાણકાર, D-12, સિલીકોન એવન્યુ, બીબી તળાવ, વટવા 9904518115

જોઈએ છે
લેડીઝ ગુજરાતી જાણકાર, રોજના રૂા.૪૦૦/-, મહિને રૂા.૧૦૦૦/- પેટ્રોલના Mo. 9898572069

વેચવાનું છે

દુકાન વેચવાની છે
ગ્રાઉન્ડ ફ્લોર 265 sq.feet મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, પાલડી 7874853336

વેચવાનો છે
બંગલો અમન ટાઉનશીપ સમરખા ચોકડી એકતા રેસ્ટોરન્ટની પાછળ, આણંદ 900 વાર પ્લોટ એરિયા 950 વારનું નવું બાંધકામ ચારેય દિશામાં ખુલ્લુ સેમી ફર્નિશ્ડ મકાન આપવાનું છે. 9825642192

2 BHK ફ્લેટ વેચવાનો છે
ફર્સ્ટ ફ્લોર, માસૂમ ફ્લેટ, જૂની શરત, 85 વાર, અલ-અસબાબ પાર્ક, મકરબા રોડ જાકીરભાઈ 8488883929

વેચવાનો છે ફ્લેટ
2 BHK બીજો માળ, રોડ ટચ, સલાપસ રોડ, રિલીફ સિનેમા 9825210507

પ્લોટ વેચવાનો છે
શહેરના ઘોંઘાટ અને પ્રદૂષણયુક્ત વાતાવરણથી દૂર, ધોળકામાં શાંત અને હરિયાળા માહોલમાં રજાઓ માણવા, વીક એન્ડ હોમ બનાવવા માટે ઉત્તમ પ્લોટ, કુલ ૨૯૭ વાર સંપર્ક 9227210810

3/4 BHK flat for sell
Muslim Society, Navrangpura Broker - 9825415296

500 sq. ft. Office for Rent
Mithakhali/ Navrangpura Broker - 9825415296

Showroom for sell
Relief road, near bijli ghar Broker - 9825415296

Flat For Sale
Al-Burooj Road, 3 BHK NANOC Title Clear 7777999667

વેચવાનો છે બંગલો
470 વાર, 5 BHK, ટાઈટલ ક્લિયર, મોતી બેકરી પાસે એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ) 9227777881

ન્યુ સાઈટ ફ્લેટ વેચવાનું છે
2 BHK, 165 વાર, ટાઈટલ ક્લિયર, સરખેજ બ્રોકર : 8320798770

મકાન અને જમીન ભાડે-વેચાણ

જમીન, મકાન, રેસિડેન્સી, કોમર્શિયલ લેવા-વેચવા અને ભાડે આપવા-લેવા સૈયદ સાહેબ 9586827514 ઈરસાદઅલી સૈયદ 8200343906

ભાડે/વેચાણ જોઈએ છે ફ્લેટ
મુસ્લિમ વિસ્તારમાં નવરંગપુરા, ખાનપુર, પાલડી બ્રોકર કોન્ટેક્ટ 9825415296

દુકાન ભાડે આપવાની છે
મોકાની 160 સ્કવેર ફૂટ, રોડ ટચ, ઢાલગરવાડ 9925062155

જુહાપુરા વિસ્તારમાં મકાન, દુકાન, ફ્લેટ, પ્લોટ તેમજ બંગ્લોઝ વેચાણથી, ભાડેથી કે ગીરવે લેવા તેમજ આપવા માટે મળો 9998499169

ભાડે જોઈએ છે
1/2 BHK ભાડેથી જોઈએ છે. શાહપુર, ખાનપુર સારા એરિયામાં 7434891920

વેચાણ આપવાના છે
ટેનામેન્ટ, ડુપ્લેક્ષ, ફ્લેટ, ગોડાઉન જુહાપુરા, સરખેજમાં સાહારા એસ્ટેટ 9925519490

ફ્લેટ વેચાણ આપવાનું છે
એક બેડરૂમ, હોલ, કિચન TP 85માં 9925519490

વેચાણ આપવાનું છે ડુપ્લેક્ષ
બાગે મશીરા-2માં, 4 રૂમ, કિચન 9025519490 બ્રોકર : ઈખ્તીયારભાઈ

2000 Sqft, 1st ફ્લોર, વિશાલા સર્કલ પાસે, દુકાન ભાડે આપવાની છે 7777999667

સરખેજ, મેઈન રોડ ટચ સોસાયટીમાં, 2 BHK ટેનામેન્ટ ટાઈપ મકાન, ભાડે આપવાનું છે 7777999667

લગ્ન વિષયક

રિશ્તા મુસ્લિમ મેરેજ બ્યુરો
NRI તથા હાઈલી એજ્યુકેટેડ રિશ્તા માટે 9375007734

મુસ્લિમ શેખ યુવતી Good Looking Age 25 Bachelor of Physiotherapy Working in Canada માટે એજ્યુકેટેડ યુવકના વાલી સંપર્ક કરો 9825091851

નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

અગત્યની સૂચના
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

વ્યવસાયીલક્ષી/અન્ય

ખરતા વાળ અટકાવો
ઈનાયા કેર, હર્બલ હેર ઓઈલ અને શેમ્પુ 9426669894

ગુજરાત ટુડે
આપની ટચૂકડી જાહેરખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ
મો.૯૭૩૭૪૪૬૩૬૬

કિસ્મત બુક સ્ટોર
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯

જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,
મો.૯૯૯૮૮૮૦૩૩૦

'મારા જીવ પર સાતમો હુમલો': અભિષેક બેનરજીનો આરોપ, જન્મદિવસની ઉજવણી દરમિયાન કોલકાતા સ્થિત નિવાસસ્થાન પર હુમલો થયો

અભિષેક બેનરજીએ દાવો કર્યો છે કે, કથિત હુમલાના બે દિવસ પહેલા ભાજપના કાર્યકરોએ તેમના નિવાસસ્થાનની રેકી (નિરીક્ષણ) કરી હતી

(એજન્સી) તા.૭

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ અભિષેક બેનરજીએ આરોપ લગાવ્યો છે કે શનિવારે વહેલી સવારે કોલકાતાના કાલીઘાટ સ્થિત તેમના નિવાસસ્થાન પર ભારતીય જનતા પાર્ટી (BJP)ના કાર્યકરોએ હુમલો કર્યો હતો. આ ઘટના તેમના જન્મદિવસની ઉજવણી



માણસની શું હાલત હશે, તેની કલ્પના કરો." તેમણે કલકત્તા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની પણ ટીકા કરી અને આરોપ લગાવ્યો કે આ કથિત ઘટનાઓ પર તેઓ મૌન સેવી રહ્યા છે. ૧૯ જૂને સોનારપુરમાં બનેલી અગાઉની એક ઘટનાનો ઉલ્લેખ કરતા, અભિષેક બેનર્જીએ દાવો કર્યો કે જ્યારે તેઓ દિલ્હીથી પરત ફરી

● અભિષેકે પોતાના નિવાસસ્થાન પર 'ભાજપના ગુંડાઓ' દ્વારા હુમલો કરવાનો આરોપ લગાવ્યો; બંગાળના મંત્રીએ આરોપ ફગાવ્યો ● પશ્ચિમ બંગાળના પંચાયત અને ગ્રામીણ વિકાસ મંત્રી દિલીપ ઘોષે આ આરોપને ફગાવી દેતા કહ્યું કે, 'જ્યારે સત્તા હાથમાંથી જતી રહે છે, ત્યારે આવા આરોપો સામાન્ય છે'

દરમિયાન બંને પક્ષોના સમર્થકો વચ્ચે થયેલા સંઘર્ષ બાદ બની હતી. અભિષેક બેનરજીએ કહ્યું કે, રાત્રે લગભગ ૨ વાગ્યે તેમના ઘરની બહાર કોઈને 'ચોર' ગણાવતા સૂત્રોચ્ચાર થયા બાદ ઘર્ષણ શરૂ થયું હતું. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના સમર્થકોએ TMC કાર્યકરો પર ઈંટો અને પથ્થરો વડે હુમલો કર્યો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા. 'X' (ટ્વિટર) પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં, અભિષેક બેનર્જીએ દાવો કર્યો કે કથિત હુમલાના બે દિવસ પહેલા ભાજપના કાર્યકરોએ તેમના ઘરની રેકી કરી હતી. વીડિયો ફૂટેજમાં કેટલાક લોકો તેમના નામવાળા બેનરો અને પોસ્ટરો ફાડતા પણ જોવા મળે છે. તેમણે લખ્યું, "બે દિવસની સતત રેકી બાદ, આજે રાત્રે ૨ વાગ્યે ભાજપના ગુંડાઓએ મારા ઘર પર હુમલો કર્યો." તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે છેલ્લા છ મહિનામાં તેમના જીવ પર થયેલો આ સાતમો હુમલો છે. ડાયમંડ હાર્બરના સાંસદે પોલીસ પર પણ આરોપ લગાવ્યો કે, પોલીસની હાજરીમાં હિંસા થવા છતાં તેમણે કોઈ દરમિયાનગીરી કરી નહીં. તેમણે દાવો કર્યો કે ભાજપના કેટલાક સમર્થકો પાસે રિવોલ્વર હતી અને તેઓ "હત્યા કરવાના પૂર્વ-આયોજિત ઈરાદા" સાથે આવ્યા હતા. તેમણે કહ્યું, "અમારા એક સાથીદાર, તાપસના અંગૂઠા પાસેના ભાગે ગંભીર ઈજા થઈ છે. મેં તેને ટાંકા લેવા માટે હોસ્પિટલ મોકલ્યો, પરંતુ ડોક્ટરે કહ્યું કે માત્ર ટાંકાથી કામ નહીં ચાલે; તેને પ્લાસ્ટિક સર્જરીની જરૂર પડશે. અન્ય એક વ્યક્તિની આંખની નીચેના હાડકામાં ફ્રેક્ચર થયું છે. તેમણે પથ્થરો અને ઈંટો ફેંકી. આ બધું પોલીસની નજર સામે જ બન્યું." TMC નેતાએ વધુમાં આરોપ લગાવ્યો કે ઘટના બાદ જ્યારે તેઓ તેમના ઘરની બહાર આવ્યા, ત્યારે પોલીસ અને ભાજપના સમર્થકો સાથે તેમની ઉગ્ર બોલાચાલી થઈ હતી. તેમણે સત્તાધારી પક્ષના કાર્યકરો પર પોલીસકર્મીઓ સાથે પણ મારપીટ કરવાનો આરોપ લગાવ્યો. અભિષેક બેનર્જીએ કહ્યું, 'મારા જીવ પર આ સાતમો હુમલો' 'X' (ટ્વિટર) પરની પોતાની પોસ્ટમાં, અભિષેક બેનર્જીએ દાવો કર્યો કે આ ઘટના છેલ્લા છ મહિનામાં તેમના પર થયેલા હુમલાઓની શ્રેણીનો એક ભાગ છે. તેમણે લખ્યું, "છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે ન્યાયતંત્ર દ્વારા કોઈ હસ્તક્ષેપ કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં ગુંડાઓ બેફામ બન્યા છે કારણ કે ન્યાયતંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જો ચૂંટાયેલા સંસદ સભ્ય સાથે આવું થઈ શકતું હોય, તો પશ્ચિમ બંગાળમાં સામાન્ય રહ્યા હતા ત્યારે તેમના જીવ પર હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે તેમના પક્ષના કાર્યકરોએ બંદૂકધારી વ્યક્તિઓને પકડી પાડ્યા હતા અને ફરિયાદ પણ નોંધાવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ભાજપે અભિષેક બેનર્જીના આરોપોને ફગાવી દીધા છે. બંગાળ ભાજપના નેતા દિલીપ ઘોષે આ ઘટનાને "ડ્રામા" ગણાવી હતી. દિલીપ ઘોષે કહ્યું, "આ પહેલીવાર છે જ્યારે આપણે કોઈ નેતાનો જન્મદિવસ ફૂટપાથ પર ઉજવાતો જોઈ રહ્યા છીએ! જો રાત્રે કોઈ અડચણ કે ઉપદ્રવ ઊભો કરે, તો તેનો વિરોધ થવો સ્વાભાવિક છે. અભિષેક બેનર્જીને મારવા માટે કોની પાસે સમય છે? હવે કંઈ બચ્યું નથી, તેથી ભાવનાત્મક વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે." આ કથિત હુમલો એવી ઘટનાના એક દિવસ બાદ બન્યો છે જ્યારે અભિષેક બેનર્જીએ દાવો કર્યો હતો કે અજાણ્યા લોકો છેલ્લા બે દિવસથી તેમની ઓફિસ અને નિવાસસ્થાન પર નજર રાખી રહ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે પૂછપરછ દરમિયાન આ લોકોએ પોતાની ઓળખ પોલીસ કર્મચારી તરીકે આપી હતી. તેમણે આ શંકાસ્પદ જાસૂસી કે દેખરેખની તાત્કાલિક તપાસ કરવાની માંગ કરી છે.

'મારા પર બુલડોઝર ફેરવી દો': અભિષેક બેનરજીના ઘર પર હુમલા મામલે મમતા બેનરજીએ ભાજપ પર સાધ્યું નિશાન

અભિષેક બેનરજીના નિવાસસ્થાન પર થયેલા હુમલા બાદ, તેમને મળવા પહોંચેલા મમતા બેનરજીએ ભાજપને પડકાર ફેંક્યો હતો, તેમના 'બુલડોઝર'વાળા નિવેદન દ્વારા તેમણે કાલીઘાટમાં કાલી પૂજાની ઉજવણીમાં અવરોધ ઊભો કરવાના આરોપો તરફ પણ ઈશારો કર્યો હતો

(એજન્સી) તા.૭

અભિષેક બેનરજીના નિવાસસ્થાન પર થયેલા હુમલાને લઈને મમતા બેનરજીએ ભાજપ સરકારની આકરી ટીકા કરી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ તેમના ભત્રીજા અભિષેક બેનરજીના ઘર પર થયેલા હુમલા અને કોલકાતાના કાલીઘાટમાં કાલી પૂજાની ઉજવણીમાં વિક્ષેપ પાડવાના આરોપોને લઈને ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. અભિષેકને મળ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા મમતાએ કહ્યું, ''તમારી પાસે કેટલા બુલડોઝર છે? આવો, હું તમારી બરાબર સામે ઊભી છું. મારા શરીર પર, મારી છાતી પર બુલડોઝર ફેરવી દો. મારે જોવું છે કે તમે કેટલા બહાદુર છો.'' આ ઘટનાક્રમ ત્યારે સામે આવ્યો જ્યારે અભિષેક બેનરજીએ આરોપ લગાવ્યો કે મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના ટીએમસી (TMC) જૂથના સમર્થકો સાથે ઘર્ષણ થયા બાદ, ભાજપ સમર્થિત ગુંડાઓએ રાત્રે લગભગ ૨ વાગ્યે કાલીઘાટ રોડ પર આવેલા તેમના નિવાસસ્થાન પર હુમલો કર્યો હતો. તેમણે આ ઘટનાને જીવલેણ હુમલો ગણાવ્યો હતો. ડાયમંડ હાર્બરના સાંસદે 'X' (ટ્વિટર) પર લખ્યું, ''બે દિવસ સુધી સતત રેકી (નિરીક્ષણ)



કર્યા પછી, આજે રાત્રે ૨ વાગ્યે ભાજપના ગુંડાઓએ મારા ઘર પર હુમલો કર્યો. ફૂટેજ જુઓ અને જાતે જ સમજી લો. જો ચૂંટાયેલા સંસદ સભ્ય સાથે આવું થઈ શકે છે, તો પશ્ચિમ બંગાળમાં સામાન્ય માણસની શું હાલત હશે તે કલ્પી શકાય છે. છેલ્લા છ મહિનામાં મારા જીવ પર થયેલો આ સાતમો હુમલો છે. તેમ છતાં, પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે ન્યાયતંત્ર દ્વારા કોઈ હસ્તક્ષેપ કરવામાં આવ્યો નથી.'' મમતાએ એવો પણ આરોપ લગાવ્યો કે આ વિસ્તારમાં પરંપરાગત કાલી પૂજાની ઉજવણીમાં અવરોધ ઊભો કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે, લાંબા સમયથી ચાલી આવતી કેટલીક પૂજાઓની પરવાનગી રદ કરી દેવામાં આવી છે, જ્યારે મુખ્ય રસ્તા પર એક નવી આયોજિત પૂજાને મંજૂરી આપવામાં આવી છે. આ પગલા પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે, આ વિસ્તાર કાલી પૂજાના સરઘસો માટેનો પરંપરાગત માર્ગ છે. તેમણે પૂછ્યું કે કાલી પૂજા અને દિવાળી પહેલાં ઉજવણીમાં શા માટે અવરોધ ઊભો કરવામાં આવી રહ્યો છે? તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે સ્થાનિક ક્લબોને તેમની પ્રવૃત્તિઓ કરતા રોકવામાં આવી છે અને ભાજપ પર આ વિસ્તારમાં અશાંતિ ફેલાવવા માટે ગુંડાગીરીનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. મમતાએ એવો પણ સવાલ ઉઠાવ્યો કે, પરંપરાગત રીતે જે પૂજા કોઈ પરિસરની અંદર યોજવામાં આવતી હતી, તે હવે મુખ્ય માર્ગ પર શા માટે યોજવામાં આવી રહી છે? તેમણે દાવો કર્યો કે આ ફેરફારને કારણે તેમના પોતાના કાર્યક્રમમાં પહોંચવાનો રસ્તો બંધ થઈ ગયો છે. પૂર્વ મુખ્યમંત્રીએ બુલડોઝરના કથિત ઉપયોગ મુદ્દે ભાજપને આપેલા પડકારનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે આવી કાર્યવાહી ચાલુ રહેવા દેવાને બદલે તેઓ તેનો સામનો કરવા માટે તૈયાર છે.

'અમે જાદવપુર અને પ્રેસિડેન્સીને સાફ કરી દઈશું': અસંમત વિદ્યાર્થીઓ સામે સુવેન્દુની ધમકીથી વિવાદ વકર્યો

યુનિવર્સિટી કેમ્પસને 'સાફ' કરવાના સુવેન્દુ અધિકારીના આહ્‌વાનથી વિવાદ સર્જાયો છે; આ ઘટનાક્રમ વિદ્યાર્થીઓને હાંકી કાઢવાની કાર્યવાહી અને શૈક્ષણિક સ્વતંત્રતાને લઈને થઈ રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે સામે આવ્યો છે

(એજન્સી) તા.૭

શનિવારે પશ્ચિમ બંગાળના નેતા સુવેન્દુ અધિકારીએ જાદવપુર યુનિવર્સિટી અને પ્રેસિડેન્સી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને એક ઉશ્કેરણીજનક ચેતવણી આપી હતી. તેમણે RSS સાથે સંકળાયેલા 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ' (ABVP)ને આહ્‌વાન કર્યું કે, તેઓ કેમ્પસમાંથી એવા લોકોને બહાર કાઢી મૂકે, જેમને તેમણે 'દિમાગી નક્સલી', 'ટુકડે-ટુકડે ગેંગ', 'વંદા' અને 'ખટમલ' તરીકે સંબોધ્યા હતા. તેમણે આ વિદ્યાર્થી સંગઠનને 'સફાઈ અભિયાન' ચલાવવા માટે બ્લીચિંગ પાવડર અને ફિનાઈલ પૂરું પાડવાનું પણ વચન આપ્યું હતું. માણિકતલામાં કાલી પૂજાના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા અધિકારીએ સીધા ABVPના સભ્યોને સંબોધ્યા અને જાદવપુર યુનિવર્સિટીમાં રાજકીય વાતાવરણ બદલવાના તેમના કથિત પ્રયાસોના વખાણ કર્યા. તેમણે દાવો કર્યો કે, આ સંગઠને અગાઉ જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (JNU)ને 'સાફ' કરી દીધી છે અને જાદવપુરમાં પણ તેમણે જેને 'દિમાગી નક્સલી' કહ્યા, તેમને દબાવી દીધા છે.

તેમણે કહ્યું, 'ABVPએ વંદા અને દિમાગી નક્સલીઓને બહાર ફેંકીને JNU કેમ્પસને સાફ કરી દીધું છે. તેમણે જાદવપુરમાં પણ દિમાગી નક્સલીઓને દબાવી દીધા છે. બસ થોડી રાહ જુઓ, અમે JU (જાદવપુર



યુનિવર્સિટી) અને પ્રેસિડેન્સી - બંને કેમ્પસને સાફ કરી દઈશું.' ABVPના સભ્યોને અભિનંદન આપતા અધિકારીએ આ સંગઠનને 'વિશ્વનું સૌથી મોટું વિદ્યાર્થી સંગઠન' ગણાવ્યું અને તેના 'રાષ્ટ્રવાદી ભાઈ-બહેનો'ના પ્રયાસોના વખાણ કર્યા. તેમણે એવા વિદ્યાર્થીઓને પણ નિશાન બનાવ્યા જેઓ કથિત રીતે 'કાશ્મીર માંગે આઝાદી' જેવા નારા લગાવતા હતા. 'આ કાર્ય ચાલુ રહેવું જોઈએ. ગમે તે નીંદણ હોય, ગમે ત્યાં હોય, અમે બ્લીચિંગ પાવડર, ફિનાઈલ અથવા બીજું જે કંઈ જરૂરી હોય તે પૂરું પાડીશું. તેમને દૂર કરવા જ જોઈએ,' તેમણે કહ્યું. વિદ્યાર્થીઓ અને રાજકીય વિરોધીઓને જંતુઓ અને અનિચ્છનીય વૃદ્ધિ તરીકે દર્શાવતી આ ભાષાએ શૈક્ષણિક સમુદાયના સભ્યો સામે અમાનવીય વાણીકતાના ઉપયોગ અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. તેમની ટિપ્પણી એવા સમયે પણ આવી છે જ્યારે બંગાળની યુનિવર્સિટીઓ વધતા રાજકીય તણાવનો સામનો કરી રહી છે. પ્રેસિડેન્સી યુનિવર્સિટીમાં તાજેતરનો વિવાદ ૬ નવેમ્બરના રોજ વહીવટીતંત્ર દ્વારા બે વિદ્યાર્થીઓને હાંકી કાઢવાના નિર્ણય પછી થયો હતો, જ્યારે પાંચ સભ્યોની તપાસ સમિતિએ સ્વામી વિવેકાનંદ દર્શાવતા ABVP પોસ્ટરને નુકસાન પહોંચાડવા બદલ તેમને જવાબદાર ઠેરવ્યા હતા. પોસ્ટરમાં RSSને લક્ષ્ય બનાવતી અભદ્ર અને અપમાનજનક ભાષાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હાંકી કાઢવામાં આવેલા બે વિદ્યાર્થીઓને ભવિષ્યના કોઈપણ ડિગ્રી કોર્સમાં પ્રવેશ લેવા અથવા યુનિવર્સિટીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી પણ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. સજાની ગંભીરતાને કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે, જેમાં શિસ્તભંગની કાર્યવાહી અને અસંમતિના અધિકાર અંગે પ્રશ્નો ઊભા થયા છે. SFI પ્રેસિડેન્સી યુનિવર્સિટીના પ્રવક્તા બીતન ઈસ્લામે RSS-સંલગ્ન વિદ્યાર્થી સંગઠન સામે માર્ચમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓનું નેતૃત્વ કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સંસ્થાને 'જમણેરી રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનવા દેવામાં આવશે નહીં'. તેમણે યુનિવર્સિટી વહીવટીતંત્ર પર 'અસંમતિના અવાજોને દબાવવાના પ્રયાસો' કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

પશ્ચિમ બંગાળની ચૂંટણી કાયદેસર રીતે માન્ય નથી પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશી

ચૂંટણી પંચના પૂર્વ વડાએ એમ પણ કહ્યું કે ભારતના ચૂંટણી પંચે બહુમતીના આધારે નિર્ણયો લેવા જોઈએ

(એજન્સી) તા.૭

પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીએ આક્ષેપ કર્યો છે કે પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ કાયદેસર રીતે માન્ય નહોતી. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભારતના ચૂંટણી પંચમાં નિર્ણયો બહુમતીના આધારે લેવા જોઈએ. શ્રી કુરેશીએ કહ્યું, "શું પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ કાયદેસર રીતે માન્ય હતી? મારા મતે, તે નહોતી. મેં આ વાત ઘણી વખત કહી છે; હું



ચૂંટણી કાયદેસર રીતે માન્ય ન હતી. ગુરુવારે કોલકાતામાં 'હાશિમ અબ્દુલ હલીમ મેમોરિયલ લેક્ચર' આપતી વખતે કુરેશીએ કહ્યું, "શું બંગાળની ચૂંટણી કાયદેસર રીતે માન્ય હતી કે નહીં? મારું માનવું છે કે તે ન હતી." તેમણે વધુમાં કહ્યું, "મેં આ વાત જાહેરમાં અને મીડિયામાં વારંવાર કહી છે. આ મામલો સુપ્રીમ કોર્ટ સમક્ષ છે. સુપ્રીમ કોર્ટ આ અંગે યોગ્ય નિર્ણય લેશે." તેમણે ચૂંટણીના પરિણામને રદ કરવાની

કુરેશીએ ચૂંટણીના પરિણામને રદ કરવાની સીધી માંગ તો ન કરી પરંતુ કહ્યું કે હવે સુપ્રીમ કોર્ટે એ નક્કી કરવાનું છે કે કયા વિસ્તારોમાં મતદારોના નામ ગેરકાયદેસર રીતે દૂર કરવામાં આવ્યા હોવાની શંકા છે

ફરીથી કહું છું. હવે આ મામલો સુપ્રીમ કોર્ટ સમક્ષ છે; મને આશા છે કે તેઓ યોગ્ય નિર્ણય લેશે." તેમણે વધુમાં ઉમેર્યું કે ચૂંટણીના કેટલાક ભાગો કદાચ માન્ય હોઈ શકે છે, પરંતુ જ્યાં મુસ્લિમ મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હોવાની શંકા છે, ત્યાં ફરીથી તપાસ થવી જોઈએ અને જરૂર પડે તો ફરીથી મતદાન (રી-પોલ) કરાવવું જોઈએ. શ્રી કુરેશીના આક્ષેપો પર પ્રતિક્રિયા આપતા મંત્રી દિલીપ ઘોષે શુક્રવારે (૬ નવેમ્બર, ૨૦૨૬) કહ્યું, "આ સરકાર ૬-૭ મહિનાથી સત્તામાં છે. લોકો ખુશ છે. પરંતુ કેટલાક લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે, કદાચ એટલા માટે કે તેમને ઈચ્છિત પરિણામ મળ્યું નથી." તેમણે ચેતવણી પણ આપી કે જનતાના ચુકાદા અને સરકારની પસંદગીને સ્વીકારવી એ જ યોગ્ય નિર્ણય છે; અન્યથા, જે લોકો તેનો વિરોધ કરી રહ્યા છે તેમના માટે આગળનો રસ્તો "મુશ્કેલ" હોઈ શકે છે. આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ગુરુવારે (૫ નવેમ્બર, ૨૦૨૬) કોલકાતામાં 'હાશિમ અબ્દુલ હલીમ મેમોરિયલ લેક્ચર' દરમિયાન મુખ્ય વક્તા તરીકે બોલતા, પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરે (CEC) 'SIR' પ્રક્રિયા અને પશ્ચિમ બંગાળની ચૂંટણીઓમાં રહેલી વિસંગતતાઓ સામે આક્ષેપો કર્યા હતા. શ્રી કુરેશીએ કહ્યું, "CEC (મુખ્ય ચૂંટણી કમિશનર) એ પોતે 'ચૂંટણી પંચ' (Election Commission) નથી. નિયમો મુજબ, નિર્ણયો સર્વસંમતિથી લેવા જોઈએ. જો તેમ શક્ય ન હોય, તો ચૂંટણી પંચના ત્રણેય સભ્યો વચ્ચે બહુમતીના આધારે નિર્ણય લેવો આવશ્યક છે." તેમણે ઉમેર્યું કે, CEC એકલા હાથે ચૂંટણી પંચ નથી અને તેમનો એકતરફી નિર્ણય અંતિમ હોઈ શકે નહીં. પૂર્વ CECએ આ વાત 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના એક અહેવાલના સંદર્ભમાં કહી હતી. આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા કથિત રીતે એકતરફી રીતે લેવાયેલા વિવિધ નિર્ણયો સામે ઓછામાં ઓછા ૧૪ વાંધાઓ ઉઠાવ્યા હતા. દરમિયાન, શ્રી કુરેશીએ એમ પણ કહ્યું કે મતદારે પોતાના મતાધિકાર માટે ભીખ માંગવાની જરૂર ન હોવી જોઈએ; ભૂતકાળમાં એવી પરંપરા હતી કે દરેક મતદારના ઘરે તેમના 'વોટર કાર્ડ' પહોંચાડવામાં આવતા હતા અને મતદાર યાદીમાં નામ સામેલ કરાવવા માટે તેમણે કોઈ મથામણ કે વાટાઘાટો કરવી પડતી ન હતી. તેમણે આક્ષેપ કર્યો કે, 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયાનો ઉપયોગ નાગરિકતાની ચકાસણી કરવા માટે એક 'પરોક્ષ માર્ગ' (backdoor method) તરીકે કરવામાં આવ્યો હતો. કુરેશીએ વધુમાં કહ્યું, ''આ પ્રક્રિયા ન તો સુચારુ હતી કે ન તો પારદર્શક. તેના પર એટલા બધા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે કે જેની સુનાવણી હાલમાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે. હવે, જ્યારે કોર્ટનો ચુકાદો આવશે ત્યારે સ્પષ્ટ થઈ જશે કે શું ખોટું થયું હતું અને શું યોગ્ય હતું.'' 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) દરમિયાન રાજ્યની મતદાર યાદીમાંથી મોટાપાયે નામો દૂર કરવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરતા, પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીએ ગુરુવારે (૬ નવેમ્બર) જણાવ્યું હતું કે, તેમના મતે ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા સીધી વાત તો ન કરી, પરંતુ કહ્યું, "કદાચ આખી ચૂંટણી પ્રક્રિયા જ ખામીયુક્ત ન હોય, પરંતુ ચસુપ્રીમ કોર્ટૃ ઓછામાં ઓછું એ તો સ્પષ્ટ કરી જ શકે છે કે કયા વિસ્તારોમાં ગેરરીતિની શંકા છે." તેમણે કોર્ટને વિનંતી કરી કે તપાસની શરૂઆત એવા મતવિસ્તારોથી કરવામાં આવે, જ્યાં તેમના વાંચન મુજબ ૭૦થી ૮૦ ટકા મુસ્લિમ મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. કુરેશી, જેમણે ૨૦૦૬થી ચૂંટણી કમિશનર તરીકે અને ૨૦૧૦થી ૨૦૧૨ સુધી મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી હતી, તેમણે આ 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયાની સરખામણી આસામના 'નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ' (NRC) સાથે કરી હતી. આસામમાં NRCની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી હતી અને ૨૦૧૯માં જ્યારે તે પૂર્ણ થઈ, ત્યારે લગભગ ૧૯ લાખ લોકો રાજ્યની મતદાર યાદીમાંથી બહાર રહી ગયા હતા. તેમણે કહ્યું, "ઘણા લોકોએ મને પૂછ્યું કે, શું SIRએ પાછલા દરવાજેથી (છૂપી રીતે) લાવવામાં આવેલું NRC છે? મારો જવાબ છે કે SIRએ આગળના દરવાજેથી (જાહેરમાં) લાવવામાં આવેલું NRC છે. હકીકતમાં, તે NRCના પણ પિતા સમાન છે. ત્યાં (NRCમાં), કોઈ નિષ્કર્ષ પર પહોંચવા માટે વર્ષો સુધી કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હતું. અહીં, એક જ ઝાટકે, માત્ર પંદર દિવસની અંદર, સમગ્ર બંગાળમાં - મેં વાંચ્યું છે કે - ૪૯ મતવિસ્તારોમાં ૭૦થી ૮૦ ટકા મુસ્લિમોના નામ કાઢી નાખવામાં આવ્યા અને તે બધાને 'બાંગ્લાદેશી' ગણાવી દેવાયા.

વિદ્યાર્થીઓ લાયક છે પણ ફી ભરી શકતા નથી: ખાનગી MBBS બેઠકો ખાલી રહેવા પાછળનું કારણ કહેતા; તબીબનું વિશ્લેષણ

મેડિકલ પ્રવેશ માટે તીવ્ર સ્પર્ધા હોવા છતાં, હજારો MBBS બેઠકો ખાલી પડી છે, આ ખાલી બેઠકો ખાનગી તબીબી શિક્ષણના ખર્ચ અને તે પરવડે તેવો છે કે કેમ, તે અંગે વધતી જતી ચિંતાઓને ઉજાગર કરે છે, ડૉ. સુમેર સેઠીએ 'X' (ટ્વિટર) પર કરેલી એક પોસ્ટથી એક મોટી ચર્ચા શરૂ થઈ છેઃ શું ભારતીય યુવાનોનો તબીબી ક્ષેત્રમાં રસ ઘટી રહ્યો છે, કે પછી વધતો જતો ખર્ચ આ સ્વપ્નને સામાન્ય લોકોની પહોંચની બહાર લઈ જઈ રહ્યો છે?

(એજન્સી) તા.૭

ભારતની તબીબી શિક્ષણ વ્યવસ્થા એક વિચિત્ર વિરોધાભાસનો સામનો કરી રહી છે. NEET UG ૨૦૨૬ માટેની અખિલ ભારતીય કાઉન્સેલિંગ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ પછી, MBBSની ૩,૪૨૬ બેઠકો ખાલી રહી ગઈ છે. ગયા વર્ષે આ જ તબક્કે ખાલી બેઠકોની સંખ્યા ૮૦૨ હતી, પરંતુ આ વર્ષે તે પાંચ ગણી વધારે છે. 'સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ' (છેલ્લો ખાલી બેઠકો ભરવાનો રાઉન્ડ) પછી પણ, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકમાં ૮૩૭ બેઠકો ભરાયા વગરની રહી ગઈ હોવાના અહેવાલ છે. રેડિયોલોજિસ્ટ, તબીબી શિક્ષક અને 'દિલ્હી એકેડેમી ઓફ મેડિકલ સાયન્સિસ' (DAMS)ના સ્થાપક ડૉ. સુમેર સેઠીએ 'X' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, બેઠકો ખાલી રહેવાને કારણે કેટલીક ખાનગી મેડિકલ કોલેજો વિદ્યાર્થીઓને આકર્ષવા માટે ટ્યુશન ફીમાં ૪૦% સુધીનું ડિસ્કાઉન્ટ આપી રહી છે. આ સ્થિતિ એવા દેશમાં સર્જાઈ છે જ્યાં NEET UG ૨૦૨૬ માટે લગભગ ૨૦ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જેઓ આશરે ૧.૪ લાખ MBBS બેઠકો મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યા હતા. તો શું ભારતીય યુવાનોનો ડૉક્ટર બનવામાં રસ ઘટી રહ્યો છે, કે પછી તબીબી શિક્ષણનો ખર્ચ એટલો વધી ગયો છે કે તેને વ્યાજબી ઠેરવવો મુશ્કેલ બની ગયો છે? ડૉ. સેઠીએ પોતાની પોસ્ટમાં દલીલ કરી છે કે ડૉક્ટર બનવાનું સ્વપ્ન હજુ પણ જીવંત છે. તેમણે કહ્યું કે, જે બદલાયું છે તે છે - મોંઘી મેડિકલ ડિગ્રી મેળવવાનો નિર્ણય લેતા પહેલા પરિવારો દ્વારા કરવામાં આવતી આર્થિક ગણતરીઓ. તેમણે લખ્યું, "સ્વપ્ન મરી નથી ગયું. સરકારી ક્વોટાની તમામ બેઠકો ભરાઈ જાય છે, જે દર્શાવે છે કે માંગ તો છે જ. પરંતુ જે ગણતરી (આર્થિક સમીકરણ) હવે કામ નથી કરી રહી, તે છે ખર્ચની ગણતરી." ડૉ. સેઠીએ ઉઠાવેલી સૌથી મોટી ચિંતાઓમાંની એક ખાનગી તબીબી શિક્ષણના વધતા ખર્ચ અંગેની છે. તેમની પોસ્ટ અનુસાર, ખાનગી ક્ષેત્રમાં MBBSની એક બેઠકનો ખર્ચ—જેમાં ટ્યુશન ફી, હોસ્ટેલ, ભોજન (મેસ) અને અન્ય ખર્ચાઓનો સમાવેશ થાય છે—આશરે ૧.૨૫ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. આ આર્થિક બોજ માત્ર સ્નાતક (અંડરગ્રેજ્યુએટ) ડિગ્રી મેળવવા સુધી જ સીમિત રહેતો નથી. MBBS સ્નાતકે, જો તેને કોઈ વિષયમાં નિષ્ણાત (સ્પેશિયાલિસ્ટ) બનવું હોય, તો તેણે ફરી એકવાર સ્પર્ધાત્મક પરીક્ષા આપવી પડે છે, અનુસ્નાતક (પોસ્ટગ્રેજ્યુએટ) સ્તરે બેઠક મેળવવી પડે છે અને તાલીમ માટે વધુ



કેટલાક વર્ષો ફાળવવા પડે છે. જે પરિવારો લોન લઈને કે પોતાની બચતમાંથી તબીબી શિક્ષણનો ખર્ચ ઉઠાવે છે, તેમના માટે આનો અર્થ એ થાય છે કે તેમના સંતાનને સ્થિર આવક મેળવતા શરૂ કરતા હજુ ઘણાં વર્ષો લાગી જશે. તેમણે લખ્યું છે કે, "આજના વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા જમવાના ટેબલ પર બેસીને આ બાબતોની ખુલીને ચર્ચા કરે છે. એક પેઢી પહેલાં તો માત્ર 'વ્હાઈટ કોટ' (ડૉક્ટરનો પોશાક) પહેરવાની ઈચ્છા જ આ ક્ષેત્રમાં આવવા માટે પૂરતું કારણ હતી." તેમણે દલીલ કરી કે, આજના ઉમેદવારો હવે શિક્ષણ પાછળ થતા રોકાણની સામે મળનારા આર્થિક વળતરનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કરે છે. ભારતે તબીબી શિક્ષણ ક્ષમતામાં નોંધપાત્ર વિસ્તરણ કર્યું છે. નેશનલ મેડિકલ કમિશને ૨૦૨૬માં સ્નાતક તબીબી અભ્યાસક્રમ માટે ૧૩,૬૩૬ નવી બેઠકોને મંજૂરી આપી છે, જેનાથી કુલ બેઠકોની સંખ્યા ૧.૪ લાખને પાર કરી ગઈ છે. જોકે, આ વિસ્તરણમાં મુખ્યત્વે ખાનગી સંસ્થાઓનો ફાળો રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર થયેલી નવી MBBS બેઠકોમાંથી ૭૫%થી વધુ બેઠકો ખાનગી મેડિકલ કોલેજોને ફાળે ગઈ છે. ૧૩,૬૩૬ નવી બેઠકોના ઉમેરા સાથે, સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં MBBS બેઠકોની કુલ સંખ્યા ૧,૨૭,૦૨૮ થઈ ગઈ છે. આ અદ્યતન આંકડા દેશભરની ૮૩૯ મેડિકલ કોલેજોને આવરી લે છે, જેમાં ઓક્ટોબર ૨૦૨૫માં જાહેર કરાયેલી ૪૧ નવી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે, જેમણે કુલ ૩,૮૫૦ નવી બેઠકો ઉમેરી છે. અહીં સુધારેલી બેઠકોની ફાળવણીની વિગતો આપવામાં આવી છે.

MBBS બેઠકોની ફાળવણી

શ્રેણી	મેડિકલ કોલેજો	MBBS બેઠકો
સરકારી કોલેજો	447	64,121
ખાનગી કોલેજો	392	76,543
કુલ	**839**	**1,27,028**

નવી તબીબી કોલેજો અને બેઠકો

શ્રેણી	નવી કોલેજો	ઉમેરાયેલી MBBS બેઠકો
સરકારી કોલેજો	13	850
ખાનગી કોલેજો	28	3,000
કુલ	41	3,850

MBBS બેઠકોની વહેંચણીઃ સરકારી વિરુદ્ધ ખાનગી કોલેજો

શ્રેણી	કોલેજો	કોલેજોનો હિસ્સો	MBBS સીટો	સીટોનો હિસ્સો
સરકારી (તમામ)	447	53.28%	64,121	50.48%
ખાનગી (તમામ)	392	46.72%	76,543	60.25%
કુલ	839	100%	1,27,028	100%

નવી સ્થપાયેલી મેડિકલ કોલેજોમાં વહેંચણી

શ્રેણી	નવી કોલેજો	નવી કોલેજોનો હિસ્સો	નવી MBBS સીટો	નવી સીટોનો હિસ્સો
સરકારી	13	31.71%	850	22.08%
ખાનગી	28	68.29%	3,000	77.92%
કુલ	**41**	**100%**	**3,850**	**100%**

સુધારેલા માળખામાં, કુલ ૮૩૯ તબીબી કોલેજોમાંથી ૪૬.૭૨% ખાનગી તબીબી કોલેજો છે, પરંતુ તેમાં MBBS બેઠકોનો હિસ્સો ઘણો મોટો છે. ૩૯૨ ખાનગી કોલેજોમાં મળીને કુલ ૭૬,૫૪૩ બેઠકો છે, જે કુલ ૧,૨૭,૦૨૮ MBBS બેઠકોના ૬૦.૨૫% જેટલી થાય છે. તેની સરખામણીમાં, ૪૪૭ સરકારી તબીબી કોલેજોમાં ૬૪,૧૨૧ બેઠકો છે, જે કુલ સંખ્યાના ૫૦.૪૮% છે. જોકે સરકારી કોલેજોની સંખ્યા વધુ છે, તેમ છતાં ખાનગી તબીબી કોલેજોમાં સરકારી સંસ્થાઓની સરખામણીમાં લગભગ ૧૨,૪૦૦ MBBS બેઠકો વધુ છે. આનો અર્થ એ છે કે દેશમાં દર ૧૦ MBBS બેઠકોમાંથી લગભગ ૭ બેઠકો ખાનગી તબીબી કોલેજોમાં છે. આનો અર્થ એ છે કે નવી કોલેજોમાં લગભગ ૭૮% બેઠકો ખાનગી સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે.

ગૌચરની જમીન પરના બાંધકામો અને કરોડોના ખર્ચની તપાસની માંગ

લાઠીના દુધાળામાં વિકાસની આડમાં ગૌચરની જમીન પર દબાણ અને સરકારી નાણાંના ઉપયોગ સામે સવાલો !

ધોળકિયા ફાઉન્ડેશનના સવજીભાઈ ધોળકિયા સામે ગંભીર આક્ષેપો સાથે વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને મુખ્યમંત્રીને રજૂઆત; સરકારી ગ્રાન્ટમાંથી થયેલાં કામોનો શ્રેય ફાઉન્ડેશનને અપાતો હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૭

સમાજસેવા, લોકસેવા અને વિકાસનાં નામે મોટા-મોટા દાવા થાય ત્યારે એક સવાલ સ્વાભાવિક રીતે ઊભો થાય છે કે વિકાસ ખરેખર જનતાના નાણાંથી થયો છે કે પછી તેનો યશ કોઈ સંસ્થા પોતાના નામે લઈ રહી છે ? આવો જ ગંભીર સવાલ હવે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામને લઈને ઊભો થયો છે. ધોળકીયા ફાઉન્ડેશનના સંચાલક સવજીભાઈ ધોળકીયા સામે સરકારી જમીન પર કથિત ગેરકાયદે બાંધકામ, ગૌચરની જમીનના ઉપયોગ અને સરકારી યોજનાઓના નાણાંના ઉપયોગ અંગે ગંભીર આક્ષેપો સાથે દેશના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. દેવળિયા ગામના નાથાભાઈ વલ્લભભાઈ સુખડિયાએ તા.૫/૧૧/૨૦૨૬ના રોજ કરેલી રજૂઆતમાં ધોળકીયા ફાઉન્ડેશનની કામગીરી અને દુધાળા ગામમાં થયેલાં વિવિધ વિકાસકાર્યોની તપાસ કરવાની માગ કરી છે. રજૂઆતમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે સરકારી યોજનાઓ હેઠળ સરકારી નાણાંથી થયેલાં કામોનો શ્રેય ફાઉન્ડેશનના નામે લેવામાં આવે છે અને જાણે સમગ્ર વિકાસ ફાઉન્ડેશનના પોતાના ખર્ચે થયો હોય તે રીતે પ્રચાર કરવામાં આવે છે. રજૂઆત મુજબ, દુધાળા ગામે વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ દરમિયાન મનરેગા યોજના હેઠળ અંદાજે રૂા.૨.૩૩ કરોડના ખર્ચે પાણી સંગ્રહનાં કામો કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા અંકાળા, ચિતલ, હરિપર, દેવળિયા, લુણકી, જસવંતગઢ અને કૃષ્ણગઢ સહિતનાં ગામોમાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ દરમિયાન અંદાજે રૂા.૬૮.૧૬ લાખની સરકારી ગ્રાન્ટમાંથી પાણી સંગ્રહનાં કામો કરાયાં હોવાનો રજૂઆતમાં ઉલ્લેખ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન લાઠી તાલુકાનાં પીપરિયા, બોડીયા, અંટાળીયા, લાઠી, ગંગડીયા સહિતનાં ગામોમાં પાણી સંગ્રહનાં વિવિધ કામો માટે સરકારી નાણાં ફાળવાયાં હોવાનો પણ ઉલ્લેખ છે. રજૂઆતકર્તાના જણાવ્યા મુજબ, અલગ-અલગ સરકારી યોજનાઓ હેઠળ મળેલી ગ્રાન્ટમાંથી થયેલાં કામોનો શ્રેય ફાઉન્ડેશન દ્વારા લેવામાં આવી રહ્યો છે. અહીં સવાલ એ છે કે જો કામો સરકારી યોજનાઓ અને જનતાના ટેક્સના નાણાંમાંથી થયાં હોય તો તેનો યશ કોઈ એક સંસ્થાના નામે કેવી રીતે લઈ શકાય ? સરકારી નાણાંથી થયેલા કામોનો હિસાબ જાહેર થાય અને તેની વાસ્તવિક વિગતો લોકો સામે આવે તે જરૂરી છે. રજૂઆતમાં સૌથી ગંભીર આક્ષેપ દુધાળા ગામની ગૌચરની જમીન અંગે કરવામાં આવ્યો છે. રજૂઆત મુજબ અંકાળા ગામની સીમમાં આવેલી જમીન પર ધોળકીયા પરિવારનાં નામે ચાલતી ખેતીની જમીન તથા દુધાળા ગામની ગૌચરની જમીન વચ્ચેના વિસ્તારનો ઉપયોગ કરી વિવિધ બાંધકામો કરવામાં આવ્યાં હોવાનો આક્ષેપ છે. દુધાળા ગામની ગૌચરની જમીન પર ડામર રોડ, સીસી રોડ, રસ્તાની બાજુમાં લોખંડની જાળી અને અન્ય માળખાં ઊભાં કરવામાં આવ્યાં હોવાનો રજૂઆતમાં ઉલ્લેખ છે. કેટલાક સ્થળોએ ગૌચરની જમીન પર ૫૦થી ૭૦ ફૂટ સુધી ખોદકામ કરાવાયું હોવાનો તથા વરસાદી પાણીના વહેણ અને કુદરતી નિકાસને અવરોધવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. જો આ આક્ષેપો સાચા હોય તો સવાલ એ થાય કે ગામની ગૌચરની જમીનનો ઉપયોગ કોની મંજૂરીથી થયો ? પશુઓ માટે અનામત રાખવામાં આવેલી જમીન પર બાંધકામ કરવાની સત્તા કોને આપી ? અને સરકારી તંત્રની નજર સામે આ બધું થતું રહ્યું તો જવાબદાર અધિકારીઓએ શું કર્યું ? રજૂઆતમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન દુધાળા ગામે યોજાયેલા જી-૨૦ સંબંધિત કાર્યક્રમોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ માટે કલેક્ટર કચેરી, અમરેલી દ્વારા અંદાજે રૂા.૨.૧૫ કરોડના ખર્ચે મંડપ, ચા-નાસ્તા ટેન્ટ સહિતની વ્યવસ્થાઓ કરાયાનો દાવો કરવામાં આવ્યો છે. ઉપરાંત આર.એન.બી. વિભાગ દ્વારા રસ્તાઓ અને અન્ય સુવિધાઓ માટે અંદાજે રૂા.૩.૬૮ કરોડનો ખર્ચ કરાયો હોવાનો રજૂઆતમાં ઉલ્લેખ છે. વર્ષ ૨૦૨૪માં પ્રધાનમંત્રીના કાર્યક્રમ અંતર્ગત ડામર રોડ, રસ્તા, સીસી રોડ, મંડપ અને લાઈટ ડેકોરેશન સહિતનાં કામો માટે અંદાજે રૂા.૧૩.૬૮ કરોડના ખર્ચનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ધોળકીયા ફાઉન્ડેશનના નેજા હેઠળ યોજાયેલા અન્ય કાર્યક્રમો પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ થયો હોવાનો રજૂઆતમાં દાવો કરાયો છે. આટલા મોટા પાયે સરકારી નાણાં ખર્ચાયાં હોય તો દરેક કામની મંજૂરી, ટેન્ડર, વર્કઓર્ડર, બિલ અને ચુકવણીની વિગતો જાહેર થવી જોઈએ તેવી માગ ઉઠી છે. રજૂઆતકર્તાએ સવજીભાઈ ધોળકીયાને વર્ષ ૨૦૨૨માં પદ્મશ્રી સન્માન આપવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરી, જો તપાસમાં સરકારી જમીન પર દબાણ કે સરકારી નાણાંના દુરુપયોગ જેવા આક્ષેપો સાબિત થાય તો પદ્મશ્રી સન્માન પરત લેવા અંગે પણ યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.

ગુજરાત મુસ્લિમ હિતરક્ષક સમિતિ દ્વારા મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ

હિંમતનગર ખાતે મુસ્લિમ સમાજના પ્રશ્નો અંગે બુદ્ધિજીવીઓ દ્વારા કરાયો વિચાર-વિમર્શ


તસ્વીર .ઈસ્હાક શેઠ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

હિંમતનગર મેમન સમાજવાદી લાલપુર મુકામે ગુજરાત મુસ્લિમ હિતરક્ષક સમિતિ દ્વારા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત મુસ્લિમ હિતરક્ષક સમિતિ દ્વારા મુસ્લિમ સામાજિક, રાજકીય સમુદાયના આગેવાનો વૃદ્ધજિવિઓ તથા વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેના મુખ્યહેતુ સમસ્યાઓના ચર્ચાસંવાદ, અધિકારો અને જાગૃતિ, બંધારણીય અધિકારોનું રક્ષણ અને રચનાત્મક સામાજિક કાર્ય માટે સંયુક્ત માર્ગરેખા અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મો.એસલમ કુરેશી, પ્રોફેસર આકિબ અલી સૈયદ, એડવોકેટ તાહિર હકીમ પ્રો.નિશાદ અન્સારી, મહેદીહસન, ઈકબાલભાઈ મિરઝા, મૌલાના આરીફસાહબ તથા મૌલાના ઉમર સાહેબે હાજરી આપી હતી. તિલાવતે કુર્આન, નાત શરીફ પઢી વાસીફહુસેન શેખે પ્રારંભિક પ્રવચન કર્યું હતું. ઉત્તર ગુજરાતમાં GMHRSની ભૂમિકા ઉપર ખાદીમભાઈ લાલપુરીએ પ્રકાશ પાડ્યો હતો. પ્રો.આકિબ સૈયદે UCC મિલકતોનું રક્ષણ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે નબી (સ.અ.વ.)ની સુન્નત ઉપર ચાલવા ભાર મુક્યો હતો. UCCનો ફાયદો શું છે તે જાણવો જરૂરી છે. તેના માટે સમાજના આગેવાનો તથા વકીલોની સલાહ લેવી જોઈએ. એડવોકેટ તાહિર હકીમે જણાવ્યું કે, મુસ્લિમોએ પોતાના હક માટે લડવું જોઈએ. જયારે મસ્જિદો, મદ્રેસાઓને શહીદ કરવામાં આવે છે આવા કેસોમાં ૧૭ પ્રીટીશન કોર્ટે રદ કરી હતી. સામે ૩૪ અપીલ નવી કરવામાં આવી. આવા કેસોમાં મુસ્લિમ હિતરક્ષક સમિતિના સંપર્કમાં રહી માર્ગદર્શન મેળવી કાર્યવાહી કરવા અપીલ કરી હતી. ફિરકા પરસ્તી દૂર કરી એક પ્લેટફોર્મ ઉપર આવવા ભાર મૂક્યો હતો. અશાંત વિસ્તારના કાયદાની સમજ આપી હતી. પ્રોફેસર નિશાર અન્સારીએ જણાવ્યું કે, ધર્માંતરનો કાયદો આવ્યો તેની સામે ચેલેન્જ કરેલ જેમા સ્ટે મળ્યો. લીગલ સેલનું સેન્ટર ગુજરાતમાં બનશે. તેવી જાહેરાત કરી હતી. ઈકબાલ મિરઝા ઉત્તર ગુજરાતમાં ૨૦૨૭ની રણનીતિ વિષય પર માર્ગદર્શન આપેલ. આ કાર્યક્રમમાં ગામ પરગામના મોટી સંખ્યામાં આગેવાનો જમાત સભ્યોએ હાજરી આપી સમારંભ સફળ બનાવવો હતો. આ સમારંભને સફળ બનાવવા કન્વીર ગુજરાત મુસ્લિમ હિતરક્ષક સમિતિના ખાદીમભાઈ લાલપુરી અને તેમના સાથ મિત્રોએ ખુબ જ સુંદર આયોજન કર્યું હતું. આભારવિધી અ.કાદર મેમણ નેતાજીએ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

વેપારીઓ દ્વારા મ્યુ.કમિશનરને રજૂઆત કરાઈ

સુરેન્દ્રનગરમાં આઈકોનિક રોડનું કામ અધૂરૂં મૂકી દેવાતા હાલાકી


(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર શહેરના ૬૦ ફૂટનો આઈકોનિક રોડનું છેલ્લા એક વર્ષથી કામ બંધ છે. જેને લઈને સ્થાનિક વેપારીઓ અને સ્થાનિક લોકોને હાલાકી ભોગવી પડી રહી છે. કોન્ટ્રાક્ટર દ્વારા ખોદકામ કરી નાખવામાં આવ્યું છે. સ્ટ્રીટ લાઈટો પણ ઉતારી નાખવામાં આવી અને પેવર બ્લોકના કામો અધૂરા મૂકી દેવામાં આવ્યા છે.

વેપારીઓ, સ્થાનિક લોકો, વિદ્યાર્થીઓ અને સંસ્થાના આગેવાનો દ્વારા મહાનગરપાલિકાના અધિકારીઓને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

તાત્કાલિક ધોરણે રોડ રસ્તાના કામો પૂરા કરવામાં આવે નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે અને આગામી સમયમાં જો આ કામગીરી તાત્કાલિક ધોરણે પૂરી નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે.

સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપમાં પાલીતાણાની આયશા કુરેશીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૭

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં રહેતી દીકરી આયશા સાહિલભાઈ કુરેશી એ રમતગમત ક્ષેત્રે પોતાનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ આપી ઝળહળતી સફળતા મેળવીને પોતાના પરિવાર અને સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં યોજાયેલી SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) સ્ટેટ લેવલ કરાટે ચેમ્પિયનશિપમાં આયશાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાજ્ય કક્ષાએ ત્રીજો ક્રમ (Bronze Medal) પ્રાપ્ત કર્યો છે. આયશાની આ સફળતા પાછળ તેની સખત મહેનત અને તેના


(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

કોચ સેન્સેઈ ભારત પરમાર, સેન્સેઈ વત્સલ પરમાર તથા સેન્સેઈ ક્રિશા પ્રબતાણીનું યોગ્ય માર્ગદર્શન અને તાલીમ રહેલી છે. કોચની ઉત્કૃષ્ટ તાલીમના બળે આયશાએ સ્ટેટ લેવલની આકરી સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી છે. રાજ્ય કક્ષાએ ત્રીજો ક્રમ મેળવવા બદલ આયશાને તેના કોચ, પરિવારજનો, શાળા પરિવાર તેમજ પાલીતાણા વાસીઓ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સિદ્ધપુર ખાતે ગોકુલ કંપનીમાં ૧૦૦થી વધુ કર્મયોગીઓનું સહપરિવાર સન્માન કરાયું

જીવનમાં કેટલું કમાયા એના કરતાં કેટલા લોકોનો વિશ્વાસ મેળવ્યો એ મહત્ત્વનું છે : બલવંતસિંહ રાજપૂત

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૭

સિદ્ધપુર ખાતે આવેલ ગોકુલ કંપનીમાં સતત ૨૦ વર્ષથી નિષ્ઠાપૂર્વકની સેવા પૂર્ણ કરનાર ૧૦૦થી વધારે કર્મયોગી સાથીઓનું પરિવાર સાથે સન્માન કરી, ભેટ, મીઠાઈ અને રૂા.રલાખનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ ગોકુલ ગ્રુપના અધ્યક્ષ બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.આ પ્રસંગે કંપનીના અધ્યક્ષ બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે મારા માતા-પિતા તરફથી મળેલા સંસ્કાર, પ્રામાણિકતા, પરિશ્રમ, માનવતા અને સંબંધોને સાચવવાના મૂલ્યોને જીવનનો આધાર બનાવીને વર્ષો પહેલા ગોકુલ ગ્રુપ ઓફ કંપનીની સ્થાપના કરી હતી. તે સમયે મારૂં સ્વપ્ન માત્ર એક સફળ વ્યવસાય ઊભો કરવાનું નહોતું, પરંતુ એવી સંસ્થાનું નિર્માણ કરવાનું હતું, જ્યાં દરેક વ્યક્તિને સન્માન મળે, દરેકના પરિશ્રમની કદર થાય અને સૌ એક પરિવારની ભાવનાથી જોડાયેલા રહે.

તેમણે વધુમાં જણાવ્યું કે, મારા માતા-પિતાએ મને શિખવ્યું છે કે જીવનમાં કેટલું કમાયા એના કરતા કેટલા લોકોનો વિશ્વાસ અને પ્રેમ મેળવ્યો એ વધુ મહત્ત્વનું છે. તેમના આ જ સંસ્કારો આજે ગોકુલ ગ્રુપની કાર્ય સંસ્કૃતિ અને સફળતાનો પાયો બન્યા છે. સંસ્થાની સ્થાપના એક વ્યક્તિ કરી શકે, પરંતુ તેને



(તસવીર : ઈલ્મુદ્દીન પીરઝાદા, પાટણ)

સફળતાની ઊંચાઈએ પહોંચાડવાનું કાર્ય સમર્પિત કર્મચારીઓ જ કરી શકે છે. આજે ગોકુલ ગ્રુપ જે સ્થાન પર છે, તેમાં દરેક કર્મચારી મિત્રની મહેનત, વફાદારી અને વિશ્વાસનું અમૂલ્ય યોગદાન રહેલું છે.

મારા માતા-પિતાના આશીર્વાદ અને સંસ્કારોથી શરૂ થયેલી આ સફર આજે અનેક પરિવારોની આશા, વિશ્વાસ અને આજીવિકાનું માધ્યમ બની છે, એ જ મારા જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ અને સાચી ખુશી છે. મને માત્ર વ્યવસાય કરવાનું નહીં પરંતુ માણસોને જોડવાનું, સંબંધો નિભાવવાનું અને સૌને સાથે લઈને આગળ વધવાનું શીખવ્યું છે.

કોંગ્રેસ દ્વારા કચ્છની નગરપાલિકાઓ અને પંચાયતોમાં વિપક્ષી નેતાઓની નિમણૂક

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિતભાઈ ચાવડા દ્વારા કચ્છ જિલ્લાની ચાર નગરપાલિકા, નવ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે વિપક્ષી નેતાની નિમણૂક નીચે મુજબ કરી છે : મુંદરા બારોઈ નગરપાલિકા-જાવેદ રફીક પઠાણ, ભૂજ નગરપાલિકા-ફકીરમામદ રમજુ કુંભાર, અંજાર નગરપાલિકા-રાજેન્દ્રસિંહ, તેજસિંહ જાડેજા, નખત્રાણા નગરપાલિકા-મુસા હુસૈન કુંભાર, કચ્છ જિલ્લા પંચાયત-રાજેશભાઈ મમુભાઈ આયર, તાલુકા પંચાયતોમાં લખપત-નરેશદાન રામદાન ગઢવી, અબડાસા-વિક્રમસિંહ જોરૂભા સોઢા, નખત્રાણા-અશ્વિનભાઈ વિસનજી રૂપારેલ, માંડવી-ખેરાજભાઈ નાગાજણ ગઢવી, મુંદરા-ઈસ્માઈલ અલીમામદ તુર્ક, ભૂજ-શંભુ ગાંગજી ડાંગર, અંજાર-ભરતકુમાર ભગુભાઈ આહીર , રાપર-ભીમાભાઈ રત્નાભાઈ કારા, ભચાઉ-મનજીભાઈ રવાભાઈ મેઘવાળ. ઉપરાંત તમામ ઉપનેતાઓ અને દંડકોની નિયુક્તિ થયેલ છે.

સચિન જીઆઈડીસીના કાપડ વેપારી સાથે રૂા.૮૧ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરત શહેરના સચિન જીઆઈડીસીના કનકપુર વિસ્તારમાં રહેતા કાપડ વેપારી સાથે એક દલાલ સહિત નવ વેપારીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરૂં રચી અલગ-અલગ બિલ અને ચલણથી રૂા.૮૧ લાખનો કાપડનો માલ ખરીદ્યા બાદ પેમેન્ટ નહીં ચૂકવ્યું હોવાની ફરિયાદ પોલીસ મથકમા નોંધાય છે.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સચીન કનકપુરની સહયોગ સોસાયટીમાં રહેતા રાજેશભાઈ નાથાભાઈ ગોલ સચીન જીઆઈડીસીમાં ગોલ્ડન ટેક્સટાઈલ અને ગાર્ડન ટેક્સટાઈલ નામથી કાપડનો ધંધો કરે છે. દલાલ દિનેશભાઈ પીઠડીયા ઉર્ફે ટેલરે તેમની સાથે સંપર્ક કરી પોતાની જવાબદારી પર અલગ-અલગ કાપડના વેપારીઓ સાથે ઓળખાણ કરાવી હતી. જેમાં મહિરા ફેબ્રિક્સના વિક્રમસિંહ તેજસિંહ, રાધે ટ્રેડિંગના ઉપેન્દ્ર શરદવા અને હાર્દિક ગોહિલ, માનવ સિન્થેટિક્સના મિનેશ શેઠ, માધવ એન્ટરપ્રાઈઝના ધારાબેન માંગુકિયા, ધર્મેશ પટેલ અને મિતુલ માંગુકિયા તેમજ આર.કે. ક્રિએશનના રોનક કોલડિયાનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીથી કાવતરૂં રચી સચીન જીઆઈડીસીના રોડ નંબર ૬૬ પર આવેલા ગોલ્ડન ટેક્સટાઈલ અને ગાર્ડન ટેક્સટાઈલમાં વેપારી પાસેથી અલગ-અલગ બિલ અને ચલણ મારફતે કુલ રૂા.૮૧,૦૧,૩૦૮નો કાપડનો માલ મેળવ્યો હતો. જો કે, માલ મેળવ્યા બાદ તેની ચુકવણી કરવામાં આવી નહોતી. ત્યારબાદ આરોપીઓએ પોતાની દુકાનો અને મોબાઈલ નંબર બંધ કરી દેતાં વેપારીને છેતરપિંડી થયાની જાણ થઈ હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદ : સિમેન્ટ પ્લાન્ટમાંથી રૂા.૧.૯૮ લાખના વાયરની ચોરી

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૭

ગળતેશ્વરના સાંગોલ ગામ ખાતે આવેલ સિમેન્ટ કંપનીના પ્રોજેક્ટ ઈન્ચાર્જ નરેશ સતીષચંદ્ર શર્મા અને સિક્યોરિટી ઓફિસર શ્રીરામ તિવારીએ પ્રોજેક્ટ ઓફિસમાં તપાસ કરી હતી. આ દરમિયાન તારીખ ૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે નવ વાગ્યે ઈલેક્ટ્રિકલ એન્જિનિયર વિપુલ સંકટે કાંસાના વાયરના ૧૧૦-૧૧૦ મીટરના કુલ છ બંડલ ચકાસી ઓફિસ બંધ કરી હતી. ત્યારબાદ તારીખ ૫ નવેમ્બરના રોજ બપોરે સાડા ચાર વાગ્યે તપાસ કરતા છ પૈકી ત્રણ બંડલ ગાયબ હોવાનું જણાયું હતું. દરમિયાન કંપનીમાં લગાવેલ CCTV કેમેરાના ફૂટેજ તપાસતા તારીખ ૪ નવેમ્બરની રાત્રે નવ વાગ્યે ત્રણ શખ્સો ૫૫ મીટર કાંસાના વાયરના ત્રણ બંડલ લઈ જતાં દેખાયા હતા. તપાસમાં સમીર અરવિંદ રાઠોડ (૨૪), રહે. ડભાલી અને મિતેશ અલ્કેશ પરમાર (૨૩), રહે. થર્મલની ઓળખ થઈ હતી. બંને કંપનીમાં કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારી છે. પૂછપરછમાં બંનેએ ત્રીજા અજાણ્યા સાથીદાર સાથે ચોરી કર્યાની કબૂલાત કરી હતી. સેવાલિયા પોલીસે આ અંગે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગરમાં વ્યાજખોરોના ત્રાસથી રિક્ષાચાલકનો આપઘાતનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૭

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ સુરેન્દ્રનગરમાં આવેલા કૃષ્ણનગરમાં રહેતા પ્રકાશભાઈ મંગાભાઈ વાઘેલા નામનો ૪૦ વર્ષનો યુવાન સવારના સાતેક વાગ્યાના અરસામા પોતાના ઘરે હતો ત્યારે યુવકને ઝેરી અસર થતાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે સુરેન્દ્રનગર પોલીસને જાણ કરતા સુરેન્દ્રનગર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં પ્રકાશ વાઘેલા એક ભાઈ બે બહેનમાં મોટો છે અને તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. પ્રકાશ વાઘેલા રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. પ્રકાશ વાઘેલાએ મહિલા સહિત બે વ્યાજખોર પાસેથી રૂપિયા ૩.૫૦ લાખ અને રૂપિયા ૨.૩૦ લાખ વ્યાજે લીધા હતા. જે રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં મહિલા સહિત બંને વ્યાજખોરો ઉઘરાણી કરતી ત્રાસ આપતા હોવાથી કંટાળી જઈ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે સુરેન્દ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રામેશ્વરકંપા નજીકથી અરવલ્લી એલસીબીએ દારૂ ભરેલી કાર ઝડપી

મોડાસા, તા.૭

અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ એમ.એચ.ઝાલા અને તેમની ટીમે શામળાજી આશ્રમ નજીકથી દારૂ ભરેલી ક્રેટા કારનો ફિલ્મીઢબે પીછો કરતા બૂટલેગરે કાર હિંમતનગર તરફ હંકારી મૂક્યા પછી જીવણપુરથી સરડોઈ તરફ કાર દોડાવી હતી. એલસીબીએ પીછો ચાલુ રાખતા બુટલેગર હાંફી ગયો હતો. દારૂ ભરેલી ક્રેટા રામેશ્વરકંપા નજીક મૂકી ફરાર થઈ જતા પોલીસે બિનવારસી કારમાંથી ૨.૨૪ લાખના દારૂ સહિત રૂા.૧૨.૨૯ લાખનો મુદ્દામાલ કબજે કરી ફરાર અજાણ્યા બુટલેગર સામે ટીંટોઈ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

મોડાસામાં લાયસન્સ વગર ફટાકડા વેચનાર પાંચ સામે પોલીસની કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૭

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને મોડાસા ટાઉન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન પોલીસ ટીમ કલ્યાણ ચોક અને તેની આસપાસના વિસ્તારોમાં પહોંચી હતી, જ્યાં કેટલાક શખ્સો લારીઓ ઊભી રાખીને ફટાકડાનું છૂટક વેચાણ કરી રહ્યા હતા. પોલીસે સ્થળ પર જઈને આ વેપારીઓ પાસે ફટાકડા વેચાણ માટેના અધિકૃત સક્ષમ અધિકારીના લાયસન્સ કે પરવાનગીની માગણી કરી હતી. તપાસ દરમિયાન ફટાકડા વેચનાર આ શખ્સો પાસે કોઈપણ પ્રકારનું કાયદેસરનું લાયસન્સ ન હોવાનું સ્પષ્ટ થયું હતું.

પોલીસે પંચોની હાજરીમાં કાયદેસરની પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી અને વગર લાયસન્સે ફટાકડાનું વેચાણ કરતા પાંચ શખ્સો વિરૂદ્ધ કાયદેસરની લાલ આંખ કરી હતી. જેમાં દિલીપભાઈ જગમાલભાઈ, રાકેશભાઈ રાજુભાઈ વાઘેલા, પરષોત્તમભાઈ નગીનભાઈ પટણી, ભરતભાઈ જીનાભાઈ લલાભાઈ પટણી સહિત પાંચ શખ્સો વિરૂદ્ધ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ બનાવોમાં ડૂબી જવાથી બેનાં મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર જિલ્લામાં તહેવારના સમયે બે અલગ-અલગ ઘટનામાં બે યુવકોના મોતની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. બંને ઘટના કેનાલમાં ડૂબી જવાને કારણે બની હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. લખતર તાલુકાના કડુ ગામ નજીકથી પસાર થતી કેનાલમાં એક યુવકનો મૃતદેહ હોવાની જાણ સ્થાનિક લોકોને થતા તેઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ અને સ્થાનિક તરવૈયાઓની મદદથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતક લખતરનો રહેવાસી હોવાનું ઓળખાયું છે. તેના પરિવારને જાણ કરાતા તહેવારના દિવસે જ પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. બીજી ઘટના બોટાદ બ્રાન્ચ કેનાલમાં બની હતી. આ કેનાલમાં મયંક નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક લોકોએ કેનાલમાં મૃતદેહ તરતો જોયા બાદ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને બહાર કાઢ્યો હતો અને ઓળખવિધિ કરતા તે મયંક નામનો યુવક હોવાનું સામે આવ્યું હતું. બંને મૃતદેહોને સુરેન્દ્રનગરની સરકારી હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવ્યા છે.

સુરત ડાયમંડ બુર્સ ખાતે છ ફૂટ લાંબો અજગર દેખાતા દોડધામ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

સુરત ડાયમંડ બુર્સ ખાતે અચાનક પથી ૬ ફૂટ લાંબો અજગર જોવા મળતાં લોકોમાં કુતૂહલ સાથે ચિંતા ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સુરત નેચરલ ક્લબની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરી અજગરને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, શહેરી વિસ્તારોમાં વન્યજીવો દેખાવાની ઘટનાઓ સમયે ગભરાઈને તેમને નુકસાન પહોંચાડવાને બદલે નિષ્ણાત રેસ્ક્યૂ ટીમને જાણ કરવી જોઈએ. સુરત નેચરલ ક્લબના સ્વયંસેવકોએ વધુ એક વખત સમયસર કામગીરી કરીને વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ કામગીરીમાં સ્વયંસેવક દેપી પટેલ, અક્ષય માસ્ટર, યશ પટેલ અને ચિરાગ પટેલ જોડાયા હતા.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM **MAHAMMEDSIDDIK ABBAS MAHAMMED HASAN MALEK** TO NEW NAME **MAHAMMEDSIDDIK ABBAS MALEK** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD :-5665/240,FIDOS NAGAR SOCIETY CHANDPIR DARGAH PO.JAMBUSAR DIST. BHARUCH 392150 GUJARAT.

નામ-અટક બદલેલ છે

મેં મારૂં નામ-અટક **આમેનાબાઈ મહંમદભાઈ પટેલ** હતું જે બદલીને **આમેનાબાઈ મહંમદભાઈ ઘાંચી** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેશો.

સરનામું :- દારૂપીઠા રોડ ભૂતફળિયા મું.પો. જંબુસર જિલ્લો. ભરૂચ ૩૯૨૧૫૦ ગુજરાત

નામ-અટક બદલેલ છે

મેં મારૂં નામ-અટક **મહંમદભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ** હતું જે બદલીને **મહંમદભાઈ ઈબ્રાહીમભાઈ ઘાંચી** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેશો.

સરનામું :- દારૂપીઠા રોડ ભૂતફળિયા મું.પો. જંબુસર જિલ્લો. ભરૂચ ૩૯૨૧૫૦ ગુજરાત

(દારૂલ યતામા મદ્રસા અરબીય્યાહ તઅલીમુદ્દીન ભરૂચ દ્વારા સંચાલિત (સરકાર માન્ય)

દારૂલ યતામા પ્રાથમિક અને માધ્યમિક શાળા, ભરૂચ

શાળા (નોન ગ્રાન્ટેડ) માટે નીચેની લાયકાત ધરાવતા શિક્ષક (ફક્ત પુરૂષ ઉમેદવાર) જોઈએ છે

ક્રમ	હોદ્દો	લાયકાત	વિષય	સંખ્યા
1	મ.શિક્ષક	બી.એ., બી.એડ. / બી.પી.એડ.	ગુજરાતી / હિન્દી	01
2	મ.શિક્ષક	બી.એ., બી.એડ. / બી.પી.એડ.	અંગ્રેજી	01

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૧૦ દિવસમાં પોતાની અરજી તથા બાયોડેટા નીચેના સરનામે મોકલી આપવા.

સરનામું

દારૂલ યતામા પ્રાથમિક અને માધ્યમિક શાળા

મદનીનગર, સબજેલ પાછળ, ભરૂચ. તા.જી. ભરૂચ - 392001

મોહતમીમ સાહબ : મૌલાના ઓવેશ વાંકનેરી

સંપર્ક નંબર (આચાર્ય): 99040 99681 / 97257 03584

માતા-પિતાના છૂટાછેડાને કારણે અટવાયેલા સગીરની મારપીટથી કંટાળી હાઈકોર્ટમાં અરજી

સગીર બાળકની પોતાની માતા સામે FIR નોંધવા દાદ; માતાના અમાનવીય વર્તનને લઈ કોર્ટ દ્વારે

દાદા-દાદી સાથે રહેવાની પરવાનગી આપવાની માગણી : નોટિસ ઇશ્યૂ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

માતા-પુત્રના પવિત્ર સંબંધને આજના આધુનિક યુગમાં તદ્દન વિપરીત રીતે મૂલવતો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં માતાના અમાનવીય વર્તન અને શારીરિક શોષણથી કંટાળીને એક ૧૫ વર્ષીય સગીરે પોતાની સુરક્ષા માટે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. સગીરે તેની છૂટાછેડા લીધેલી માતા સામે જ્યુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ રક્ષણ આપવા અને માતા વિરુદ્ધ FIR નોંધવા દાદ માગી છે. આ સાથે જ તેણે સ્પષ્ટ વિનંતી કરી છે કે, તેને મોરબીમાં રહેતા તેના દાદા-દાદી સાથે રહેવાની પરવાનગી આપવામાં આવે, કારણ કે તે ત્યાં પોતાને સંપૂર્ણ સુરક્ષિત અનુભવે છે. દાદી મારફતે દાખલ થયેલી આ અરજીઓની સુનાવણી હાથ ધરીને હાઈકોર્ટે ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને અમદાવાદ શહેર પોલીસ સહિતના સત્તાવાળાઓને નોટિસ પાઠવી ૨૮ ડિસેમ્બર સુધીમાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.



અરજીમાં રજૂ થયેલી વિગતો અનુસાર, સગીરના માતા-પિતાના ૨૦૨૦માં છૂટાછેડા થયા હતા, ત્યારબાદ તેની કસ્ટડી સરખેજ વિસ્તારમાં રહેતી માતા પાસે હતી. સગીરના પિતા આફ્રિકાના અંગોલામાં નોકરી કરે છે અને પિતૃપક્ષ મોરબીમાં વસે છે. સગીરે ગંભીર આરોપ લગાવ્યો છે કે, તેની માતા છેલ્લા કેટલાક મહિનાઓથી તેની સાથે હિંસક અને અપમાનજનક વર્તન કરતી હતી. તેની પાસે ઘરકામ કરાવવામાં આવતું હતું. જ્યારે પણ તે ઘરમાં એકલો હોય ત્યારે તેનો ઉપયોગ રોકવા માટે માતા વીજ પુરવઠો બંધ કરી દેતી હતી. આટલું જ નહીં, એક પ્રસંગે માતાએ તેના પર છરી વડે કથિત હુમલો પણ કર્યો હતો, જેના પગલે તેણે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને સરખેજ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી માતા સામે ગુનો નોંધવા માંગ કરી હતી. આ મામલે પોલીસ અને બાળ કલ્યાણ સમિતિમાં માત્ર નિવેદનો નોંધાયા સિવાય કોઈ નક્કર રક્ષણાત્મક પગલાં ન લેવાતાં સગીર મોરબી ખાતે પોતાના દાદા-દાદી પાસે પહોંચી ગયો હતો. ત્યાંથી તેણે એડવોકેટ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં બે અલગ-અલગ અરજીઓ દાખલ કરી હતી. અરજીમાં આક્ષેપ કરાયો છે કે, સત્તાવાળાઓ જ્યુવેનાઈલ જસ્ટિસ એક્ટ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ પોતાની કાનૂની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે. અદાલતે બાળકની અગાઉની ફરિયાદો પર તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તે અંગે સ્પષ્ટતા માગી છે. પ્રથમ અરજીમાં સગીરે કોર્ટને વિનંતી કરી છે કે, બાળ કલ્યાણ સમિતિ તેના શ્રેષ્ઠ હિત અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને યોગ્ય આદેશો પસાર કરે અને તેને દાદીની સુરક્ષિત કસ્ટડીમાંથી અલગ ન કરવામાં આવે. જ્યારે બીજી અરજીમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની જોગવાઈઓ હેઠળ સગીરે પોલીસ તંત્રને તેની લેખિત રજૂઆતોના આધારે માતા સામે કાયદેસરની FIR નોંધી તપાસ કરવાનો આદેશ આપવા હાઈકોર્ટ સમક્ષ દાદ માગી છે. સગીરની આ અરજીઓએ માતાની ભૂમિકા સામે સવાલો ઊભા કરતાં ચર્ચા વ્યાપક બની છે.

સળંગ ૭ કાર રસ્તા પર ઊભી રાખી કરી હતી ઉજવણી

અમદાવાદમાં ભાજપના હોદ્દેદારે જ ઉડાવ્યા ટ્રાફિકના નિયમોના ધજાગરા

જાહેરમાં કારના બોનેટ પર કેક કાપી બર્થ-ડે મનાવવા મામલે ભાજપ સામે સવાલો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદમાં જાહેર રસ્તા પર જન્મદિવસની ઉજવણીના નામે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવાનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના નરોડા વિસ્તારમાં ભાજપના હોદ્દેદારની હાજરીમાં જાહેર રોડ પર કાર ઊભી રાખીને બોનેટ પર કેક કાપી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાને કારણે ટ્રાફિકમાં અડચણ ઊભી થતાં નરોડા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ગત ૫ નવેમ્બરની રાત્રે કિશોર ઠાકોર નામના વ્યક્તિના જન્મદિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે નરોડા વિસ્તારમાં આવેલા ૧૦૮ કોલ સેન્ટરની સામેના જાહેર રસ્તા પર એકસાથે સાત કાર ઊભી રાખવામાં આવી હતી. જેમાં કેટલીક કારના બોનેટ પર કેક મૂકીને જાહેરમાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. રસ્તા પર આ રીતે વાહનો ઊભાં રાખવાને કારણે અન્ય વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી. સાથે જ રસ્તા પર ગંદકી પણ ફેલાઈ હતી. જાહેર રસ્તા પર ટ્રાફિકને અડચણરૂપ બને તેવી ઉજવણીની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસને જોઈને ઉજવણીમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ સમગ્ર ઘટનામાં સરદારનગર ભાજપ યુવા મોરચાના મહામંત્રી રમેશ ભરવાડ ઉર્ફે બાંભા પણ હાજર હોવાની વિગતો સામે આવી છે. GJ ૧૮ EC ૮૫ નંબરની ફોર્ચ્યુનર કારના માલિક તરીકે પણ તેમનું નામ સામે આવ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. નરોડા પોલીસે આ મામલે જાહેર રસ્તા પર ટ્રાફિકમાં અડચણ ઊભી કરવા, સ્વચ્છતાના નિયમોનો ભંગ કરવા અને લોકોની સલામતી જોખમમાં મૂકવા સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કિશોર ઠાકોર સહિત છ કારમાલિકો સામે ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જાહેર રસ્તા પર ઉજવણીના નામે ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાના આ બનાવે ફરી એકવાર શહેરમાં જાહેર સલામતી અને કાયદાના પાલન અંગે ચર્ચા જગાવી છે.

શહેરીજનોમાં ફલૂએ ફરી ચિંતા વધારી

અમદાવાદમાં ૧૧ મહિનામાં સીઝનલ ફલૂના ૧,૮૦૦થી વધુ કેસ નોંધાયા

બોડકદેવ, જોધપુર, પાલડી સહિતના વિસ્તારોમાં સંક્રમણ વધ્યું; બે દર્દીઓનાં મોતના અહેવાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં સીઝનલ ફલૂના કેસોમાં ચિંતાજનક રીતે બમણો વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે જાન્યુઆરી મહિનાથી ૫ નવેમ્બર સુધીના ૧૧ માસના સમયગાળામાં જ સીઝનલ ફલૂના ૧,૮૦૦થી વધુ પોઝિટિવ કેસો નોંધાઈ ચૂક્યા છે.

પ્રાપ્ત અહેવાલો મુજબ, આ સમય દરમિયાન બે દર્દીઓના મોત પણ થયા છે. જો કે, કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.તબીબોની આશંકા પ્રમાણે, આવનારા જાન્યુઆરીથી માર્ચ મહિના દરમિયાન શહેરમાં સીઝનલ ફલૂની બીજી લહેર જોવા મળી શકે છે. જેમાં જાન્યુઆરીથી જુલાઈમાં શરૂઆતના સાતેક મહિનામાં શહેરમાં માત્ર ૫૫ કેસો નોંધાયા હતા. જ્યારે ઓગસ્ટ માસમાં કેસોમાં અચાનક ઉછાળો જોવા મળ્યો હતો. જે વધીને ૭૪૨ કેસો થઈ ગયા. જો કે, સ્થિતિ સૌથી વધારે ગંભીર સપ્ટેમ્બર મહિનામાં બની. જ્યાં ૧ હજારથી વધારે કેસો નોંધાયા હતા. ઓકટોબર માસમાં ૮૬ કેસો અને ૫ નવેમ્બર સુધીમાં વધુ ૫ કેસો નોંધાયા હતા. શહેરના પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ ઝોનના વિસ્તારોમાં ફલૂનું સંક્રમણ સૌથી વધુ જોવા મળ્યું છે. સૌથી વધારે કેસોની વાત કરીએ તો, બોડકદેવમાં ૨૧૪ કેસ, જોધપુરમાં ૧૯૭ કેસ, પાલડીમાં ૧૬૦ કેસ, નવરંગપુરામાં ૧૩૬ કેસ, ગોતામાં ૧૩૪ કેસ નોંધાયા છે. સીઝનલ ફલૂએ શ્વસનતંત્ર સાથે જોડાયેલો એક ચેપી રોગ છે. જેમાં તીવ્ર તાવ, સામાન્ય શરદી, સતત ઉધરસ અને ગળામાં બળતરા થવી જેવા લક્ષણો જોવા મળે છે. આ અંગે ખાસ તકેદારી રાખવાની જરૂર છે. તે માટે વાતાવરણમાં ફેરફાર સમયે ઈન્ફેક્શનથી બચવા માસ્કનો ઉપયોગ કરવો, ભીડભાડ વાળી જગ્યાઓ પર સાવચેતી રાખવી અને લક્ષણો દેખાતા જ તુરંત તબીબી સલાહ લેવી જરૂરી છે.

ગીતામંદિર ST ડેપો ખાતે ઉમટ્યું માનવ મહેરામણ

અમદાવાદમાં એસ.ટી. ડેપો પર દિવાળી પર્વ પર વતન જવા લોકોનો ધસારો

પરિવાર સાથે મુસાફરી કરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

દિવાળીના પવિત્ર તહેવારને લઈને અમદાવાદમાં રહેતા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તહેવારની રજાઓમાં પોતાના પરિવારજનો સાથે દિવાળી મનાવવા માટે લોકો મોટી સંખ્યામાં વતન તરફ પ્રયાણ કરી રહ્યા છે. જેના કારણે અમદાવાદના મુખ્ય ગીતામંદિર એસ.ટી. બસ ડેપો પર મુસાફરોનું ભારે માનવ મહેરામણ ઉમટી પડ્યું છે. વહેલી સવારથી જ બસ સ્ટેશન પર લોકોની ભીડ જોવા મળી રહી છે.

દિવાળીના તહેવાર નિમિત્તે નોકરી કરતા યુવાનો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને પરિવારો પોતાના વતન જવા માટે ગીતામંદિર બસ સ્ટેશન પહોંચી રહ્યા છે. મુસાફરોની સંખ્યા એટલી વધી ગઈ છે કે સમગ્ર ડેપો મુસાફરોથી ભરચક જોવા મળી રહ્યો છે. પોતાના સામાન સાથે વતન જવા નીકળેલા લોકો બસની રાહ જોતા લાંબી કતારોમાં ઊભા જોવા મળી રહ્યા છે. પ્લેટફોર્મ પર બસ આવતાની સાથે જ તેમાં સીટ મેળવવા માટે મુસાફરો વચ્ચે પડાપડી અને ધક્કામુક્કીનાં દૃશ્યો પણ જોવા મળી રહ્યાં છે. ખાસ કરીને પરિવાર સાથે મુસાફરી કરતા લોકોને ભારે ભીડને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એસ.ટી. નિગમ દ્વારા વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ છતાં અનેક રૂટ પર મુસાફરોનો ધસારો વધુ હોવાથી બસોમાં જગ્યા મેળવવી મુશ્કેલ બની રહી છે. લાંબા સમય સુધી રાહ જોયા બાદ પણ સીટ ન મળતાં મુસાફરોમાં નારાજગી જોવા મળી રહી છે. ગીતા મંદિર એસ.ટી. ડેપો પર ઉમટેલી ભારે ભીડને ધ્યાનમાં રાખીને મુસાફરો અને આગેવાનોએ એસ.ટી. તંત્ર સમક્ષ વધુ બસો ફાળવવાની માંગ કરી છે. દિવાળીના તહેવાર દરમિયાન વતન જવા ઇચ્છતા લોકોને સમયસર બસ મળી રહે અને કોઈને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે વધારાની બસો દોડાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. દિવાળીના તહેવારને લઈને અમદાવાદમાંથી વતન તરફ જતાં મુસાફરોનો ધસારો આગામી દિવસોમાં પણ યથાવત રહેવાની શક્યતા છે. ત્યારે એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે યોગ્ય આયોજન કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

ડાયલ ૧૧૨ની સાથે હંગામી ધોરણે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૦૧ કાર્યરત

રાજ્યભરમાં દિવાળીના તહેવારને લઈને ફાયર વિભાગ સાધનો સાથે ૨૪ કલાક સજ્જ

૨૪ કલાક સુરક્ષા માટે ટીમો સ્ટેન્ડબાય : શહેરોમાં હંગામી સ્ટેશનો બનાવાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ આગના બનાવો સહિતની કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા ગુજરાત રાજ્યના મુખ્ય શહેરોના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગ દ્વારા વિશેષ આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. તહેવારો દરમિયાન રાજ્યભરમાં ફાયર વિભાગ દ્વારા વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેમાં ફાયર ટેન્ડર અને જરૂરી સાધન-સામગ્રી સાથે કર્મચારીઓ ૨૪ કલાક ખડે પગે ફરજ બજાવશે.

આ ઉપરાંત ડાયલ ૧૧૨ અને ૧૦૧ પ્રોજેક્ટ અંતર્ગત દિવાળીના તહેવારની જરૂરિયાતોને ધ્યાને રાખી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં અગાઉ કાર્યરત ડાયલ ૧૧૨ની સાથે હંગામી ધોરણે ઈમરજન્સી નંબર ૧૦૧ પણ કાર્યરત કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં ૧૮ ફાયર સ્ટેશન હાઈ એલર્ટ પર રખાયા છે. કાલુપુર, રીલિફ રોડ, લાલ દરવાજા અને બાપુનગર જેવા અતિ ગીચ વિસ્તારોમાં મોટર સાઈકલ વિથ મિસ્ટ ટેકનોલોજી અને ક્વિક રિસ્પોન્સ વિહિકલની ખાસ વ્યવસ્થા કરાઈ છે. જ્યારે એસ.જી. હાઈવે, સિંધુભવન રોડ અને એસ.પી. રિંગ રોડ પર વોટર બાઉઝર સાથે કર્મચારીઓ સ્ટેન્ડબાય રહેશે. જૂનાગઢમાં ગિરનાર દરવાજા, દોલતપરા ફાયર સ્ટેશન, આઝાદ ચોક, ઝાંસીની રાણી ચોક, ઝાંઝરડા ચોકડી અને મધુરમ ગેટ એમ કુલ ૬ મહત્ત્વપૂર્ણ સ્થળોએ ૧૨-૧૨ કલાકની શિફ્ટ મુજબ કુલ ૧૨૦ કર્મચારીઓ ૨૪ કલાક સજ્જ ફાયર ફાઇટિંગ ટીમો સાથે સ્ટેન્ડબાય રહેશે. ભાવનગરમાં ઘોઘા ગેટ, સંસ્કાર મંડળ, જવાહર મેદાન, ખારગેટ સહિત કુલ ૧૧ મહત્વપૂર્ણ સ્થળોએ ૧૨-૧૨ કલાકની શિફ્ટ મુજબ ૧૧૮ કર્મચારીઓ જરૂરી વાહનો સાથે ૨૪ કલાક તૈનાત રહેશે.

જામનગરમાં કુલ ૯ સ્થળો પર વિશેષ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. જેમાં ૩ મુખ્ય ફાયર સ્ટેશન, ૪ હંગામી ફાયર સ્ટેશન તેમજ દરબારગઢ સર્કલ અને રંગમતી નદીના પટમાં ફટાકડા બજાર ખાતે કુલ ૧૩૦ કર્મચારીઓ વાહનો સાથે ફરજ પર રહેશે. ગાંધીનગરમાં સેક્ટર-૧૭, સરગાસણ, ભાટ અને રાંધેજા એમ ૪ ફાયર સ્ટેશનો ખાતે કુલ ૨૭ જરૂરી ફાયર અને ઈમરજન્સી વાહનો જેવા કે ફાયર ટેન્ડર, વોટર બાઉઝર વગેરે સાથે કર્મચારીઓ ૨૪ કલાક સ્ટેન્ડબાય રહેશે. વડોદરામાં શહેરના વિવિધ વિસ્તારોમાં ફાયર ટેન્ડર અને વોટર બાઉઝર સહિતના વાહનો સાથે સજ્જ ટીમો ૨૪ કલાક ફરજ બજાવશે. રાજકોટમાં શહેરના કુલ ૧૦ ફાયર સ્ટેશનો ખાતે સક્ષ ફાયર ફાઇટિંગ ટીમો અને ઈમરજન્સી વાહનો ૨૪ કલાક સ્ટેન્ડબાય મોડ પર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા રાજ્યના નાગરિકોને દિવાળી દરમિયાન ફટાકડાનો ઉપયોગ કરતી વખતે જરૂરી સાવચેતી રાખવા, ખુલ્લા અને સુરક્ષિત સ્થળે જ ફટાકડા ફોડવા, જ્વલનશીલ પદાર્થોથી દૂર રહેવા, બાળકો સાથે વડીલોની હાજરી રાખવા તથા અગ્નિ નિવારણના તમામ નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવે છે.

૧૧૨ અને ૧૦૧ હેલ્પલાઈન સતત કાર્યરત

અમદાવાદ શહેરના તમામ ૧૮ ફાયર સ્ટેશન હાઈએલર્ટ પર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

દિવાળી અને નૂતન વર્ષના પર્વને લઈને રાજ્યભરમાં ઉત્સાહનો માહોલ છે, ત્યારે નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત ફાયર વિભાગ પણ સંપૂર્ણ રીતે એલર્ટ મોડ પર આવી ગયો છે. તહેવારો દરમિયાન ફટાકડા, શોર્ટ સર્કિટ સહિતના કારણોથી આગ લાગવાની શક્યતાઓ વધતી હોવાથી ફાયર વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં ઝડપી મદદ મળી રહે તે માટે ફાયર વિભાગના જવાનો ૨૪ કલાક તૈનાત રહેશે.

દિવાળીના દિવસોમાં બજારોમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે ઉમટતા હોય છે. સાથે જ વિવિધ વિસ્તારોમાં અસ્થાયી ફટાકડાની દુકાનો પણ ઉભી કરવામાં આવે છે. આવા સ્થળોએ આગની સંભાવનાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગે ખાસ વ્યવસ્થા ગોઠવી છે. અમદાવાદ શહેરના તમામ ૧૮ ફાયર સ્ટેશનોને હાઈએલર્ટ પર રાખવામાં આવ્યા છે. ગીચ વિસ્તારો અને મુખ્ય ફટાકડા બજારોમાં ખાસ નજર રાખવામાં આવી રહી છે. જરૂરી સ્થળોએ હંગામી ફાયર સ્ટેશનો અને ફાયર ફાઈટર વાહનો સાથે જવાનોને તૈનાત રાખવામાં આવ્યા છે.

કોઈપણ આગ કે અન્ય કટોકટીની સ્થિતિમાં નાગરિકોને તાત્કાલિક મદદ મળી રહે તે માટે ડાયલ ૧૧૨ ઉપરાંત ફાયર વિભાગની પરંપરાગત ૧૦૧ હેલ્પલાઈન પણ કાર્યરત રાખવામાં આવી છે. આગની ઘટના બને ત્યારે નાગરિકોએ સમય બગાડ્યા વિના તાત્કાલિક જાણ કરવા ફાયર વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. ફાયર વિભાગે દિવાળીની ઉજવણી દરમિયાન નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. બાળકોને ખુલ્લા અને સુરક્ષિત સ્થળોએ જ ફટાકડા ફોડવા દેવા તેમજ જોખમી અને ઉડતા ફટાકડાથી દૂર રાખવા સૂચના આપવામાં આવી છે.

૬૫૦ કરોડના પ્રોજેક્ટની જાહેરાત

ભાવનગરમાં બનશે સૌરાષ્ટ્રનો સૌથી મોટો મેગા ઓવરબ્રિજ

આ બ્રિજના નિર્માણથી ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ભાવનગર શહેરના વિકાસને નવી ગતિ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગરમાં ટ્રાફિકની સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ અપાવવા માટે સૌરાષ્ટ્રનો સૌથી મોટો અને આધુનિક મેગા ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે મોટી જાહેરાત કરી છે. ભાવનગરના પ્રવેશદ્વાર ગણાતી નારી ચોકડીથી શરૂ થઈને વરતેજ સુધી પહોંચતા આ મેગા ઓવરબ્રિજના નિર્માણ પાછળ અંદાજે રૂા.૬૫૦ કરોડનો ખર્ચ થવાનો છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ઓનલાઈન ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. આ બ્રિજના નિર્માણથી નારી ચોકડી અને વરતેજ તરફના માર્ગો પર સર્જાતી ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા છે.

આ પ્રોજેક્ટને સાકાર કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી, રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તેમજ ભાવનગર મહાનગરપાલિકા સંયુક્ત રીતે કામગીરી કરશે. ત્રણેય સંસ્થાઓના સહયોગથી આ આધુનિક બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. ભાવનગરના ઔદ્યોગિક વિસ્તાર કુંભારવાડામાં પણ નાગરિકો માટે રાહતના સમાચાર છે. લાંબા સમયથી કુંભારવાડા રેલવે ફાટક પર ઓવરબ્રિજ બનાવવાની માગણી કરવામાં આવી રહી હતી. અગાઉ અંડરપાસ બનાવવામાં આવ્યો હોવા છતાં ટ્રાફિકની સમસ્યા યથાવત્ રહેતાં હવે અહીં નવો ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો છે.

આ અંગે મંત્રીએ સ્થાનિક પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર સાથે સ્થળની મુલાકાત લઈને પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી હતી. વાહનચાલકો સરળતાથી બ્રિજ પર ચઢી અને ઉતરી શકે તે માટે બે ભાગમાં દ્વિ-માર્ગીય ડિઝાઇન તૈયાર કરવામાં આવશે. આ બંને મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ભાવનગરના નાગરિકો, વેપારીઓ, શ્રમજીવીઓ અને દૈનિક મુસાફરોને ટ્રાફિકમાંથી મોટી રાહત મળશે. સાથે જ સમય અને ઈંધણની બચત થશે તથા શહેરની કનેક્ટિવિટીમાં પણ સુધારો થશે.

મુન્દ્રા પોર્ટ ખાતે ડીઆરઆઈનું મોટું ઓપરેશન

અખાતી દેશોથી આવેલા ૧૮ શંકાસ્પદ કન્ટેનર અટકાવાયા : એજન્સી સતર્ક

કન્ટેનરમાંથી કરોડો રૂપિયાની ઈમ્પોર્ટેડ સિગારેટનો જથ્થો મળી આવતાં તપાસ એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે

(સંવાદદાતા દ્વારા)

કચ્છ, તા.૭

ગુજરાતના મુન્દ્રા પોર્ટ પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (DRI) દ્વારા દાણચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ગુપ્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. અખાતી દેશોમાંથી આયાત કરવામાં આવેલા ૧૮ શંકાસ્પદ કન્ટેનરોને DRIના અધિકારીઓએ અટકાવી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસ દરમિયાન ત્રણ કન્ટેનરમાંથી કરોડો રૂપિયાની ઈમ્પોર્ટેડ સિગારેટનો જથ્થો મળી આવતાં તપાસ એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે.

DRIને બાતમી મળી હતી કે, કેટલાક આયાતકારો કસ્ટમ વિભાગમાં બિલ ઓફ એન્ટ્રી સહિતના જરૂરી દસ્તાવેજો રજૂ કરીને સામાન્ય માલસામાનની આયાત દર્શાવે છે. જોકે, વાસ્તવમાં કન્ટેનરમાં અન્ય માલની આડમાં વિદેશી સિગારેટ છૂપાવીને લાવવામાં આવે છે. આ બાતમીના આધારે DRIએ મુન્દ્રા પોર્ટ પર પહોંચેલા શંકાસ્પદ કન્ટેનરોનું ક્લિયરન્સ અટકાવી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અત્યારસુધીમાં ત્રણ કન્ટેનરમાંથી ઈમ્પોર્ટેડ સિગારેટનો મોટો જથ્થો મળી આવ્યો છે. બાકીના કન્ટેનરોની તપાસ હજુ ચાલુ હોવાથી જપ્ત થનારા જથ્થા અને તેની કિંમતમાં વધારો થવાની શક્યતા છે. આ સમગ્ર કૌભાંડમાં માત્ર આયાતકારો જ નહીં, પરંતુ કસ્ટમ હાઉસ એજન્ટોની ભૂમિકા પણ તપાસના દાયરામાં આવી છે. પ્રાથમિક તપાસમાં સિગારેટ અને સોપારીની દાણચોરી સાથે સંકળાયેલી ગેંગ સક્રિય હોવાની વિગતો સામે આવી છે. મળતી માહિતી મુજબ, આ શંકાસ્પદ કન્ટેનરો મુન્દ્રા પોર્ટથી દિલ્હી સ્થિત તુઘલકાબાદ મોકલવાના હતા. જોકે, માલ આગળ પહોંચે તે પહેલાં જ DRIએ કાર્યવાહી કરીને દાણચોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. આ કેસમાં અમદાવાદ અને દિલ્હીના બે શખ્સોની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

મુન્દ્રા પોર્ટ પરથી અગાઉ પણ ઈ-સિગારેટ અને ચીનથી આયાત કરાયેલા પ્રતિબંધિત ફટાકડાનો જથ્થો ઝડપાયો હતો. હવે ફરી એકવાર ઈમ્પોર્ટેડ સિગારેટની દાણચોરીનો મામલો સામે આવતાં તપાસ એજન્સીઓ સતર્ક બની છે.હાલમાં બાકીના કન્ટેનરો ખોલીને તપાસવાની કામગીરી ચાલી રહી છે. અગાઉ કેટલાં કન્ટેનરો મારફતે આ રીતે દાણચોરી કરવામાં આવી હતી, આ નેટવર્કમાં અન્ય કોણ-કોણ સામેલ છે અને સમગ્ર કૌભાંડની કિંમત કેટલી છે તે અંગે DRI વધુ તપાસ કરી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ દાણચોરીના મોટા નેટવર્ક અંગે વધુ ખુલાસા થવાની શક્યતા છે.

'તપાસ એજન્સી ED સુપર કોપ તરીકે કામ કરી શકતી નથી' : કર્ણાટક હાઈકોર્ટે લાલ રેખા દોરી

કોર્ટે ઠરાવ્યું કે ED, એક સામાન્ય ખાનગી વ્યક્તિથી વિપરીત, ફક્ત તે જ સત્તાઓનો ઉપયોગ કરે છે જે તેને PMLA હેઠળ સ્પષ્ટ રીતે આપવામાં આવી છે

(એજન્સી) તા.૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની સત્તાઓની આસપાસ એક તીક્ષ્ણ રેખા દોરતા, કર્ણાટક હાઈકોર્ટે ઠરાવ્યું છે કે એજન્સી "તેના ધ્યાનમાં આવતી કોઈપણ વસ્તુ અને દરેક વસ્તુની તપાસ કરવા માટે સુપર કોપ નથી", ચુકાદો આપ્યો છે કે તે મની-લોન્ડરિંગ તપાસ માટે સ્વતંત્ર રીતે પાયો બનાવવા માટે વૈધાનિક માળખાને બાયપાસ કરી શકતી નથી. કોર્ટે ઠરાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ EDની સત્તાઓ "વ્યુત્પન્ન છે અને મૂળ નથી" અને કાયદા હેઠળની કાર્યવાહી ચાલુ રહી શકતી નથી જ્યારે તેમના પાયામાં બનાવેલ પૂર્વનિર્ધારિત અથવા સુનિશ્ચિત ગુનો હવે ટકી રહેતો નથી. ન્યાયાધીશ MI અરુણે કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય કેવાય નાનજેગૌડા અને તેમની સાથે સંકળાયેલા અન્ય લોકો સહિત અનેક અરજદારો સામે ED દ્વારા શરૂ કરાયેલ ECIR અને પરિણામી કાર્યવાહી રદ કરી. કોર્ટે એજન્સી દ્વારા દાખલ કરાયેલી ખાનગી ફરિયાદમાંથી ઉદ્ભવતી કાર્યવાહીને પણ રદ કરી. હાઈકોર્ટે PMLA એડજ્યુડિકેટિંગ ઓથોરિટીના સંપત્તિ જપ્ત કરવાની પુષ્ટિ કરતા આદેશને પણ રદ કર્યો અને અરજદારોમાંથી એક પાસેથી જપ્ત કરાયેલી વસ્તુઓ પરત કરવાનો નિર્દેશ આપ્યો. કોલાર-ચિકબલ્લાપુર ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ (KOMUL)માં કર્મચારીઓની ભરતી સંબંધિત આરોપો સાથે જોડાયેલ ED તપાસમાંથી ઉદ્ભવેલી અરજીઓના બેચમાં આ ચુકાદો આવ્યો. ECIR, PMLA હેઠળ પરિણામી કાર્યવાહી અને ED દ્વારા શરૂ કરાયેલી ખાનગી ફરિયાદને પડકારતા કેસોમાં કોંગ્રેસના ધારાસભ્ય કેવાય નાન્જેગૌડા સહિત કેટલાક અરજદારો વતી એડવોકેટ મયંક જૈન હાજર રહ્યા હતા. હાઈકોર્ટે ભાર મૂક્યો હતો કે મની લોન્ડરિંગના ગુના માટેની કાર્યવાહી અનુસૂચિત ગુનાની કાનૂની જરૂરિયાતથી સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં રહી શકે નહીં. વકીલ મયંક જૈન દ્વારા રજૂ કરાયેલી રજૂઆતોની નોંધ લેતા, કોર્ટે ઠરાવ્યું હતું કે PMLA હેઠળ EDની ભૂમિકા પ્રાથમિક કાયદા અમલીકરણ એજન્સી દ્વારા અનુસૂચિત ગુના અંગે FIR અથવા ઔપચારિક ફોજદારી ફરિયાદ નોંધાયા પછી જ શરૂ થાય છે. કોર્ટે કહ્યું કે EDની સત્તા "વ્યુત્પન્ન છે અને મૂળ નથી", અને એજન્સી ફક્ત મની લોન્ડરિંગની એકલ શંકાના આધારે સ્વતઃ તપાસ શરૂ કરી શકતી નથી. ન્યાયાધીશ અરુણે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં પૂર્વનિર્ધારિત ગુનો અસ્તિત્વમાં નથી, ત્યાં PMLA હેઠળની કાર્યવાહી ટકી શકતી નથી, જેમાં એવા કિસ્સાઓનો પણ સમાવેશ થાય છે જ્યાં પૂર્વનિર્ધારિત ગુનો આરોપીની તરફેણમાં સમાપ્ત થઈ ગયો હોય. આ કેસમાં, કેવાય નાન્જેગૌડા અને અન્ય અરજદારો સામેની કાર્યવાહીને લગતા, જમીન કૌભાંડનો કેસ કાર્યવાહી માટે જરૂરી મંજૂરી ન મળ્યા પછી બંધ કરવામાં આવ્યો હતો. કારણ કે બંધ થવાનું અંતિમ સ્વરૂપ પ્રાપ્ત થયું હતું, કોર્ટે ઠરાવ્યું હતું કે તે કેસમાં ઉદ્ભવતા ગુનાના કથિત કાર્યવાહીની તપાસ અથવા તપાસ ચાલુ રાખી શકાય નહીં. તેના એક તીક્ષ્ણ અવલોકનમાં, હાઈકોર્ટે પીએમએલએની કલમ ૬૬(૨) હેઠળ પૂરી પાડવામાં આવેલી માહિતી પર કાર્યવાહી ન કર્યા પછી, ખાનગી ફરિયાદ શરૂ કરવાના EDના પ્રયાસને હાઈકોર્ટે ફગાવી દીધો હતો. કોર્ટે ઠરાવ્યું હતું કે જ્યાં ઈડી બીજા કાયદાના ઉલ્લંઘન સૂચવતી સામગ્રી પર આવે છે, ત્યાં કલમ ૬૬(૨) તેને સંબંધિત એજન્સી સાથે આવી માહિતી શેર કરવાની જરૂર છે. ED, એવું પણ કહ્યું હતું કે, તે ગુનાઓની તપાસ પોતે સંભાળી શકતી નથી. કાયદાકીય સત્તાઓનો ઉપયોગ ફક્ત કાયદા દ્વારા નિર્ધારિત રીતે જ થવો જોઈએ તે અવલોકન કરતાં, કોર્ટે કહ્યું કે ચેક અને બેલેન્સની બંધારણીય યોજના એક સંસ્થાને સર્વોચ્ચ બનવાની મંજૂરી આપી શકતી નથી. ત્યારબાદ કોર્ટે ભારપૂર્વક અવલોકન કર્યું કે "EDએ કોઈ પણ વસ્તુ અને દરેક વસ્તુની તપાસ કરવા માટે સુપર કોપ નથી જે તેના ધ્યાનમાં આવે છે." તેણે ઠરાવ્યું કે PMLA ED અથવા તેના અધિકારીઓને સ્પષ્ટપણે કોઈ સુનિશ્ચિત ગુના અંગે ખાનગી ફરિયાદ દાખલ કરવા અને ત્યારબાદ આરોપીઓ સામે મની-લોન્ડરિંગ કાર્યવાહી શરૂ કરવા માટે આવી ફરિયાદનો ઉપયોગ કરવાની સત્તા આપતું નથી. કોંગ્રેસના ધારાસભ્ય કેવાય નાન્જેગૌડા સહિત અરજદારો વતી રજૂ કરાયેલ પડકારનો એક મુખ્ય મુદ્દો એ હતો કે એકવાર પૂર્વનિર્ધારિત



ગુનો બંધ થઈ જાય, પછી ED PMLA હેઠળ તેની તપાસ ચાલુ રાખી શકતી નથી. અરજદારોએ એવી દલીલ પણ કરી હતી કે જ્યાં ED, એક કથિત ગુનાની તપાસ દરમિયાન, એક સંપૂર્ણપણે અલગ સુનિશ્ચિત ગુના સૂચવતી સામગ્રી પર આવી, તેને માત્ર કલમ ૬૬(૨) હેઠળ સંબંધિત પોલીસ અથવા તપાસ એજન્સી સાથે તે માહિતી શેર કરવાની સત્તા આપવામાં આવી હતી. તે પોતે ખાનગી ફરિયાદ દાખલ કરી શકતું નથી અને ત્યારબાદ PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) હેઠળ આરોપીઓ સામે કાર્યવાહી કરી શકતું નથી. કોર્ટે અવલોકન કર્યું કે ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ), એક સામાન્ય ખાનગી વ્યક્તિથી વિપરીત, માત્ર તે જ સત્તાઓનો ઉપયોગ કરી શકે છે જે તેને PMLA હેઠળ સ્પષ્ટપણે આપવામાં આવી છે. કોર્ટે જણાવ્યું હતું કે, "PMLA હેઠળ ED દ્વારા ખાનગી ફરિયાદ દાખલ કરવાની જોગવાઈ નથી." કોર્ટે વધુમાં ઉમેર્યું કે, માત્ર એટલા માટે કે અન્ય કોઈ સરકારી સત્તામંડળે કાર્યવાહી શરૂ કરવી અયોગ્ય માની, ઈડીને તેમ કરવાની પરવાનગી આપવી એટલે તેને "સુપર કોપ" (સર્વોચ્ચ પોલીસ સત્તા) તરીકે કામ કરવાની છૂટ આપવા જેવું થશે - જે આ કાયદાના મૂળભૂત સિદ્ધાંતો અને માળખાની વિરુદ્ધ છે. EDએ દલીલ કરી હતી કે, ભલે મૂળ ગુનો (predicate offence) ગુણદોષના આધારે નહીં પરંતુ તકનીકી કારણોસર બંધ કરવામાં આવ્યો હોય, તો પણ તે મની લોન્ડરિંગના કથિત ગુનાની તપાસ ચાલુ રાખી શકે છે. તેણે એવો પણ તર્ક આપ્યો હતો કે, કોઈપણ વ્યક્તિ ફોજદારી કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી શકતી હોવાથી, ED પણ ફોજદારી પ્રક્રિયા કાયદા હેઠળ ખાનગી ફરિયાદ દાખલ કરી શકે છે. જોકે, કોર્ટે નોંધ્યું કે EDના આ વલણને સ્વીકારવાનો અર્થ એ થશે કે સંબંધિત પોલીસ, મંજૂરી આપનારા સત્તામંડળો અને અન્ય તપાસ એજન્સીઓ ખોટા હતા અથવા તેઓ પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયા હતા. આ સાથે EDને એક ઉચ્ચ સ્થાને મૂકવામાં આવશે, જેની કાયદામાં કોઈ કલ્પના કરવામાં આવી નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે PMLAની જોગવાઈઓ મુજબ, મૂળ ગુના (predicate offence) માટેની કાર્યવાહી યોગ્ય સરકારી તપાસ એજન્સી અથવા અન્ય સક્ષમ પક્ષ દ્વારા શરૂ થવી જોઈએ, નહીં કે ED અથવા PMLA હેઠળ રચાયેલા સત્તામંડળો દ્વારા. હાઈકોર્ટે તમામ અરજીઓ મંજૂર કરતા, PMLA એડજ્યુડિકેટિંગ ઓથોરિટીના ૬ જૂન, ૨૦૨૪ના આદેશને રદ કર્યો (જે અરજદારોમાંથી એકને લાગુ પડતો હતો) અને તેની પાસેથી જપ્ત કરવામાં આવેલી વસ્તુઓ પરત કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના ECIR (એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ), તેના અનુસંધાનમાં જારી કરાયેલા સમન્સ અને તે પછીની તમામ કાર્યવાહી - જેમાં એડજ્યુડિકેશન પ્રક્રિયા હેઠળની 'શો-કોઝ નોટિસ' (કારણ દર્શાવો નોટિસ) પણ સામેલ છે - તેને રદ કરી દીધી. આ આદેશ કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય કે.વાય. નાન્જેગૌડા અને અન્ય અરજદારોને લાગુ પડે છે. ED દ્વારા દાખલ કરવામાં આવેલી ખાનગી ફરિયાદમાંથી ઉદ્ભવતી કાર્યવાહીને પણ રદ કરવામાં આવી છે, જે આ સંબંધિત કેસોના અરજદારોને લાગુ પડતી હતી. (હેડલાઈન સિવાય, આ સમાચારનું સંપાદન NDTVના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું નથી અને તે એક સિન્ડિકેટેડ ફીડમાંથી પ્રકાશિત કરવામાં આવ્યા છે.)

મતદાનના અધિકારોના રક્ષણ માટે કોચીમાં યોજાનારી 'જંતર-મંતર' રેલીનું નેતૃત્વ અભિજિત દિપકે અને પ્રકાશ રાજ કરશે

મરીન ડ્રાઈવથી સરઘસ સ્વરૂપે સાંજે ૪ વાગ્યે શરૂ થનારો આ કાર્યક્રમ લોકશાહી અધિકારો સામે વધી રહેલા જોખમો તેની વિરૂદ્ધ દેશવ્યાપી જનજાગૃતિ અભિયાનનો એક ભાગ છે

(એજન્સી) કોચી, તા.૭

'લોકશાહી અને મતદાનના અધિકારોના રક્ષણ' માટે શનિવારે સાંજે કોચીમાં આયોજિત 'જંતર-મંતર જ કોચી' રેલીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતા અભિજીત દિપકે, અભિનેતા અને કાર્યકર્તા પ્રકાશ રાજ તથા ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ ફેડરેશન (AISF)ના રાષ્ટ્રીય અધ્યક્ષ વિરાજ દેવાંગ ભાગ લેશે. મરીન ડ્રાઈવથી સરઘસ સ્વરૂપે સાંજે ૪ વાગ્યે શરૂ થનારો આ કાર્યક્રમ લોકશાહી અધિકારો અને ચૂંટણી પ્રક્રિયા સામે વધી રહેલા જોખમો (જેમ કે, આયોજકો દ્વારા વર્ણવવામાં આવ્યું છે) તેની વિરૂદ્ધ દેશવ્યાપી જનજાગૃતિ અભિયાનનો એક ભાગ છે. આયોજક સમિતિના જણાવ્યા અનુસાર નવી દિલ્હીમાં થયેલા વિરોધ પ્રદર્શનો સાથે સંકળાયેલા અનેક નેતાઓ કોચીના આ કાર્યક્રમમાં જોડાશે. એવી અપેક્ષા છે કે, તેમાં રાજકીય, જ્ઞાતિગત અને ધાર્મિક ભેદભાવોથી પર રહીને હજારો લોકો સહભાગી થશે. આયોજકોએ જણાવ્યું હતું કે, વિવિધ રાજકીય પક્ષો, જનસંગઠનો, ટ્રેડ યુનિયનો, સાંસ્કૃતિક જૂથો તેમજ વિદ્યાર્થી, યુવા અને મહિલા સંગઠનોએ આ પહેલને સમર્થન આપ્યું છે. આ કાર્યક્રમ અંગે જાગૃતિ ફેલાવવા માટે સોશિયલ મીડિયા અભિયાન ચલાવવાની સાથે સાથે વિદ્યાર્થીઓ, યુવાનો અને મહિલાઓને મોટી




સંખ્યામાં જોડવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સહભાગિતાનું સંકલન કરવા માટે કોચીના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક આયોજક સમિતિઓની રચના કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ પણ જોવા મળશે, જેમાં ત્રિસૂર સ્થિત 'કરિનથાલક્કુટ્ટમ' (Karinthalakkootam) દ્વારા સંગીત પ્રસ્તુતિ, થિયેટર ગ્રુપ 'નાટ્ટક' (Nattak) દ્વારા લઘુ નાટક અને લોકગીતોનો સમાવેશ થાય છે. તૈયારીઓને આખરી ઓપ આપવા માટે ૧લી નવેમ્બરે મળેલી આયોજક સમિતિએ તમામ લોકશાહી વિચારધારા ધરાવતા નાગરિકોને આ પહેલને સમર્થન આપવા અપીલ કરી હતી. લેખક એન.એસ. માધવન આ આયોજક સમિતિના અધ્યક્ષ છે, જ્યારે એમ.જી. ગોપાકુમાર તેના જનરલ કન્વીનર (મુખ્ય સંયોજક) છે. કોચીનો આ કાર્યક્રમ નવી દિલ્હીમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને મતદારોના કથિત મતાધિકાર છીનવી લેવા સામે CJPના તાજેતરના વિરોધ પ્રદર્શનોની પૃષ્ઠભૂમિ સામે આવે છે. યુવા-સંચાલિત વિરોધ મંચ તરીકે ઊભરી આવેલા આ સંગઠને ચૂંટણી પંચ પર મતદાન અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરી છે. CJPના સ્થાપક દિપકેએ ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. જો કે, દિલ્હી પોલીસે સુરક્ષા ચિંતાઓને ટાંકીને પરવાનગી નકારી કાઢી હતી અને ઘણા વિરોધીઓ અને નેતાઓની અટકાયત કરી હતી. પ્રતિબંધોને કારણે અધિકારીઓ અને આયોજકો વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમણે શાંતિપૂર્ણ વિરોધને બંધારણીય અધિકાર ગણાવ્યો હતો. NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અને શિક્ષણ પ્રણાલીમાં જવાબદારીની માગણીઓ અંગેના આંદોલન દ્વારા આ આંદોલને અગાઉ રાષ્ટ્રીય ધ્યાન મેળવ્યું હતું. તત્કાલિન કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પહેલા જંતર-મંતર ખાતે જુલાઈમાં થયેલા તેના વિરોધ પ્રદર્શનો હતા. આયોજકોએ જણાવ્યું હતું કે, કોચીમાં એકત્રીકરણ ઝુંબેશને રાષ્ટ્રીય રાજધાનીની બહાર લઈ જવા અને ચૂંટણી અધિકારોના રક્ષણ માટે વ્યાપક જાહેર સમર્થન મેળવવાનો પ્રયાસ દર્શાવે છે.

'હું તેમના ઉપવાસમાં જોડાઈશ' : પ્રકાશ રાજે કેરળમાં સસ્પેન્ડ કરાયેલા ૧૬ વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું, UDF સરકાર પર નિશાન સાધ્યું

કેમ્પસમાં પૂરતી સુવિધાઓના અભાવે ૧૩ ઓગસ્ટે સિન્ડિકેટ બેઠક દરમિયાન SFIના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શન બાદ આ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા

(એજન્સી) કોચી, તા.૭

અભિનેતા પ્રકાશ રાજે શનિવારે ચેતવણી આપી હતી કે જો કોચી નજીક કાલાડી સ્થિત 'શ્રી શંકરાચાર્ય યુનિવર્સિટી ઓફ સંસ્કૃત'ના સસ્પેન્ડ કરાયેલા ૧૬ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં નહીં આવે, તો તેઓ પોતે પણ તેમના ઉપવાસ (ભૂખ હડતાળ)માં જોડાઈ જશે. તેમણે વિદ્યાર્થીઓ સામે યુનિવર્સિટી દ્વારા લેવાયેલા પગલાં બદલ કોંગ્રેસના નેતૃત્વવાળી કેરળ સરકાર અને ઉચ્ચ શિક્ષણ મંત્રી રોજી એમ. જહોનની પણ ટીકા કરી હતી. છેલ્લા છ દિવસથી ઉપવાસ કરી રહેલા વિદ્યાર્થીઓની મુલાકાત લેતા, રાજે શિક્ષણ મંત્રીને આ મામલે હસ્તક્ષેપ કરી ઉકેલ લાવવા અનુરોધ કર્યો. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓ સામેના આરોપોની તપાસ ચાલુ રહી શકે છે પરંતુ તે દરમિયાન તેમને પરીક્ષા આપવાની મંજૂરી મળવી જોઈએ. તેમણે કહ્યું, 'હું અહીં વિરોધ પ્રદર્શનના સમર્થનમાં આવ્યો છું પરંતુ હું વચન આપું છું કે જો આ સ્થિતિ ચાલુ રહેશે, તો હું અહીં આવીને તેમની સાથે બેસી જઈશ. મને કોઈ વાંધો નથી. હું મારૂં બધું કામ પડતું મૂકીને અહીં આવીને બેસી શકું છું.' યુનિવર્સિટી અને રાજ્ય સરકાર પર આરોપ લગાવતા રાજે કહ્યું કે, તેઓ પોતાની સમસ્યાઓ અંગે પ્રશ્નો ઉઠાવનારા અને વિરોધ કરનારા




વિદ્યાર્થીઓ પ્રત્યે 'સરમુખત્યારશાહી' વલણ અપનાવી રહ્યા છે. તેમણે સવાલ કર્યો કે, સત્તાવાળાઓ યુવાનોના અવાજને ક્યાં સુધી દબાવતા રહેશે? તેમણે કહ્યું, 'આ કેવા પ્રકારની અરાજકતા અને સરમુખત્યારશાહી છે ? શું યુનિવર્સિટી કે રાજ્યના શિક્ષણ મંત્રી આવું વર્તન કરી રહ્યા છે? યુવાનોને વિરોધ કરતા અને પ્રશ્નો પૂછતા રોકવા માટે શું દરેક વ્યક્તિ મોદી અને કેન્દ્ર સરકાર જેવું જ વર્તન કરશે ?' કેમ્પસમાં સુવિધાઓના અભાવને લઈને ૧૩ ઓગસ્ટે સિન્ડિકેટ બેઠક દરમિયાન SFIના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શન બાદ આ ૧૬ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમના પર વાઈસ-ચાન્સેલર સિઝા થોમસનું 'પ્રતીકાત્મક દહન' (mock cremation) કરવાનો, તેમની સાથે ગેરવર્તણૂક કરવાનો અને યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. રાજે યુનિવર્સિટીના તે નિર્ણય પર પણ સવાલ ઉઠાવ્યો કે, જેમાં સિંગલ બેન્ચે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવાની મંજૂરી આપતો ચુકાદો આપ્યા પછી યુનિવર્સિટી કોર્ટમાં ગઈ હતી. તેમણે આરોપ લગાવ્યો કે, વિદ્યાર્થીઓને પરીક્ષા આપતા રોકવા માટે કાયદાકીય જોગવાઈઓનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન કરવાના અધિકારનો બચાવ કરતા તેમણે કહ્યું કે, કેમ્પસની સુવિધાઓ અંગે ચિંતા વ્યક્ત કરવા બદલ તેમને માફી માંગવા માટે મજબૂર ન કરવા જોઈએ. તેમણે કહ્યું, 'આ પેઢી સાવરકરની પેઢી નથી કે જે 'માફી પત્રો' લખે. આ પેઢી ગાંધીજીએ શીખવેલા મૂલ્યોની તાકાત સાથે વિરોધ કરે છે અને બાબાસાહેબ આંબેડકરે આપેલા અધિકારોના આધારે સવાલો પૂછે છે. આ મનુસ્મૃતિ નથી, આ બંધારણ છે.' તેમણે તે મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા રોજી એમ. જહોનને અનુરોધ કર્યો કે, તેઓ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરે, તેમની ફરિયાદો સમજે અને માફી પત્રો માંગવા કે સસ્પેન્શન (નિલંબન) જેવી કાર્યવાહી કરવાને બદલે સમસ્યાના ઉકેલ માટે કામ કરે. રાજે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપવા બદલ SFI, DYFI અને અન્ય યુવા સંગઠનોનો પણ આભાર માન્યો.

દિલ્હી અને ૬ રાજ્યોમાં SIR ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી રહી ગયેલા મતદારોને ચૂંટણી પંચે આપી બીજી તક; કેવી રીતે અરજી કરવી

ચૂંટણી પંચે દિલ્હી અને ૬ રાજ્યોમાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR - વિશેષ સઘન પુનરાવર્તન) અંતર્ગત તૈયાર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રહી ગયેલા મતદારોને ફરી એક તક આપી છે. પાત્રતા, જરૂરી દસ્તાવેજો, અરજી પ્રક્રિયા અને મતદાર યાદીને લગતી નવીનતમ સમયમર્યાદા વિશે જાણો

(એજન્સી) તા.૭

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ શુક્રવારે એવા મતદારો માટે એક નવી તકની જાહેરાત કરી છે, જેમના નામ 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા દરમિયાન ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રહી ગયા હતા. આ મતદારો હવે અંતિમ મતદાર યાદીમાં પોતાનો સમાવેશ કરાવવા માટે અરજી કરી શકે છે. આ નિર્ણય દિલ્હી અને ૬ રાજ્યો - મહારાષ્ટ્ર, હરિયાણા, આંધ્રપ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડને લાગુ પડે છે. આ રાહત ખાસ કરીને એવા મતદારો માટે છે જેમને ASDD (ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અથવા ડુપ્લિકેટ - Absent, Shifted, Dead and Duplicate) શ્રેણીમાં મૂકવામાં આવ્યા હતા અને જેમની નોંધણી માટેના ફોર્મ (enumeration forms) જારી કરવામાં આવ્યા હોવા છતાં, પુનરાવર્તન પ્રક્રિયા દરમિયાન ચૂંટણી સત્તાવાળાઓને મળ્યા ન હતા. ૬ નવેમ્બરના એક પત્રમાં, ચૂંટણી પંચે દિલ્હી અને સંબંધિત ૬ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને (CEOs) સૂચના આપી છે કે તેઓ આ મતદારો દ્વારા નવા ફોર્મ સબમિટ કરવાની પ્રક્રિયામાં મદદ કરે. આ પગલાનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે પાત્ર મતદારો માત્ર એટલા માટે અંતિમ મતદાર યાદીમાંથી બાકાત ન રહી જાય કારણ કે તેમના ફોર્મ શરૂઆતની પ્રક્રિયા દરમિયાન મળ્યા ન હતા. ચૂંટણી પંચે ચૂંટણી અધિકારીઓને સૂચના આપી છે કે જે મતદાન મથકો પરથી મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા, ત્યાંના નોટિસ બોર્ડ પર ASDD શ્રેણી હેઠળ આવતા મતદારોની યાદી ફરીથી પ્રદર્શિત કરવામાં આવે. આ યાદીઓ પંચાયત ભવનો, સ્થાનિક શહેરી સંસ્થાઓની કચેરીઓ અને બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO)ની કચેરીઓમાં પણ મૂકવામાં આવશે. આ યાદીઓ સંબંધિત મુખ્ય ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ્સ પર પણ અપલોડ કરવામાં આવશે, જેમાં દરેક મતદારનું નામ શા માટે બાકાત રાખવામાં આવ્યું હતું તેના



સંભવિત કારણોનો ઉલ્લેખ હશે. જિલ્લા ચૂંટણી અધિકારીઓ (DEOs) અને ચૂંટણી નોંધણી અધિકારીઓને (EROs) 'ECINET' પ્લેટફોર્મ દ્વારા નવા, આંશિક રીતે ભરેલા નોંધણી ફોર્મ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. બૂથ-લેવલ ઓફિસર્સ (BLOs) અસરગ્રસ્ત મતદારોનો સંપર્ક કરશે અને તેમને આ ફોર્મ રૂબરૂમાં અથવા વોટ્સએપ, ઈમેલ અને SMS દ્વારા પહોંચાડશે. મતદારો ચૂંટણી પંચની વેબસાઈટ અથવા ECINET એપ દ્વારા તેમના ફોર્મ ડાઉનલોડ કરી શકે છે અને સબમિટ કરી શકે છે. આ માટે તેઓ તે જ 'ઈલેક્ટર ફોટો આઈડેન્ટિટી કાર્ડ' (EPIC) નંબરનો ઉપયોગ કરી શકે છે જે તેમની યાદીમાંથી નામ કમી કરવામાં આવ્યું તે પહેલાં તેમની પાસે હતો. પ્રક્રિયાનો આધાર તેના પર રહેશે કે મતદારે પોતાનું નિવાસસ્થાન બદલ્યું છે કે નહીં. જે મતદારોએ નિવાસસ્થાન બદલ્યું નથી, તેઓ યોગ્ય રીતે ભરેલા અને સહી કરેલા ફોર્મ (enumeration forms) સબમિટ કરી શકે છે. તેની સાથે તેમણે એક લેખિત નિવેદન પણ આપવું પડશે જેમાં જણાવવું પડશે કે તેઓ અગાઉ ફોર્મ કેમ સબમિટ કરી શક્યા ન હતા. આ દસ્તાવેજો સંબંધિત ERO (ચૂંટણી નોંધણી અધિકારી), AERO (સહાયક ચૂંટણી નોંધણી અધિકારી) અથવા BLO (બૂથ લેવલ ઓફિસર) ને આપી શકાય છે. મતદારના વતી તેમના પરિવારના કોઈ સભ્ય પણ આ દસ્તાવેજો સબમિટ કરી શકે છે. ECINET દ્વારા ઓનલાઈન સબમિશનની સુવિધા પણ ઉપલબ્ધ હશે, જેમાં 'ઈ-સાઈન' (e-sign)નો વિકલ્પ પણ સામેલ છે. જે મતદારોએ તે જ રાજ્યની અંદર પોતાનું નિવાસસ્થાન બદલ્યું છે, તેમના માટે ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે 'ફોર્મ ૮' સબમિટ કરવાની જરૂર નથી. તેના બદલે, તેમણે નવું ફોર્મ ભરવું પડશે, સાથે એક નિવેદન આપવું પડશે જેમાં તેમનું નવું સરનામું અને વિધાનસભા મતવિસ્તારનો ઉલ્લેખ હોય, અને માન્ય સરનામાનો પુરાવો પણ આપવો પડશે. જે મતદારો પાસે રહેઠાણ નથી (homeless voters) અને જેમની પાસે સરનામાને લગતા દસ્તાવેજો નથી, તેઓ BLO દ્વારા તૈયાર કરવામાં આવેલા 'ફીલ્ડ વેરિફિકેશન રિપોર્ટ' (સ્થળ ચકાસણી અહેવાલ) દ્વારા તેમના નિવાસસ્થાનની પુષ્ટિ કરાવી શકશે. દિલ્હી અને અન્ય રાજ્યોમાં SIR (મતદાર યાદી સુધારણા પ્રક્રિયા) માટેની નવી સમયમર્યાદા શું છે? ચૂંટણી પંચે દિલ્હી અને અન્ય કેટલાક રાજ્યોમાં SIR કાર્યક્રમની સમયમર્યાદામાં ફેરફાર કર્યા બાદ આ નવી તક આપવામાં આવી છે. દિલ્હીમાં, દાવા અને વાંધાઓ રજૂ કરવાની અંતિમ તારીખ લંબાવીને ૨૫ નવેમ્બર કરવામાં આવી છે, જ્યારે અંતિમ મતદાર યાદી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં, દાવા અને વાંધાઓ રજૂ કરવાની અંતિમ તારીખ ૧૩ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. મહારાષ્ટ્ર, હરિયાણા, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને નાગાલેન્ડમાં અંતિમ મતદાર યાદીઓ ૩૦ નવેમ્બરના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. જે મતદારોના નામ યાદીમાંથી કમી થયા હતા, તેમના દ્વારા સબમિટ કરવામાં આવેલા નવા ફોર્મની ચકાસણી સંબંધિત ERO દ્વારા 'રજિસ્ટ્રેશન ઓફ ઈલેક્ટર્સ રૂલ્સ, ૧૯૬૦' (મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦)ના નિયમ ૨૧(૧) હેઠળ કરવામાં આવશે. ચકાસણી બાદ સ્વીકારવામાં આવેલા ફોર્મ્સને અલગ રાખવામાં આવશે, જેથી તેમને અંતિમ મતદાર યાદીમાં સામેલ કરી શકાય. ચૂંટણી પંચે BLOને રાજકીય પક્ષોના બૂથ-સ્તરના એજન્ટો સાથે સંકલન કરવા અને અસરગ્રસ્ત મતદારોને શોધવા માટે ઘરે ઘરે મુલાકાત લેવા, પડોશીઓ અને પરિવારના સભ્યો સાથે પૂછપરછ કરવા અને નિવાસી કલ્યાણ સંગઠનોનો ઉપયોગ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

LLB કોર્સમાં પ્રવેશ માટે મહત્તમ વય મર્યાદા દૂર : BCIએ સુપ્રીમ કોર્ટને જાણ કરી

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI)એ સુપ્રીમ કોર્ટને જાણ કરી કે તેણે ૩ વર્ષ અને ૫ વર્ષના કાયદા કાર્યક્રમોમાં પ્રવેશ માટે ઉપલી વય મર્યાદા દૂર કરી છે

(એજન્સી) તા.૭

BCIનું પ્રતિનિધિત્વ કરતી વકીલ રાધિકા ગૌતમે ઋષભ દુગ્ગલ દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચને આ ફેરફાર અંગે માહિતી આપી. ઋષભે ૨૦૧૬ના પરિપત્રને રદ કરવાની માંગ કરી હતી જેના દ્વારા BCIએ કાનૂની શિક્ષણ નિયમો, ૨૦૦૮ના નિયમ ૧૧, અનુસૂચિ IIIના કલમ ૨૮ને પુનઃસ્થાપિત કર્યો હતો (જે ૨૦૧૩માં દૂર કરવામાં આવ્યો હતો). આ કલમે ઈન્ટિગ્રેટેડ બેચલર ઓફ લૉ ડિગ્રી પ્રોગ્રામમાં પ્રવેશ માટે મહત્તમ વય મર્યાદા ૨૦ વર્ષ નક્કી કરી હતી. આ ફેરફારને ધ્યાનમાં રાખીને, કેસને નિરર્થક ગણાવીને રદ કરવામાં આવ્યો. અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વકીલ ઝોહેબ હુસૈને કોર્ટને વિનંતી કરી કે BCIના ઠરાવની છેલ્લી કેટલીક પંક્તિઓ આદેશમાં શામેલ કરવામાં આવે (જેમાં કહેવામાં આવ્યું હતું કે BCI જનરલ કાઉન્સિલનો નિર્ણય "વિચારિત અને અંતિમ" હતો). તેમણે યાદ અપાવ્યું કે BCIએ અગાઉ આ જોગવાઈને દૂર કરી હતી અને પછી તેને પુનઃસ્થાપિત કરી હતી. જવાબમાં, વકીલ રાધિકા ગૌતમે નિર્દેશ કર્યો કે BCIનો ઠરાવ (કોર્ટમાં રજૂ કરાયેલ) ગઈકાલે જ પસાર થયો હતો, નહીં તો તેણીએ તેને વહેલા દાખલ કર્યો હોત. અંતે, BCIના ઠરાવના પ્રકાશમાં બેન્ચે કેસ બંધ કરી દીધો. એ નોંધનીય છે કે, BCIના ઠરાવ મુજબ, દિલ્હી હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રાજેન્દ્ર મેનન (જે કાનૂની શિક્ષણ સમિતિના સહ-અધ્યક્ષ છે) દ્વારા સુવિચારિત આદેશ અને કાનૂની શિક્ષણ પરની સ્થાયી સમિતિના ઠરાવને પગલે આ વય મર્યાદા દૂર કરવામાં આવી હતી. જનરલ કાઉન્સિલે સુપ્રીમ કોર્ટના ઓગસ્ટ ૨૦૨૬ના આદેશની પણ નોંધ લીધી, જેમાં મ્ઝૈં ના વકીલને વિવાદાસ્પદ પરિપત્ર પાછો ખેંચવા અંગે સૂચનાઓ માંગવા કહ્યું હતું. સ્વતંત્ર વિચારણા પછી, જનરલ કાઉન્સિલે સંમતિ આપી કે મહત્તમ વય મર્યાદા નક્કી કરવા માટે કોઈ મજબૂત શૈક્ષણિક આધાર નથી. તેમાં વધુમાં જણાવાયું છે કે, "કાઉન્સિલ માને છે કે શૈક્ષણિક લાયકાત, હાજરી, શિક્ષણના કલાકો, પરીક્ષાઓ અને વ્યાવસાયિક તાલીમ સંબંધિત હાલની શરતો કાનૂની શિક્ષણના ધોરણોનું સંપૂર્ણ રક્ષણ કરે છે. વધુમાં, આ શરતો ફક્ત ઉંમરના આધારે કોઈપણ લાયક ઉમેદવારને બાકાત રાખતી નથી." ટૂંકમાં,



અરજદારે દલીલ કરી હતી કે આ જોગવાઈ કાયદાનો અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે, જે બંધારણના કલમ ૧૪, ૧૯(૧)(g), અને ૨૧ હેઠળ ગેરંટી આપવામાં આવી છે. અરજીમાં નિર્દેશ કરવામાં આવ્યો હતો કે BCIએ ૧૯૯૩ માં સમાન પગલું ભર્યું હતું. ત્યારબાદ તેઓએ BCI નિયમોના ભાગ VIના પ્રકરણ IIIમાં નિયમ ૯ ઉમેર્યો, જે ૪૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓને એડવોકેટ્સ એક્ટ, ૧૯૬૧ હેઠળ વકીલ તરીકે નોંધણી કરાવવાથી પ્રતિબંધિત કરે છે. આ નિયમ ૯ને ભારતીય કાનૂની સહાય અને સલાહ પરિષદ વિરુદ્ધ BCI કેસમાં સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેણે પછીથી તેને રદ કર્યો. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે, "આ નવો નિયમ, જે કાયદાના અભ્યાસક્રમોમાં પ્રવેશને ગેરવાજબી રીતે મર્યાદિત કરે છે, તે વિદ્યાર્થીઓના અધિકારો પર ખૂબ જ કઠોર અને ગેરવાજબી પ્રતિબંધ છે. તે ભારતીય કાનૂની સહાય અને સલાહ પરિષદ કેસમાં આ માનનીય અદાલત દ્વારા નિર્ધારિત સિદ્ધાંતો અને નિર્ણયોની વિરુદ્ધ છે." એ પણ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે વિવિધ ઉચ્ચ અદાલતોએ આ જોગવાઈની માન્યતાને પડકારતી અરજીઓ પર અલગ અલગ ચુકાદા આપ્યા હતા. પરિણામે, વિદ્યાર્થીઓના ભવિષ્યમાં સ્પષ્ટતા લાવવા અને BCIની કામગીરીમાં એકરૂપતા જાળવવા માટે સુપ્રીમ કોર્ટનો હસ્તક્ષેપ આવશ્યક બન્યો. ચપંજાબ અને હરિયાણા ઉચ્ચ અદાલત અને બોમ્બે ઉચ્ચ અદાલતે આ જોગવાઈને એડવોકેટ્સ એક્ટની અતિ-વિરોધી ગણાવી, જ્યારે મદ્રાસ ઉચ્ચ અદાલતે વય મર્યાદાને સમર્થન આપ્યું.

૬ લાખથી વધુ મુસાફરો પોતાના વતન રવાના

ડાયમંડ સિટી સુરતમાં ધમધમતા ઔદ્યોગિક વિસ્તારોમાં સન્નાટો છવાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

દિવાળી અને લોકઆસ્થાના મહાપર્વ છઠપૂજાને લઈને સુરતમાં વસતા લાખો પરપ્રાંતિય શ્રમિકો પોતાના માદરે વતન જવા માટે નીકળી પડ્યા છે. સુરત ધીમે-ધીમે ખાલી થઈ રહ્યું હોય તેવો માહોલ સર્જાયો છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને બિહાર તરફ જતા મુસાફરોનો સૌથી મોટો ધસારો ઉધના રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યો છે. સ્ટેશન પરિસરમાં મુસાફરોની એટલી ભારે ભીડ એકઠી થઈ ગઈ છે કે તંત્ર દ્વારા બનાવવામાં આવેલો વિશાળ હોલ્ડિંગ એરિયા પણ ટૂંકો પડી રહ્યો છે.

રેલવે તંત્ર દ્વારા મુસાફરોને તડકો ન લાગે અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૧૫,૦૦૦થી વધુ લોકો બેસી શકે તેવો વિશાળ હોલ્ડિંગ એરિયા ઊભો કરવામાં આવ્યો છે. જોકે, વતન જવાની એટલી ઉત્સુકતા અને ધસારો છે કે, આ આખો હોલ મુસાફરોથી ખીચોખીચ ભરાઈ ગયો છે. પગ મૂકવાની પણ જગ્યા ન હોય તેવી સ્થિતિ વચ્ચે ગત રાતથી લઈને આજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં જ ૧૫,૦૦૦થી વધુ પ્રવાસીઓ પોતાના ગંતવ્ય સ્થાન તરફ રવાના થઈ ચૂક્યા છે.

પરપ્રાંતિય કામદારો ટ્રેન પકડવા માટે નિર્ધારિત સમય કરતાં ૫થી ૧૦ કલાક વહેલા જ સ્ટેશને પહોંચી રહ્યા છે. રેલવેના હોલ્ડિંગ એરિયાને કારણે મુસાફરોને આકરા તડકાથી છતનું રક્ષણ તો મળ્યું છે, પરંતુ ભીડ અતિશય વધી જતાં બેસવાની જગ્યા ઓછી પડી રહી છે. પરિણામે, બાળકો અને વૃદ્ધો સહિત હજારો મુસાફરો કલાકો સુધી સામાન સાથે ઊભા રહીને ટ્રેનની રાહ જોવા મજબૂર બન્યા છે.

સુરતમાંથી મોટા ભાગે પરપ્રાંતિયો વતન જઈ રહ્યા છે. સત્તાવાર અંદાજ મુજબ, પહેલી ઓક્ટોબરથી અત્યારસુધીમાં સુરત અને ઉધના સ્ટેશનેથી ૪ લાખથી વધુ મુસાફરો પોતાના વતન જવા રવાના થઈ ચૂક્યા છે. આગામી દિવસોમાં દિવાળીના વાઘબારસ-અગિયારસથી લઈને છઠપૂજા સુધીના સમયગાળામાં જ વધુ ૨.૫થી ૩ લાખ કામદારો સુરત છોડીને વતન પહોંચશે, જેના કારણે આગામી એક સપ્તાહ સુધી ટેક્સટાઈલ અને ડાયમંડ સિટી સુરતમાં ધમધમતા ઔદ્યોગિક વિસ્તારો સુમસામ નજરે પડશે.

કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય રિપેરિંગ કર્યા વિના ખાડા પૂરી દેવાનો આક્ષેપ

ધાનેરામાં ગટર લાઈનની કામગીરી સામે બેદરકારીના આક્ષેપ; પીવાના પાણીનો જાહેર માર્ગ પર વેડફાટ

(સંવાદદાતા દ્વારા)

ધાનેરા, તા.૭

ધાનેરા નગરપાલિકા દ્વારા શહેરમાં ભૂગર્ભ ગટર લાઈન નાખવાની કામગીરી અંતર્ગત વિવિધ વિસ્તારોમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન અનેક સ્થળોએ પીવાના પાણીનાં કનેક્શન તૂટી જતાં સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા તૂટેલી પાણીની પાઈપ લાઈનનું યોગ્ય રીતે સમારકામ કર્યા વિના જ ખાડા પૂરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે.



પ્રાપ્ત વિગતો મુજબ, ગટર લાઈન માટે અગાઉ ક્યાંક ત્રણ ફૂટ તો ક્યાંક આઠ ફૂટ સુધી ઊંડા ખાડા ખોદવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન કેટલાક નાગરિકોના પીવાના પાણીના કનેક્શનમાં પંચર પડ્યાં હતાં. પરંતુ આ પંચરનું યોગ્ય સમારકામ ન થતાં પાઈપ લાઈનમાંથી પાણી લીક થઈ જાહેર માર્ગ પર વહી રહ્યું છે. જેના કારણે પીવાના પાણીનો બગાડ થઈ રહ્યો છે.

સ્થાનિક લોકોમાં એવી આશંકા વ્યક્ત થઈ રહી છે કે જો પાઈપ લાઈનનું યોગ્ય સમારકામ કર્યા વિના રસ્તાનું નવું બાંધકામ કરી દેવામાં આવશે અને ત્યારબાદ પાણીના લીકેજની સમસ્યા સામે આવશે તો ફરી રસ્તો ખોદવાની નોબત આવશે.

આવી પરિસ્થિતિ ઊભી થાય તો નગરપાલિકાને ફરી ખોદકામ અને રસ્તાના સમારકામ પાછળ વધારાનો ખર્ચ કરવો પડી શકે છે. આથી નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરી કોન્ટ્રાક્ટર પાસે તમામ તૂટેલા પાણીનાં કનેક્શનનું યોગ્ય સમારકામ કરાવ્યા બાદ જ ખાડા અને રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠી છે.

૧૩ શ્રમિકોની વિગતો પોલીસમાં નોંધાવી ન હતી

અંકલેશ્વરના જીતાલી યોગી એસ્ટેટમાં ભવાની સ્વીટ્સના માલિક સામે પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામે આવેલા યોગી એસ્ટેટમાં બહારના રાજયના શ્રમિકોની વિગતો પોલીસમાં નોંધાવ્યા વિના કામે રાખવાના મામલે ભવાની સ્વીટ્સના માલિક સામે અંકલેશ્વર રૂરલ પોલીસે ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અને જિલ્લા મેજિસ્ટ્રેટના તા.૩૦ જુલાઈ, ૨૦૨૬ના જાહેરનામાના અનુસંધાને પોલીસ દ્વારા વિસ્તારની વિવિધ કંપનીઓ, ગોડાઉનો અને અન્ય ધંધાકીય એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. બહારના જિલ્લા અને રાજયોમાંથી આવતા શ્રમિકોની ઓળખ, ફોટા અને રહેઠાણની વિગતો નિયત ફોર્મમાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવવી ફરજિયાત કરવામાં આવી છે.

અંકલેશ્વર રૂરલ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે રાત્રે ૮:૧૫ વાગ્યે જીતાલી ગામના યોગી એસ્ટેટ સ્થિત પ્લોટ નંબર ૨૮માં આવેલી ભવાની સ્વીટ્સ કંપનીમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સુખારામ અમાનારામ દેસાઈ (ઉં.વ.૪૫), મૂળ રાજસ્થાનના બાડમેરના રહેવાસી, ત્યાં હલવાઈ તરીકે કામ કરતા મળી આવ્યા હતા.

પોલીસની પૂછપરછમાં સુખારામે છેલ્લા ૧૫ વર્ષથી કંપનીમાં નોકરી કરતા હોવાનું અને તેમની સાથે અન્ય ૧૩ જેટલા કર્મચારીઓ પણ કામ કરતા હોવાનું જણાવ્યું હતું. કંપનીના માલિક કરણસિંહ મોતીસિંહ રાજપુરોહિત (ઉં.વ.૩૨), રહે. નંદનવન સોસાયટી, ભડકોદરાને ફોન કરી કર્મચારીઓના આઈડી પ્રૂફ, ફોટા, મૂળ સરનામાની વિગતો અને પોલીસમાં જમા કરાવેલા લેબર ફોર્મની નકલ માંગવામાં આવી હતી. જોકે, માલિકે આજદિન સુધી કર્મચારીઓની આવી કોઈ નોંધણી કરાવી ન હોવાનું તેમજ શ્રમિકોના મૂળ વતનના પોલીસ સ્ટેશનમાંથી ક્લિયરન્સ સર્ટિફિકેટ પણ મેળવ્યાં ન હોવાનું સામે આવ્યું હતું. આથી અ.હે.કો. મુકેશભાઈ મેરાભાઈએ ભવાની સ્વીટ્સના માલિક કરણસિંહ રાજપુરોહિત વિરૂદ્ધ જાહેરનામાનો ભંગ કરવા બદલ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતોની હારમાળા સર્જાઈ

વડતાલ, ડાકોર અને કઠલાલ નજીક બાઈકસવારો તથા રાહદારી સહિત ૩નાં મોત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૭

વડતાલ, ડાકોર અને કઠલાલ નજીક સર્જાયેલા ત્રણ જુદા-જુદા માર્ગ અકસ્માતોમાં ૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કણજરી-વડતાલ રોડ પર આવેલી રાધાસ્વામી સ્પન પાઈપ ફેક્ટરી નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આણંદના સામરખા (વેજાસર તળાવ) ખાતે રહેતા રણજીતભાઈ મણીભાઈ પરમારના જણાવ્યા મુજબ, તેમનો પુત્ર વિપુલભાઈ પોતાના માલિક ભૂપેન્દ્રભાઈ પરમારનું હીરો હોન્ડા બાઈક લઈને પીપળાતા ખાતે પોતાની સાળીના ઘરે નાણાકીય લેણદેણ અર્થે નીકળ્યો હતો. દરમિયાન રાધાસ્વામી સ્પન પાઈપ ફેક્ટરી નજીક સામેથી શોએબમિયાં રસીદમિયાં મલેક (રહે. સામરખા) પોતાની મોટરસાયકલ રોંગ સાઈડમાં પુરઝડપે હંકારી લાવી વિપુલભાઈના બાઈક સાથે જોરદાર અથડાવી દીધી હતી. અકસ્માતમાં વિપુલભાઈ રોડ પર પટકાતાં મોઢા તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી અને પુષ્કળ લોહી વહી જવાથી તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. વડતાલ પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી ઘટનામાં, કપડવંજ તાલુકાના ભુંગળીયા ગામે રહેતા ગોવિંદભાઈ ગોકળભાઈ પરમાર (ઉં.વ.૪૦) ગત તા. ૩ નવેમ્બરના રોજ સાંજે પીલોલ ગામે ટ્રેક્ટરનું બુકિંગ લેવા પોતાની બાઈક લઈને ગયા હતા અને ત્યાંથી ઘેર પરત ફરી રહ્યા હતા.દરમિયાન ડાકોર-લાડવેલ રોડ પર ઠાસરાના દાજીપુરા ગામના પાટિયા નજીક કર્તવ્ય ફાર્મ આગળથી પસાર થતી વખતે કોઈ અજાણ્યા વાહને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી તેમની બાઈકને ટક્કર મારી દીધી હતી અને વાહનચાલક ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા ગોવિંદભાઈને પ્રથમ ડાકોર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે નડિયાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઠાસરા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ત્રીજી ઘટના અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ પર કઠલાલના ખલાલ ગામની સીમમાં આવેલ ગાડવેલ પૂલ પર બની હતી. દસક્રોઈ તાલુકાના વડોદ ગામના ખોડી વિસ્તારમાં રહેતા રાવજીભાઈ આતજી સોઢા (ઉં.વ. ૫૦) ગત તા. ૬ નવેમ્બરના રોજ બપોરના સમયે ચાલતા પોતાના સગાના ઘરે જઈ રહ્યા હતા.તે સમયે કઠલાલ તરફથી પૂરઝડપે આવતા કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી અને ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં રાવજીભાઈને અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. આ અંગે કઠલાલ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પવિત્ર ઉમરાહ યાત્રા કરાવવાની અનોખી ભેટ

પદ્મશ્રી હાજી રમકડુંનું સેલવાસના ઉદ્યોગપતિ હાજી યુનુસભાઈ ઘાંચી દ્વારા ભાવભર્યું સન્માન



(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૭

લોકસેવા, માનવતા અને કલાના ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરનાર પદ્મશ્રી હાજી રમકડુંનું સેલવાસના જાણીતા ઉદ્યોગપતિ અને સેવાભાવી વ્યક્તિત્વ હાજી યુનુસભાઈ ઘાંચી દ્વારા ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજી યુનુસભાઈ ઘાંચીએ માત્ર સન્માન પૂરતું જ સીમિત ન રહેતાં પદ્મશ્રી હાજી રમકડુંને મક્કા-મદીના શરીફની પવિત્ર ઉમરાહ યાત્રા કરાવવાની ભાવનાપૂર્ણ ભેટ આપવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ હાજી યુનુસભાઈ ઘાંચીની ઉદારતા, સેવાભાવના અને માનવીય અભિગમને બિરદાવ્યો હતો. સમાજમાં જ્યારે સન્માનની સાથે કોઈના જીવનમાં આધ્યાત્મિક ખુશી ઉમેરવાનો પ્રયાસ થાય છે, ત્યારે તે કાર્ય માત્ર પ્રસંગ નહીં પરંતુ યાદગાર માનવતાની મિસાલ બની જાય છે. આ તકે ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણી હારૂન ભાઈ માલવિયા તથા જૂનાગઢ જિલ્લાના સોરઠ યુવા મંડળના પ્રમુખ અલ્તાફ ભાઈ કુરેશી સાથે રહ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.

સુરત : હોલસેલમાં સસ્તા ભાવે માલની લાલચમાં રૂા. ૨.૭૦ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરતના મહીધરપુરાના પાંજનીગરવાડ વિસ્તારમાં રહેતા વેપારીને સસ્તા ભાવે હોલસેલમાં એસી અને વોશિંગ મશીન આપવાની લાલચ આપી રૂા.૨.૭૦ લાખની છેતરપિંડી કરવામાં આવી છે.

મહીધરપુરાના ખાંડા કુવા વિસ્તારમાં રહેતા મોહમદ અનસ ઈલ્યાસ મલેક સાથે વોટ્સએપ મારફતે સંપર્ક કરવામાં આવ્યો હતો. 'વ્હોલસેલ ડીલ' નામનું ગ્રુપ ચલાવતા ઓડિશાના ભુવનેશ્વરમાં રહેતા સુધીર કુમાર ત્રિપાઠીએ વેપારી તરીકેની ખોટી ઓળખ આપી હતી. તેણે એસી અને વોશિંગ મશીન સસ્તા ભાવે હોલસેલમાં વેચવાની લોભામણી ઓફર આપી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ ૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલી વાતચીત દરમિયાન આરોપીએ હિન્દુસ્તાન ઈલેક્ટ્રોનિક્સના નામે જીએસટી નંબર ધરાવતું ખોટું બિલ બનાવી વોટ્સએપ પર મોકલ્યું હતું. જેના આધારે વેપારીને વિશ્વાસમાં લઈ બેંકની વિગતો મોકલવામાં આવી હતી. વેપારીએ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બેંક ઓફ બરોડાના ખાતામાં આરટીજીએસ મારફતે રૂા.૨.૭૦ લાખ એડવાન્સ પેટે ટ્રાન્સફર કર્યા હતા. જો કે, નાણાં મળ્યા બાદ આરોપીએ માલ મોકલ્યો નહોતો અને વેપારી સાથે છેતરપિંડી કરી હતી. અંતે મોહમદ અનસ મલેકે ૬ નવેમ્બરના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાસણ મેંદરડા રોડ પર ટ્રકચાલકે બાઈકને અડફેટે લેતાં ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૭

સાસણ મેંદરડા રોડ પર ટ્રકચાલકે મોટર સાયકલને અડફેટે લેતાં મોટર સાયકલચાલકનું મોત નિપજ્યાનો બનાવ સાસણ પોલીસ મથકે નોંધાયો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર સાસણ પોલીસ મથકે દિપકભાઈ ભિમાભાઈ ડાકીએ ટ્રક નં.જીજે-૦૩-બીડબ્લ્યુ-૫૧૦૫ના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ટ્રક નં.જીજે-૦૩-બીડબ્લ્યુ-૫૧૦૫ના ચાલક પોતાના હવાલાનો ટ્રક પુરઝડપે બેફીકરાથી ચલાવી ફરિયાદીના દિકરાની મોટર સાયકલને અડફેટે લઈ ફરિયાદીના દિકરા દિવ્યેશભાઈને ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરના કોમ્પ્લેક્સની બે દુકાનમાં આગ લાગતા અફરા-તફરી

એ.એસ. વેજિટેબલથી બાજુની સાહિલ એન્ટરપ્રાઈઝ સુધી આગ ફેલાઈ



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

હિંમતનગરમાં પાણપુર પાટિયા નજીક આવેલા ઝેડ ક્રાઉન કોમ્પ્લેક્સની બે દુકાનોમાં આગ લાગી. એ.એસ. વેજીટેબલમાં લાગેલી આગ બાજુની સાહિલ એન્ટરપ્રાઈઝ સુધી ફેલાઈ હતી.

આગ લાગ્યા બાદ વેપારીઓ અને આસપાસના લોકો દુકાનોની બહાર દોડી આવ્યા હતા. આગની જાણ થતાં ગ્રામ્ય પોલીસ અને ફાયર વિભાગની ટીમ સ્થળે પહોંચી હતી.

ફાયર વિભાગના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો. ટીમ સમયસર પહોંચતા આગ અન્ય દુકાનો સુધી ફેલાઈ નહોતી. પ્રાથમિક અનુમાન મુજબ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોઈ શકે છે. બંને દુકાનોમાં કેટલું નુકસાન થયું તેની વિગતો તપાસ બાદ સામે આવશે.

હિંમતનગર પાલિકા દ્વારા કર્મચારીઓને વિશેષ ઉપહાર અને મીઠાઈ અપાઈ



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

હિંમતનગર નગરપાલિકા દ્વારા દિવાળીના પર્વ નિમિત્તે સેવાભાવી અભિગમ સાથે નગરપાલિકાના વર્ગ-૪ના તમામ કર્મચારીઓ પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવાના હેતુથી વિશેષ ઉપહાર તથા મીઠાઈ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ઝાલા, ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી, નગરપાલિકાના પ્રમુખ અરૂણાબેન કડીયા, ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ તથા સૌ સદસ્યઓના હસ્તે તમામ કર્મચારીઓને દિવાળીની ભેટ અને મીઠાઈ અર્પણ કરવામાં આવી હતી.

નગરની સ્વચ્છતા, સુવ્યવસ્થા અને નાગરિકોની સુવિધા માટે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓના અમૂલ્ય યોગદાનને બિરદાવતાં સૌએ તેમને દિવાળીના પર્વની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ કર્મચારીઓ પ્રત્યે સન્માન, આત્મીયતા અને પરિવારભાવની લાગણી વ્યક્ત કરતું એક સુંદર ઉદાહરણ બન્યો હતો.

દુષ્કર્મના કેસમાં લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈના દાંતમાં દુખાવો ઉપડતા સિવિલમાં પરીક્ષણ કરાયું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

દુષ્કર્મના ચકચારી કેસમાં સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા નારાયણ સાંઈની તબિયત અચાનક લથડતાં તેને તાકીદે સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. નારાયણ સાંઈને દાંતમાં દુખાવો ઉપડતાં જેલ પ્રશાસન દ્વારા તબીબી તપાસ માટે બહાર લાવવાનો નિર્ણય લેવાયો હતો. કેદી તરીકે બંધ નારાયણ સાંઈને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં જ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી સમગ્ર પરિસરમાં પોલીસ જાપ્તો ગોઠવી દેવાયો હતો.

સુરક્ષાના ભાગરૂપે લાજપોર જેલના પોલીસ કાફલા તેમજ સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે નારાયણ સાંઈને સીધો ડેન્ટલ વિભાગમાં લઈ જવામાં આવ્યો હતો. પોલીસ કાફલો અને અધિકારીઓની હાજરીને પગલે થોડા સમય માટે હોસ્પિટલ કેમ્પસમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જરૂરી તબીબી સારવાર પૂર્ણ થયા બાદ તેને ફરી કડક જાપ્તા હેઠળ લાજપોર જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરાઈ હતી. અગાઉ પણ તેને કમરનો દુખાવો તેમજ હાડકાના દુખાવાની સમસ્યા થઈ હતી. આ ઉપરાંત તે અવારનવાર દાંત તેમજ જડબાના દુખાવાની ફરિયાદ કરતો રહે છે. લાજપોર જેલની અંદર પ્રાથમિક સારવાર અપાયા બાદ પરિસ્થિતિ ગંભીર જણાતાં સમયાંતરે તેને સિવિલ હોસ્પિટલમાં સ્પેશિયાલિસ્ટ તબીબો પાસે લાવવો પડે છે.

સુરતની બે બહેનો સાથે થયેલા ચકચારી દુષ્કર્મ પ્રકરણમાં નારાયણ સાંઈ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સુરત સેશન્સ કોર્ટે લાંબી કાનૂની લડત બાદ પુરાવા અને સાક્ષીઓના આધારે તેને દોષિત ઠેરવી આજીવન કેદની સખત સજા ફટકારી હતી. નારાયણ સાંઈ છેલ્લા ૧૨ વર્ષથી લાજપોર જેલમાં સજા ભોગવી રહ્યો છે અને નિયમ મુજબ સમયાંતરે તેને મેડિકલ ચેકઅપ માટે હોસ્પિટલ લાવવામાં આવે છે.

૩૨ દિવસના આંદોલન બાદ સરકારના વચનનો અમલ કરવા માંગ

વ્યાયામ શિક્ષકની ભરતી SAT-2023ના પરિણામના આધારે જ કરવા માગણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. SAT (Sports Aptitude Test)-2023 પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોએ હવે આ પરીક્ષાના પરિણામના આધારે જ કાયમી ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરી છે. આ અંગે ખેલ સહાયક હિત સંગઠન દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. સંગઠને આગામી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ની બેઠકમાં ઉમેદવારોની માગણીઓ પર હકારાત્મક નિર્ણય લેવા અપીલ કરી છે.સંગઠન દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ, રાજયના હજારો ઉમેદવારોએ ભારે મહેનત કરીને SAT-2023ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. આ પરીક્ષા સરકારના નિયમો અને ધારાધોરણો મુજબ લેવામાં આવી હતી. પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો વ્યાયામ શિક્ષક તરીકે ગુજરાતમાં નોકરી મેળવવાની પાત્રતા ધરાવે છે. તેમ છતાં ભરતી પ્રક્રિયા આગળ ન વધતાં ઉમેદવારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.ઉમેદવારોના જણાવ્યા પ્રમાણે, ભૂતકાળમાં ભરતી અને પોતાના હિતના પ્રશ્ને ૩૨ દિવસ સુધી સતત આંદોલન કરવામાં આવ્યું હતું. તે સમયે સરકાર તરફથી ખાતરી આપવામાં આવી હતી કે, વ્યાયામ શિક્ષકોની ભરતી SAT-2023 પરીક્ષાનાં પરિણામના આધારે જ કરવામાં આવશે. સંગઠનનું કહેવું છે કે, હવે સરકાર આ ખાતરીનો અમલ કરે અને ભરતી પ્રક્રિયા શરૂ કરે. આ અંગે વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે SAT-2023ની પરીક્ષાને જ આધાર ગણવામાં આવે અને મેરીટ તૈયાર કરવા સહિતની તમામ પ્રક્રિયા, જેમ કે ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને શાળા પસંદગી, યોગ્ય અને પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવે. ઉમેદવારોના હિતમાં અગાઉ સરકાર દ્વારા આપવામાં આવેલી ખાતરીનો અમલ કરવામાં આવે તેવી માગણી કરાઈ છે. સંગઠનનું કહેવું છે કે, ઉમેદવારોએ પોતાની મહેનત અને સમય આ પરીક્ષા પાછળ ખર્ચ્યા છે. જો SAT-2023ના પરિણામને આધારે ભરતી કરવાનો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવે તો હજારો ઉમેદવારોને ન્યાય મળી શકે તેમ છે. સાથે જ રાજયની શાળાઓને લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકો મળી શકશે.

આથી સંગઠને સંબંધિત સમિતિના સભ્યોને ૨૮ જુલાઈ, ૨૦૨૬ની બેઠકમાં લેવાયેલ સકારાત્મક નિર્ણય મુજબ આ માગણીઓને ગંભીરતાથી ધ્યાને લઈને ઉમેદવારોના હિતમાં નિર્ણય લેવા વિનંતી કરી છે.

દિલદાર શેઠની અનોખી દિવાળી ભેટ

સુરતના કાપડના વેપારીએ બોનસમાં કર્મચારીઓને એક-એક લાખ રૂપિયા આપ્યા

● વેપારી થાળીમાં બંડલ લઈ આવ્યા, પત્નીએ કર્મીઓને આપ્યા, સ્ટાફ થયો ભાવુક ● સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

અમદાવાદ, તા.૭

દિવાળીના તહેવારો નજીક આવે એટલે સામાન્ય રીતે અનેક કંપનીઓ કર્મચારીઓને મીઠાઈનો ડબ્બો, કવરમાં થોડા રૂપિયા કે બેંક એકાઉન્ટમાં સીધા બોનસ જમા કરાવીને કર્મચારીઓને ખુશ કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સુરતના મોટા વરાછામાં કાપડનો વેપાર કરતા રામસ્વરૂપ મુંડે આ દિવાળી પણ જાણે આખી સિસ્ટમ બદલી નાખી. તેમણે પોતાના ૨૦ કર્મચારીઓને એવા અંદાજમાં બોનસ આપ્યું કે, જોઈને સૌકોઈની આંખો પહોળી થઈ ગઈ. કોઈ કાગળનું કવર નહીં, પરંતુ ચાંદી જેવી ચમકતી થાળીમાં ચલણી નોટોના અસલ બંડલો ખડકી પ્રત્યેક કર્મચારીને પત્નીના હાથોહાથ રૂા.૧ લાખથી વધુની રોકડ રકમ બોનસ પેટે આપી છે. આ રીતે સરપ્રાઈઝ બોનસ મળતા સ્ટાફ પણ ભાવુક થઈ ગયો. આ અંગેનો વીડિયો વાયરલ થતા સોશિયલ મીડિયામાં લોકોએ કમેન્ટ કરી હતી કે, આ નોકરી તો મારેય કરવી છે. જ્યારે આવી બોનસે કર્મચારીઓની દિવાળીની ખુશીઓ બમણી કરી દીધી છે.આ ગિફ્ટમાં સૌથી વધુ ધ્યાન ખેંચનારૂં હતું નોટોનું પ્રેઝન્ટેશન. વરાછાના સુદામા ચોકમાં મહાદેવ ક્લોથ સેન્ટરના વેપારીએ કોઈ એક જ નોટ પકડાવવાને બદલે થાળીમાં રૂા.૧૦, રૂા.૨૦, રૂા.૫૦, રૂા.૧૦૦, રૂા.૨૦૦ અને રૂા.૫૦૦ સુધીના દરેક દરની કડકડતી ચલણી

યુઝર્સે માંગ્યું દુકાનનું સરનામું

નોટોના આખા-આખા બંડલ વ્યવસ્થિત થપ્પીબંધ ગોઠવ્યા હતા. થાળીનું વજન અને તેમાં રૂપિયાના થોકડા જોઈને કર્મચારીઓ પણ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા હતા. હાથમાં આખી નોટોની થાળી આવતાં જ મહેનતુ કર્મચારીઓની આંખો ખુશીના આંસુથી છલકાઈ ગઈ હતી અને માહોલ અત્યંત ભાવુક બની ગયો હતો.આ અંગે વેપારીએ જણાવ્યું હતું કે, "આ લોકો માત્ર મારી દુકાને કામ કરતા નોકરિયાત નથી, પરંતુ મારો પરિવાર છે. આખું વર્ષ આ લોકોના પરસેવાથી મારો વેપાર ચાલે છે, તો પછી દિવાળીએ મારા પરિવારના ઘરે પૈસાની તંગી કેમ રહેવી જોઈએ ? હું ઈચ્છતો હતો કે દરેક કર્મચારીના ઘરમાં દિવાળીની ખરીદી રોકડા રૂપિયા ગણીને થાય અને તેમના ચહેરા પર સાચું સ્મિત આવે." આ ઉમદા વિચાર સાથે તેમણે કોઈ પણ ખચકાટ વિના લાખો રૂપિયા રોકડા વહાવી દીધા. આ અંગે દુકાનમાં કામ કરતા એક કર્મચારીએ જણાવ્યું હતું કે, તેમને ક્યારેય એવી કલ્પના પણ નહોતી કે આ પ્રકારે અણધાર્યું બોનસ મળશે. હાલના સમયે જ્યારે તેમને પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે નાણાંની જરૂરિયાત હતી, ત્યારે કંપની તરફથી મળેલી આ આર્થિક સહાય તેમના નવા મકાનની ખરીદીમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને આશીર્વાદરૂપ સાબિત થશે. થાળીમાં નોટોના બંડલ સજાવીને બોનસ આપતો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર સુનામીની જેમ વાયરલ થઈ રહ્યો છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર લોકો આ વીડિયોને ધડાધડ શેર કરી રહ્યા છે. નેટિઝન્સ કોમેન્ટ બોક્સમાં લખી રહ્યા છે કે, "શેઠ દિલદાર હોય તો આવા, બાકી બીજા તો મીઠાઈના પેકેટમાં પણ કાતર મારે છે!" ઘણા યૂઝર્સ તો મજાકમાં સુરતની આ દુકાનનું સરનામું માંગી રહ્યા છે જેથી આવતા વર્ષે ત્યાં જ નોકરીએ જોડાઈ શકાય. સુરતીઓની અસલ ખુમારી અને દિલેરીનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યું છે.

લ્યો બોલો ! ઘરકંકાસમાં નિવૃત્ત આર્મીમેનની હત્યા !

અમદાવાદમાં જમવા બાબતે ઝઘડો થતાં પત્નીએ પતિને છાતીમાં ચપ્પુ ભોંકી દીધું !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

આજના આ બદલાતા સમય અને ભાગદોડભર્યા આધુનિક યુગમાં એવી ઘટનાઓ સામે આવી રહી છે. જે સૌને ચોંકાવી દે છે ત્યારે અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા નરોડા સ્માર્ટ સિટી-૨ ખાતે ઘરકંકાસ અને સામાન્ય બોલાચાલીનો ઝઘડો હત્યામાં ફેરવાયો હતો. ઘરકંકાસ અને જમવા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા ઉશ્કેરાયેલી પત્નીએ ચપ્પુ વડે નિવૃત આર્મીમેન પતિની છાતીના ડાબા ભાગે ઘા ઝીંકી દેતા મોત નિપજ્યું હતું. આ અંગે નરોડા પોલીસે પત્ની સામે હત્યાનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો જોઈએ તો નિવૃત્ત આર્મીમેન અને હાલમાં GMDCમાં કોન્ટ્રાક્ટ બેઝમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા

આરોપી પત્નીની ધરપકડ

દિલીપભાઈ સોમાજી ખરાડી અમદાવાદની નરોડા સ્માર્ટ સિટી-૨માં પત્ની નિર્મલા સાથે રહેતા હતાં. દિલીપભાઈ પિતા સોમાજી રાજકોટમાં ASI તરીકે ફરજ બજાવતા હતા અને હાલમાં નિવૃત છે.દિલીપભાઈ અને પત્ની નિર્મલા વચ્ચે છેલ્લા એક વર્ષથી અવારનવાર કોઈને કોઈ બાબતે ઝઘડાઓ થતા હતા. ગુરૂવારે (૫ નવેમ્બર) રાત્રે પતિ-પત્ની વચ્ચે જમવા બાબતે ઝઘડો થયો હતો. આ વાતથી પત્નીએ ઉશ્કેરાઈને રસોડામાંથી ચપ્પુ લઈ આવીને પતિ દિલીપભાઈની છાતીના ડાબા ભાગે મારી દીધું હતું. ગંભીર ઈજાથી દિલીપભાઈનું મોત નિપજ્યું હતું.

આ અંગે નરોડા પોલીસે પત્ની નિર્મલા સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરીને વધુ તપાસ કરતા પતિ-પત્ની વચ્ચે જમવામાં આવી રસોઈ કેમ બનાવી ? કેમ આ બનાવ્યું ? તે બાબતે પણ અનેકવાર ઝઘડા થયા હતા. આટલું જ નહિ રૂપિયા બાબતે પણ ઘરકંકાસ થયો હોવાનું સામે આવ્યું હતું.

આ અંગે જી ડિવિઝન એસીપીએ વાત કરતાં જણાવ્યું કે, ગુરૂવારે રાત્રે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો તેમાં આવેશમાં આવીને પત્ની નિર્મલાએ રસોડામાંથી શાક સમારવાનું ચપ્પુ લાવીને પતિ પર હુમલો કર્યો હતો. તેમજ હુમલો કર્યા બાદ પત્ની જ તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગઈ હતી. પરંતુ પતિનું મોત થઈ ગયું હતું. ત્યારે છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે ઘરકંકાસ ચાલતો હતો. ગુરૂવારે પણ જમવા બેઠા ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો હતો. હાલમાં પત્નીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

કોચી જંતર-મંતરમાં ફેરવાયું : અભિનેતા પ્રકાશ રાજ અને દીપકેએ SIR અને જ્ઞાનેશ વિરોધી રેલી યોજી

કેરળના કોચીમાં CJPના SIR વિરોધી વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ અભિનેતા પ્રકાશ રાજે કર્યું હતું, પ્રકાશ રાજ અને અભિજીત દીપકે સહિતના પ્રદર્શનકારીઓએ જ્ઞાનેશ કુમારના રાજીનામા અને SIR પાછી ખેંચવાની માગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા

(એજન્સી) તા.૭

દેશભરમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામેના વિરોધ પ્રદર્શનો મોટા પાયે વધી રહ્યા છે. દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી નકારવામાં આવ્યા બાદ અને CJP નેતાઓની ધરપકડ બાદ, કોકરોચ જનતા પાર્ટી (CJP) એ કેરળના કોચીમાં એક મોટો વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. અભિનેતા અને સામાજિક કાર્યકર પ્રકાશ રાજે શનિવાર, ૭ નવેમ્બરના રોજ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ, રેલીમાં મોટી ભીડ જોવા મળી હતી. પ્રદર્શનોની મુખ્ય માંગણીઓમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પાછી ખેંચવા અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારનું રાજીનામું શામેલ હતું. 'કોચી ખાતે જંતર મંતર' નામનો આ વિરોધ દિલ્હીથી અન્ય રાજ્યોમાં પોતાના આંદોલનને વિસ્તૃત કરવાનો CJPનો પ્રયાસ છે. CJP દ્વારા આયોજિત વિરોધ કૂચ શનિવારે કોચીના મરીન ડ્રાઈવથી શરૂ થઈ હતી. અભિનેતા પ્રકાશ રાજે કૂચનું નેતૃત્વ કર્યું હતું. રાષ્ટ્રધ્વજ પકડીને પ્રદર્શનકારીઓએ ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. રેલી રાજેન્દ્ર મેદાન ખાતે સમાપ્ત થઈ હતી, જ્યાં CJPના સ્થાપક અભિજીત દીપકે સભાને સંબોધિત કરી હતી. ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (DYFI) ના પ્રમુખ ચિંતા જેરોમ પણ વિરોધમાં જોડાયા હતા, જે યુવા સંગઠનોના સમર્થનનો સંકેત આપે છે. પોલીસે કૂચના માર્ગ પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરી હતી. ટ્રાફિકનું સંચાલન કરવા અને રસ્તા પર થતી અવરોધોને રોકવા માટે પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. CJPના સ્થાપક અભિજીત દીપક શનિવારે સવારે વિરોધમાં જોડાવા માટે કોચીન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા. પત્રકારો સાથે વાત કરતા તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પોતાનો હુમલો ચાલુ રાખ્યો. દીપકે આરોપ લગાવ્યો કે વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનરના નેતૃત્વ હેઠળ યોજાતી ચૂંટણીઓ પર વિશ્વાસ કરી શકાય નહીં. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી પ્રક્રિયાનો ઉપયોગ રાજકીય પક્ષને ફાયદો પહોંચાડવા માટે થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી વ્યવસ્થા સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ



CJPનું આંદોલન ચાલુ રહેશે. દીપકના મતે, દેશમાં લોકશાહી વ્યવસ્થાની વિશ્વસનીયતા જાળવવા માટે સ્વતંત્ર ચૂંટણી વ્યવસ્થા જરૂરી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે ચૂંટણીમાં ગેરરીતિઓના અસંખ્ય કિસ્સાઓ નોંધાયા છે. જોકે, આ દીપક અને CJP દ્વારા રાજકીય આરોપો છે અને તેને ચૂંટણી પ્રક્રિયામાં ગોટાળા સાબિત કરતા ન્યાયિક નિષ્કર્ષ તરીકે જોવું જોઈએ નહીં. અભિજીત દીપકે કોચીમાં મોટી સંખ્યામાં યુવા સમર્થનની આશા વ્યક્ત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે કેરળમાં સૌથી વધુ નોંધાયેલા CJP સભ્યો છે. તેમણે જણાવ્યું હતું કે લોકશાહી અને મતદાન અધિકારોનું રક્ષણ કરવા માટે કેરળના યુવાનો મોટી સંખ્યામાં બહાર આવશે. વિરોધ પ્રદર્શનના આયોજકોએ અગાઉ રાજકીય પક્ષો, ટ્રેડ યુનિયનો, સાંસ્કૃતિક સંગઠનો, વિદ્યાર્થી સંગઠનો, મહિલા સંગઠનો અને યુવા સંગઠનો પાસેથી સમર્થન માંગ્યું હતું.

'દેશભરમાં ગમે ત્યાં મારી ધરપકડ કરો' : ત્રિરંગો ફરકાવતા રહેવાનો દીપકેનો સંકલ્પ; મોદીના શાસનને બ્રિટિશ શાસન સાથે સરખાવ્યું

કોચીમાં 'એસઆઈઆર' વિરુદ્ધ પક્ષના વિરોધ પ્રદર્શનમાં બોલતા અભિજીત દીપકેએ ભાજપ પર આરોપ લગાવ્યો કે તેઓ લોકો શું ખાય છે, કોને પ્રેમ કરે છે અને કોને મત આપે છે, તેના પર નિયંત્રણ રાખવા માંગે છે

(એજન્સી) તા.૭

કોચીમાં, 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ 'જંતર-મંતર એટ કોચી' વિરોધ પ્રદર્શન દરમિયાન ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું. આ પ્રદર્શનમાં મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયાને તાત્કાલિક પાછી ખેંચવાની માંગ કરવામાં આવી હતી. 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ શનિવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના પોતાના અભિયાનને સમગ્ર દેશમાં લઈ જવાનો સંકલ્પ કર્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા સામેના વિરોધ પ્રદર્શનોમાં રાષ્ટ્રધ્વજ (ત્રિરંગો) સાથે રાખતા તેમને કોઈ ધરપકડ રોકી શકશે નહીં. કોચીમાં એક વિરોધ સભાને સંબોધતા દીપકેએ નરેન્દ્ર મોદી સરકાર પર આરોપ લગાવ્યો કે તેઓ લોકોની ખાણીપીણીની પસંદગી, અંગત સંબંધો અને મતદાનના અધિકારો પર નિયંત્રણ રાખવા માંગે છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે 'SIR' પ્રક્રિયાનો ઉપયોગ ચૂંટણીના પરિણામોને પ્રભાવિત કરવા માટે કરવામાં આવી રહ્યો છે. પક્ષના 'જંતર-મંતર એટ કોચી' અભિયાન હેઠળ યોજાયેલું આ વિરોધ પ્રદર્શન મરીન ડ્રાઈવથી શરૂ થઈને રાજેન્દ્ર મેદાન ખાતે સંપન્ન થયું હતું. આયોજકોના જણાવ્યા અનુસાર, રેલીમાં લગભગ ૫૦૦ કાર્યકરોએ ભાગ લીધો હતો. અભિનેતા પ્રકાશ રાજે આ કૂચનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે 'ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (DYFI)ના રાજ્ય પ્રમુખ ચિન્થા જેરોમ પણ આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. દીપકેનું આ નિવેદન દિલ્હીમાં તેમની અટકાયતના સંદર્ભમાં આવ્યું છે. ત્યાં, રાષ્ટ્રધ્વજ સાથે જંતર-મંતરમાં પ્રવેશવાના કથિત આરોપસર, તેમની સાથે CJPના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની પણ અટકાયત કરવામાં આવી હતી.

કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ એક મુલાકાતમાં બાબરી મસ્જિદ ધ્વંસ 'ટેલિવિઝન પર' જોઈને રડ્યા હતા તે યાદ કર્યું

બાબરી મસ્જિદ ધ્વંસની ટિપ્પણી પર ભાજપે સોનિયા ગાંધી પર નિશાન સાધ્યું, કહ્યું બાબર કોંગ્રેસના હૃદયમાં રહે છે

(એજન્સી) તા.૭

ભાજપે શનિવારે કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીની ટીકા કરી હતી કે ૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદ ધ્વંસ જોતી વખતે તેઓ રડી પડ્યા હતા, અને દાવો કર્યો હતો કે તેમના નિવેદનથી જાણવા મળ્યું છે કે બાબર કોંગ્રેસના હૃદયમાં હતા અને હજુ પણ છે. પાર્ટીએ ગાંધીના દાવા પર પણ સવાલ ઉઠાવ્યા કે તેમણે ટેલિવિઝન પર મસ્જિદ ધ્વંસ જોયો હતો. તેમના સંસ્મરણો, 'બિલોંગિંગઃ અ જર્ની ઓફ લવ'ના વિમોચન પહેલાં ધ ગાર્ડિયન સાથેની એક મુલાકાતમાં, ગાંધીએ 'ટેલિવિઝન પર' મસ્જિદ ધ્વંસ જોતી વખતે રડ્યા હતા તે યાદ કર્યું. બ્રિટીશ દૈનિક અનુસાર, ગાંધીએ કહ્યું કે તે સમયે તેઓ જાણતા હતા કે તેઓ 'ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર માટે લાંબી લડાઈનો સામનો કરી રહ્યા છે જેનું નિર્માણ મહાત્મા ગાંધી, નેહરૂ અને તેમના સાથીદારોએ કરવાનો પ્રયાસ કર્યો હતો.' પૂર્વ કોંગ્રેસ પ્રમુખે સ્વીકાર્યું કે તેમના પક્ષની નિષ્ફળતાઓએ ભાજપ અને તેના કટ્ટરપંથી હિન્દુત્વ રાજકારણના ઉદયમાં ફાળો આપ્યો હતો. 'મને લાગે છે કે આપણે ઘણી રીતે ખૂબ જ આત્મસંતુષ્ટ રહ્યા છીએ. એક પ્રકારનું અયોગ્ય વલણ હતું,' તેણીએ કહ્યું હતું. ગાંધીની ટિપ્પણી પર તીવ્ર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'આ દર્શાવે છે કે બાબર તે સમયે કોંગ્રેસ પાર્ટીના હૃદયમાં હતા અને તે આજે પણ તેના હૃદયમાં છે.' ત્રિવેદીએ કહ્યું કે ગાંધીની ટિપ્પણીનો અર્થ એ છે કે કોંગ્રેસ હવે મહાત્મા ગાંધીના 'રામ રાજ્ય'થી દૂર જઈને 'બાબર રાજ'સુધી પોતાનો અવકાશ સંકુચિત કરી દીધો છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે ગાંધીની ટિપ્પણીઓ સ્પષ્ટ કરે છે કે કોંગ્રેસ બે ચહેરાઓ ધરાવતી પાર્ટી છે અને તે ફક્ત મુસ્લિમ સમુદાય સાથે ઉભી નથી પરંતુ 'મુસ્લિમોમાં કટ્ટરપંથી તત્વો સાથે જોડાયેલી છે.' ભાજપના રાજ્યસભા સાંસદે કહ્યું, 'સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ ૧૯૮૯માં અયોધ્યાથી ભગવાન રામનું નામ લઈને પોતાના ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. આજે, સોનિયા ગાંધી બાબરીનો ઉલ્લેખ કરીને, ગાઝા અંગે દુઃખ વ્યક્ત કરીને અને બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં આરોપી ઠેરવવામાં આવેલા લોકો માટે આંસુ વહાવીને કોંગ્રેસની વાસ્તવિક માનસિકતાને ઉજાગર કરી રહ્યા છે.' ત્રિવેદીએ કહ્યું, 'સોનિયા ગાંધી, તમારા પરિવારની ત્રણ પેઢીઓએ કોઈ આમંત્રણ વિના બાબરના મકબરાની મુલાકાત લીધી છે અને ત્યાં 'સિજદા' (નમન) કર્યા છે. ૧૯૫૯માં જવાહરલાલ નેહરૂ, ૧૯૬૮માં ઈન્દિરા ગાંધી અને ૨૦૦૫માં રાહુલ ગાંધીએ મનમોહન સિંહ સાથે મળીને આ મકબરાની મુલાકાત લીધી હતી.' તેમણે ઉમેર્યું, 'તમારા હૃદયમાં જે વાસ્તવિક ભાવના હતી, તે હવે સામે આવી ગઈ છે.' ભાજપના નેતાએ ગાંધીના એ દાવા પર પણ સવાલો ઉઠાવ્યા કે તેમણે ટેલિવિઝન પર 'બાબરી માળખા'ને તોડી પાડવાની ઘટના જોઈ હતી. ત્રિવેદીએ કહ્યું, 'મને યાદ છે કે તે દિવસે બીબીસી વર્લ્ડ સર્વિસ આ સમાચારનું કવરેજ કરી રહી હતી. હું પૂછવા માંગુ છું કે જ્યારે તમે બીબીસી વર્લ્ડ સર્વિસ પર આ જોયું, ત્યારે તમે ક્યાં હતા ? તે પછીના દિવસોમાં તેમણે વીડિયો ફૂટેજ અને તસવીરો પણ પ્રસારિત કરી હતી.' ત્રિવેદીએ પૂછ્યું, '૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ તમે કઈ ભારતીય ટેલિવિઝન ચેનલ જોઈ રહ્યા હતા, જેને જોઈને તમારી આંખોમાં આંસુ આવી ગયા ? તે દિવસે સવારે ૧૧ઃ૩૦ વાગ્યે 'કાર સેવકો' તે સ્થળ પર પહોંચ્યા હતા અને સાંજે ૫ વાગ્યા સુધીમાં જ્યારે એ સમાચાર આવ્યા કે માળખું સંપૂર્ણપણે તોડી પાડવામાં આવ્યું છે, ત્યારે (ઉત્તર પ્રદેશમાં) કલ્યાણ સિંહની સરકારે રાજીનામું આપી દીધું હતું.' તેમણે કહ્યું, 'તે રાત્રે ૮ઃ૪૫ વાગ્યે, તત્કાલીન વડાપ્રધાન નરસિંહ રાવે દૂરદર્શનના સમાચાર પ્રસારણને વચ્ચે અટકાવીને શુદ્ધ ઉર્દૂમાં જાહેરાત કરી હતી કે તેમની સરકારે ઉત્તર પ્રદેશના વહીવટીતંત્રને બરખાસ્ત કરી દીધું છે.' તેમણે ગાંધીને પૂછ્યું કે તેઓ સ્પષ્ટ કરે કે તેમણે ટેલિવિઝન પર આ ઘટના કયા 'સમયે અને કયા પ્રસંગે' જોઈ હતી.

'PR કવાયત, ઈટાલિયન બનાવટના ચશ્મા' : ઈન્દિરા ગાંધી અને પીએમ મોદી સરકાર અંગેની ટિપ્પણીઓ બદલ ભાજપે સોનિયા ગાંધી પર નિશાન સાધ્યું

સોનિયા ગાંધીના સંસ્મરણો 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ'ના ૧૦ નવેમ્બરે વૈશ્વિક સ્તરે પ્રકાશન પહેલાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ છેડાયું છે

(એજન્સી) તા.૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ શનિવારે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની ટીકા કરી છે. આ ટીકા તેમણે ૧૯૭૫માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી કટોકટી (ઈમરજન્સી) અને ભાજપની ટીકા અંગે કરેલા નિવેદનોના સંદર્ભમાં કરવામાં આવી છે. 'X' (ટ્વિટર) પર એક પોસ્ટમાં ભંડારીએ કહ્યું કે, સોનિયા ગાંધીના નિવેદનો આ હકીકતને બદલી શકતા નથી કે ઈન્દિરા ગાંધીએ જ કટોકટી લાદી હતી. તેમણે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો બાદ તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી દ્વારા કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીનો પણ ઉલ્લેખ કર્યો. ભંડારીએ લખ્યું, 'સોનિયા ગાંધી કટોકટીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે ! તેઓ ઈન્દિરા ગાંધીને પીડિત તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તેમની આ 'PR કવાયત' (છબી સુધારવાની કોશિશ) સત્યને છુપાવી શકતી નથી : ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી હતી, અને રાજીવ ગાંધીએ તેમના પ્રખ્યાત નિવેદન - 'એક મોટું ઝાડ પડે છે ત્યારે ધરતી ધ્રૂજે છે' — દ્વારા તે વારસાને આગળ વધાર્યો હતો, જે ૧૯૮૪માં શીખોના નરસંહારને યોગ્ય ઠેરવતું હતું ! દેશે ગાંધી-વાડ્રા પરિવારને માફ કર્યો નથી, અને દેશ ક્યારેય માફ પણ નહીં કરે !' સોનિયા ગાંધીએ 'ધ હિન્દુ'ના એન. રામ સાથેની એક મુલાકાતમાં કટોકટી વિશે વાત કરી હતી. આ દરમિયાન તેમણે તે સમયગાળા દરમિયાન થયેલા અત્યાચારો માટે માત્ર સંજય ગાંધીને જ જવાબદાર ગણવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધીના ઘણા વરિષ્ઠ સહયોગીઓએ પણ તત્કાલીન વડાપ્રધાન પર દબાણ લાવ્યું હતું. તેમણે અખબારને કહ્યું, 'તે માત્ર સંજય નહોતા, જોકે જનમાનસમાં તેમને ઘણીવાર કટોકટીના પર્યાય તરીકે જોવામાં આવે છે. તેમના કેટલાક વરિષ્ઠ સહયોગીઓ તરફથી ઘણું દબાણ હતું અને મને લાગે છે કે તેમની આસપાસ રાજીવ જેવા બહુ ઓછા લોકો હતા જેમનો દ્રષ્ટિકોણ અલગ હતો.' સોનિયાએ ઉમેર્યું કે રાજીવ ગાંધી તેમને મળેલી ફરિયાદો અને પ્રતિભાવો પોતાની માતા સુધી પહોંચાડતા હતા. તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધીએ આખરે પરિસ્થિતિને સમજી લીધી અને તેને સુધારવા માટે પગલાં લીધાં. તેમણે કહ્યું, 'મને લાગે છે કે આખરે મારા સાસુએ પોતાની સમજદારીથી પરિસ્થિતિને સમજવાનું શરૂ કર્યું અને તેને સુધારવા માટે જરૂરી પગલાં લીધાં.' ભાજપના સાંસદ તરૂણ ચુઘે ભાજપ સરકાર અને ભારતની સંસ્થાઓ તથા લોકશાહી પર તેની અસર અંગે સોનિયા ગાંધીએ કરેલી ટિપ્પણીઓનો વળતો જવાબ આપ્યો છે. વિસ્તૃત પ્રતિક્રિયા આપતા ચુઘે કહ્યું કે ભારતની સંસ્કૃતિ અને સનાતન પરંપરાઓ સદીઓ સુધી થયેલા આક્રમણો અને સંસ્થાનવાદી શાસન સામે ટકી રહી છે અને ભવિષ્યમાં પણ ટકી રહેશે. તેમણે શ્રી રામ જન્મભૂમિ પર રામ મંદિરના નિર્માણનો પણ ઉલ્લેખ કર્યો અને આરોપ લગાવ્યો કે ગાંધી પરિવારની ત્રણ પેઢીઓએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે સોનિયા ગાંધીના ઈટાલિયન મૂળ પર પણ કટાક્ષ કર્યો અને કહ્યું કે જો તેઓ તેમના 'ઈટાલિયન બનાવટના ચશ્મા' ઉતારી નાખે, તો તેમને સરકારના 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ' સૂત્ર હેઠળ આગળ વધતું ભારત દેખાશે. તેમણે ૭.૮% ના વિકાસ દરનો ઉલ્લેખ કર્યો અને ભારતને એક ઉભરતી વૈશ્વિક શક્તિ તરીકે વર્ણવ્યું. ચુઘે ભારતીય સૈનિકોના મૃત્યુ અંગે સોનિયા ગાંધીની પ્રતિક્રિયા પર પણ સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે તેમણે સૈનિકોની શહાદત પર કોઈ સંવેદના વ્યક્ત કરી નથી. 'ધ હિન્દુ' સાથેની મુલાકાતમાં સોનિયા ગાંધીએ કહ્યું કે છેલ્લા ૧૨ વર્ષોમાં દેશની સંસ્થાઓ અને લોકશાહી માળખાને ઘણું નુકસાન થયું છે. તેમણે કહ્યું કે તેને પુનઃસ્થાપિત કરવા માટે સમય અને રાજકીય પક્ષોના સતત પ્રયાસોની જરૂર પડશે. ''છેલ્લાં બાર વર્ષોમાં આપણા દેશના માળખા, આપણા લોકતંત્ર અને આપણી સંસ્થાઓને ભારે નુકસાન પહોંચ્યું છે. આ સરકાર સત્તા પરથી હટી જાય તો પણ, આપણી વ્યવસ્થાઓને ફરીથી સુધારવા માટે સમય લાગશે અને રાજકીય પક્ષોએ ખૂબ જ પ્રયત્નો કરવા પડશે. લોકો હવે અસ્વસ્થ થવા લાગ્યા છે અને થયેલા નુકસાનને પારખી રહ્યા છે. પરંતુ હું આશાવાદી છું અને મને ખાતરી છે કે ભારતના લોકો યોગ્ય શાસન વ્યવસ્થાની પુનઃસ્થાપનાને આવકારશે,'' તેમ તેમણે અખબારને જણાવ્યું. તેમની આ ટિપ્પણી એક પ્રશ્નના જવાબમાં આવી હતી, જેમાં પૂછવામાં આવ્યું હતું કે જો ભાજપ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી હારી જાય, તો શું રાજકારણ ફરીથી નીતિઓ અને કાર્યક્રમો આધારિત સ્પર્ધામાં પરિવર્તિત થશે ?

'લોકશાહી અધિકારો પર કાપ મૂકવામાં આવ્યો હતો'; જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું કટોકટી (ઈમરજન્સી)ના સમયગાળાને લોકશાહી વિરોધી અને સરમુખત્યારશાહી પ્રકરણ તરીકે ગણવો જોઈએ, ત્યારે સોનિયા ગાંધીએ સ્વીકાર્યું કે લોકશાહી અધિકારો મર્યાદિત કરવામાં આવ્યા હતા. ''કટોકટી પછી જ મને ખ્યાલ આવ્યો કે જે કંઈ બની રહ્યું હતું તેની ગંભીરતા કેટલી હતી. હા, લોકશાહી અધિકારો પર કાપ મૂકવામાં આવ્યો હતો અને 'હેબિયસ કોર્પસ' (વ્યક્તિગત સ્વતંત્રતા સંબંધિત કાયદાકીય જોગવાઈ)ને સ્થગિત કરવામાં આવી હતી, પરંતુ આ બધું બંધારણીય રીતે કરવામાં આવ્યું હતું,'' તેમ તેમણે 'ધ હિન્દુ' અખબારને કહ્યું. તેમણે ઈન્દિરા ગાંધીના દ્રષ્ટિકોણથી કટોકટી તરફ દોરી જતી પરિસ્થિતિઓનું વર્ણન પણ કર્યું; જેમાં હિંસક વિરોધ પ્રદર્શનો, સરકારી કચેરીઓ અને જાહેર પરિવહનના સાધનોને સળગાવી દેવા, વ્યાપક અને સંગઠિત અશાંતિ તેમજ... ...અમલદારશાહી અને સશસ્ત્ર દળોને આદેશોનું પાલન ન કરવા માટે (પ્રેરિત કર્યા). સોનિયાએ કહ્યું કે, બાદમાં ઈન્દિરા ગાંધીએ તે સમયગાળા દરમિયાન થયેલા અત્યાચારો કે અતિરેક બદલ જાહેરમાં ખેદ વ્યક્ત કર્યો હતો. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે, ઈન્દિરા ગાંધીએ પોતે જ માર્ચ ૧૯૭૭માં ચૂંટણી યોજવાનો નિર્ણય લીધો હતો, જેનાથી આ મુદ્દાનો ઉકેલ લોકશાહી માર્ગે લાવી શકાયો. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ કટોકટી (ઈમરજન્સી)ની ઔપચારિક ઘોષણા એ ભારતના બંધારણીય ઈતિહાસની એક મહત્વપૂર્ણ ઘટના હતી.

પ્રિયાંકે ઈથેનોલ મિશ્રણ અંગે કેન્દ્ર સરકાર પર લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો; ટ્રસ્ટ સંબંધિત આક્ષેપો મામલે ભાજપ અને જેડી(એસ)ને પડકાર્યા

ખડગેએ દાવો કર્યો કે NABL (નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ) દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓના અહેવાલોમાં કેટલાક નમૂનાઓમાં ૩૫-૪૦% ઈથેનોલનું પ્રમાણ મળી આવ્યું છે, જે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત મર્યાદા કરતાં વધુ છે

(એજન્સી) બેંગલુરૂ, તા.૭

આઈટી (IT) અને બીટી (BT) મંત્રી તથા ગૃહમંત્રી પ્રિયંક ખડગેએ શનિવારે કેન્દ્ર સરકાર પર પેટ્રોલ સાથે ઈથેનોલ મિશ્રણ કરવાના મુદ્દે લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. તેમણે આક્ષેપ કર્યો કે આ નીતિનો ઉદ્દેશ્ય જનહિત સાધવાનો નહીં, પરંતુ કેન્દ્રીય મંત્રીઓ સાથે સંકળાયેલી કંપનીઓને લાભ પહોંચાડવાનો છે. તેમણે ભાજપ અને જેડી(એસ)ને 'સિદ્ધાર્થ વિહાર ટ્રસ્ટ' વિરૂદ્ધના આક્ષેપો સાબિત કરવા માટે પુરાવા રજૂ કરવા પડકાર આપ્યો અને કહ્યું કે તેઓ પોતાના પરિવારના નાણાકીય દસ્તાવેજો જાહેર કરવા માટે તૈયાર છે. પત્રકારો સાથે વાત કરતા ખડગેએ દાવો કર્યો કે 'નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ' (NABL) દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓના અહેવાલોમાં કેટલાક નમૂનાઓમાં ૩૫-૪૦% ઈથેનોલનું પ્રમાણ જોવા મળ્યું છે, જે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત મર્યાદા કરતાં વધારે છે. તેમણે પૂછ્યું, ''ભારત સરકાર લોકો સાથે સરેઆમ જૂઠ બોલી રહી છે. તમે ૧.૩ અબજ લોકો પર પ્રયોગ કરી રહ્યા છો ? આ કેવી રીતે ચાલે ?'' સુપ્રીમ કોર્ટ સમક્ષ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, સોલિસિટર જનરલે ઈથેનોલ મિશ્રણને એક 'પ્રયોગ' ગણાવ્યું હતું અને સંકેત આપ્યો હતો કે તેનો હેતુ સમગ્ર દેશમાં તેને લાગુ કરવાનો નથી. ખડગેએ આક્ષેપ કર્યો કે આ નીતિનો ઉદ્દેશ્ય કેન્દ્રીય મંત્રીઓ સાથે જોડાયેલી કંપનીઓને નફો કમાવવામાં મદદ કરવાનો છે. તેમણે ભાજપ પર રાજકીય લાભ મેળવવા માટે બંધારણીય સંસ્થાઓ સાથે સમાધાન કરવાનો (તેમને નબળી પાડવાનો) આરોપ પણ લગાવ્યો. કેન્દ્રીય મંત્રી એચ.ડી. કુમારસ્વામીએ એવો આક્ષેપ કર્યો હતો કે પ્રિયંક ખડગે 'સિદ્ધાર્થ વિહાર ટ્રસ્ટ'ના નામે રિયલ એસ્ટેટનો વ્યવસાય કરી રહ્યા છે. આ આક્ષેપના જવાબમાં ખડગેએ ભાજપ અને જેડી(એસ)ના નેતૃત્વને પડકાર ફેંક્યો કે તેઓ આ અંગેના દસ્તાવેજી પુરાવા રજૂ કરે. ''તેમનો સામનો કરવા માટે હું એકલો જ કાફી છું. હું મારા દસ્તાવેજો લાવીશ અને તેમણે તેમના દસ્તાવેજો લાવવા જોઈએ. પછી ભલે તે સિદ્ધાર્થ વિહાર ટ્રસ્ટ હોય, વ્યક્તિગત ખાતાઓ હોય કે બેંક વિગતો હોય - હું બધું જ રજૂ કરવા તૈયાર છું. હું મારા પરિવારના તમામ દસ્તાવેજો પણ સાથે લાવીશ,'' તેમણે કહ્યું. તેમણે ભાજપ અને જેડી(એસ)ના નેતાઓને - જેમાં તેમના ધારાસભ્યો (MLAs), વિધાન પરિષદના સભ્યો (MLCs) અને સાંસદો (MPs)નો પણ સમાવેશ થાય છે - પડકાર ફેંક્યો કે તેઓ પોતપોતાના દસ્તાવેજોની ખુલ્લી તપાસ માટે સ્થળ નક્કી કરે. ''આ પ્રકારની 'હિટ-એન્ડ-રન' (આક્ષેપો કરીને ભાગી જવાની) રાજનીતિ નહીં ચાલે,'' એમ કહેતા તેમણે એવા આરોપોને ફગાવી દીધા કે ટ્રસ્ટ લેઆઉટ વિકસાવવા અને પ્લોટ વેચવાના કામમાં સંકળાયેલું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય બુદ્ધ મંદિર બનાવવાનો હતો. જો ગેરરીતિના પુરાવા હોય તો કેન્દ્રીય એજન્સીઓએ અત્યાર સુધી કાર્યવાહી કેમ નથી કરી, તેવો પ્રશ્ન ઉઠાવતા ખડગેએ કહ્યું કે ભાજપ છેલ્લા ૧૨ વર્ષથી કેન્દ્રમાં સત્તા પર છે અને તેમની પાસે આવકવેરા વિભાગ (Income Tax Department) તથા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) જેવી એજન્સીઓ ઉપલબ્ધ છે. ''તેમને તેમના દસ્તાવેજો લાવવા દો. તેમની પાસે આવકવેરા વિભાગ અને ED છે જ. તો પછી ૧૨ વર્ષમાં તેમણે કોઈ કાર્યવાહી કેમ નથી કરી ?'' તેમણે પૂછ્યું.

૪૮ હુમલા, માત્ર ૧૫ FIR : પશ્ચિમ બંગાળમાં ચર્ચો પર હિન્દુત્વવાદી ટોળાઓ દ્વારા વધી રહેલા હુમલાઓ સામે ખ્રિસ્તી સમુદાયનો વિરોધ માર્ચ

(એજન્સી) કોલકાતા, તા.૭

પશ્ચિમ બંગાળમાં ચર્ચો અને પ્રાર્થના સભાઓ પર હિન્દુત્વવાદી ટોળાઓ દ્વારા થઈ રહેલા હુમલાઓના મોજા સામે કોલકાતામાં સેંકડો ખ્રિસ્તીઓએ વિરોધ માર્ચ યોજી હતી. 'બંગિયા ખ્રિસ્તી પરિષદ'ના જણાવ્યા અનુસાર, મે મહિનાથી અત્યાર સુધીમાં આવી ૪૮ ઘટનાઓ સામે આવી છે, પરંતુ તેમાંથી માત્ર ૧૫ કિસ્સામાં જ FIR નોંધવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં ચર્ચો, પ્રાર્થના સભાઓ અને પૂજા સ્થળોને નિશાન બનાવીને હિન્દુત્વવાદી ટોળાઓ દ્વારા કરવામાં આવેલા હુમલાઓ, તોડફોડ અને ડરાવવા-ધમકાવવાની ઘટનાઓના વિરોધમાં ગુરુવારે કોલકાતામાં ખ્રિસ્તી સમુદાયના સેંકડો લોકોએ કૂચ કરી હતી. આ માર્ચ એસ્પ્લેનેડ ખાતે સંપન્ન થઈ, જ્યાં પ્રદર્શનકારીઓએ છેલ્લા પાંચ મહિનામાં તેમના સમુદાય પર વધી રહેલા હુમલાઓના વલણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. 'બંગિયા ખ્રિસ્તી પરિષદ' (BCP)ના જણાવ્યા અનુસાર, મે મહિનાથી રાજ્યભરમાં ખ્રિસ્તી પ્રાર્થના સભાઓ અને પૂજા સ્થળોને નિશાન બનાવતી ઓછામાં ઓછી ૪૮ ઘટનાઓ નોંધાઈ છે. સંસ્થાએ જણાવ્યું હતું કે, આમાંથી માત્ર ૧૫ કિસ્સામાં જ FIR નોંધવામાં આવી છે. આ ૪૮ ઘટનાઓમાંથી સાત ઘટનાઓ મુખ્ય ખ્રિસ્તી સંપ્રદાયોના ચર્ચો સાથે સંબંધિત છે, જેમાં છ કેથોલિક ચર્ચ અને એક 'ચર્ચ ઓફ નોર્થ ઈન્ડિયા' (સીએનઆઈ)ના ચર્ચનો સમાવેશ થાય છે. આ અગાઉ, ૧ નવેમ્બરના રોજ સંસ્થા દ્વારા એસ્પ્લેનેડમાં રાની રાશમોની રોડ પર એક વિશાળ પ્રાર્થના રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલકાતા અને આસપાસના જિલ્લાઓમાંથી લોકો જોડાયા હતા. સમુદાય પ્રત્યે એકતા દર્શાવવા માટે લોકોના જૂથો સીલદાહ, બિરલા પ્લેનેટોરિયમ અને હાવડાથી ચાલીને ત્યાં પહોંચ્યા હતા. આ વિરોધ પ્રદર્શનો વચ્ચે, ગુરુવારે BCના પાંચ સભ્યોના પ્રતિનિધિમંડળે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પશ્ચિમ બંગાળ પ્રમુખ જિષ્ણુ બસુ સાથે મુલાકાત કરી હતી અને ચર્ચો તથા ખ્રિસ્તી સમુદાયના પ્રાર્થના સ્થળો પર થયેલા હુમલાઓ અંગે ચર્ચા કરી હતી. મલ્લિકના જણાવ્યા અનુસાર, બસુએ કહ્યું કે પૂજા સ્થળો પર હુમલા અને તોડફોડ અસ્વીકાર્ય છે અને તેને કોઈપણ સંજોગોમાં યોગ્ય ઠેરવી શકાય નહીં. આ મુલાકાત દક્ષિણ ૨૪ પરગણાના બસંતીમાં આવેલા એક નવા નિર્મિત ચર્ચમાં હિન્દુ સંગઠનો સાથે સંકળાયેલા ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવ્યાના થોડા દિવસો બાદ થઈ છે. આ હુમલામાં કેટલાક પાદરીઓ અને ચર્ચના બિશપ ઘાયલ થયા હતા. તે જ દિવસે, માલદાના હરિશ્ચંદ્રપુરમાં એક પ્રાર્થના સભા પર હુમલાની ઘટના સામે આવી હતી, જોકે તેમાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. આ પહેલા, ૫ જુલાઈએ દક્ષિણ ૨૪ પરગણાના સુભાષગ્રામમાં એક ટોળાએ નિર્માણાધીન ચર્ચમાં તોડફોડ કરી હતી. કોલકાતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ખ્રિસ્તી સમુદાયના અનેક અગ્રણીઓ અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમાં 'ઓલ ઈન્ડિયા ક્રિશ્ચિયન કાઉન્સિલ' અને 'નેશનલ ફેડરેશન ઓફ ચર્ચિસ'ના પ્રમુખ આર્કબિશપ જોસેફ ડી'સોઝા; બિશપ શ્યામલ બોઝ; બિશપ નિર્મલ ગોમેસ; બિશપ સુબોધ મંડલ; અને ઓડિશાના 'નેશનલ કાઉન્સિલ ઓફ બેપ્ટિસ્ટ ચર્ચિસ'ના રેવરન્ડ સમરેશ નાઈકનો સમાવેશ થાય છે. કોંગ્રેસના સાંસદ નસીર હુસૈને 'X' (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''ભાજપ-આરએસએસની ધાર્મિક ધ્રુવીકરણની રાજનીતિ''ને લઘુમતીઓના બંધારણીય અધિકારોને નબળા પાડવા દેવી જોઈએ નહીં. તેમણે પશ્ચિમ બંગાળ સરકારને અપીલ કરી કે તેઓ ખ્રિસ્તીઓ અને અન્ય લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરે, હુમલાઓ માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરે અને દરેક નાગરિકને કોઈપણ ભય વિના પોતાના ધર્મનું પાલન કરવાનો અધિકાર મળે તેની ખાતરી આપે.

અલ્હાબાદ હાઈકોર્ટ : ઉત્તરપ્રદેશમાં નાગરિક સ્વતંત્રતાની સ્થિતિ શરમજનક છે

કાયદા દ્વારા ફરજિયાત પોલીસ સ્ટેશનોના સીસીટીવી ફૂટેજ સતત ન આપવા બદલ ઉત્તરપ્રદેશ પોલીસને ફટકાર લગાવતા કોર્ટે અરજદારને તાત્કાલિક મુક્ત કરવા જણાવ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશ પોલીસની કથિત ગેરકાનૂની અટકાયત અને પોલીસ સ્ટેશનના સીસીટીવી ફૂટેજની સતત બિનઉપલબ્ધતા પર કડક ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું છે કે, ''રાજ્યમાં નાગરિક સ્વતંત્રતાની સ્થિતિ શરમજનક છે, ઓછામાં ઓછું કહેવા માટે''. કોર્ટે નોંધપાત્ર રીતે જણાવ્યું છે કે, પોલીસ કથિત ગેરકાયદેસર અટકાયતના કેસમાં સીસીટીવીની ખામીના બહાનાનો ઉપયોગ કરી શકતી નથી. લાઈવ લૉ અહેવાલ આપે છે કે, ન્યાયમૂર્તિ અતુલ શ્રીધરન અને ન્યાયમૂર્તિ અચલ સચદેવની બે ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું છે કે, પોલીસ નાગરિકોના મૂળભૂત અધિકારો અને નાગરિક સ્વતંત્રતાઓ માટે 'થોડું ધ્યાન' રાખે છે. તેણે કહ્યું છે કે, આ અધિકારોનું ઉલ્લંઘન ઉત્તરપ્રદેશ પોલીસ માટે નિયમિત બાબત બની ગઈ હોય તેવું લાગે છે. કોર્ટે આ બધું અફઝલ અહમદ દ્વારા દાખલ કરવામાં આવેલી હેબિયસ કોર્પસ અરજીને સ્વીકારતી વખતે કહ્યું હતું, જેમણે દાવો કર્યો હતો કે બિજનૌર પોલીસ દ્વારા તેને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો, પરંતુ તેની ઔપચારિક ધરપકડ માત્ર બે દિવસ પછી, ૭ સપ્ટેમ્બરના રોજ બતાવવામાં આવી હતી. કોર્ટે અરજદારને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. તેણે આદિત્યનાથ સરકારને સાત દિવસની અંદર કોર્પસને ખર્ચ તરીકે રૂા.૨૦,૦૦૦ ચૂકવવા આદેશ આપતા રાજ્ય પર ખર્ચ વસૂલ્યો છે. અહમદની પુત્રી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, સિવિલ ડ્રેસમાં પોલીસ કર્મચારીઓ અને એસઓજી અધિકારીઓ તેના પિતાને પોલીસ સ્ટેશનની બહારથી બળજબરીથી લઈ ગયા હતા, જ્યાં પોલીસ દ્વારા બોલાવવામાં આવ્યા બાદ બંને ચાલ્યા ગયા હતા. અરજી મુજબ, તેઓ ૫ સપ્ટેમ્બરના રોજ લગભગ ૨.૩૦ વાગ્યે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યારે તેઓ તેમના વાહનમાં હતા અને એસએચઓનો સંપર્ક કર્યો હતો, ત્યારે એક કાર પોલીસ સ્ટેશનના ગેટ પાસેના પરિસરમાં પ્રવેશી હતી. ચાર વ્યક્તિઓ કથિત રીતે વાહનમાંથી બહાર આવ્યા, તેમની કારને ઘેરી લીધી અને અહમદને બળજબરીથી લઈ ગયા. તથ્યોની ખાતરી કરવા માટે, હાઈકોર્ટે અગાઉ રાજ્યને ૫ સપ્ટેમ્બર, બપોરે ૧ વાગ્યાથી, ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી, સવારે ૧૦ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનના સીસીટીવી રેકોર્ડિંગ્સ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ રાજ્યએ કોર્ટને જાણ કરી હતી કે તે સમયગાળા માટેના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ નથી. રાજ્યએ ૫ સપ્ટેમ્બરના રોજની સામાન્ય ડાયરી એન્ટ્રી પર આધાર રાખ્યો હતો, લાઈવ લોના અહેવાલમાં જણાવાયું હતું કે, વાવાઝોડું આવ્યું અને CCTV સિસ્ટમમાં પાણી LAN કેબલ નીચે વહી ગયું, જેના કારણે તે ખરાબ થઈ ગયું અને નિષ્ફળ ગયું. પરંતુ બેન્ચે પોલીસના ખુલાસાનો અપવાદ લીધો હતો અને સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ ન હોવાના વારંવારના કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો હતો. બેન્ચે કહ્યું, ''જ્યારે પણ આ કોર્ટ દ્વારા સીસીટીવી ફૂટેજ મંગાવવામાં આવે છે, મોટા ભાગના કેસોમાં, તે એક જ અહેવાલ છે જે જણાવે છે કે સીસીટીવી ફૂટેજ એક અથવા અન્ય કારણોસર ઉપલબ્ધ નથી.''

રોહિત શેટ્ટીના મુંબઈ સ્થિત ઘર પર ગોળીબારની જવાબદારી સ્વીકારનાર લોરેન્સ બિશ્નોઈ ગેંગનો સાથી 'હરિ બોક્સર' અમેરિકામાં ઝડપાયો

(એજન્સી) તા.૭

અહેવાલો મુજબ, ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નજીકના સાથી હરિ ચંદ જાટ ઉર્ફે 'હરિ બોક્સર'ને અમેરિકી સત્તાવાળાઓએ પકડી પાડ્યો છે. બોક્સરે ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘર પર થયેલા હુમલાની જવાબદારી લીધી હોવાનું અને બોલિવૂડ અભિનેતા રણવીર સિંહ તથા તપાસકર્તાઓએ કોલ રેકોર્ડિંગની તપાસ કરી અને ફોન કરનારના અવાજને બોક્સરના ઉપલબ્ધ ઓડિયો નમૂનાઓ સાથે સરખાવ્યો. પ્રાથમિક વિશ્લેષણમાં બંને અવાજ મળતા ન હોવાનું જાણવા મળ્યું છે. પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે અવાજ ન મળવાને કારણે એવી શંકા ઊભી થઈ છે કે આ ધમકી બનાવટી હોઈ શકે છે.

અહેવાલો અનુસાર, અમેરિકી સત્તાવાળાઓએ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના કથિત સાથી 'હરિ બોક્સર'ની અટકાયત કરી છે. બોક્સરે રોહિત શેટ્ટીના નિવાસસ્થાન પર થયેલા હુમલાની જવાબદારી સ્વીકારી હોવાનું અને શેટ્ટી તથા રણવીર સિંહને ધમકી આપી હોવાનું કહેવાય છે

રોહિત શેટ્ટીને ખંડણી માટે ધમકીઓ આપી હોવાનું જાણવા મળ્યું છે.

તાજેતરમાં તુષાર કપૂરને મળેલી ધમકીના કેસમાં પણ હરિ બોક્સરનું નામ સામે આવ્યું હતું

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અભિનેતા તુષાર કપૂરને મળેલી ૫ કરોડ રૂપિયાની ખંડણીની ધમકી અંગે અલગથી તપાસ કરી રહી છે. ફોન કરનારી વ્યક્તિએ પોતાનું નામ હરિ બોક્સર જણાવ્યું હતું અને દાવો કર્યો હતો કે તે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો છે. જો કે, પ્રાથમિક તપાસમાં સંકેત મળ્યા છે કે ફોન કરનારી વ્યક્તિ કદાચ ગેંગના સભ્ય હોવાનો ડોળ કરી રહી હતી અને અભિનેતાને ડરાવવા તથા પૈસા પડાવવા માટે ગેંગની કુખ્યાત છબીનો ઉપયોગ કરી રહી હતી. કપૂરે પોલીસનો સંપર્ક કર્યા બાદ, આ ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચના 'એન્ટી-એક્સ્ટોર્શન સેલ' (ખંડણી વિરોધી શાખા)ને સોંપવામાં આવી હતી. તપાસકર્તાઓ હવે ફોન કરનારની ઓળખ કરવા અને કોલ ક્યાંથી આવ્યો હતો તે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ મામલે અત્યાર સુધી કોઈ એફઆઈઆર (FIR) નોંધવામાં આવી નથી. આ તપાસ એવા સમયે થઈ રહી છે જ્યારે થોડા દિવસો પહેલા જ જુહુમાં અભિનેતા ટાઈગર શ્રોફ સાથે જોડાયેલી ગોળીબારની ઘટના બની હતી, જેની તપાસ પણ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. કોણ છે હરિ બોક્સર ? બોક્સરને ૨૨ ફેબ્રુઆરીના રોજ કેલિફોર્નિયામાં યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યો હતો. તેના પર રણવીર સિંહ અને રોહિત શેટ્ટીને વોઈસ મેસેજ દ્વારા ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરવાની ધમકી આપવાનો આરોપ છે. તે રાજસ્થાન, પંજાબ અને દિલ્હીમાં અનેક ગુનાહિત કેસોમાં પણ જોડાયેલો છે, જેમાં ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ કેનેડાના સરેમાં કોમેડિયન કપિલ શર્માના કપ્સ કાફે પર ગોળીબારનો પણ સમાવેશ થાય છે.

રાજસ્થાનમાં ECI દ્વારા મૃત જાહેર કરાયેલા ૧.૮૨ લાખ મતદારો પંચાયતની મતદાર યાદીમાં જીવિત હોવાનું જણાયું; અહેવાલથી ભારે રોષ

'ધ રિપોર્ટર્સ કલેક્ટિવ' કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે, 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' દરમિયાન ભારતીય ચૂંટણી પંચ દ્વારા રાજસ્થાનની મતદાર યાદીમાંથી મૃત જાહેર કરીને હટાવી દેવામાં આવેલા ૧.૮૨ લાખ લોકો, રાજ્યની પંચાયત મતદાર યાદીમાં હજુ પણ જીવિત અને પાત્ર મતદારો તરીકે નોંધાયેલા છે. આ ખુલાસાને પગલે વિરોધ પક્ષના નેતાઓ, કાર્યકરો અને પત્રકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

(એજન્સી) તા.૭

'ધ રિપોર્ટર્સ કલેક્ટિવ'ની તપાસ મુજબ, રાજસ્થાનમાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) દરમિયાન ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મૃત જાહેર કરીને મતદાર યાદીમાંથી દૂર કરાયેલા ૧,૮૨,૪૪૦ લોકો, રાજ્યની પંચાયત મતદાર યાદીમાં જીવિત અને પાત્ર મતદારો તરીકે નોંધાયેલા જોવા મળ્યા છે. તપાસમાં બહાર આવ્યું છે કે, સંસદીય અને વિધાનસભા ચૂંટણીઓ માટેની મતદાર યાદીના પુનરાવર્તન (revision) દરમિયાન ECIએ લગભગ ૮.૭૫ લાખ લોકોને મૃત જાહેર કર્યા હતા, જ્યારે રાજસ્થાન રાજ્ય ચૂંટણી પંચ (SEC)એ તેમાંથી ૧.૮૨ લાખ લોકોને પંચાયત ચૂંટણી માટે પાત્ર મતદારો તરીકે યથાવત્ રાખ્યા હતા. ઓક્ટોબર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ECI દ્વારા હાથ ધરવામાં આવેલા SIRને પરિણામે રાજસ્થાનમાં લગભગ ૩૨.૩૧ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી થયા હતા. તે જ સમયે, ડિસેમ્બર ૨૦૨૫માં રાજ્ય ચૂંટણી પંચે પંચાયત મતદાર યાદીમાં પણ સમાંતર સુધારણા (revision) પ્રક્રિયાની જાહેરાત કરી હતી. આ તારણો બે અલગ-અલગ મતદાર ડેટાબેઝના વિશ્લેષણમાંથી સામે આવ્યા છે, જેમને ઓક્ટોબર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન સ્વતંત્ર રીતે પરંતુ એકસાથે સુધારવામાં આવ્યા હતા. 'ધ રિપોર્ટર્સ કલેક્ટિવ' દ્વારા ECIની 'ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અને ડુપ્લિકેટ' (ASDD) મતદારોની યાદીમાં રહેલા મતદાર ઓળખ નંબરોને પંચાયત મતદાર યાદી સાથે સરખાવવામાં આવ્યા હતા અને રાજ્ય ચૂંટણી પંચ (SEC)ના મતદાર ચકાસણી પોર્ટલ દ્વારા નમૂનારૂપ તપાસ (cross-check) પણ કરવામાં આવી હતી. તપાસમાં સૌથી વધુ વિસંગતતાઓ 'ગઢી' (Garhi) વિધાનસભા મતવિસ્તારમાં જોવા મળી હતી, જ્યાં ECI દ્વારા મૃત જાહેર કરાયેલા ૪,૮૮૯ મતદારો પંચાયત મતદાર યાદીમાં પાત્ર મતદારો તરીકે નોંધાયેલા હતા. તેવી જ રીતે, સિરોહી (Sirohi) મતવિસ્તારમાં આવા ૪,૬૨૪ મતદારો નોંધાયેલા જોવા મળ્યા હતા. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, બંને કમિશન અલગ મતદાર યાદીઓ જાળવી રાખે છે, જેમાં ECI સંસદ અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓનું નિરીક્ષણ કરે છે અને SEC પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણીઓનું સંચાલન કરે છે. જો કે, તારણો બંને યાદીઓ વચ્ચેની વિસંગતતાઓ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે, ખાસ કરીને કારણ કે બંને સુધારા એક જ સમયગાળા દરમિયાન કરવામાં આવ્યા હતા. તપાસમાં ઉદયપુરના માલવી મતવિસ્તારની સીમા દેવીના કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમને ECIના રેકોર્ડમાં મૃત તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા હતા પરંતુ પંચાયત મતવિસ્તારમાં જીવંત તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી કર્યા મહત્ત્વના સૂચનો

કાયદો-વ્યવસ્થા, બોર્ડર-કોસ્ટલ સિક્યુરિટી, સાયબર ક્રાઈમ સહિતની બાબતોની સમીક્ષા કરાઈ

આતંકવાદ નિયંત્રણ, માદક પદાર્થ નિયંત્રણ સહિતના તમામ મુદ્દાઓ આવરી ચર્ચા-પરામર્શ કરાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે દિવાળી પર્વ પૂર્વે અમદાવાદમાં યોજાયેલ ઉચ્ચ સ્તરીય બેઠકમાં કાયદો વ્યવસ્થા અને નાગરિક સુરક્ષા સ્થિતિની સહિતની સંવેદનશીલ બાબતોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજયના ગૃહ વિભાગ તથા વિવિધ સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓએ સુરક્ષા વ્યવસ્થા સંબંધિત વિવિધ મુદ્દાઓ વિશે ચર્ચા પરામર્શ કર્યા હતા. કાયદો વ્યવસ્થા, સાયબર ક્રાઈમ, પોલીસ મોર્ડનાઈઝેશન, બોર્ડર અને કોસ્ટલ સિક્યોરિટી, માદક પદાર્થ નિયંત્રણ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફોરેન્સિક બાબતો, આતંકવાદ નિયંત્રણ, આંતર રાજ્ય સહયોગ, ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ, CAA, વસ્તી ગણતરી, અગ્નિવીર યોજના, જેલ અને સ્પેશિયલ કોર્ટ વિષયક બાબતો અંગે કેન્દ્રીય ગૃહ મંત્રીએ વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યમાં કાયદો વ્યવસ્થા સાથે સંકળાયેલી બાબતો અંગે કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા વિવિધ મુદ્દાઓ, રાજ્યની સ્થિતિ અને કામગીરીની સમીક્ષા અંગે જાણકારી આપી હતી. જેમાં રાજ્યમાં દુષ્કાળની સ્થિતિ, ખેડૂતોના પ્રશ્નો, લવ જેહાદ, આર્થિક અપરાધ, સીમાવર્તી જિલ્લાઓની સ્થિતિ સંબંધિત બાબતો તથા અતિક્રમણ જેવા મહત્વપુર્ણ વિષયે કેન્દ્રિય ગૃહમંત્રીએ રાજ્ય સરકારને જરૂરી સૂચનો અને દિશા નિર્દેશો આપ્યા હતા. રાજ્યમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી લોકોની સ્થિતિ, પોક્સો કેસ, NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ), ICJS/CCTNS, FIR, આરોપપત્ર, ઈ સાક્ષ્ય એપ્લિકેશન, ઈ-સમન્સના ઈમ્પ્લીમેન્ટેશન બાબતે, મેડિકો લીગલ એક્ઝામિનેશન એન્ડ પોસ્ટ મોર્ટમ રિપોર્ટિંગ સિસ્ટમ મોડલ જેલ અધિનિયમ, મોડલ જેલ મેન્યુઅલ, મોબાઈલ ફોરેન્સિક વેન, વિવિધ વિભાગો અને સંસ્થાઓમાં માનવબળની જરૂરિયાત અને તેને પૂર્ણ કરવાની યોજના સહિત ઈન્વેસ્ટીગેશન ટ્રેકિંગ સિસ્ટમ ફોર સેક્સ્યુઅલ ઓફેન્સિસ સહિતની બાબતો અંગે પણ વરિષ્ઠ અધિકારીઓએ સ્થિતિ મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રીને માહિતીગાર કર્યા હતા. રાજ્યમાં સાયબર ક્રાઈમના વિવિધ આયામોના અમલીકરણ, S4Cની સ્થાપના, ૧૯૩૦ હેલ્પલાઈન, સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એનાલિટિકલ રિપોઝિટરી, સાયબર કમાન્ડો, આતંકવાદ નિયંત્રણ, UA(P)A ડેડિકેટેડ સેલ, મોડલ ATS સંરચના, iMOT પોર્ટલ પર નિયમિત ડેટા અપડેશન, ડિસ્ટ્રીક્ટ પોલીસ મોડ્યુલના ઉપયોગની અધ્યતન સ્થિતિ, વિદેશી નાગરિકોની રોકાણ સમય મર્યાદાના આંકડાઓ અને જિલ્લાઓમાં વિદેશી નાગરિકોના રોકાણની સ્થિતિ, જિલ્લા વાઈઝ નાગરિકતા ડેટા (CAA), પલાયનકારીઓ માટે પ્રત્યાર્પણ સંબંધિત વ્યવસ્થાઓ, PSARA પોર્ટલ અંગે પણ બેઠકમાં રાજયની સ્થિતિની જાણકારી આપવા સાથે અમલીકરણ સંબંધિત બાબતોની પણ કેન્દ્રિય એજન્સીઓ અને રાજ્ય ગૃહવિભાગ સહિતના સંબધિત વિભાગોના અધિકારીઓએ ચર્ચા પરામર્શ કર્યા હતા. એ જ રીતે રાજ્યમાં કોસ્ટલ સિક્યોરિટીની સ્થિતિ તથા સીમા સુરક્ષા સંબંધિત સંદિગ્ધ ગતિવિધિઓ SDRની ઉપલબ્ધતાની સ્થિતિ અને અમલીકરણ વગેરે મુદ્દે ચર્ચા વિચારણા કરાઈ હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલય સાથે થયેલી અગાઉની બેઠકની ચર્ચા અને અમલીકરણના મુદ્દાઓ અને રાજ્યમાં તેના અમલીકરણની સ્થિતિ અંગે મુખ્ય સચિવ મનોજકુમાર દાસે કેન્દ્રીય મંત્રી સહિત કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓને અવગત કરાવ્યા હતા.

કલેક્ટર પોતાને સુપર પાવર ઓથોરિટી સમજીને મરજી મુજબ વર્તન કરે છે : હાઈકોર્ટ

અમદાવાદ કલેક્ટરને હાઈકોર્ટે ફટકાયો રૂા.એક લાખનો દંડ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

ગુજરાત હાઈકોર્ટે અદાલતી આદેશોનો સરેઆમ અનાદર કરવા અને કાયદાના શાસનને નેવે મૂકીને પોતે જ સર્વોપરી હોવાનો વર્તાવ કરવા બદલ અમદાવાદના કલેક્ટર સામે અત્યંત સખત વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટના સ્પષ્ટ દિશા-નિર્દેશો હોવા છતાં તેનો અમલ ન કરવા અને અરજદારને વારંવાર કોર્ટના ધક્કા ખાવા મજબૂર કરવા બદલ જસ્ટિસ એમ. કે. ઠાક્કરની પીઠે કલેક્ટરના તે હુકમને રદબાતલ ઠેરવ્યો છે. સાથોસાથ અદાલતે અમદાવાદ કલેક્ટરને તેમના પોતાના પગારમાંથી ૧ લાખ રૂપિયાનો દંડ એક મહિનામાં હાઈકોર્ટની રજિસ્ટ્રીમાં જમા કરાવવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે, અરજદાર ભૂમિકાબેન ચિરાગકુમાર બ્રહ્મભટ્ટે પોતાની ખેતીની જમીનને બિન-ખેતી (એન.એ.)માં રૂપાંતરિત કરવા માટે અમદાવાદ કલેક્ટર સમક્ષ અરજી કરી હતી. જોકે, ગણોતધારાની કલમ ૬૩ની મંજૂરી ન હોવાનું કારણ ધરીને કલેક્ટરે તેમની અરજી ફગાવી દીધી હતી. આ નિર્ણય સામે ભૂમિકાબેને હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી હતી. તારીખ ૨ માર્ચ ૨૦૨૬ના રોજ હાઈકોર્ટે અરજદારની તરફેણમાં ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ હેઠળ કલેક્ટરે માત્ર જમીનનો કબજો અને ખેતીનો હેતુ જ જોવાનો હોય છે, માલિકી કે ટાઈટલની તપાસ કરવાનો કલેક્ટરને અધિકાર નથી. આ સાથે હાઈકોર્ટે 'તુષારભાઈ હરજીભાઈ ઘેલાણી'ના લેન્ડમાર્ક ચુકાદાને ધ્યાને રાખીને નિયત સમયમર્યાદામાં નવી અરજીનો નિકાલ કરવાનો કલેક્ટરને આદેશ આપ્યો હતો. અદાલતના આદેશ મુજબ અરજદારે ૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ ફરીથી કલેક્ટર કચેરીમાં અરજી સબમિટ કરી હતી. કાયદાકીય રીતે ૯૦ દિવસની અંદર આ અરજી પર નિર્ણય લેવાનો હતો, પરંતુ કલેક્ટર તંત્રએ કોઈ જ નિર્ણય ન લીધો. ત્યારબાદ ૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ કલેક્ટરે અગાઉ રદ કરાયેલા જૂના કારણોસર જ ફરી અરજી ફગાવી દીધી હતી. પોતાના આ નિર્ણયનો બચાવ કરતા કલેક્ટરે એવું કારણ દર્શાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશ સામે રાજ્ય સરકાર લેટર્સ પેટન્ટ અપીલ (LPA) કરવાની પ્રક્રિયામાં છે.

કલેક્ટરના આ રવૈયા સામે અરજદારે ફરી હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. સુનાવણી દરમિયાન રાજયના સહાયક સરકારી વકીલે કબૂલ્યું હતું કે માર્ચ ૨૦૨૬ના આદેશ બાદ પણ સાત મહિનાથી વધુ સમય વિતી ગયો હોવા છતાં હાઈકોર્ટમાં કોઈ અપીલ દાખલ કરવામાં આવી નહોતી.

સુનાવણીના અંતે જસ્ટિસ એમ. કે. ઠાક્કરે અત્યંત કડક શબ્દોમાં અવલોકન કર્યું હતું કે, અમદાવાદ કલેક્ટર પોતે કાયદાથી પર હોવાનું સમજીને પોતાના મનસ્વી વિચારો અને મરજી મુજબ વર્તી રહ્યા હોય તેવો આ પહેલો કિસ્સો નથી. અદાલતી સંસ્થા અને તેના આદેશો પ્રત્યે તમામ સરકારી વિભાગોએ આદર રાખવો અનિવાર્ય છે. જો કોર્ટના આદેશનું પાલન કરવામાં કોઈ મુશ્કેલી હોય તો યોગ્ય સમયે કોર્ટનો સંપર્ક કરવો જોઈએ, પરંતુ આદેશનું પાલન પણ ન કરવું અને કોર્ટમાં અરજી પણ ન કરવી તે સ્પષ્ટપણે કોર્ટના આદેશની અવજ્ઞા અને અદાલતની ગરિમાને ઓછી કરવાનો પ્રયાસ દર્શાવે છે.

હાઈકોર્ટે કલેક્ટરનો ૬ ઓગસ્ટ ૨૦૨૬નો આદેશ રદ કરી ભૂમિકાબેનની અરજી મૂળ ફાઈલ પર પુનઃસ્થાપિત કરી છે અને નિયત સમયમર્યાદામાં કાયદા મુજબ નવો નિર્ણય લેવા આદેશ કર્યો છે. વધુમાં, કલેક્ટરના આવા મનસ્વી વલણને કારણે સામાન્ય નાગરિકને વેઠવી પડેલી માનસિક અને આર્થિક યાતનાના વળતરરૂપે કલેક્ટરને પોતાના ગજવા (પગાર)માંથી ૧,૦૦,૦૦ રૂપિયા દંડ પેટે જમા કરવાનો આદેશ આપ્યો છે. જો કલેક્ટર નિયત સમયમાં આ રકમ જમા નહીં કરાવે તો રાજ્ય સરકાર તેમના પગારમાંથી આ રકમ કાપીને કોર્ટમાં જમા કરાવશે, જે બાદમાં ચકાસણી કરીને અરજદાર ભૂમિકાબેનને ચૂકવવામાં આવશે.

છેલ્લા કેટલાક સમયથી સતત વિવાદમાં રહેલ યુનિવર્સિટીમાં આખરે કુલપતિ નિમાયા

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે RSSમાં સક્રિય સુરતના પ્રિન્સીપાલની નિમણૂક

ડૉ. પૃથુલ દેસાઈ ABVPમાં એક વર્ષ શહેર ઉપપ્રમુખ પણ રહી ચૂક્યા છે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

સુરતની સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. પૃથુલ રમેશભાઈ દેસાઈને ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ (વાઈસ ચાન્સેલર) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિયુક્તિ 'ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૨૩'ની કલમ ૧૦(૪) હેઠળ રાજ્યપાલના નામે કરવામાં આવી છે. ડૉ. દેસાઈનો કાર્યકાળ તેઓ પદનો ચાર્જ સંભાળે તે તારીખથી પાંચ વર્ષ સુધી અથવા તેમની ઉંમર ૬૫ વર્ષ થાય ત્યાં સુધી (જે વહેલું હોય તે) રહેશે. RSS સાથે સક્રિય રીતે સંકળાયેલા એવા પૃથુલ દેસાઈને ભાજપ સત્તાધીશોએ કુલપતિ બનાવાતા ચર્ચા શરૂ થઈ છે.

ડૉ.પૃથુલ રમેશ દેસાઈ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ૩૧થી વધુ વર્ષોનો શૈક્ષણિક અને ૧૪થી વધુ વર્ષોનો પ્રિન્સિપાલ તરીકેનો બહોળો અનુભવ ધરાવતા વરિષ્ઠ એકેડેમિક એડમિનિસ્ટ્રેટર અને ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર છે. તેઓ શૈક્ષણિક નેતૃત્વ, સંસ્થાકીય ગવર્નન્સ, અભ્યાસક્રમ વિકાસ, NAAC એક્રેડિટેશન, ગુણવત્તા સુધારણા, સંશોધન અને NEP-આધારિત શૈક્ષણિક સુધારાઓમાં નિપુણતા ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જ સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની અમદાવાદના પોલીસ કમિશનર તરીકે નિમણૂક કરાઈ હતી. ત્યારે હવે ફરી એક વખત સુરતની કોલેજના પ્રિન્સિપાલને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ બનાવાયા છે. આમ મહત્વના બે વિભાગમાં સુરત બેકગ્રાઉન્ડના લોકોને સ્થાન મળ્યું છે. ડૉ.પૃથુલ દેસાઈએ કુલપતિ તરીકે નિમણૂક બાદ જણાવ્યું હતું કે, હું આશરે ૩૨ વર્ષથી લેક્ચરર એટલે કે આ પ્રોફેશનમાં છું. સુરતમાં ૧૨ ડિસેમ્બર ૧૯૯૪થી તેનો પ્રારંભ થયો હતો. તેમના RSS બેકગ્રાઉન્ડ વિશે તેમણે કહ્યું કે, મારા પિતા ગોવાના ફ્રીડમ ફાઈટર હતા અને એસ.વી.એન.આઈ.ટી. (SVNIT)માં ફિઝિક્સના પ્રોફેસર હતા. મારા મોટા ભાઈ પણ ફિઝિક્સમાં પ્રોફેસર છે અને હું પણ ફિઝિક્સમાં પ્રોફેસર છું, મેં ૧ વર્ષ માટે શહેર ઉપપ્રમુખ તરીકે ABVPની જવાબદારી પણ નિભાવેલી પીએચડી પણ તરત જ મને પ્રિન્સિપાલશીપ મળી ગઈ. સાથે-સાથે RSSમાં પણ મારી સક્રિય ભૂમિકા રહી છે. યુનિવર્સિટીના અવારનવાર વિવાદો મુદ્દે જણાવ્યું કે, યુનિવર્સિટી જે વિવાદોમાં આવે છે, તે હું ત્યાં જઈશ અને પરિસ્થિતિ જોઈશ પછી ખબર પડશે. પરંતુ જો મારી એક્શન જ એવી હશે કે જેનાથી સામેવાળાને અને આખી ટીચિંગ ફેટર્નિટીને ખબર પડી જાય કે આપણે આ રીતે કામ કરવું જોઈએ, તો કદાચ વિવાદો ઓટોમેટિકલી શાંત થઈ જશે.

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષની લાંબી પ્રક્રિયા અને વિવાદોમાં રહ્યા બાદ આખરે GPSC ક્લાસ-૧-૨નું પરિણામ જાહેર

૨૯૬ સફળ ઉમેદવારોની જાહેરાત; અનામત કેટેગરીના નિયમો સ્પષ્ટ કરાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા આખરે જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪નું અંતિમ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મ્યુનિસિપલ મુખ્ય અધિકારી સેવા વર્ગ-૧ અને ગુજરાત રાજ્ય સેવા વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ માટેની આ ભરતીનું પરિણામ જાહેર કરાયું છે. ભરતી પ્રક્રિયા શરૂ થયાના આશરે ત્રણ વર્ષ જેટલા લાંબા સમય બાદ ફાઈનલ રિઝલ્ટ આવતાં લાંબા ઘણા સમયથી પરિણામની રાહ જોઈ રહેલા ઉમેદવારોને રાહત મળી છે. આયોગના જાહેરનામામાં માત્ર પરિણામ જ નહીં, પરંતુ ઉમેદવારોની પસંદગી, મેરિટ, અનામત કેટેગરી, પસંદગીની અગ્રતા અને વેઈટિંગ લિસ્ટ અંગેના નિયમો પણ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

આ ભરતીમાં કુલ ૨૯૩ જગ્યાઓ ભરવાની હતી. તેમાં ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત સિવિલ સર્વિસ વર્ગ-૧ અને વર્ગ-૨ તથા નગરપાલિકાના મુખ્ય અધિકારી વર્ગ-૨ની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ભરતીની જાહેરાત ૨૦૨૩-૨૪માં અને તેની પ્રિલિમિનરી પરીક્ષા ૭ જાન્યુઆરી, ૨૦૨૪ લેવાઈ હતી. તે બાદ પ્રિલિમ્સનું પરિણામ ૪ જૂને જાહેર થયું હતું જેમાં ૨૦૨૪ મેઈન્સ માટે ૯,૯૫૧ ઉમેદવારો લાયક ઠર્યા હતા, તે બાદ મેઈન પરીક્ષા ૨૦૨૫માં લેવાઈ અને ઈન્ટરવ્યૂ પ્રક્રિયા ૨૩ એપ્રિલથી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમ્યાન લેવાયા હતા. ઈન્ટરવ્યૂ પ્રક્રિયામાં અંતિમ તબક્કામાં ૨૯૩ જગ્યાઓ સામે ઈન્ટરવ્યૂ માટે આશરે ૧,૭૪૦ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રશ્નોના જવાબ અને ફાઈનલ આન્સર-કીમાં ફેરફારને લઈને ઉમેદવારોએ વાંધા ઉઠાવ્યા હતા. આ પરીક્ષાના કુલ ૪૦૦ પ્રશ્નોમાંથી ૨૨ જવાબોમાં સુધારો કરવામાં આવ્યો હતો અને ૯ પ્રશ્નો રદ કરવામાં આવ્યા હતા. એટલે કે કુલ ૩૧ પ્રશ્નોમાં ફેરફાર થયો હતો. આ મુદ્દે પરીક્ષાની પારદર્શિતા અને જવાબોની ચોકસાઈ અંગે ચર્ચા થઈ હતી. દરમ્યાન પ્રિલિમ્સની આન્સર-કી અને મૂલ્યાંકનને લઈને ઉમેદવારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. ઓક્ટોબર ૨૦૨૪માં એક કેસમાં હાઈકોર્ટે ઉમેદવારોની રજૂઆતને ધ્યાનમાં રાખીને મુખ્ય પરીક્ષામાં બેસવાની મંજૂરી આપી હતી. આ કેસમાં OMR શીટ અને અંતિમ બેલ વાગ્યા બાદ જવાબ લખવાના વિવાદનો પણ ઉલ્લેખ થયો હતો. તે બાદ EWS કેટેગરીના પ્રમાણપત્રની માન્યતા અને ગુજરાત સરકારના નિર્ધારિત માપદંડ મુજબના પ્રમાણપત્રના મુદ્દે પણ વિવાદ થયો હતો. એક ઉમેદવારે પ્રિલિમ્સમાં ૨૧૩.૭૮ માર્ક્સ મેળવ્યા હોવા છતાં ગુજરાતના EWS પ્રમાણપત્રની શરત પૂરી ન કરી શકવાના કારણે પાત્રતા સામે પ્રશ્ન ઊભો થયો હતો. આ મામલો પણ હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. ઈન્ટરવ્યૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ ભરતીને લગતી કાનૂની અરજીઓનો મુદ્દો યથાવત્ રહ્યો હતો. GPSCએ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ઓપ્ટ-આઉટ પ્રક્રિયા અંગેની કામચલાઉ યાદી જાહેર કરી હતી. આ પ્રક્રિયા અને અંતિમ પરિણામ હાઈકોર્ટમાં પેન્ડિંગ અરજીઓના ચુકાદાને આધીન રાખવામાં આવ્યાં હતાં. પસંદગી ઉમેદવારના મેરિટ અને તેમણે આપેલી પોસ્ટની અગ્રતા મુજબ કરવામાં આવશે.

રાજ્યમાં છેલ્લા કેટલાક-સમયથી હિંસક પ્રાણીઓના માનવ-જીવ પર સતત હુમલાના બનાવો જારી!

અમરેલીના સણોસરામાં ધોળા દિવસે આઠ વર્ષીય બાળકને દીપડાએ હુમલો કરી ફાડી ખાધો

ખેતરમાં પાણી પીવા ગયેલ માસૂમને ખેંચી લીધો; શોધખોળ બાદ અડધા અંગો મળ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

રાજ્યમાં હિંસક પ્રાણીઓના માનવ-જીવ પર હુમલાના સતત બનાવો લોકોમાં ચિંતા અને ભય ઊભા કરી રહ્યા છે. જેમાં અમરેલી જિલ્લામાં દીપડાનો આતંક સામે આવ્યો છે. અમરેલીના સણોસરા અને મોટા ભંડારીયા ગામ વચ્ચે દીપડાએ ૭ વર્ષના માસૂમ બાળકને ફાડી ખાધો છે. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.



સણોસરા ગામના સીમ વિસ્તારમાં જીતુ સોમલાભાઈ માંજરિયાના ખેતરમાં ૨૦થી વધુ મજૂરો કપાસ વીણતા હતા. આ દરમિયાન બે બાળક પાણી પીવા જતા હતા, જેમાંથી એક બાળક પર દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. જ્યારે અન્ય બાળક આ દશ્ય જોઈ ગભરાઈ ગયો હતો અને ત્યાથી ભાગી છૂટ્યો હતો. દીપડાએ બાળકનો શિકાર કરતા અવાજ સંભળાતા લોકો ત્યા દોડી આવ્યા હતા. જેમાં ૩૦ મિનિટથી વધુની ભારે શોધખોળ બાદ બાળકના અડધા અંગો મળી આવ્યાં હતા. હુમલો એટલો ભયાનક હતો કે દીપડાએ બાળકના માથા અને પેટનો ભાગ ચીરી નાખ્યો હતો. ઘટનાસ્થળે બાળકના પેટના ભાગે દીપડાના દાંતનાં નિશાન પણ જોવા મળ્યાં હતાં. આ હુમલામાં બાળક સાહિલ કલાસવાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જેથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. દિવાળીના તહેવાર દરમિયાન બનેલી આ ઘટનાને પગલે આસપાસનાં ગામોમાં પણ ફફડાટ ફેલાયો છે. ઘટનાની જાણ થતાં વનવિભાગ અને પોલીસની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં ગ્રામજનો પણ એકઠા થઈ ગયા હતા. બીજી તરફ, વનવિભાગે દીપડાને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી સર્ચ અને સ્કેનિંગની કામગીરી હાથ ધરી છે.

શેત્રુંજી ડીવીજનના ACF રાજન જાદવે જણાવ્યું કે, સણોસરા ગામમાં આજે સવારે પોણા નવ વાગ્યાની આસપાસ જ્યારે મજૂરો કપાસ વીણવાનું કામ કરી રહ્યા હતા. તેમની સાથે બાળકો પણ હતા, ત્યારે એક બાળક પર દીપડા દ્વારા હુમલો કરી તેનું મોત નિપજાવવામાં આવ્યું હતું. હાલ વન વિભાગની તમામ કાર્યવાહી ચાલુ છે. વનવિભાગે લોકોને ખાસ અપીલ કરી છે કે, દિવાળી નિમિત્તે અમરેલી જિલ્લામાં બહારથી પણ ઘણા માણસો આવતા હોય છે, તેઓ પોતાના ખેતર-વાડીમાં જતી વખતે વિશેષ ધ્યાન રાખે. વન વિભાગની હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરે. વન વિભાગનો સ્ટાફ બધે ખડે પગે આ બાબતે તૈયાર જ છે. આવા બનાવો ન બને તે માટે બધાએ પણ સાવચેતી રાખવી જોઈએ તેવી અપીલ છે. સ્થાનિકોએ જણાવ્યું કે, અમને સવારે ફોન આવ્યો હતો કે મજૂરના બાળકને દીપડો ઉપાડી ગયો છે. છોકરો પાણી પીવા ગયો હતો ત્યારે દીપડો તેને ત્યાંથી ઉપાડીને ખેતરમાં લઈ ગયો હતો. વન વિભાગે આજે જ પાંચથી છ પાંજરા મૂકવાની અને આ બાબતે તાત્કાલિક સખત પગલાં લેવાની ખાતરી આપી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા બે સપ્તાહ મોડી લેવાશે

૨૮-૨૯ નવેમ્બરના રોજ યોજાનારી આ ખાતાકીય પરીક્ષા હવે ૧૨-૧૩ ડિસેમ્બરે લેવાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રાજ્યના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે લેવાનાર ખાતાકીય પરીક્ષાઓના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ જાહેર થયેલી તારીખો અનુસાર આ પરીક્ષાઓ નવેમ્બર મહિનાના અંતમાં યોજાવાની હતી, પરંતુ હવે વહીવટી અને અનિવાર્ય કારણોસર તારીખો બદલીને ડિસેમ્બર કરવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરાયેલી જાહેરાત અનુસાર ૨૮-૨૯ નવેમ્બરના રોજ લેવાનારી આ પરીક્ષા હવે ૧૨-૧૩ ડિસેમ્બરના રોજ લેવાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, અગાઉ બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓ જેમાં સિનિયર ક્લાર્ક માટે હાયર લેવલ, જુનિયર ક્લાર્ક માટે લોઅર લેવલ, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક તેમજ પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષાઓ આગામી ૨૮ અને ૨૯ નવેમ્બર, ૨૦૨૬ના યોજાવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ હવે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષની મંજૂરી બાદ આ તમામ ખાતાકીય પરીક્ષાઓ નવી તારીખો પર લેવાનું નક્કી કરાયું છે. જે અનુસાર હવે, ૧૨ અને ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ આ ખાતાકીય પરીક્ષા યોજવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અગાઉ બહાર પાડવામાં આવેલા જાહેરનામાની અન્ય તમામ શરતો, નિયમો અને જોગવાઈઓ અગાઉની જેમ જ યથાવત રહેશે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરીક્ષાને લગતી તમામ અદ્યતન વિગતો, હોલ ટિકિટ અને અન્ય સૂચનાઓ મેળવવા માટે ઉમેદવારોએ સત્તાવાર વેબસાઈટ નિયમિતપણે જોતા રહેવાની સલાહ આપવામાં આવી છે.



ગુજરાત ટુડે દિપોત્સવી વિશેષાંક

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ 'ગુજરાત ટુડે' દૈનિક દિપોત્સવી વિશેષાંક પ્રસિદ્ધ કરવા જઈ રહ્યું છે. આપની જાહેરખબર

તા.૦૯-૧૧-૨૦૨૬ સોમવાર બપોરના ૧.૦૦ વાગ્યા

સુધી સ્વીકારવામાં આવશે.

.....તો સત્વરે આપની જાહેરખબર અમારા આપના વિસ્તારના પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી મોકલાવી શકાશે.

વ્યવસ્થાપક

જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક,૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮

ફોન : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧

E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો

તારીખ		કિલોગ્રામ દીઠ ભાવ
૫ એપ્રિલ-૨૦૧૨	રૂા.	૨૬.૦૦
૧૬ ડિસેમ્બર-૨૦૧૨	રૂા.	૨૬.૦૦
૧૫ માર્ચ-૨૦૧૩	રૂા.	૨૫.૦૦
૨૪ માર્ચ-૨૦૧૩	રૂા.	૨૫.૦૦
૧૦ જૂન-૨૦૧૩	રૂા.	૨૬.૫૦
૧૦ ઓગસ્ટ-૨૦૧૩	રૂા.	૨૮.૦૦
૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩	રૂા.	૨૮.૭૫
૨૫ માર્ચ-૨૦૧૪	રૂા.	૩૧.૦૦
૧૦ માર્ચ ૨૦૨૦	રૂા.	૩૪.૨૫
૧૬ એપ્રિલ૨૦૨૧	રૂા.	૪૯.૫૦
૩૦ માર્ચ ૨૦૨૨	રૂા.	૭૦.૦૦
૫ એપ્રિલ ૨૦૨૨	રૂા.	૭૨.૦૦
૩૦ ડિસેમ્બર-૨૦૨૩	રૂા.	૫૨.૦૦
૨૮ એપ્રિલ-૨૦૨૪	રૂા.	૫૨.૦૦
૮ નવેમ્બર-૨૦૨૬	રૂા.	૫૮.૦૦

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com

રવિવાર તા.૯-૧૧-૨૦૨૬

ગુજરાત ટુડે મેઘધનુષ



ગુજરાતમાં મેડિકલ અને ડેન્ટલની બેઠકો ખાલી કેમ રહે છે જાણો ઊંચી ફી, મંદી અને બદલાતી માનસિકતાનું ગણિત

ગુજરાતમાં મેડિકલ કોલેજો અને ફીનું માળખું પણ એક જટિલ વિષય છે. રાજ્યમાં સરકારી કોલેજો ઉપરાંત જીમેર્સ (GMERS) અંતર્ગત ચાલતી સેલ્ફ-ફાઈનાન્સ મોડલની કોલેજો પણ કાર્યરત છે. રાજ્યમાં સરકારી કોલેજોની સમકક્ષ શરૂ થયેલી આ સંસ્થાઓનું ફી માળખું સરકારી અને સંપૂર્ણ ખાનગી કોલેજોની વચ્ચે આવેલું છે. અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, પાટણ, વલસાડ, હિંમતનગર, જૂનાગઢ, મહેસાણા, મોરબી, ગોધરા, પોરબંદર, નવસારી અને રાજપીપળા સહિતની ૧૩ જીમેર્સ કોલેજોમાં પણ ફીનું ઊંચું પ્રમાણ વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઊભી કરે છે. આવી કોલેજોમાં મેરિટ અને ગવર્નમેન્ટ ક્વોટામાં ફી ઓછી હોય છે પરંતુ મેનેજમેન્ટ અને એનઆરઆઈ ક્વોટામાં આંકડો લાખો રૂપિયા સુધી પહોંચી જાય છે. આર્થિક મંદી અને બજારની વર્તમાન સ્થિતિ પણ આમાં મોટો ભાગ ભજવી રહી છે.

જો કે આ ક્ષેત્ર ખુબ જ ડીમાન્ડીંગ છે. આથી ક્યારેય કારકિર્દીની દૃષ્ટિએ તેનો અસ્ત થવાનો નથી. પરંતુ ચારેકોર એક સવાલ છે કે, શિક્ષણ દિવસેને દિવસે મોંઘું થતું જાય છે. બીજી બાજુ કોમ્પીટીશન વધતી જાય છે, લોકોની ડિમાન્ડ વધતી જાય છે. ખાનગી કોલેજોની સંખ્યા વધતી જાય છે. માળખાકીય સુવિધા ઉભી કરવા માટે તેમજ ગરજવાન વિદ્યાર્થીઓ આવતા હોવાથી ફી ઉંચી રાખવામાં આવે છે. આ એક ખરી વાસ્તવિકતા છે. આથી જ કોલેજોમાં તમારે ઓછા ખર્ચે સરકારી ક્વોટામાં એડમીશન લેવું હોય તો ખૂબ જ મહેનત કરીને ઊંચા ગુણાંક લાવવા પડશે. આશા રાખીએ કે આ એક જીવન જરૂરી બાબત હોવાથી તેમાં ફીનું ધોરણ ઓછું થાય, વધુને વધુ તબીબો તૈયાર થાય, તેઓ ઓછા ખર્ચે અભ્યાસ કર્યો હોવાથી તેનો ફાયદો અંતે દર્દીઓની ફીમાં અને સમાજને સ્વસ્થ બનાવવામાં થવો જોઈએ.

ગુજરાતમાં મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટેના ચાર રાઉન્ડના કાઉન્સેલિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, કુલ ૮૮ બેઠકો હજુ પણ ખાલી પડી છે. આ સ્થિતિ પાછળ માત્ર પ્રવેશ પ્રક્રિયાની મર્યાદાઓ નથી, પરંતુ તેની સાથે જોડાયેલા આર્થિક પડકારો, ઊંચી ટ્યુશન ફી અને વાલીઓની બદલાતી માનસિકતા પણ મુખ્ય કારણો તરીકે ઉભરી આવ્યા છે. રાજ્યમાં એડમિશન પ્રક્રિયાના આંકડા અને વાસ્તવિકતા વચ્ચેનો આ ભેદ શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. ઓક્ટોબર મહિનાના અંતમાં પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, રાજ્યભરમાં કુલ ૮,૪૫૨ બેઠકો (૭,૨૩૩ મેડિકલ અને ૧,૨૧૯ ડેન્ટલ) માટે કાઉન્સેલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રણ રાઉન્ડના અંતે ૧૧૯ મેડિકલ અને ૧૦૪ ડેન્ટલ મળીને કુલ ૨૨૩ બેઠકો ખાલી રહી હતી. ત્યારબાદ ઓક્ટોબર માસમાં યોજાયેલા ચોથા રાઉન્ડમાં આ તમામ ૨૨૩ બેઠકો વિદ્યાર્થીઓને ફાળવવામાં આવી હતી. જોકે, ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરવાની અંતિમ મુદત પૂરી થતાં આ લેખ લખાય છે ત્યાં સુધી ૮૮ બેઠકો પર કોઈએ પ્રવેશ મેળવ્યો ન હોવાનું સામે આવ્યું હતું. આ ખાલી પડેલી બેઠકોમાંથી ૫૬ બેઠકો મેડિકલ કોલેજોની અને ૩૨ બેઠકો ડેન્ટલ કોલેજોની છે. અડવાણી મેડિકલ કોલેજ, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ અને નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પણ બેઠકો ખાલી રહી છે, જે અત્યાર સુધી અકલ્પ્ય માનવામાં આવતું હતું. તો ચાલો આજે આપણે સમજીશું કે એમબીએ, એમસીએ અને ઈજનેરીમાં જેમ સીટો ખાલી રહે છે તેમ મેડિકલમાં કેમ થવા લાગ્યું.

સારા ગુણ પણ ઊંચી ફી ભરવાની ક્ષમતા નહીં, ઊંચી ફી ભરવાની ક્ષમતા છે તેને સારા ગુણ નથી

આ પરિસ્થિતિનું સૌથી મોટું કારણ ઊંચી ફી અને મેનેજમેન્ટ ક્વોટાનું પ્રભુત્વ છે. ખાલી રહેલી મોટાભાગની બેઠકો મેનેજમેન્ટ ક્વોટાની છે, જ્યાં વાર્ષિક ફી રૂા. ૨૦ લાખથી રૂા. ૨૫ લાખ સુધી પહોંચે છે. સિનિયર ફિઝિશિયન અને મેડિકલ એજ્યુકેટર ડૉ. ઉમેશ ગુર્જરના દિવ્યભાસ્કર.કોમને જણાવ્યા અનુસાર, જે વિદ્યાર્થીઓને સારા ગુણ મળે છે તેમની પાસે આટલી માતબર ફી ભરવાની ક્ષમતા હોતી નથી, અને જેની પાસે નાણાકીય સદ્ધરતા છે તેમને મેરિટ મુજબ પૂરતા ગુણ મળતા નથી. દસ લાખ રૂપિયાથી ઓછી ફી ધરાવતી કોલેજોમાં બેઠકો ઝડપથી ભરાઈ જાય છે, પરંતુ સેલ્ફ-ફાઇનાન્સ કોલેજોની ઊંચી ફી મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે અગ્નિપરીક્ષા સમાન બની જાય છે.

બીજી બાજુ ડેન્ટલમાં તો ખરાબ સ્થિતિ છે કારણ કે, પ્રાઇવેટ કોલેજોની ઊંચી ફીના કારણે ડેન્ટલ PGની બેઠકો ખાલી રહી હતી. એજ્યુકેશન ટાઇમ્સના અહેવાલ મુજબ ભારતમાં PG ડેન્ટલની કુલ બેઠકોમાંથી ૮૬% બેઠકો પ્રાઇવેટ ડેન્ટલ કોલેજોમાં હોવાથી, ઊંચી ટ્યુશન ફી બેઠકો ભરાવામાં મુખ્ય અવરોધ બનીને ઉભરી રહી છે. સત્તાવાળાઓએ સતત બીજા વર્ષે NEET MDS ૨૦૨૬ માટે ક્વોલિફાઈંગ કટ-ઓફ ઘટાડ્યો હોવા છતાં, ડેન્ટલ કોલેજોમાં ઓછામાં ઓછી ૧,૨૦૦ બેઠકો ખાલી પડી છે.

National Board of Examinations in Medical Sciences (NBEMS)એ કટ ઓફ માર્કમાં ઘટાડાની જાહેરાત કરવી પડી હતી કે ઘટાડેલા કટ-ઓફથી વધુ ૬,૩૮૩ ઉમેદવારો કાઉન્સેલિંગ રાઉન્ડ માટે પાત્ર બનશે, જે નવેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. સામાન્ય કેટેગરી (General Category)ના ઉમેદવારો માટે કટ-ઓફ સ્કોર ૯૬૦માંથી ૩૦૮થી ઘટાડીને ૨૩૪ કરવામાં આવ્યો છે. જોકે, વિદ્યાર્થી સંગઠનોનો દાવો છે કે આ ઘટાડાથી પ્રવેશમાં કદાચ ખાસ વધારો નહીં થાય, કારણ કે પ્રાઇવેટ શિક્ષણનો ઊંચો ખર્ચ અને ઉમેદવારોની કેટલીક ચોક્કસ સ્પેશિયાલિટીઝ માટેની પસંદગી પ્રવેશ પર અસર કરે છે.

મેડિકલ કાઉન્સેલિંગ કમિટી (MCC), જે કાઉન્સેલિંગ પ્રક્રિયાની દેખરેખ રાખે છે, તેના એક વરિષ્ઠ અધિકારી પરવડે તેવા ખર્ચને એક મોટો અવરોધ ગણાવતા કહે છે, "પ્રાઇવેટ કોલેજોમાં ઊંચી ફી એ પ્રાથમિક મુદ્દો છે, કારણ કે ઘણા ઉમેદવારો આટલી ફી પરવડી શકે તેમ ન હોવાથી પ્રવેશ ન લેવાનો વિકલ્પ પસંદ કરે છે. MDSની મોટાભાગની (૬૦% સુધીની) બેઠકો પ્રાઇવેટ કોલેજોમાં છે, જેમાં ઉમેદવારોનો ઓછો રસ જોવા મળે છે."

૨૦૨૫માં, દેશની ૨૮૭ કોલેજોમાં કુલ ૭,૭૧૬ MDS બેઠકોમાંથી ૬,૬૧૩ બેઠકો ૨૪૧ પ્રાઇવેટ ડેન્ટલ સંસ્થાઓમાં હતી, જ્યારે ૪૬ સરકારી ડેન્ટલ કોલેજોમાં ૧,૧૦૩ બેઠકો હતી, જે મોટાભાગે ભરાઈ ગઈ હતી.

ગુજરાતમાં મેડિકલ કોલેજોનું માળખું સમજીએ

ગુજરાતમાં મેડિકલ કોલેજો અને ફીનું માળખું પણ એક જટિલ વિષય છે. રાજ્યમાં સરકારી કોલેજો ઉપરાંત જીમેર્સ (GMERS) અંતર્ગત ચાલતી સેલ્ફ-ફાઈનાન્સ મોડલની કોલેજો પણ કાર્યરત છે. રાજ્યમાં સરકારી કોલેજોની સમકક્ષ શરૂ થયેલી આ સંસ્થાઓનું ફી માળખું સરકારી અને સંપૂર્ણ ખાનગી કોલેજોની વચ્ચે આવેલું છે. અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, પાટણ, વલસાડ, હિંમતનગર, જૂનાગઢ, મહેસાણા, મોરબી, ગોધરા, પોરબંદર, નવસારી અને રાજપીપળા સહિતની ૧૩ જીમેર્સ કોલેજોમાં પણ ફીનું ઊંચું પ્રમાણ વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઊભી કરે છે. આવી મેડિકલ કોલેજમાં મેરિટ અને ગવર્નમેન્ટ ક્વોટામાં ફી ઓછી હોય છે પરંતુ મેનેજમેન્ટ અને એનઆરઆઈ ક્વોટામાં આંકડો લાખો રૂપિયા સુધી પહોંચી જાય છે. આર્થિક મંદી અને બજારની વર્તમાન સ્થિતિ પણ આમાં મોટો ભાગ ભજવી રહી છે. બજારમાં રોકડ પ્રવાહ ઘટ્યો છે અને ધંધા-રોજગાર મંદ હોવાના કારણે વાલીઓ પર મોટો આર્થિક બોજ આવી ગયો છે. પરિસ્થિતિ એવી છે કે અગાઉના વર્ષોમાં વિદેશ અભ્યાસ માટે જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ મોટો ઘટાડો નોંધાયો છે કારણ કે વિદેશમાં ભણવાનો ખર્ચ પણ સામાન્ય પરિવારની પહોંચ બહાર થઈ ગયો છે તેવું માની શકાય છે.

આ સમગ્ર વિષય પર સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરીએ તો વાલીઓ અને વિદ્યાર્થીઓની વિચારધારામાં પણ મોટો બદલાવ આવ્યો છે. સોશિયલ મીડિયા પર ડૉક્ટરો પર થતા હુમલાની ઘટનાઓ, નીટ પરીક્ષાના વિવાદો અને યુવાનોમાં વધતા તણાવને કારણે એક માનસિક ડર ઊભો થયો છે. આ સાથે જ, વાલીઓની માનસિકતા પણ બદલાઈ છે. ડૉ. ગુર્જરના અનુભવ મુજબ, અનેક વાલીઓ હવે સંતાનોની કારકિર્દી પાછળ પોતાની જીવનભરની મૂડી ખર્ચી નાખવા તૈયાર નથી કારણ કે તેમને પોતાના ઘડપણની સુરક્ષાની ચિંતા સતાવે છે. તેઓ દીકરા પાસેથી ભવિષ્યમાં આર્થિક ટેકાની અપેક્ષા રાખવાને બદલે પોતાના નિવૃત્તિ કાળ માટે નાણાં બચાવવાનું વધુ સુરક્ષિત માને છે.

પેરામેડિકલ અભ્યાસક્રમોમાં ઉત્સાહ

આ સમગ્ર પ્રકરણમાં પેરામેડિકલ અભ્યાસક્રમો એકમાત્ર એવું ક્ષેત્ર છે જ્યાં વિદ્યાર્થીઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. રાજ્યની તમામ ૨,૪૮૯ સરકારી પેરામેડિકલ બેઠકો સંપૂર્ણપણે ભરાઈ ગઈ છે અને ફિઝિયોથેરાપી તથા બી.એસસી. નર્સિંગ જેવા અભ્યાસક્રમો માટે હજારો વિદ્યાર્થીઓએ પસંદગી દર્શાવી છે. આખરી તબક્કે, મેડિકલ અને ડેન્ટલ ક્ષેત્રે બેઠકો ખાલી રહેવાની આ સમસ્યા માત્ર બેઠકોની ઉપલબ્ધતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે શિક્ષણના વધતા જતા ખર્ચ, આર્થિક અનિશ્ચિતતાઓ અને બદલાતા સામાજિક સમીકરણોનો અરીસો છે. જો સમયસર ફી માળખા અને કાઉન્સેલિંગ પ્રક્રિયામાં સુધારા કરવામાં નહીં આવે, તો આગામી વર્ષો ઉચ્ચ શિક્ષણના આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવાના સપના જોતા પ્રતિભાશાળી યુવાનો માટે રસ્તા વધુ કઠિન બનતા જશે. જો કે આ ક્ષેત્ર ખુબ જ ડીમાન્ડીંગ છે. આથી ક્યારેય કારકિર્દીની દૃષ્ટિએ તેનો અસ્ત થવાનો નથી. પરંતુ ચારેકોર એક સવાલ છે કે, શિક્ષણ દિવસેને દિવસે મોંઘું થતું જાય છે. બીજી બાજુ કોમ્પીટીશન વધતી જાય છે, લોકોની ડિમાન્ડ વધતી જાય છે. ખાનગી કોલેજોની સંખ્યા વધતી જાય છે. માળખાકીય સુવિધા ઉભી કરવા માટે તેમજ ગરજવાન વિદ્યાર્થીઓ આવતા હોવાથી ફી ઉંચી રાખવામાં આવે છે. આ એક ખરી વાસ્તવિકતા છે. આથી જ કોલેજોમાં તમારે ઓછા ખર્ચે સરકારી ક્વોટામાં એડમિશન લેવું હોય તો ખૂબ જ મહેનત કરીને ઉંચા ગુણાંક લાવવા પડશે. આશા રાખીએ કે આ એક જીવન જરૂરી બાબત હોવાથી તેમા ફીનું ધોરણ ઓછું થાય, વધુને વધુ તબીબો તૈયાર થાય, તેઓ ઓછા ખર્ચે અભ્યાસ કર્યો હોવાથી તેનો ફાયદો અંતે દર્દીઓની ફીમાં અને સમાજને સ્વસ્થ બનાવવામાં થવો જોઈએ.


ઉપરોકત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.

Email:sahebtoday@gmail.com

હેલ્લો સ્ટુડન્ટ્સ

- સાહેબ સોની

છાંયડાના આંગણામાં ઝાડ તડકાનું હશે; એ બરફના ઘરનું કમાડ ભડકાનું હશે



દસ્તક

હર્ષદ પંડ્યા

સમયના વૃક્ષ પરથી દિવસોનાં પાંદડા ખરતાં રહે છે. ચાલુ વર્ષનો આજે છેલ્લો રવિવાર ! જો કે એક પણ દિવસ પહેલો કે છેલ્લો હોતો જ નથી, એ તો આપણા ગણતરીબાજ સ્વભાવનું એક પ્રતિબિંબ જ છે. આપણી સગવડતા ખાતર આપણે વિજ્ઞાન અને ગણિતના નામે સમયના ચોસલાં પાડી દીધા. બાકી જે હોય છે એ તો હોય જ છે ! સમયનું 'હોવું' એ જ પૂરતું છે, પછી ભલે આપણે એને 'ગઈકાલ' કે 'આજ' કે 'આવતીકાલ'નું લેબલ લગાડીએ. આપણા અંદરના સંબંધનું પણ એવું જ - સમય જેવું જ છે. સંબંધનું ય 'હોવું' એ જ પૂરતું છે. શકય છે કે ગઈ દિવાળીએ જે પ્રિયજન આપણને ભેટવા માટે એક દરિયો ભરાય એટલી તરસ લઈને દોડી આવ્યું હોય, આજે એ જ પ્રિયજન આપણને અને આપણા પડછાયાને તરછોડી દે અને એક સ્વજન હોવાનોય ઈન્કાર કરી દે તો પણ શું? વહેતા સમયની આ પણ એક લીલા જ છે એમ સમજી, સંબંધના વૃક્ષ પરથી લાગણીનું એક પાંદડું પીળું થયા પહેલાં જ ખરી પડ્યું એવી હૈયાધારણા આપી હૃદયના ધબકારાને જાળવી રાખવાનો છે. સંબંધી જતો રહ્યો, સંબંધ થોડો જતો રહ્યો છે?! એ તો ક્યારેક એવુંય બને કે ઈમારત બંધાય એ પહેલા ખોડર પણ બની જાય.

પ્રત્યેક ક્ષણના આપણે ઋણી છીએ. એક એક દિવસ અને રાતના આપણે ઋણી છીએ. એક એક ક્ષણ આપણને કોઈકની જિંદગીની કાં તો ક્ષણમાં, કાં તો જિંદગીના એકાદ દિવસમાં કે પછી જિંદગીના અંતિમ શ્વાસ સુધીના સમયમાં જીવતાં રાખે છે. યાદોના રેપરમાં કોઈ ને કોઈ પ્રિયજન આપણને સાચવે છે, જાળવે છે અને બહુ જ સૂક્ષ્મરૂપે સ્પર્શી પણ લે છે. વર્ષો વહી જાય એમ ભલેને પ્રિયજનો આપણા જીવનપ્રવાહના કિનારેથી એક પછી એક વહી જાય... હૃદયમાંથી એ ક્યાં જશે? યાદોના ઝરૂખે તો એ કોઈને કોઈ રૂપે ટહુક્યા જ કરશે ! હા, એમના ટહુકાને ઓળખતાં આપણને આવડવું જોઈએ. આપણે આપણી જ ભીતરમાં થઈ રહેલા અંદરના ઘોંઘાટથી દૂર દૂર નીકળી જઈશું તો પ્રિયજનની યાદના ટહુકાને ઓળખી પણ શકીશું, સમજી પણ શકીશું.

સમયના તકાજે કેટલાક સંબંધો ડાયવર્ઝન લઈ લેતા હોય છે. એટલું જ, બાકી એ સંબંધના માલિકનું હૃદય અને આંખ આજ પણ આપણને તાકી જ રહે છે. આજે પણ આપણને મનોમન એ મમળાવતા જ રહે છે એમાં શંકાને સહજે પણ સ્થાન ન હોય. પોતાની જિંદગીના છેડે બાંધેલા ખાલીપાને એ ક્ષણેક્ષણ આપણી યાદોથી ભરતા રહેતા રહે છે. જેની આપણને ખબરેય નથી હોતી. કેલેન્ડરનું છેલ્લું પાનુંય ફાટી ગયું અને કેલેન્ડર સાવ ખાલી, સાવ અટૂલું, સાવ સૂનું થઈ ગયું એ સૌ જુએ છે, પણ ફાટીને-અળગા થઈને ઊડી ગયેલા એ પાનાનું શું થયું? એની કોઈનેય ફિકર નથી હોતી. સંબંધ એકમાર્ગી કે વન-વે કયારેય ન હોય. આપણી ગતિને પ્રગતિનું વરદાન મળે કે ન મળે, પણ આપણને છોડીને જનાર પ્રિયજનની ગતિને અધોગતિનો અભિશાપ ન મળે એટલું વિચારતા થઈએ ત્યારે કહી શકાય કે આપણે સંબંધનો શ્વાસ ભરવાને પાત્ર બન્યા છીએ. પ્રિયજન આપણા જીવનમાં રહે ના રહે એ મહત્ત્વનું નથી. મહત્ત્વનું એ છે કે એ પ્રિયજનની લીલી યાદને આપણે કયારેય પીળી ન પડવા દઈએ. કેટલાકને થશે કે વિચારવું અને વહેવારમાં મૂકવું એ બે વચ્ચે આભ-જમીનનો ફેર છે. હા, ફેર હશે પણ એવા લોકો માટે ફેર હશે જેઓ પ્રેમનું, મૈત્રીનું કે સંબંધનું માત્ર નાટક જ કરતા હોય. પણ પ્રેમને, મૈત્રીને, સંબંધને જેણે પોતાના અંતિમ શ્વાસ સુધી શ્વાસમાં ભેળવી દેવાનું લાગણીભીનું કામ કર્યું હોય એને તો કોઈ જ ફેર નથી પડતો. આવા માણસોનો અંતિમ શ્વાસ પણ સંબંધની ખુમારીવાળો જ નહીં, એ ખુમારીની ખમીરીવાળો પણ હોય છે. સંબંધની ખુદ્દારી સામે તો અસ્તિત્વની ખુદ્દારી પણ વામણી લાગે. સંબંધની સંજિવની વિના તો અસ્તિત્વનેય ક્યાં ચાલ્યું છે?

જે વહી જાય છે એ જ જળ છે, નદી નહીં. નદી તો ત્યાં જ છે, જ્યાં એ જન્મથી જ છે. એમ જે વહી જાય છે એ આયુષ્ય છે, જીવન નહીં, જીવન તો આપણી ગેરહાજરીમાંય કોઈકના હૃદયમાં, કોઈકના દિમાગમાં તો વળી કોઈકની યાદોમાં જળવાયેલું હોય છે જ ! બહારથી ખૂબસૂરત લાગતી ક્ષણ વાસ્તવમાં કદરૂપી પણ હોઈ શકે. પળ ખૂબસૂરત છે કે બદસુરત એ આપણા સંબંધની સફળતા-નિષ્ફળતા પર આધાર રાખે છે. કોઈ આપણા પ્રેમનો સહર્ષ સ્વીકાર કરે ત્યારે એ પળ કેટલી ખૂબસૂરત લાગે છે ! અને કોઈ આપણા પ્રેમનો તિરસ્કાર કરે ત્યારે ? ત્યારે એ જ પળ બદસૂરત જ નહીં, પણ આપણા અસ્તિત્વ માટે કયારેક ઘાતક પણ પુરવાર થાય એટલી બદસૂરત લાગે ! એક પણ પળ આપણી નથી, તેમ છતાં પ્રત્યેક પળ આપણી જ છે એમ માની 'સમયમય' થઈને જીવવાનું છે. જો સંબંધના રસને પૂરેપૂરો ગટગટાવવો હોય તો ! બહારથી કંકુ જેવા લાગતા સંબંધોના તળિયા તપાસીશું તો ક્યારેક શકય છે કે એ સંબંધની લાલાશ કંકુની ન હોય, માત્રને માત્ર લોહીની જ હોય... અશકય કશું જ નથી. શરદપૂનમનો ચંદ્ર કેટલી શીતળતા આપે છે, પણ એ એની બહારની છે. શકય છે કે શીતળતાના તળિયે સૂરજની ગરમીનો તાપ ટૂંટિયું વાળીને બેઠો હોય. એ જ રીતે સ્મિતની



સુગંધ ફેલાવતા, કે લાગણીની ભીનાશ છલકાવતી આંખો ધરાવતા ચહેરા પોતાની મૂળ આકૃતિ કરતા તદ્દન જુદાં જ હોય એવુંય બને ! નાટક માત્ર રંગમંચ પર ખેલાય એવું થોડું છે? હૃદયમંચ પર અને સંબંધમંચ પર પણ ક્યાં નથી ખેલાતું?

ગમ જેવું કોઈ ગીત નથી અને સંબંધ જેવું કોઈ સંગીત નથી. ગમ અને સંબંધ વચ્ચે બહુ જૂનો સંબંધ છે. સંબંધ જેટલો સમજદાર, ગમ એટલો જ વજનદાર. સંબંધ જેટલો સહનશીલ, ગમ એટલો જ જલનશીલ. સંબંધ જેટલો સ્વ-ભાવક, ગમ એટલો જ પ્રભાવક. ગમ અને સંબંધ એકબીજા વિના અધૂરા કહેવાય. ગમ એ સંબંધનું જ ફરજંદ છે અને કદાચ એ જ કારણે એ બંને વચ્ચે નાભિનાળ સંબંધ છે. ગમનું વજન સ્વજન પર આધાર રાખે છે. ગમ વગરના સંબંધમાં હોય પણ શું? એનો અર્થ એ નહીં કે ગમ વગર સંબંધ ટકી જ ના શકે. સંબંધ સર્જાય એટલે ગમનો પ્રવેશ થવો જ જોઈએ એવું પણ ન કહેવાય. પણ એટલું તો જરૂર કહી શકાય કે સાચો સંબંધ ગમની સરગમ રેલાવે જ... ખુશી થોડી અને ગમ ઝાઝો, એ જ તો સંબંધનું સૂત્ર છે ! સંબંધના સૂરજને પ્રગટાવવો સરળ છે, પણ એને અસ્ત થતો બચાવવો એ ઘણું કપરું છે. જે કપરું હોય એને શકય બનાવવાનીય એક મજા છે !

માણસને ઓળખવા માટે આંખ નહીં, દૃષ્ટિ જોઈએ. સંબંધને ઓળખવા માટે લાગણી નહીં, સમય જોઈએ. સમય જ સંબંધના સત્યને ઉજાગર કરે છે. સંબંધના પરિચય માટે સમય જેવું કોઈ ઓળખપત્ર નથી. સમય બદલાય એમ સંબંધ બદલાય તો એને હું સંબંધ નથી કહેતો, સંબંધનું મહોરું પહેરીને ફરતો એક પ્રપંચ કે એક પ્રબંધ કહું છું. સંબંધ કોઈપણ હોય, સમયનો એ મોહતાજ નથી. સંજોગ બદલાય એમ સંબંધ બદલાય એને સંબંધ કહેવાય? સંબંધ તો શ્વાસનું બીજું નામ છે. આજે મોટાભાગના સબંધો સંજોગના રિમોટ કંટ્રોલથી ચાલે છે. સાચા સંબંધનું તો પેલા શ્રીફળ જેવું છે. કયારેક વધેરાઈ જાય તોય 'પ્રસાદ' બનીને એ વહેંચાય છે. વહેંચાઈ જવું એ સંબંધનો સ્વભાવ છે અને વેચાઈ જવું એ પ્રબંધનો સ્વભાવ છે. ભીની લાગણીઓના લીલાછમ્મ્ બાગમાં જો પ્રપંચનો પ્રવેશ થાય તો એ લીલેરો બાગ ક્યારે રણમાં ફેરવાઈ જાય એનું કંઈ નક્કી નહીં...

સંબંધની તલાશમાં નીકળેલા આપણે વેદનાના વણઝારા સિવાય બીજું છીએ પણ શું? 'શબ્દપ્રીત' સાચું જ કહે છે :

"છાંયડાના આંગણામાં ઝાડ તડકાનું હશે
એ બરફના ઘરનું કમાડ ભડકાનું હશે"

ટહુકો :

બોલું અગર તો અપની સદા ભી ન સુન સકૂ
ખામોશ ગર રહું તો મુઝે સબ સુનાઈ દે
'નૌશાદ' માનતા હૂં ઉસીકો મૈં આદમી
બદલેમેં હર બુરાઈકે ભી જો ભલાઈ દે.

- સંગીત નિર્દેશક નૌશાદ

મહિલા પોલીસ અને જનતા...

એક ચેનલના મીડિયા કર્મીની મહિલા પોલીસ ઈન્સ્પેક્ટરે ફેંટ પકડી અને ધક્કો મારી દૂર હડસેલી દીધો. ચેનલના એન્કરે આક્રોશથી કહ્યું કે, તમારી પોલીસને સમજાવજો કે મીડિયા સાથે કેવી રીતે બિહેવ કરાય. ફેંટ પકડે છે, તમારી પોલીસ ઈન્સ્પેક્ટર. કેમેરામેન કંઇ ગુંડાગર્દી કરવા ગયો ન હતો. એ રિપોર્ટિંગ કરવા ને અધિકૃત જાણકારી મેળવવા ગયો હતો. એ વીડિયો હવે તો વાઈરલ થયો છે ને ચેનલના એન્કર પોતાનાં કર્મીનું આવું અપમાન સહન ન જ કરે તે સમજી શકાય એવું છે. એન્કર પોલીસ કમિશનરને ચેતવણી આપતા કહે પણ છે કે આ વીડિયો જુઓ તો ખબર પડશે કે તમારી પોલીસને કેટલી બહાદુરી શીખવાડી છે ! હું આ વીડિયો વાઈરલ કરાવીશ, તમારે કેસ કરવો હોય તો કરી લેજો. એન્કરનો ગુસ્સો સાતમાં આસમાને છે ને મહિલા પોલીસ અધિકારી જે રીતે વર્તે છે તે જરા પણ શોભાસ્પદ નથી.

આવું એક ચેનલ સાથે જ થાય છે, એવું નથી. આ તો રોજનું છે. પુરૂષ પોલીસ અધિકારીઓ તો મનસ્વી રીતે વર્તે જ છે, પણ હવે મહિલા પોલીસ અધિકારીઓ પણ ગમે તેને ધક્કો મારીને દૂર હડસેલી શકે છે. મહિલાઓનું વલણ આવું આક્રમક થયું છે તે કદાચ સ્ત્રી સશકતીકરણનું વરવું ઉદાહરણ છે. આમ વર્તવાનું પોલીસ અધિકારીઓને શીખવાડવામાં આવે છે કે તેમને મનસ્વી રીતે કોઈને પણ મારવાનો પરવાનો મળેલો છે, તે નથી ખબર, પણ પોલીસ માત્રનું વર્તન અણછાજતું ન હોવું જોઈએ. એ ખરૂં કે કાયદો ને વ્યવસ્થા

સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

જાળવવામાં મહિલા પોલીસનું યોગદાન ઓછા મહત્ત્વનું નથી. એ પણ છે કે મહિલા પોલીસ અધિકારીઓએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. વધારે નહિ તો અહીં નિવૃત્ત આઈપીએસ કિરણ બેદીને યાદ કરી શકાય. એ સાચું છે કે પોલીસને પણ ઉપરી અધિકારીઓનું દબાણ હોય છે, અરે ! ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ રાજકીય ને વ્યાવસાયિક દબાણ હેઠળ કામ કરતા હોય છે. સ્વાભાવિક છે કે જનતાના વિરોધ વખતે સંયમ રાખવાનું મુશ્કેલ બનતું હોય ને પોલીસનો હાથ ઊપડી જતો હોય. એ વખતે સામે કોણ છે એ જોવાતું નથી. જોવાનું એટલું જ હોય છે કે પરિસ્થિતિ કાબૂ બહાર ન જાય. એમાં ક્યારેક એવું પણ બને છે કે જનતાના હુમલાઓનો ભોગ બનવાનું પણ પોલીસને આવે છે. એવે વખતે જાત બચાવવા પણ પોલીસને હિંસા અનિવાર્ય થઈ પડે છે.

માત્ર મહિલા પોલીસની વાત કરીએ તો તેમની જવાબદારીઓ વધુ હોય છે. પોલીસની ફરજો ઉપરાંત તેમને ઘરકામ અને બાળઉછેરની જવાબદારીઓ પણ કાયમી ધોરણે વળગેલી હોય છે. એવું પણ બન્યું છે કે મહિલા પોલીસે નાના બાળકને પોલીસ સ્ટેશને લાવવું પડે છે ને તેની સારસંભાળ ત્યાં જ કરવી પડે છે. તે એટલે પણ કે વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની બે જ હોય છે. બંને નોકરી કરતા હોય તો ઘરમાં કોઈ હોતું નથી ને બાળઉછેરની જવાબદારી માતા પર જ નંખાયેલી હોવાને લીધે મહિલાએ નોકરીને સ્થળે જ બાળકને લઈ જવું પડે છે. આ લાચારી છે. એવામાં દરેક વખતે સંયમ જળવાય જ એવું ન પણ બને. સૌથી મોટી આપત્તિ આજકાલ માણસાઈના અભાવની છે. સરકાર હોય કે પ્રજા, મનુષ્ય, મનુષ્ય તરીકે જોવાવાને બદલે તે એક આઈટેમ તરીકે જાહેરમાં મુકાઈ ગયો છે. સહાનુભૂતિ, દયા, માયા ને બદલે ચારે તરફ યાંત્રિક વ્યવહાર સામાન્ય થઈ પડ્યો છે. માણસ સો પાનસોની નોટ થઈ ગયો છે. નફો ને ધંધો એ જ જીવનનું સાર્થક્ય થઈ પડ્યું હોય એવી સ્થિતિ છે. આજકાલ બધે જ આક્રમકતા કેન્દ્રમાં આવી ગઈ છે, તો પોલીસ પણ એમાંથી બાકાત રહે એમ ના પણ બને. એ પોલીસ હોય કે મહિલા પોલીસ હોય, બહુ ફરક પડતો નથી.

એક તબક્કે મહિલાઓ પોલીસ બનતી થઈ ત્યારે એમ મનાતું હતું કે સંવેદનશીલ તપાસ અને ન્યાયની બાબતે વધુ સફળતા મળશે. એ મળી પણ ખરી. મહિલાઓ અને બાળકો સામેનાં ગુનાઓ દુષ્કર્મ, છેડતી, ઘરેલું હિંસા, માનવ તસ્કરી ને મામલે સ્ત્રીને સ્ત્રી વધારે સમજી શકે એ તક પણ મહિલા પોલીસકર્મીઓનાં ઉમેરણથી ઊભી થઈ. ખાસ કરીને જે સ્ત્રીઓ પુરૂષ અધિકારી સામે ખૂલવામાં સંકોચ અનુભવતી હતી, તે મહિલા પોલીસ અધિકારી સામે સ્પષ્ટ વાતો કરતી થઈ છે. આ બાબતો ગુના ઉકેલવાની દિશામાં મહત્ત્વનું પગલું પુરવાર થયું.

મહિલા પોલીસ અધિકારીઓ કૌટુંબિક સમસ્યાઓનાં ઉકેલમાં જ ઉપયોગી ન થઈ, પણ આતંકી ઓપરેશન અને રમખાણોમાં પણ તેણે સફળ નેતૃત્વ પૂરૂં પાડ્યું. મહિલા પોલીસ સ્ટેશનોને લીધે સામાન્ય મહિલાઓનો પોલીસમાં વિશ્વાસ વધ્યો છે. કટોકટીની સ્થિતિમાં કે કૌટુંબિક વિવાદોમાં મહિલા પોલીસ અધિકારીઓ તેમની વાત કઢાવવાની યુક્તિને લીધે મામલો થાળે પાડવામાં વધુ સફળ પુરવાર થઈ છે. મહિલા પોલીસ દરેક વખતે સફળ થઇ જ છે, એવું નથી. પોલીસની નોકરી full time job છે. નોકરીની સમય બાબતની અનિશ્ચિતતાને કારણે તે ઘર અને સંતાનોની જવાબદારીઓ ઉપાડવામાં થાકે છે. આમ પણ હજી પુરૂષપ્રધાન માનસિકતા ગઈ નથી, તે સ્થિતિમાં મહિલા અધિકારીઓની ક્ષમતા બાબતે શંકાથી જ જોવાતું હોય છે. એટલે તેમને ઓફિસ વર્ક સોંપવાનું વલણ ઉપરી અધિકારીઓનું હોય છે. એને લીધે ફીલ્ડ ડ્યૂટીમાં તેની ક્ષમતા કેવી છે તેનો પૂરો ક્યાસ કાઢી શકાતો નથી.

ગર્ભાવસ્થા અને બાળઉછેરનાં ગાળામાં મહિલા પોલીસ અધિકારીઓને ડ્યૂટી અનુકૂળ આવતી નથી એટલે એવું માની લેવાય છે કે ફીલ્ડ ડ્યૂટી માટે મહિલા પોલીસ અધિકારીઓ સક્ષમ નથી અને તેમને ઓફિસ વર્ગ માટે જ યોગ્ય ગણવામાં આવે છે. મહિલા પોલીસ અધિકારીઓમાં માનસિક તનાવ સતત ડ્યૂટીનાં ટાઈમિન્ગ્સ બદલાતા રહેવાને કારણે વધે છે. વારતહેવારે રજા ન મળવાને કારણે મહિલા અધિકારીઓ ઘરમાં ધ્યાન આપી શકતી નથી ને ઘરનાં પાત્રોની ખફગીનો ભોગ બને છે. ઘણી મહિલા પોલીસ કર્મી સક્રિય હોવાને લીધે આપણે તહેવારો મનાવી શકીએ છીએ કે ટ્રાફિક જામથી બચીને સમયસર ઘરે પહોંચી શકીએ છીએ.

આ મહિલા પોલીસ કાયદો અને વ્યવસ્થા ઉપરાંત સામાજિક ઉત્કર્ષમાં પણ અગ્રેસર છે. પોલીસ દળમાં મહિલાઓને શારીરિક, માનસિક, સામાજિક પ્રતિકૂળતાઓ નડતી હોય છે. એ જ કારણ છે કે પોલીસ ભરતીમાં મહિલાઓ ઓછી છે. ૨૦૨૦ના આંકડા ધ્યાને લઈએ તો દેશમાં પોલીસની કુલ સંખ્યા ૨૦,૯૧,૪૮૮ છે, તેમાં મહિલા પોલીસકર્મીઓની સંખ્યા ૨,૧૫,૫૦૪ છે. જે મહિલાઓ પોલીસ તરીકે ભરતી પામે છે તેમાં પણ ૯૦ ટકા તો નીચલા પદ પર જ જોવા મળે છે. ઉચ્ચ હોદ્દા પર માંડ હજાર મહિલા જોવા મળે છે. બાકી, તો કોન્સ્ટેબલ થઈને દિવસો વિતાવે છે. તેમને ઘરમાં ને પોલીસ સ્ટેશનમાં થોડી મોકળાશ મળી રહે તો તે વધુ કાર્યક્ષમ પુરવાર થઈ શકે એમ છે. તેમના કામના કલાકો નિયમિત કરવામાં આવે તો હજી મોટું યોગદાન મહિલાઓ આપી શકે, એટલું જ નહીં, મહિલા પોલીસ ભરતીમાં પણ વધારો થઈ શકે.

એક ચેનલના કેમેરામેનની મહિલા પીઆઈએ ફેંટ પકડી તે સારૂં ન જ હતું. જે ખોટું છે તે ખોટું છે જ ! પણ મહિલા પોલીસ અધિકારીઓ કેટકેટલી પ્રતિકૂળતાઓ વચ્ચે ફરજ બજાવે છે, તે પણ ધ્યાને લેવું જોઈએ. પુરૂષપ્રધાન સમાજમાં મહિલાઓ તો ઉપેક્ષિત હોય જ છે, પણ પોલીસ દળમાં પણ અનેક મહિલા પોલીસકર્મીઓ પુરૂષ પ્રધાનતાનો સામનો ડગલે ને પગલે કરતી હોય છે. ભરતીમાં, પ્રમોશનમાં પણ તેને સેકન્ડ કેટેગરી તરીકે જ જોવામાં આવે છે. અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે ને ભારે દબાણમાં મહિલા પોલીસ કામ કરે છે, તેમાં ક્યારેક તોલ ગુમાવવા જેવું પણ થતું હશે, તેનો અર્થ એવો નથી કે તે ગુનેગાર છે. ગુનેગાર હોય તો પણ તે સહાનુભૂતિને પાત્ર છે.

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

જે. એચ. શમસુદ્દીન : જેમણે એક નગરનું ભાગ્ય બદલ્યું

સત્તાને સેવાનું સાધન બનાવનાર એક નિષ્ઠાવાન મુસ્લિમ નેતાની પ્રેરક ગાથા

પરિચય : અમેરિકાથી ભટકલ સુધી

નવેમ્બર ૨૦૨૬માં અમેરિકાના મિશિગન રાજ્યમાંથી અબ્દુલ અલ-સૈયદ અમેરિકાની સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બન્યા ત્યારે ભારતના કર્ણાટક રાજ્યના એક નાનકડા દરિયાકાંઠાના નગર ભટકલમાં પણ આનંદની લાગણી ફેલાઈ. તેનું કારણ એક રસપ્રદ પારિવારિક સંબંધ હતો. અલ-સૈયદનાં પત્ની ડૉ. સારા જુકાકુના દાદા જે. એચ. શમસુદ્દીન એક સમયે મૈસૂર રાજ્યના નાયબ મંત્રી હતા. તેમણે ભટકલના વિકાસમાં અસાધારણ ભૂમિકા ભજવી હતી.

આ સંબંધ આપણને ભારતીય ઈતિહાસના એક એવા મુસ્લિમ નેતાની યાદ અપાવે છે, જેનું નામ કદાચ દેશના રાજકીય ઈતિહાસમાં બહુ જાણીતું નથી, પરંતુ પોતાના વતનના લોકોના હૃદયમાં આજે પણ જીવંત છે.

એમનું નામ હતું જુકાકુ શમસુદ્દીન, જેઓ જે. એચ. શમસુદ્દીન તરીકે જાણીતા હતા.

એમની પાસે સત્તા હતી, પરંતુ સત્તાનો અહંકાર નહોતો. તેઓ રાજકારણી હતા, પરંતુ રાજકારણને લોકસેવાનું માધ્યમ માનતા હતા. તેઓ ધાર્મિક મુસ્લિમ હતા, પરંતુ એમની સેવાઓ કોઈ એક સમુદાય પૂરતી મર્યાદિત નહોતી.

જન્મ, પરિવાર અને સંઘર્ષ

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં અરબી સમુદ્રના કિનારે આવેલું ભટકલ એક ઐતિહાસિક નગર છે. અહીં સદીઓથી નવાયત મુસ્લિમ સમુદાય વસે છે. આ સમુદાયના આરબ દેશો સાથે જૂના વેપારી અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે.

આ નગરમાં લગભગ ૧૯૧૩ની આસપાસ શમસુદ્દીનનો જન્મ થયો. એમના પિતાનું નામ હુસૈન સાહેબ જુકાકુ હતું.

શમસુદ્દીનનું બાળપણ સુખસગવડોથી ભરેલું નહોતું. નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગુમાવનાર આ બાળકને અભ્યાસ માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

તે સમયનું ભટકલ આજના જેવું નહોતું. રસ્તાઓ કાચા હતા. વીજળી, ગટર વ્યવસ્થા, ટેલિફોન અને ઉચ્ચશિક્ષણની પૂરતી સુવિધાઓ નહોતી. ગરીબી વ્યાપક હતી. ઘણા યુવાનો માટે પ્રાથમિક શિક્ષણ પછી અભ્યાસ ચાલુ રાખવો મુશ્કેલ હતો. પરંતુ શમસુદ્દીનના મનમાં કંઈક જુદું કરવાની ધગશ હતી.

શિક્ષણ અને પ્રેરણાદાતા

શમસુદ્દીનની અભ્યાસ પ્રત્યેની લગન જોઈને સ્થાનિક દાનવીર સિદ્દીક અબુલહસને તેમને મદદ કરી. આ સહાયથી તેઓ ભટકલની બહાર કુમટાની ગિબ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી શક્યા.

આ એક એવી ઘટના હતી જેણે તેમના જીવનની દિશા બદલી નાખી.

આગળ જતાં તેમણે ધારવાડની કર્ણાટક આર્ટ્સ કૉલેજમાંથી ૧૯૩૩માં અર્થશાસ્ત્ર સાથે બી.એ. ઑનર્સની પદવી મેળવી. ત્યારબાદ ૧૯૩૫માં કોલ્હાપુરની સાઈક્સ લૉ કૉલેજમાંથી કાયદાની પદવી પ્રાપ્ત કરી.

તેમણે આધુનિક શિક્ષણની સાથે સ્થાનિક ધાર્મિક વિદ્વાનો પાસેથી અરબી ભાષા પણ શીખી. આમ, તેમની કેળવણીમાં આધુનિક જ્ઞાન અને ઈસ્લામી સંસ્કારોનો સમન્વય થયો. ભણતર પૂર્ણ કર્યા પછી તેઓ ભટકલ પાછા ફર્યા અને વકીલાત શરૂ કરી. તે સમયે તેઓ ભટકલના પ્રથમ અને ઘણાં વર્ષો સુધી એકમાત્ર ઉચ્ચશિક્ષિત વકીલ તરીકે ઓળખાતા હતા.

વકીલાત : જ્યાં પૈસા કરતાં ન્યાયનું મહત્ત્વ વધારે હતું

એક યુવાન વકીલ તરીકે શમસુદ્દીનની સામે સંપત્તિ અને પ્રતિષ્ઠા મેળવવાના અનેક અવસરો હતા. પરંતુ તેમણે જુદો માર્ગ પસંદ કર્યો.

તેઓ કોઈ વ્યક્તિનો કેસ હાથમાં લેતા ત્યારે પ્રથમ એની આર્થિક સ્થિતિ નહીં, પરંતુ કેસની યોગ્યતા જોતા. ગરીબ માણસ હોય અને તેનો કેસ ન્યાયસંગત હોય તો તેઓ ઘણી વાર મફતમાં અથવા નજીવી ફી લઈને કેસ લડતા.

આમ કરીને તેમણે લોકોનો વિશ્વાસ મેળવ્યો. એમના અસીલોમાં જુદા જુદા ધર્મના લોકો હતા. તેમની આ નિષ્ઠાને કારણે તેમની પ્રતિષ્ઠા ભટકલની બહાર કારવાર જિલ્લામાં પણ ફેલાઈ.

પછી તેમની કુમટામાં સરકારી વકીલ તરીકે નિમણૂક થઈ. આ પ્રસંગનો મહત્ત્વનો સંદેશ એ છે કે વ્યવસાય માત્ર આવકનું સાધન નથી. વ્યક્તિ પોતાની કુશળતાનો ઉપયોગ સમાજના નબળા વર્ગોને ન્યાય અપાવવા માટે પણ કરી શકે છે.

આ જ ભાવના તેમના સમગ્ર જાહેરજીવનનો પાયો બની.

રાજકારણમાં પ્રવેશ અને લોકસેવા

શમસુદ્દીનની જાહેરજીવનની શરૂઆત સ્વતંત્રતા પૂર્વે થઈ હતી. શરૂઆતમાં તેઓ મુસ્લિમ લીગ સાથે સંકળાયેલા હતા અને સ્થાનિક મુસ્લિમ સમાજના પ્રશ્નો માટે કાર્યરત રહ્યા. ત્યારબાદ તેઓ કોંગ્રેસ સાથે જોડાયા.

૧૯૪૬માં તેઓ તત્કાલીન બૉમ્બે પ્રાંતની વિધાનસભામાં ચૂંટાયા. અહીંથી એમની રાજકીય કારકિર્દીને નવી દિશા મળી.

પરંતુ ૧૯૫૧ની ચૂંટણીમાં તેમને સફળતા મળી નહીં. આવા સમયે ઘણા રાજકારણીઓ જાહેરજીવનથી દૂર થઈ જાય છે અથવા પોતાની હાર માટે બીજાઓને દોષ આપે છે. શમસુદ્દીને એવું કર્યું નહીં. તેમણે ભટકલની સ્થાનિક સંસ્થાઓમાં વધુ સક્રિયતાથી કામ શરૂ કર્યું.

૧૯૫૪થી ૧૯૫૮ દરમિયાન તેઓ ભટકલ નગરપાલિકાના પ્રમુખ રહ્યા. આ ચાર વર્ષ ભટકલના આધુનિક વિકાસના ઈતિહાસમાં મહત્ત્વનાં બન્યાં.

ભટકલના વિકાસના શિલ્પી

નગરપાલિકાના પ્રમુખ તરીકે શમસુદ્દીને નગરની મૂળભૂત સમસ્યાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

ભટકલના અનેક કાચા રસ્તાઓને પાકા બનાવવામાં આવ્યા. વરસાદી પાણીના નિકાલ માટે વ્યવસ્થા ઊભી થઈ. માર્ગો ઉપર વીજળીના દીવા લાગ્યા. નગરની હદ વિસ્તરવા લાગી અને નવા રહેણાક વિસ્તારો વિકસ્યા.

આ વિકાસકાર્યો માત્ર દેખાવ માટે નહોતાં. એ સામાન્ય માણસના રોજિંદા જીવનને સરળ બનાવવાના પ્રયાસો હતા.

ખાસ કરીને ભટકલથી જોગ ધોધના માર્ગે સાગર તરફ જતો રસ્તો ચોમાસામાં વાહનવ્યવહાર માટે મુશ્કેલ બનતો હતો. તેને સુધારવા માટે શમસુદ્દીને પ્રયત્નો કર્યા. તેમના કાર્યકાળ દરમિયાન વેંકટાપુર પુલ અને કડવિનકટ્ટા બૅરેજ જેવા કાર્યોને પણ મંજૂરી મળ્યાનો ઉલ્લેખ તેમના જીવનચરિત્રમાં મળે છે.

ભટકલમાં કૉટેજ હૉસ્પિટલ ઊભી કરવામાં પણ તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી. આ કાર્યમાં ખાન બહાદુર, એસ. એમ. સૈયદ, અબુબકર મૌલાનાનું આર્થિક સહયોગ મળ્યું હતું. આ હૉસ્પિટલ આગળ જતાં સરકારી જનરલ હૉસ્પિટલ તરીકે વિકસી.

આમ, શમસુદ્દીનના જાહેરજીવનનું મહત્ત્વ માત્ર ચૂંટણી જીતવામાં નહોતું, પરંતુ લોકોને વિકાસનો વાસ્તવિક અનુભવ કરાવવામાં હતું.

મંત્રીપદ અને વીજળીનો પ્રકાશ

૧૯૫૬માં રાજ્યોની પુનર્ગઠન પ્રક્રિયા પછી ભટકલ મૈસૂર રાજ્યનો ભાગ બન્યું. ૧૯૫૭માં શમસુદ્દીન હોન્નાવર મતવિસ્તારમાંથી વિધાનસભામાં ચૂંટાયા. ૧૯૫૮માં મુખ્યમંત્રી બી.ડી. જત્તીએ તેમને નાણાં વિભાગના નાયબ મંત્રી બનાવ્યા.

આ ભટકલ માટે ગૌરવની ક્ષણ હતી. ૧૯૬૨માં ફરી ચૂંટાયા પછી તેમણે મુખ્યમંત્રી એસ. નિજલિંગપ્પાના શાસનકાળમાં વીજળી વિભાગના નાયબ મંત્રી તરીકે જવાબદારી સંભાળી.

આ સમયગાળામાં ભટકલ અને ઉત્તર કન્નડના વિસ્તારોમાં વીજળી અને ટેલિફોન જેવી સુવિધાઓના વિસ્તરણને વેગ મળ્યો.

શરાવતી જળવિદ્યુત યોજનાને આગળ વધારવામાં પણ તેમણે રસ લીધો હતો. જોકે આ વિશાળ પ્રકલ્પનું વીજઉત્પાદન તેમના અવસાન પછી શરૂ થયું હતું.

વીજળીના વિસ્તરણથી નગરો અને નાના ઉદ્યોગો માટે નવી તકો ઊભી થઈ. શમસુદ્દીન માટે વીજળી માત્ર સરકારી યોજનાનો વિષય નહોતો; તે આર્થિક વિકાસ અને જીવનધોરણ સુધારવાનું સાધન હતું.

શિક્ષણ અને સમાજ સુધારણામાં યોગદાન

શમસુદ્દીનના જીવનની બીજી મહત્ત્વપૂર્ણ ઓળખ શિક્ષણપ્રેમી અને સંસ્થાઓના ઘડવૈયા તરીકેની છે.

તેઓ ભટકલની પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા અંજુમન હામી-એ-મુસ્લિમીન સાથે લાંબા સમય સુધી જોડાયેલા રહ્યા અને લગભગ બે દાયકા સુધી તેના મહામંત્રી તરીકે સેવાઓ આપી. આ ઉપરાંત તેઓ મજલિસ-એ-ઈસ્લાહ વ તન્ઝીમના ત્રણ કાર્યકાળ માટે પ્રમુખ રહ્યા.

તેઓ રાહતકાર્યો, ધાર્મિક કાર્યક્રમો અને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. ઈસ્માઈલ હસન સિદ્દીક ફ્રી લાઈબ્રેરીના વિકાસમાં પણ તેમણે સહયોગ આપ્યો.

એક સમયે જ્યારે પોતાના વિસ્તારમાં ઉચ્ચશિક્ષણની સુવિધાઓ ખૂબ મર્યાદિત હતી, ત્યારે શૈક્ષણિક સંસ્થાઓને મજબૂત બનાવવા માટે કરવામાં આવેલા તેમના પ્રયત્નોનું વિશેષ મહત્ત્વ હતું. તેમની વિચારસરણીનો સાર એવો હતો કે સમાજની પ્રગતિ માટે માત્ર રાજકીય પ્રતિનિધિત્વ પૂરતું નથી. શિક્ષણ, જ્ઞાન અને સક્ષમ સંસ્થાઓ પણ એટલી જ જરૂરી છે.

ઈસ્લામી મૂલ્યો અને જીવનના પ્રેરક પ્રસંગો

પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

શમસુદ્દીન આધુનિક શિક્ષણ મેળવેલા રાજકારણી હોવા છતાં પોતાના ધાર્મિક જીવન પ્રત્યે અત્યંત નિષ્ઠાવાન હતા.

૧૯૫૨માં વિખ્યાત ઈસ્લામી વિદ્વાન મૌલાના કારી મુહમ્મદ તૈય્યબ ભટકલ આવ્યા ત્યારે શમસુદ્દીને તેમની સાથે સમય વિતાવ્યો અને તેમને નગરની મુલાકાત કરાવી. આ મુલાકાતે તેમના વિચારો ઉપર ઊંડી અસર પાડી હોવાનું તેમના જીવનચરિત્રમાં નોંધાયું છે.

તેમનાં પુત્રી નસીમાના સ્મરણ મુજબ, મંત્રી તરીકેની વ્યસ્તતા વચ્ચે પણ તેઓ નમાઝ અને રોઝા પ્રત્યે બેદરકારી દાખવતા નહોતા.

તેમના જીવનનો બીજો નોંધપાત્ર પ્રસંગ બેંગલુરૂની સિટી માર્કેટ નજીક આવેલી જામા મસ્જિદ સાથે જોડાયેલો છે.

કાનૂની વિવાદને કારણે મસ્જિદનું બાંધકામ લાંબા સમયથી અટકેલું હતું. શમસુદ્દીને પોતાના કાનૂની જ્ઞાન અને સમાધાનકારી અભિગમથી એ વિવાદ ઉકેલવામાં મદદ કરી, જેથી બાંધકામ આગળ વધી શક્યું.

આ પ્રસંગ દર્શાવે છે કે કાયદાનું જ્ઞાન, જાહેરજીવનનો અનુભવ અને ધાર્મિક નિષ્ઠા એકબીજાના વિરોધી નથી. યોગ્ય દૃષ્ટિકોણ હોય તો આ ત્રણેય શક્તિઓ સમાજને ઉપયોગી બની શકે છે.

સાહિત્ય, સંસ્કૃતિ અને વૈચારિક વારસો

શમસુદ્દીન અરબી ભાષા શીખ્યા હતા, પરંતુ તેઓ સાહિત્યકાર તરીકે જાણીતા નહોતા. તેમના નામે અરબી સાહિત્ય, ઈસ્લામી ધર્મશાસ્ત્ર અથવા વિશ્વસાહિત્યની કોઈ પ્રમાણિત રચના ઉપલબ્ધ નથી. તેમનું વાસ્તવિક યોગદાન શિક્ષણ, લોકસેવા, રાજકીય પ્રતિનિધિત્વ અને સંસ્થાઓના વિકાસમાં હતું.

તેમના જીવન ઉપર પત્રકાર આફતાબ હુસૈન કોલાએ JH Shamsuddin – Service Above Self નામનું અંગ્રેજી પુસ્તક લખ્યું, જે ૨૦૧૬માં મજલિસ-એ-ઈસ્લાહ વ તન્ઝીમ દ્વારા પ્રકાશિત થયું.

લેખકે શમસુદ્દીનને દૂરંદેશી ધરાવતા અને વિવિધ રાજકીય વિચારધારાના લોકોનો આદર મેળવનારા સંસ્થાનિર્માતા તરીકે રજૂ કર્યા છે. પુસ્તકમાં તેમના જાહેરજીવન, વિકાસકાર્યો, વ્યક્તિત્વ અને સમકાલીન નેતાઓનાં સ્મરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એસ. નિજલિંગપ્પા જેવા નેતાઓની શ્રદ્ધાંજલિઓ પણ તેમાં છે.

શમસુદ્દીનની ગાથાનું વિશેષ મહત્ત્વ એ છે કે ભારતીય મુસ્લિમોના યોગદાનને માત્ર ધર્મ, સાહિત્ય કે વિજ્ઞાન પૂરતું મર્યાદિત રાખી શકાય નહીં. નગરોના વિકાસ, શિક્ષણ વ્યવસ્થા અને લોકશાહી સંસ્થાઓના નિર્માણમાં પણ તેમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

અવસાન અને અમર વારસો

૨૬ માર્ચ, ૧૯૬૪ના રોજ શમસુદ્દીનનું અવસાન થયું. તેઓ પાછળ પત્ની ઝુબૈદા બેગમ, છ પુત્રીઓ અને ચાર પુત્રોનું પરિવાર છોડીને ગયા. તેમનું જીવન પ્રમાણમાં ટૂંકું હતું, પરંતુ તેમની સેવાઓની અસર ઘણી લાંબી રહી.

ભટકલનું જાણીતું શમસુદ્દીન સર્કલ આજે પણ એમની યાદ અપાવે છે. બેંગલુરૂમાં પણ તેમના નામે ઈમારત ઊભી કરવામાં આવી છે.

૨૦૧૬માં અંજુમન હામી-એ-મુસ્લિમીનના વહીવટી ભવનને તેમનું નામ આપવામાં આવ્યું. આ ભવનના નિર્માણમાં તેમના પરિવારે આર્થિક સહયોગ આપ્યો.

તેમનાં સંતાનો અને વંશજો ભારત ઉપરાંત અમેરિકા, યુરોપ અને મધ્યપૂર્વના દેશોમાં શિક્ષણ તથા વિવિધ વ્યવસાયોમાં આગળ વધ્યાં છે.

શમસુદ્દીનના ચાર પુત્રોમાંથી એક **ડૉ. તૈય્યબ એસ. જુકાકુ**એ પણ પિતાના શિક્ષણ અને સમાજસેવાના વારસાને આગળ વધાર્યો. તેમણે બેંગલુરૂમાં તબીબી અભ્યાસ પૂર્ણ કર્યો અને ત્યારબાદ મધ્યપૂર્વમાં કાર્ય કરીને ૧૯૮૦ના દાયકામાં અમેરિકા સ્થાયી થયા. ત્યાં તેઓ કિડનીના રોગોના નિષ્ણાત (નેફ્રોલોજિસ્ટ) બન્યા. તેઓ ઈસ્લામિક સોસાયટી ઑફ નોર્થ અમેરિકા (ISNA)ની સ્થાપક સમિતિ સાથે પણ સંકળાયેલા રહ્યા. અમેરિકામાં વસવાટ કરવા છતાં તેમણે પોતાનાં સંતાનોને ભારતનાં સાંસ્કૃતિક મૂળ સાથે જોડાયેલાં રાખ્યાં. તેમની પુત્રી **ડૉ. સારાહ જુકાકુ** અમેરિકામાં મનોચિકિત્સક છે. સારાહનાં લગ્ન ૨૦૦૬માં ઈજિપ્તીયન મૂળના અમેરિકન રાજકારણી **અબ્દુલ અલ-સૈયદ** સાથે થયાં હતાં. ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ અલ-સૈયદ મિશિગનમાંથી અમેરિકાની સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બન્યા. આમ, ભટકલના વિકાસમાં યોગદાન આપનાર શમસુદ્દીનના પરિવારની ત્રીજી પેઢી આજે અમેરિકાના જાહેરજીવન સાથે જોડાઈ છે. આ સંબંધ દર્શાવે છે કે એક નાનકડા ભારતીય નગરમાંથી શરૂ થયેલો શિક્ષણ અને લોકસેવાનો વારસો કેવી રીતે દેશની સરહદો વટાવીને આગળ વધ્યો છે.

ઉપસંહાર : સફળતાની સાચી વ્યાખ્યા

જુકાકુ શમસુદ્દીનના જીવનમાંથી એક મહત્ત્વનો બોધ મળે છે. વ્યક્તિની મહાનતા તેનું પદ કેટલું ઊંચું છે તેનાથી નક્કી થતી નથી. પોતાના પદનો ઉપયોગ કરીને તેણે કેટલાં લોકોનું જીવન સુધાર્યું તે વધુ મહત્ત્વનું છે.

એક અનાથ બાળક ઉચ્ચશિક્ષણ મેળવી વકીલ બન્યો. વકીલમાંથી લોકપ્રતિનિધિ બન્યો. લોકપ્રતિનિધિમાંથી મંત્રી બન્યો. પરંતુ આ સમગ્ર સફરમાં તેણે સામાન્ય માણસ સાથેનો સંબંધ જાળવી રાખ્યો.

તેની સફળતા માત્ર મંત્રીપદ મેળવવામાં નહોતી; પોતાની જન્મભૂમિને શિક્ષણ, આરોગ્ય, રસ્તા અને વીજળી જેવી સુવિધાઓ આપવાના પ્રયત્નોમાં હતી.


આજે દુનિયાભરમાં ભારતીય મુસ્લિમોના યોગદાનની ચર્ચા થાય ત્યારે શમસુદ્દીન જેવા અજાણ્યા રહી ગયેલા મહાનુભાવોને યાદ કરવા જરૂરી છે.

કારણ કે તેમણે સાબિત કર્યું કે ઈસ્લામી મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા અને આધુનિક લોકશાહીમાં સક્રિય ભાગીદારી સાથે ચાલી શકે છે. પોતાના ધર્મ પ્રત્યે સમર્પિત રહીને સમગ્ર સમાજની સેવા કરવી શક્ય છે.

શમસુદ્દીનનું જીવન આપણને શીખવે છે કે સાચો નેતા એ નથી જે સત્તાના પ્રકાશમાં ચમકે, પરંતુ એ છે જે પોતાના પ્રયત્નોથી બીજાના જીવનમાં પ્રકાશ ફેલાવે.

Email. :-msaeed181@gmail.com

ઓર્થોપેડિક સર્જનનું કહેવું છે કે 'રોટલી સૌથી ખરાબ છે'; જણાવે છે કે તે કેવી રીતે વજન વધારી શકે છે અને બ્લડ સુગર વધારી શકે છે



હેલ્થ બુલેટીન

રોટલી જેવો વિશ્વસનીય અને મુખ્ય ખોરાક પણ કદાચ એટલો નિર્દોષ ન હોય જેટલો તે દેખાય છે. ડૉ. મનુ બોરા કહે છે કે તેનું વધુ પડતું સેવન વજન પર અસર કરી શકે છે અને બ્લડ સુગરમાં અચાનક વધારો કરી શકે છે. રોટલી લાંબા સમયથી ભારતીય આહારનો એક વિશ્વસનીય હિસ્સો રહી છે અને તેને હલકી, સ્વસ્થ અને વિવિધ રીતે ઉપયોગમાં લઈ શકાય તેવી માનવામાં આવે છે. તેની સરળતા અને પરંપરાને કારણે તે ઘરમાં ભોજન માટે પસંદગીનો વિકલ્પ રહી છે. જોકે, હરિયાણાના ગુડગાંવ સ્થિત ઓર્થોપેડિક અને આર્થ્રોસ્કોપી નિષ્ણાત ડૉ. મનુ બોરાએ તેમની ૨૫ ઓક્ટોબરની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સમજાવ્યું છે કે મર્યાદા વિના તેનું નિયમિત સેવન સ્વાસ્થ્ય પર છુપી અસરો કરી શકે છે, ખાસ કરીને એવા લોકો માટે જેઓ તેમના વજન અને મેટાબોલિક સ્વાસ્થ્ય પ્રત્યે સભાન છે. ડૉ. બોરા ચેતવણી આપે છે કે વધુ પડતી પ્રોસેસ્ડ ઘઉંની બનાવટોનું વધુ પડતું સેવન સ્વાસ્થ્યની ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે. ડૉ. મનુના જણાવ્યા અનુસાર, "આહારમાં સૌથી ખરાબ વસ્તુ ઘઉં છે. ઘઉં કરતાં ખરાબ બીજું કંઈ નથી કારણ કે મીઠાઈઓ મોટાભાગના લોકો દ્વારા નિયમિતપણે ખાવામાં આવતી નથી. કેટલાક લોકો તો તેનું સેવન બિલકુલ કરતા નથી. ખાંડ પણ, જે ઘણા લોકો દરરોજ મોટી માત્રામાં ખાય છે, તે તેમના માટે એટલી સમસ્યાકારક નથી હોતી. પરંતુ સામાન્ય વ્યક્તિ માટે, જે નિયમિતપણે ખાંડ કે મીઠાઈ ખાતી નથી, તેના માટે ઘઉં નુકસાનકારક હોઈ શકે છે. શરૂઆતના સમયમાં, મનુષ્યો કુદરતી રીતે ઘઉંનું સેવન કરતા ન હતા. ડૉ. બોરાએ પ્રોસેસ્ડ ઘઉંની બનાવટોના જોખમો વિશે વધુ સમજાવતા કહ્યું, "જો તે ખૂબ પ્રોસેસ્ડ અથવા રિફાઈન્ડ હોય, તો તેની વધુ હાનિકારક અસરો થઈ શકે છે. તેથી, જ્યારે તમે તેનું મોટી માત્રામાં સેવન કરો છો, ત્યારે તે સ્વાસ્થ્યની ગંભીર સમસ્યાઓ ઊભી કરી શકે છે. એટલા માટે જ મધ્યમસરનું સેવન મહત્વપૂર્ણ છે. જો તમે આ સમસ્યાઓથી બચવા માંગતા હો, તો તમારે શું અને કેટલું ખાવું છે તે અંગે સભાન રહેવાની જરૂર છે.

- આકાંક્ષા અગ્નિહોત્રી (સૌ : એચ.ટી)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

ઈબ્ને ઝુહર (ઈ.સ. ૧૦૯૨ - ૧૧૬૨)

Abu Merwan' Abdal-Malik ibn Zuhr also known as Ibn Zuhr, Avenzoar, Abumeron or Ibn-Zohr (ખ્યાતનામ તબીબ)

અબૂ મરવાન અબ્દુલ માલિક ઈબ્ને અબુ અલ-અઅ્લા, જેઓ પોતાના પારિવારિક નામ 'ઝુહર'ના કારણે 'ઈબ્ને ઝુહર'ના નામથી પ્રખ્યાત થયા. સ્પેનના કોર્ડોબા શહેરના સેવિલા (Seville) ગામમાં ૧૧ મી સદીના અંતિમ દશકામાં તેમનો જન્મ થયો હતો. તેમના જન્મની ચોક્કસ તારીખનો કોઇ પુરાવો મળતો નથી. કેટલાક ઈતિહાસકારોનું ઈ.સ. ૧૦૯૧, તો કેટલાકનું ઈ.સ. ૧૦૯૪ અને કેટલાકનું ઈ.સ. ૧૦૯૨માં તેમનો જન્મ થયો હતો તેવું માનવું છે. ઈબ્ને ઝુહર વાસ્તવમાં એક પરિવારનું નામ છે, જેમાં ઘણાં મુસ્લિમ હકીમો અને વૈદ્યો તથા વિદ્વાનો પેદા થયા. આ લોકો અરબસ્તાનથી હિજરત કરીને નવમી સદી ઈસ્વીમાં સ્પેન આવી ગયા હતા. યુરોપવાસીઓએ ઈબ્ને ઝુહરનું નામ બદલીને Avenzoral, Abhomeran, Avenzoor લખ્યું છે.

ઈબ્ને ઝુહરે સૌથી પહેલાં સાહિત્ય, ફિક્હ (ઈસ્લામી ધર્મશાસ્ત્ર) અને દીન (ઈસ્લામ)ની શિક્ષા મેળવી અને પછી પોતાના પિતા અબૂલ અઅ્લા ઝુહરના નિરીક્ષણ હેઠળ તબીબીવિદ્યાના પુસ્તકોનો અભ્યાસ શરૂ કર્યો. અબૂલ અઅ્લા ઝુહર પોતાના યુગના નાડી પકડીને રોગની ઓળખ કરવામાં નિષ્ણાત અને કુશળ તબીબ હતા. મુરાબિત (Murabit - Almnoravids) સુલતાનોના દરબારમાં સરકારી હકીમની હેસિયતે પણ તેમની ખૂબ નામના હતી. ઈબ્ને રૂશદના મતાનુસાર ઈબ્ને ઝુહર જાલીનૂસ (Galen) પછી સૌથી મોટા હકીમ હતા.

ઈબ્ને ઝુહર ખૂબ બુદ્ધિશાળી હતા. તેઓ શ્રેષ્ઠ ડૉક્ટર હતા. તેમણે ફેફસાં વિશે નિતનવી જાણકારીઓ દુનિયા સામે મૂકી. તદુપરાંત, હૃદયના બાહ્ય પડદા પર ફોલ્લાઓ, ગળા અને કાનનો લકવો અને ખંજવાળ વગેરે અંગે ખૂબ ઉપયોગી ચર્ચા કરી છે.

ઈબ્ને ઝુહરે પોતાના તબીબી અનુભવોના પ્રકાશમાં નીચે મુજબની માહિતી ઉપલબ્ધ કરાવી છે :

- કળણવાળા વિસ્તારોમાંથી આવનારી હવા ખૂબ જ નુકસાનકારક હોય છે.
- તાવ પર અંકુશ કરવા માટે ઠંડા પાણીનો ઉપયોગ કરવો જોઈએ.
